ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૧૧-૫-૨૦૨૧ મંગળવાર

AHMEDABAD ESTABLISHED-1991

કરન્સી માર્કેટ

US.ડોલર	૭૩.૪૧
પાઉન્ડ	૧૦૨.૭૩
યુરો	૮૯.૨૪
સઉદી રિયાલ	૧૯.૫૭
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૪૯,૪૩૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૦ અંક-૨૮૧ ● ૨૮ રમઝાન હિજરી ૧૪૪૨ ● 11 May- 2021 ● PAGES 12 ● ₹ ૫.૦૦

૪ દિવસ પછી દેશમાં કોરોના કેસનો આંકડો ૪ લાખની નીચે

જો કે, એક સપ્તાહમાં ૨૭ હજારથી વધુનાં મોત : દેશમાં મૃત્યુની ટકાવારીમાં ૧૫ ટકાનો ઉછાળો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભારતમાં કોરોના વાયરસના લીધે એક અઠવાડિયામાં ૨૭,૦૦૦ કરતા વધારે દર્દીઓના મોત થયા છે અને ૨૭.૪ લાખ કરતા વધારે નવા કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ભારતમાં કોરોનાની મહામારી આવ્યા પછી પહેલીવાર એક અઠવાડિયામાં આટલા બધા કેસ નોંધાયા છે. મૃત્યુની ટકાવારીમાં ૧૫%નો ઉછાળો નોંધાયો છે. દૈનિક મૃત્યુઆંકની ટકાવારી પાછલા ત્રણ દિવસમાં પહેલીવાર ૧%ને પાર ગઈ છે. પહેલીવાર દેશમાં એક અઠવાડિયામાં ૨૫,૦૦૦ કરતા વધારે કોરોનાના દર્દીઓના મોત થયા છે. પાછલા અઠવાડિયામાં ૨૭,૨૪૩ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે, આ પહેલા ૩-૯ મે દરમિયાન ૨૩,૩૮૧ લોકોના એક જ અઠવાડિયામાં મૃત્યુ થયા હતા. ભારતમાં પાછલા અઠવાડિયામાં ૨૭,૪૪,૫૪૫ નવા કેસ નોંધાયા છે, જેમાં પાછલા અઠવાડિયાના ૨૬.૧૩ લાખ કેસ સામે ૫%નો વધારો થયો છે. જ્યારે એપ્રિલ ૨૬થી ૨ મે સાથે સરખામણી કરવામાં આવે તો ૧૬%નો ઉછાળો છે, અને તે પહેલાના અઠવાડિયા સાથે સરખામણી કરવામાં આવે તો તે ૪૩% થાય છે. રવિવારે કોરોનાના નવા કેસ ૪ લાખની નીચે રહ્યા છે, દેશમાં નવા ૩,૬૬,૯૦૨ કેસ નોંધાયા છે. એટલે કે દેશમાં અત્યાર સુધીના સૌથી વધુ એક

દિવસના કેસ ગુરુવારે (૬ મે) ૪,૧૫,૫૫૪ નોંધાયા હતા. શનિવારની સરખામણીમાં રવિવારે મૃત્યુઆંકમાં પણ ઘટાડો નોંધાયો છે. રવિવારે ૩,૭૫૧ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આ પહેલા પાછલા બે દિવસથી કોરોનાના કારણે ૪૦૦૦ કરતા વધુ દર્દીઓના જીવ જતા હતા. પાછલા ૩ દિવસમાં કુલ કોરોના કેસની સામે નોંધાતા મૃત્યુની ટકાવારી ૧%ને પાર ગઈ હતી. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૧,૦૮૪ કેસો નોંધાયા અને વધુ ૧૨૧ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આ સાથે રાજ્યના કુલ મૃત્યુઆંક ૮૩૯૪ પર પહોંચ્યો છે. રાજ્યના મોટા શહેરોમાં કોરોનાના કેસોની સ્થિતિ પર નજર કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૮૮૩, સુરતમાં ૮૩૯, વડોદરામાં ૭૯૦, મહેસાણામાં ૪૮૩, રાજકોટમાં ૩૫૧, જામનગરમાં ૩૪૮ નવા કેસો નોંધાયા છે. જ્યારે અન્ય શહેરોમાં કોરોનાની સ્થિતિ પર નજર કરીએ તો ભરૂચમાં ૨૪૮, પંચમહાલમાં ૨૪૬, જુનાગઢમાં ૨૨૭, ભાવનગરમાં ૨૨૪, ગીર સોમનાથમાં ૨૧૧, આણંદમાં ૧૮૯, દાહોદમાં ૧૮૪, કચ્છમાં ૧૭૯, ખેડામાં ૧૬૧, બનાસકાંઠામાં ૧૪૩, પાટણમાં ૧૪૨, અમરેલીમાં ૧૪૧, મહીસાગરમાં ૧૪૦, ગાંધીનગરમાં ૧૧૨, નવસારીમાં ૧૧૦, સાબરકાંઠામાં ૧૦૮, અરવલ્લીમાં ૧૦૬, વલસાડમાં ૯૮, દેવભૂમિ દ્વારકામાં ૯૪, છોટા ઉદેપુરમાં ૮૪, નર્મદામાં ૮૪, સુરેન્દ્રનગરમાં ૭૪, તાપીમાં ૫૪, મોરબીમાં ૪૪ નવા કેસો નોંધાયા છે.

કોરોના રસીકરણ એ સૌથી મોટી અને અલગ પ્રકારની ઝુંબેશ : સુપ્રીમમાં કેન્દ્ર

અનેક ટીકાઓ થતાં સરકારે સર્વોચ્ચ અદાલતમાં પોતાની રસીકરણ નીતિનો બચાવ કરતાં કહ્યું દેશમાં પાછલા દશકોમાં ક્યારેય આ પ્રકારનું રસીકરણ અભિયાન હાથ ધરાયું નથી : સુનાવણી પહેલાં કેન્દ્રએ કોર્ટ સમક્ષ ૨૧૮ પાનાનું સોગંદનામું રજૂ કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

પોતે તૈયાર કરેલી રસીકરણ નીતિની ટીકા થતાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, દેશમાં પહેલી વખત આટલા મોટા પ્રમાણમાં અને અલગ રીતની રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. છેલ્લા દશકોમાં પ્રથમ વખત આ પ્રકારનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. કોરોના રસીકરણ અભિયાનને ભૂતકાળમાં થયેલ રસીકરણ જેટલું મહત્વ મળ્યું નહીં હોય.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે સુપ્રીમ કોર્ટમાં વેક્સિનેશન પોલિસીને લઈ સોગંધનામું દાખલ કરી જવાબ આપ્યો છે. આ સોગંધનામામાં કેન્દ્ર સરકારે વેક્સિન પોલિસીને લઈ સુપ્રીમ કોર્ટને કહ્યું કે તમે

અમે સમજી વિચારીને રસી અંગે નીતિ બનાવી છે, અમારી પર વિશ્વાસ રાખો, આ અંગે કોર્ટે હસ્તક્ષેપ કરવાની જરૂર નથી : મોદી સરકારનો સુપ્રીમમાં જવાબ

અમારા પર વિશ્વાસ કરો, આ મામલે કોર્ટે દખલગીરી કરવાની જરૂરત નથી. દેશમાં રસિકરણ અભિયાન માટે અમે બહુ સમજી વિચારીને વેક્સિનેશન પોલિસી બનાવી છે. વેક્સિનેશન નીતિનો બચાવ કરતાં કેન્દ્રએ કહ્યું કે આ મામલે કોર્ટે હસ્તક્ષેપ કરવાની જરૂરત નથી.

કેન્દ્રએ આગળ કહ્યું કે મહામારી પોતાની ચરમ સીમા પર છે, એવામાં બધાનું વેક્સિનેશન એકસાથે ના થઈ શકે, અમારી પાસે વેક્સિનની સીમિત માત્રા ઉપલબ્ધ છે. પરંતુ છતાં પણ અમારી નીતિ છે કે દેશના તમામ નાગરિકોને સમાન રૂપે વેક્સિન મળે. બધાને સમાન રૂપે વેક્સિનેટ કઈ રીતે કરી શકાય, તેની કિંમત શું હશે... આ બધી વાતો પર ઊંડા ચિંતન-વિચાર બાદ જ અમે વેક્સિનેશન પોલિસી બનાવી છે. આ નીતિ ન્યાયસંગત છે, કોઈ સાથે અમે ભેદભાવ નથી કર્યો અને કરશું પણ નહિ. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ૨૦૦ પાનાનું સોગંધનામું દાખલ કર્યું હતું. જેમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલી કોવિડ ૧૦ વેક્સિન માટે નવી ઉદારીકૃત મૂલ્ય નીતિ વેક્સિન કવરેજને વધારવા માટે, વેક્સિન નિર્માતા કંપનીઓના પ્રોડક્શન તેજીથી વધારવા માટે અને નવી વેક્સિન નિર્માતા કંપનીઓને આકર્ષિત કરવા માટે છે.

સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કેન્દ્ર સરકારને કોરોના વેક્સિન સસ્તી મળી રહી છે જ્યારે રાજ્ય સરકારને મોંઘી કેમ મળી રહી છે? આ સવાલનો જવાબ આપતાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે ૧૮થી ૪૪ વર્ષના લોકોને વેક્સિનેટ કરવાની મંજૂરી રાજ્યના અનુરોધ પર જ આપવામાં આવી છે. કેન્દ્રએ વેક્સિન નિર્માતા કંપનીઓને એક સમાન રૂપે તમામ રાજ્યોને વેક્સિન આપૂર્તિ માટે રાજી કરી છે. એક રાજ્યએ વધુ પૈસા આપવા પડી રહ્યા હોય અને બીજા રાજ્યએ ઓછા આપવા પડી રહ્યા હોય તેવું નથી.

કેન્દ્ર સરકારે કહ્યું કે, અમને વેક્સિન થોડી સસ્તી એટલા માટે મળી રહી છે કેમ કે અમે વેક્સિન નિર્માતા કંપનીઓને વધુ ઓર્ડર આપ્યા છે અને કંપનીને ડિપોઝિટ તરીકે થોડી રકમ પણ આપી છે.

વધુમાં કેન્દ્ર સરકારે કહ્યું કે રાજ્યોને જે વેક્સિન ક્વોટા અલોટ થશે, તેમાંથી ૫૦ ટકા વેક્સિન ખાનગી કંપનીઓ અથવા ખાનગી હોસ્પિટલને આપવાની થશે. કિંમત ચૂકવી શકે છે તે લોકો પ્રાઈવેટ હોસ્પિટલમાં વેક્સિન લેશે. આનાથી રાજ્ય સરકાર પર બોજો ઘટશે.

CWCની બેઠક : આપણે ઘરને વ્યવસ્થિત કરવાની જરૂર છે, ચૂંટણી પરિણામો મુદ્દે સોનિયા ગાંધીની કોંગ્રેસ નેતાઓને સલાહ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

પાંચ રાજ્યોમાં તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનાં નબળા પ્રદર્શન બાદ પક્ષનાં વચગાળાનાં અધ્યક્ષ સોનિયા ગાંધીએ પાર્ટીમાં 'ખામીને દૂર' કરવાની હાકલ કરી છે. કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ની બેઠકને સંબોધિત કરતા સોનિયા ગાંધીએ કહ્યું, "આપણે આ ગંભીર આંચકાઓ પર ધ્યાન લેવાની જરૂર છે. અમે ખૂબ નિરાશ થયા છીએ એમ કહેવું ઓછું રહેશે.

કોંગ્રેસનાં વચગાળાનાં અધ્યક્ષ સોનિયા ગાંધીએ તાજેતરમાં પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીનાં પ્રદર્શન અંગે નિરાશા વ્યક્ત કરી છે. સોમવારે વિધાનસભાની ચૂંટણી પરિણામો અંગે ચર્ચા કરવા બોલાવવામાં આવેલી કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC) ની બેઠકમાં બોલતા સોનિયા ગાંધીએ કહ્યું કે પરિણામો ખૂબ નિરાશાજનક છે. પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે, તેનાથી સબક શીખીને આપણે હવે પાર્ટીમાં સુધારો કરવાની જરૂર છે. બેઠકમાં બોલતા સોનિયા ગાંધીએ કહ્યું કે, તાજેતરની ચૂંટણીઓમાં કોંગ્રેસ જે રીતે પાંચ રાજ્યોમાં નિષ્ફળ ગઈ છે તે ખૂબ જ નિરાશાજનક છે. આ ચૂંટણી પરિણામો સ્પષ્ટપણે બતાવે છે કે આપણે આપણી પાર્ટીમાં સુધારો લાવવો પડશે અને આપણી ખામીને દૂર કરવી પડશે. સોનિયા ગાંધીએ કહ્યું કે, તે આ ચૂંટણી પરિણામોનાં દરેક પાસા પર અહેવાલ મેળવવા માટે એક નાનું જૂથ બનાવવાનું વિચારી રહ્યા છે, જે તેના પર અહેવાલ આપે.

સોનિયા ગાંધીએ કહ્યું કે આપણે સમજવું પડશે કે આપણે કેરળ અને આસામમાં આવતી સરકારોને કેમ નથી હટાવી શક્યા. આપણે પશ્ચિમ બંગાળમાં એક પણ બેઠક કેમ જીતી શક્યા નહીં, પુડુચેરીમાં શું થયું? આ પ્રશ્નોના જવાબો શોધતી વખતે આપણે વાસ્તવિકતાનો સામનો કરવો પડશે. જો આપણે વાસ્તવિકતા તરફ વળીએ છીએ અને જો આપણે તથ્યોને યોગ્ય રીતે જોતા નથી, તો પછી આપણે યોગ્ય રીતે આગળ વધી શકતા નથી. સોનિયા ગાંધીએ પક્ષનાં અધ્યક્ષની ચૂંટણી વિશે જણાવ્યું હતું કે, જ્યારે અમે ૨૨ જાન્યુઆરીએ મળ્યા હતા, ત્યારે આપણે નક્કી કર્યું હતું કે કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી જૂનનાં મધ્યભાગમાં પૂર્ણ થઈ જશે. ચૂંટણી ઓથોરિટીનાં વડા મધુસુદન મિસ્ત્રીએ ચૂંટણીનું શિડ્યુલ નક્કી કર્યું છે.

રેમડેસિવિર, ટોસીલિઝુમેબના વિતરણ માટે તમામ પગલાં ભરાયા છે : કેન્દ્રનો દાવો

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં માહિતી આપી હતી કે, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય તથા ફાર્મા વિભાગ (ડીઓપી)એ સંયુક્ત રીતે માગના પ્રમાણમાં તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રેમડેસિવિર, ટોસીલિઝુમેબના વિતરણ માટે તમામ પગલાં ભર્યા છે. કેન્દ્રએ જણાવ્યું હતું કે, આ દવાઓના ઉત્પાદનમાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. આ માટે હાલ તેના કાચા માલની ખરીદી તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સરકારે જણાવ્યું હતું કે, આ મહામારીનું વલણ નક્કી કરવાનું કામ અઘરૂં છે. જેથી રેમડેસિવિર અને અન્ય કોરોનાની અન્ય દવાઓ તથા રસીની માગ અંગે પણ ચોક્કસપણે કંઈ જ કરી શકાય નહીં. રેમડેસિવિરની કિંતમાં નોંધપાત્ર ૨૫ ટકાથી ૫૦ ટકાનો ઘટાડો થયો છે. ૨૧ એપ્રિલથી નવ મે વચ્ચે રેમડેસિવિરના ૩૪.૫૦ લાખ વાયલ્સ વિતરીત કરવામાં આવ્યા હતા જ્યારે સાત મે સુધી આ આંકડો ૩૩.૯૬ લાખ વાયલ્સનો હતો. જ્યારે ટોસીલિઝુમેબ માટે સંપૂર્ણ અન્ય દેશ પર આધાર રાખવો પડે છે. કેમ કે તેની આયાત કરવામાં આવે છે. ૨૬ એપ્રિલે રાજ્યોને ટોસીલિઝુમેબના ૨૬,૩,૨૪૫ વાયલ્સ વિતરીત કરવામાં આવ્યા હતા, બીજા દિવસે તેમજ ૩૦ એપ્રિલ સુધી રાજ્યોને વધારાના ૬૬૫૫ વાયલ્સ વિતરીત કરવામાં આવ્યા હતા. તેમજ બીજા ૧૨૦૦ વાયલ્સ કેન્દ્ર દ્વારા આરોગ્ય મંત્રાલયને આપવામાં આવ્યા હતા. વધુથી વધુ ટોસીલિઝુમેબ મેળવવા અને તેની આયાત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, ભારતીય દવા નિયામક (ડીસીજીઆઈ)ને પણ નિર્દેશ આપવામાં આવ્યો છે કે, તેઓ રેમડેસિવિરની કાળા બજારીને અટકાવવા માટે એક ખાસ તપાસ અભિયાન હાથ ધરે.

કેન્દ્રની રસી નીતિ સામે કોંગ્રેસે ઊંડી ચિંતા વ્યક્ત કરી મોદી સરકારની સેન્ટ્રલ વિસ્ટા યોજનાની ઝાટકણી કાઢી

કોંગ્રેસ કારોબારીની બેઠકમાં પાર્ટી પ્રમુખની ચૂંટણી અંગે પણ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રની રસી નીતિ સામે કોંગ્રેસે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને નરેન્દ્ર મોદી સરકારની સેન્ટ્રલ વિસ્ટા યોજનાની ઝાટકણી કાઢી હતી. સોમવારે કોંગી નેતાગીરિએ નવી દિલ્હી ખાતે પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે, મોદી સરકારની રસીકરણની નીતિ કરોડો લોકોને નુકસાન પહોંચાડાશે. જે લોકો પાસે ઈન્ટરનેટ નથી તેઓ આ ઝૂંબેશનો લાભ નહીં લઈ શકે. નવી દિલ્હીમાં કોંગ્રેસ કારોબારીની બેઠક વખતે પત્રકાર પરિષદને સંબોધિત કરતાં વેણુગોપાલે જણાવ્યું હતું કે, બેઠકમાં બે ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. જેમાં કેન્દ્ર સરકારની રસીકરણની નીતિનો વિરોધ કરવાનો અને પાર્ટીના કાયમી પ્રમુખની ચૂંટણી કોરોનાની સ્થિતિ થાળે પડી ગયા બાદ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રસીનું વિતરણ મોટા ભાગે અપૂરતું છે છતાં સરકાર આ કડવા સત્યને સ્વીકારતી નથી. એટલું જ નહીં રસીની કિંમત નક્કી કરવામાં પણ ભેદભાવ અને અપારદર્શકતા જોવા મળે છે. તેમજ આર્થિક અને અન્ય બાબતોથી પણ વિરોધાભાસી છે. વેણુગોપાલે જણાવ્યું હતું કે, સરકારે ૧૮ વર્ષથી ૪૫ વર્ષના લોકોની રસીકરણની જવાબદારી રાજ્યો પર નાંખી છે. રાજ્યો પહેલાથી જ નાણાંકીય ભીડ અનુભવી રહ્યાં છે. ઓનલાઈન નોંધણીને ફરજિયાત બનાવવાથી લાખો લોકોને અસર થઈ છે. તેઓ આ રસીકરણનો લાભ લઈ શકતા નથી. પાર્ટી પ્રવક્તાએ સમગ્ર દેશમાં ઓક્સિજન અને કોરોનાની દવાના અયોગ્ય વિતરણ બદલ પણ કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. કોંગ્રેસ કારોબારીની બેઠકમાં નવી દિલ્હી ખાતે ચાલી રહેલ સેન્ટ્રલ વિસ્ટા યોજનાની પણ નિંદા કરવામાં આવી હતી. કોંગ્રેસે જણાવ્યું હતું કે, હાલ દેશના લોકોને કોરોના સામે લડવા પૂરતા પ્રમાણમાં ઓક્સિજન અને અન્ય મેડિકલ સુવિધા પહોંચાડવાની આવશ્યકતા છે, ત્યાં બીજી તરફ મોદી સરકાર કરોડો રૂપિયાની યોજનાને આગળ વધારી રહી છે. જે માત્ર સરકારી લાભ માટે છે. વડાપ્રધાનની અંગત સુવિધા માટે આ યોજના ચાલુ રાખવામાં આવી છે. મોદીએ હાલ વ્યક્તિગત એજન્ડાને આગળ વધારવાને બદલે દેશના લોકોની મદદ કરવાની જરૂર છે.

કોરોનાથી બચવા વેક્સિનેશન એકમાત્ર સમાધાન : અમેરિકન નિષ્ણાત ફાઉચી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભારતમાં ઝડપથી વધી રહેલા કોરોના સંક્રમણ વચ્ચે અમેરિકાના ટોચના સ્વાસ્થ્ય નિષ્ણાત ડો.એન્થની ફાઉચીએ ભારતમાં કોરોનાના વર્તમાન સંકટમાંથી બહાર આવવા તમામ લોકોનું વેક્સિનેશન થાય એ એકમાત્ર દીર્ઘકાલીન સમાધાન છે તેમ કહ્યું હતું. ફાઉચીએ આ મહામારીનો સામનો કરવા માટે ઘરેલું અને ગ્લોબલ સ્તરે કોરોના વેક્સિનનું ઉત્પાદન વધારવા પર જોર આપ્યું હતું. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનના પ્રમુખ ચિકિત્સા સલાહકાર ફાઉચીએ એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું કે, આ મહામારીને સંપૂર્ણપણે ખતમ કરવા માટે લોકોનું વેક્સિનેશન કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. ભારત વિશ્વનો સૌથી મોટો વેક્સિન ઉત્પાદક દેશ છે, તેને દેશમાંથી જ નહીં, બહારથી પણ પોતાના સંસાધન મળી રહ્યા છે. ફાઉચીએ જણાવ્યું કે, આ કારણે જ અન્ય દેશોએ ભારતને તેમના ત્યાં વેક્સિન ઉત્પાદન માટે સહાય કરવી જોઈએ. બીજી એક પદ્ધતિ એ છે કે, મોટી કંપનીઓ પાસે વેક્સિન બનાવવાની ક્ષમતા છે જે વાસ્તવમાં એક શાનદાર રીતે મોટાપાયે સેંકડો લાખો ડોઝ પ્રાપ્ત કરવા સક્ષમ છે. વધુમાં એક સવાલના જવાબમાં જણાવ્યું કે, જે રીતે ચીને આશરે એક વર્ષ પહેલાં કર્યું હતું એ જ રીતે ભારતે તાત્કાલિક કામચલાઉ હોસ્પિટલ બનાવવાની જરૂર છે. હોસ્પિટલમાં બેડ ન હોય તો તમે લોકોને રસ્તાઓ પર ન છોડી શકો. ઓક્સિજનને લઈ સ્થિતિ ખૂબ નાજુક છે. લોકોને ઓક્સિજન ન મળી શકે તે હકીકતમાં દુઃખદ છે. તેમણે કોરોનાના પ્રસારને રોકવા દેશવ્યાપી લોકડાઉનની જરૂરિયાતની વાત પણ કરી હતી. તેમના મતે સંક્રમણની ચેઈન તોડવાની સૌથી વધારે જરૂર છે અને તે માટે લોકડાઉન એકમાત્ર ઉપાય છે.

જેરૂસલેમમાં નવેસરથી થયેલી હિંસામાં ઘાયલ થયેલા ૫૦ પેલેસ્ટીનીઓને હોસ્પિટલમાં ખસેડાયા

(એજન્સી) તા.૧૦

સોમવારે ઈઝરાયેલી પોલીસ સાથેની અથડામણમાં ઓછામાં ઓછા ૫૦ પેલેસ્ટીનીઓ ઘાયલ થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે પેલેસ્ટીનીઓ પર ટીયર ગેસ અને સ્ટેન ગ્રેનેડ છોડયા હતા. જેમાંથી કેટલાક પવિત્ર અલ-અકસા મસ્જિદમાં પડયા હતા. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. જેમાં દેખાય છે. કે ઈઝરાયેલી પોલીસ અલ-અકસા મસ્જિદમાં રહેલા પેલેસ્ટીયનીઓ પર સ્ટેન ગ્રેનેડ અને ટીયરગેસના શેલ છોડી રહી છે. નોંધનીય છે કે છેલ્લા કેટલાક દિવસથી ઈઝરાયેલી પોલીસ અલ-અકસા મસ્જિદને લક્ષ્યાંક બનાવી રહી છે. પોલીસ આ દલીલ કરે છે કે પેલેસ્ટીનીઓ તેમના પર પથ્થરમારો

કરે છે. પેલેસ્ટીન વકફ કમિટીના પ્રવકતા ફિરાસ દિબ્સે કહ્યું હતું કે આ અથડામણમાં ડઝનબંધ લોકો ઘાયલ થયા છે. સંયુકત રાષ્ટ્રોની સુરક્ષા સમિતિએ પણ સોમવારે જેરૂસલેમમાં વધતી જતી તંગદિલી મુદ્દે અનેક મંત્રણાઓ કરી હતી. રાજદ્વારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા સમિતિના અરબ પ્રતિનિધિ ટયુનિશિયા દ્વારા આ અંગે વિનંતી કરવામાં આવી હતી.

ગયા વર્ષથી ભારતમાં કોવિડ-૧૯ની મહામારી શરૂ થયા પછી ૨૩૫ પત્રકારોએ જીવ ગુમાવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

વિશ્વમાં કોવિદ-૧૯ મહામારીથી પીડિત રાષ્ટ્રોમાં ભારત સૌથી વધુ પીડિત દેશ તરીકે બહાર આવ્યો છે, જેની અસરથી મીડિયાના લોકો પણ બાકાત નથી. ગયા વર્ષથી આજ સુધી દેશમાં કુલ ૨૩૫ પત્રકારોએ કોવિડના લીધે પોતાનું જીવ ગુમાવ્યો છે. આવા પત્રકારોમાં મોટાભાગના પત્રકારો તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ અને ઓડિશાના છે. આ પત્રકારો ચાલીસી આસપાસના જ હતા. આ માહિતી નેટવર્ક ઓફ વુમન ઈન મીડિયા ઈન્ડિયાએ આપી છે. આ યાદીમાં જણાવ્યા મુજબ ૫૦થી વધુ પત્રકારો તેલંગાણા અને આંધ્રપ્રદેશના, મહારાષ્ટ્રના ૪૩, મધ્યપ્રદેશના ૪૨, ઓડિશાના ૨૫ અને ઉત્તર પ્રદેશના ૨૫ પત્રકારો હતા. NWMIએ નોંધ્યું છે કે છેલ્લા એક વર્ષથી પત્રકારો ફ્રન્ટ લાઈન વર્કર્સ તરીકે કાર્ય કરી રહ્યા છે. જયારે સમગ્ર દેશ લોકડાઉન હેઠળ હતો અને એ પછી જયારે ધીમે ધીમે લોકડાઉન હળવું કરાતું ગયું હતું. ત્યારથી તેઓ જમીની સ્તરેથી બજારો, ઔદ્યોગિક એકમો, હોસ્પિટલોની બસો અને ટ્રેનોમાં મુલાકાતો લઈ ફોટોગ્રાફી, વીડિયો અને ઓડિયો સાથે રિપોર્ટિંગ કરી રહ્યા છે. તેઓ તકેદારી રાખી રહ્યા હતા તેમ છતાય તેઓ કોરોનાથી બચી શક્યા ન હતા. જિનીવા સ્થિત મીડિયા અધિકારોનું રક્ષણ કરતી સંસ્થા પ્રેસ એમ્બ્લેમ કેમ્પેઈને જણાવ્યું હતું કે ભારતમાં કોવિડ-૧૯ના લીધે સરેરાશ ત્રણ પત્રકારોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. "પત્રકારો એવા વ્યવસાયમાં રોકાયેલા છે જે ખાસ કરીને વાયરસના સંપર્કમાં છે અને તે વ્યવસાયને અભૂતપૂર્વ નુકસાન છે કારણ કે તેમાંના ઘણા લોકો તેમનું કાર્ય કરતી વખતે પૂરતા રક્ષણાત્મક પગલાઓના અભાવને કારણે મૃત્યુ પામ્યા છે.

CAA વિરોધી આંદોલનમાં જેલવાસમાં રહેલ કર્મશીલ નતાશા નરવાલના પિતા ડૉ.મહાવીર નરવાલનું કોવિડના લીધે અવસાન

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૦

નતાશા નરવાલના પિતાએ કહ્યું હતું કે ધારો કે મારી દીકરીને લાંબા સમય સુધી જેલમાં રહેવું પડે અને બની શકે કે હું એમને જોઈ નહિ શકું. હું વૃદ્ધ થઈ રહ્યો છું, શક્ય છે કે હું એમને મળી નહીં શકું. આ શબ્દો હતા ડૉ. મહાવીર નરવાલના. એમણે જેલવાસમાં રહેલ પોતાની દીકરી નતાશા બાબત કહ્યું હતું. એમની સાથે લીધેલ વિડીઓ ઈન્ટરવ્યુંમાં જણાય છે કે એમને કઈ રીતે પોતાની પુત્રી ઉપર ગૌરવ છે. એમણે પોતાના સંતાનોને સત્ય માટે લડવા ઉછેર્યા છે.

એમણે કહ્યું હતું કે, તે જેલમાં છે એનાથી મને કોઈ ચિંતા નથી. મારી દીકરી વધુ મજબૂત થઈને બહાર આવશે. એમણે જણાવ્યું કે કઈ રીતે નતાશાનો ભાઈ આકાશ નતાશાના રૂમને સાચવી રહ્યો છે જેથી જયારે તે પાછી આવે ત્યારે બધી વસ્તુઓ વ્યવસ્થિત હોય.

૭૧ વર્ષીય ડો. મહાવીર નરવાલનું અવસાન રવિવારે થયું હતું. જો કે તેઓ પોતાની પુત્રી સાથે મળી શકયા ન હતા. એમનું અવસાન કોવિડના લીધે અને એ સાથે એ સીસ્ટમના લીધે થયું હતું જેના લીધે તેમને બધાએ છોડી દીધા હતા. ખરી રીતે થોડા દિવસો પહેલા જયારે તેઓ બીમાર પડ્યા હતા ત્યારે સોશિયલ મીડિયા ઉપર હોસ્પિટલ અને ઓક્સિજન સપોર્ટ માટે મદદની વિનંતી કરાઈ હતી અને રોહતકમાં વ્યવસ્થા પણ થઈ હતી પણ એમનું સ્વાસ્થ્ય ઝડપથી બગડી ગયું હતું અને ૯મી મેએ તેઓ અવસાન પામ્યા હતા. જેતે વખતે નતાશા જેલમાં હતી અને એનો ભાઈ આકાશ કોવિડ-૧૯થી સંક્રમિત હોવાના લીધે ઘરે આઈસોલેશનમાં હતો. દુઃખના સમયે પણ કુટુંબ સાથે ન હતું.

હોસ્પિટલમાં પિતાને મળવા માટે માંગણી કરતી નતાશાની જામીન અરજીની સુનાવણી આજે થવાની હતી. જોકે ડૉ. નરવાલ પુત્રીને મળ્યા વિના જ અવસાન પામ્યા હતા.

તમિલનાડુના નવા આરોગ્ય પ્રધાન એમ.એ. સુબ્રમણ્યમ એક મેરેથોન દોડવીર પણ છે

(એજન્સી) તા.૧૦

તમિલનાડુમાં નવી ચૂંટાયેલી દ્રવિડ મુનેત્ર કઝગમ સરકારે એમ.એ. સુબ્રમણ્યમને રાજ્યના આરોગ્ય મંત્રી નિમણૂક કર્યા છે. ૬૧ વર્ષીય સુબ્રમણ્યમ તમિલનાડુના સેદાપેટ ચૂંટણી ક્ષેત્રથી જીત્યા હતા. તેમણે ૨૦૦૬થી ૨૦૧૧ સુધી પાંચ વર્ષ સુધી ચેન્નાઈના મેયર તરીકે કાર્ય કર્યું છે. જો કે, એક રાજનીતિજ્ઞ હોવા ઉપરાંત સુબ્રમણ્યમ એક ફિટનેસ ઉત્સાહી પણ છે. જેમણે અનેક મેરેથોન દોડી અનેક રેકોર્ડ બનાવ્યા છે, તે વાસ્તવિકતામાં રેકોર્ડ બનાવવા માટે ઓળખવામાં આવે છે. પ્રથમ વખત જે મેરેથોન તેમણે દોડી તે ઓરોવિલેમાં વર્ષ ૨૦૧૪માં થઈ હતી અને તેને માત્ર અઢી કલાકમાં પૂરી કરવામાં



આવી, જ્યારે અન્યને તેને પૂરી કરવામાં ત્રણ કલાકથી વધુ સમય લાગ્યો, તે અત્યાર સુધી ૧૦૦થી વધુ મેરેથોન દોડી ચૂકયા છે. પાછલા વર્ષે નવા આરોગ્ય મંત્રીએ પોતાની છત પર ચાર કલાક આઠ મિનિટ લાંબી મેરેથોન દોડીને એશિયા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું.

કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી કોંગ્રેસે ફરી નવા અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા ટાળી

(એજન્સી) તા.૧૦

કોંગ્રેસમાં આંતરિક ચૂંટણી ફરી ટળી ગઈ છે. કોંગ્રેસ કાર્યસમિતીની બેઠકમાં સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલે ૨૩ જૂને ચૂંટણી કરાવવાનો પ્રસ્તાવ રાખ્યો હતો, જેનો બાકી સભ્યોએ વિરોધ કર્યો હતો. હવે કોરોના સંકટ બાદ ચૂંટણી યોજાશે. કોંગ્રેસના સભ્યોનું કહેવું છે કે કોરોનામાંથી બહાર આવ્યા બાદ ચૂંટણી પર નિર્ણય લેવામાં આવે.

કોંગ્રેસ કાર્યસમિતીએ સામુહિક રીતે નિર્ણય કર્યો કે વર્તમાન પરિસ્થિતિમાં ચૂંટણી યોજવી બરાબર નહી હોય. કોંગ્રેસ કાર્યસમિતીએ નિર્ણય કર્યો કે જૂનમાં ના થઈને ચૂંટણીને આગળ વધારવામાં આવે. પરિસ્થિતિને જોતા આગળ ફરી નવી તારીખ નક્કી કરવામાં આવશે. ગત વર્ષે ઓગસ્ટથી અધ્યક્ષ પદની ચૂંટણી ૩ વખત ટળી ચુકી છે.

મહત્વપૂર્ણ છે કે ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં હાર બાદ રાહુલ ગાંધીએ કોંગ્રેસ અધ્યક્ષનું પદ છોડી દીધુ હતું. તે બાદ તેમણે કેટલીક વખત મનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો પરંતુ ફરી કોંગ્રેસ અધ્યક્ષ બનવા માટે તૈયાર થયા નહતા. તે બાદ સોનિયા ગાંધીને કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. હજુ પણ કોંગ્રેસની કમાન સોનિયાના હાથમાં જ છે.

એવામાં ફરી એક વખત સવાલ ઉભો થઈ રહ્યો છે કે શું રાહુલ ગાંધી હજુ પણ આ પદને અપનાવવા માટે તૈયાર છે કે નથી? આ પહેલા કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં મુદ્દો ઉઠ્યો હતો, જ્યારે બળવાખોર નેતાઓએ આંતરિક ચૂંટણીની માંગ રાખી હતી. હવે સોનિયા ગાંધી મોટા ધર્મસંકટમાં છે.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ કાર્યસમિતી (CWC)ની બેઠકના સંબોધનમાં સોનિયા ગાંધીએ કહ્યુ, "અમારે આ ગંભીર ઝટકાથી સમજવાની જરૂર છે. આ કહેવુ ઓછુ હશે કે અમે ઘણા નિરાશ છીએ, મારો ઈરાદો છે કે આ ઝટકાને કારણે દરેક વાત પર નજર રાખવા માટે એક નાના સમૂહની રચના કરૂ અને તેનો જલ્દી રિપોર્ટ લેવામાં આવે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ તાજેતરની ચૂંટણીમાં કોંગ્રેસની નિષ્ફળતાની સમીક્ષા માટે એક સમિતી બનાવવાની વાત કરી હતી, તેમણે આસામ અને કેરળની હાર તથા પશ્ચિમ બંગાળમાં ઝીરો બેઠકને અત્યંત નિરાશાજનક ગણાવી હતી.

કેરળમાં આરોગ્ય અધિકારીઓએ કોવિડ-૧૯નો ભોગ બનેલા દર્દીના સંબંધીઓ દ્વારા ફરજિયાત પ્રોટોકોલ્સનું પાલન કર્યા વગર લાશને દફનાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો

(એજન્સી) તિરુવનંતપુરમ,તા.૧૦

કેરળના થ્રિસ્સુર જિલ્લાના આરોગ્ય અધિકારીઓએ સોમવારે કોરોના વાયરસથી મૃત્યુ પામેલા દર્દીના પરિવાર દ્વારા કોવિડ-૧૯ના ફરજિયાત પ્રોટોકોલ્સનું પાલન કર્યા વગર દર્દીના મૃતદેહને દફનાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ જિલ્લાના કલેકટર એસ. શાહનવાઝે જણાવ્યું હતું કે એવી માહિતી મળી હતી કે એક ૫૩ વર્ષીય કોવિડ-૧૯ના ભોગ બનેલા દર્દીના કપડામાં લપેટાયેલા મૃતદેહને ધાર્મિક રિવાજ અને વિધિ મુજબ પાણીથી ધોવા માટે બહાર કાઢવામાં આવ્યો હતો. જેના પગલે આ ધાર્મિક સ્થળે દરોડો પાડવામાં આવ્યો હતો તેમણે જણાવ્યું હતું કે લાશને કોવિડ-૧૯ પ્રોટોકોલ અનુસાર કપડામાં લપેટાયા પછી સંબંધીઓને સોંપવામાં આવી હતી. જો કે, મૃતકના સંબંધીઓ મૃતદેહને ધાર્મિક રિવાજ મુજબ ધોવા માટે ધાર્મિક સ્થળો લઈ ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે સ્થળ પર પહોંચેલા અધિકારીઓએ લાશને કબજામાં લીધી હતી. અને સંબંધીઓ દ્વારા કોવિડ-૧૯ પ્રોટોકોલનું ઉલ્લંઘન કરીને ધાર્મિક રિવાજ અનુસાર વિધિ પુરી કરવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ કૃત્યને ગેરકાયદેસર ગણાવી સ્થળ પર પહોંચેલા જિલ્લા અધિકારીએ કહ્યું હતું કે જે લોકોએ કાયદાનો ભંગ કર્યો છે તેમની વિરૂદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જિલ્લા અધિકારીઓએ કહ્યું હતું કે લાશને હવે સંબંધીઓને સોંપવામાં નહીં આવે અને દફનવિધિ સરકારી નિયંત્રણ અંતર્ગત કરવામાં આવશે.

"પુષ્ટિ ધરાવતો બેડ નથી તો પ્રવેશ બંધ" : તેલંગાણા પોલીસ આંધ્રપ્રદેશથી એમ્બ્યુલન્સમાં આવતા કોવિડ-૧૯ના દર્દીઓને બોર્ડર ઉપર રોકી રહી છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૦

તેલંગાણા પોલીસે આંધ્રપ્રદેશમાંથી એમ્બ્યુલન્સમાં આવી રહેલ દર્દીઓને શહેરમાં આવતા અટકાવવું શરૂ કર્યું હતું. જેથી લોકો હોસ્પિટલની બહાર બેડ માટે લાઈનો નહીં લગાવે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે જે દર્દીઓને બેડ માટે પુષ્ટિ કરાયેલ છે ફક્ત અમે એમને જ પ્રવેશ આપીએ છીએ. અન્યથા લોકોને શહેરની બોર્ડર ઉપર જ અટકાવીએ છીએ.

એમણે વધુમાં જણાવ્યું કે ઘણા બધા દર્દીઓ અન્ય રાજ્યોમાંથી સારી સારવાર મેળવવા માટે હૈદરાબાદ આવી રહ્યા છે. જોકે જેમની પાસે પુષ્ટિ કરાયેલ બેડ નથી એમને અમે શહેર બહાર જ રોકીએ છીએ. જે દર્દીઓને બેડની પુષ્ટિ મળેલ નથી એમને ફરજિયાતપણે હોસ્પિટલની બહાર રાહ જોવી પડે છે. એ લાઈનોને અટકાવવા માટે અમે આ પગલાં લીધા છે. એમણે કહ્યું કે પ્રતિ દિવસે લગભગ ૫૦૦થી ૬૦૦ એમ્બ્યુલન્સો દર્દીઓને લઈને અહીં આવે છે. એક અન્ય પોલીસ અધિકારીએ જણાવ્યું કે જો કે અમારી પાસે તેલંગાણા સરકારના આના માટે લેખિત આદેશો નથી પણ અમને મૌખિક નિર્દેશો અપાયા છે કે એમ્બ્યુલન્સોને બોર્ડર પર જ અટકાવ દેવામાં આવે અને આ પ્રતિબંધો હજુ થોડા વધુ દિવસો સુધી ચાલુ રહેવાના છે. હાલમાં જ તેલંગાણા સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું કે હૈદરાબાદની ૫૦ ટકા હોસ્પિટલોમાં અન્ય રાજ્યોના લોકો સારવાર લઈ રહ્યા છે.

કોરોના સંકટ વચ્ચે રાષ્ટ્રીય સ્તરની ૧૦ પરીક્ષા મોકૂફ : હજારોનું ભાવિ અનિશ્ચિત

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

કોરોનાની બીજી લહેરને પગલે દેશના વિવિધ રાજ્યોમાં આંશિક અને સંપૂર્ણ લોકડાઉનને પગલે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. બીજી બાજુ શિક્ષણ ક્ષેત્રે માર્ચ, એપ્રિલ અને મે મહિનો પરીક્ષાઓનો સમયગાળો કહેવાતો હોવા છતાં અનેક પરીક્ષાઓ મોકૂફ થવાની સાથે જ શિક્ષણજગતમાં હલચલ મચી ગઈ છે. એટલું જ નહીં, હાલના તબક્કે માત્ર ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓ જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરની જેઈઈ, સીએ, સીએસ જેવી ૧૦ જેટલી પરીક્ષાઓ મોકૂફ થતાં વિદ્યાર્થી, વાલીઓમાં ગડમથલ જોવા મળી રહી છે.

નોંધનીય છે કે, કોરોના મહામારીની શિક્ષણ ક્ષેત્ર પર માઠી અસર જોવા મળી રહી છે. છેલ્લા એક વર્ષથી ઓનલાઈન ભણી રહેલા વિદ્યાર્થીઓને હવે પરીક્ષાને લઈને પણ અનેક મૂંઝવણો, ચિંતા, પ્રશ્નોનો સામનો કરવાની નોબત આવી રહી છે. સીબીએસઈ બોર્ડે ધો.૧૦ની પરીક્ષા રદ્દ કરી ધો.૧૨ની મુલત્વી રાખી છે. જ્યારે ગુજરાત બોર્ડની ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. માત્ર આ બોર્ડ પરીક્ષા જ નહીં, પરતુ જેઈઈ, નીટ પીજી, સીએ, સીએસ, એઆઈએપીજીઈટી, એનસીએચએમ-જેઈઈ, યુજીસી નેટ, એઆરપીઆઈટી જેવી અન્ય રાષ્ટ્રીય સ્તરની પણી પરીક્ષાઓ મોકૂફ થવાની સાથે જ લાખો વિદ્યાર્થીઓ વિમાસણમાં મૂકાઈ ગયા છે. હાલમાં એપ્રિલ અને મે માસમાં લેવાનારી જેઈઈ મેઈનની ત્રીજા, ચોથા તબક્કાની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. જ્યારે નીટ પરીક્ષા છેક ઓગસ્ટ માસમાં લેવાની હોય વિદ્યાર્થીઓ રિવિઝનને લઈ ચિંતામાં છે. આ સિવાય ઉચ્ચ અભ્યાસક્રમોની પણ અનેક પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવતા અસમંજસભરી સ્થિતિ બની છે.

દીકરીના મૃતદેહને ખાટલાની ડોલીમાં ૨૫ કિ.મી. દૂર પોસ્ટમોર્ટમ કરાવવા ગયા પિતા

(એજન્સી) સિંગરૌલી, તા.૧૦

મધ્યપ્રદેશના સિંગરૌલીમાં માનવતાને શરમમાં મૂકી દે એવી એક ઘટના સામે આવી છે. શબવાહિની ન મળવાને કારણે એક પિતા પોતાની દીકરીને ખાટલા પર રાખીને ૨૫ કિલોમીટર દૂર હોસ્પિટલ લઈ ગયા. પોસ્ટમોર્ટમ પછી તેઓ ફરી આ જ રીતે મૃતદેહને પરત ઘરે લાવી અંતિમસંસ્કાર કર્યા. ન તો પોલીસે શબવાહિનીની સગવડ કરી કે ન કોઈ સામાજિક સંસ્થાએ. લોકો પણ વીડિયો જ બનાવતા રહ્યા, પરંતુ કોઈનામાં પિતાની હાલત જોઈને સંવેદના જોવા મળી ન હતી. લાચાર પિતાનું કહેવું હતું કે, કરીએ તો કરીએ શું. પોલીસે કોઈ જાતનો સહયોગ જ ન આપ્યો અને શબવાહિનીને બોલાવી છતાં ન આવી ત્યારે મજબૂર બનીને તેમને આવું પગલું ભરવું પડ્યું હતું.

સિંગરૌલી જિલ્લાના આદિવાસી અંચલ સરઈ ક્ષેત્રના ગડઈ ગામમાં રહેતા ધીરૂપતિની ૧૬ વર્ષની સગીર પુત્રીએ ૫ મેનાં રોજ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. આ મામલાની જાણ ૬ મેના રોજ સરઈ પોલીસ સ્ટેશનને આપવામાં આવી હતી. આ બાદ પોલીસે પ્રાથમિક તપાસ કર્યા બાદ પોસ્ટમોર્ટમ માટે નિવાસ હોસ્પિટલ જવાનું કહ્યું હતું.

ભારે ઉતાવળમાં એમ્બ્યુલન્સ શોધવામાં આવી. પિતાએ સ્થાનિક અધિકારી સહિત પોલીસ સમક્ષ શબવાહિનીની માંગ કરી, પરંતુ કોરોનાને કારણે કોઈ એમ્બ્યુલન્સ ખાલી ન મળી. અંતે, હારીને દીકરીનો બાપ ખાટલાને ઊંધો કરીને ચાર પાયા પર દોરડું બાંધીને પુત્રીનો મૃતદેહ રાખ્યો અને ૨૫ કિલોમીટર દૂર નિવાસ

હોસ્પિટલ ચાલીને ગયો હતો. એક છેડો પરિવારના એક અન્ય સભ્યએ પકડ્યો હતો. એ બાદ પોસ્ટમોર્ટમ કરાવ્યું અને ફરી શબવાહિની ન મળતાં આ દૃશ્યનું પુનરાવર્તન થયું અને મજબૂર બાપ ફરી ૨૫ કિલોમીટર દૂર પોતાના ગામે આવીને દીકરીના અંતિમસંસ્કાર કર્યા. આદિવાસી અંચલ ગામો માટે આ તસવીર કોઈ નવી નથી. અહીં અવારનવાર વાંસના દંડા, ખાટ પર શબને બાંધીને લઈ જવામાં આવે છે. આ એકદમ પછાત વિસ્તાર છે, જે સિંગરૌલીથી માત્ર ૭૦ કિલોમીટર જ દૂર છે, તો નિવાસ ચોકીની આસપાસનો એરિયા જિલ્લા મુખ્યાલયથી વિખુટો છે તેથી અહીં કાગળો પર બધું જ યોગ્ય ચાલે છે, પરંતુ જમીન પર હકીકત કંઈક જુદી જ હોય છે. દીકરીનો મૃતદેહ ખાટલા પર નાખીને એક મજબૂર બાપ ૨૫ કિલોમીટર પગપાળા ચાલ્યો, તે પાછો પોતાના ઘરે પણ આ જ રીતે આવ્યો, પરંતુ કોઈએ ધ્યાન ન આપ્યું. આ દરમિયાન અનેક લોકોએ વીડિયો બનાવ્યો અને જોયો પણ ખરો, પરંતુ કોઈનામાં જ સંવેદના ન જાગી. લોકો આવા દૃશ્યો જોઈને આંખો બંધ કરી દે છે, પરંતુ મદદ માટે કોઈ જ આગળ આવતું નથી.

સદકએ ફિત્ર (છેલ્લા પાનાનું ચાલુ)

વસલ્લમે દરેક મુસલમાન ગુલામ હોય કે આઝાદ, ઔરત હોય કે મર્દ અથવા નાનો હોય કે મોટો દરેકને સદકએ ફિત્ર વાજિબ ઠેરવેલ છે.

(બુખારી)

આ સદકએ ફિત્ર રમઝાનના ગમે તે દિવસે આપી શકાય છે. પરંતુ ઈદની નમાઝ અગાઉ તે આપી દેવો બહેતર છે.

સદકએ ફિત્ર શક્તિવાળાઓ માટે આપવાનું તો સરળ જ છે પરંતુ મધ્યમ-સામાન્ય વર્ગના લોકો માટે પણ તે આસાન છે. નિસાબ ધરાવનાર કુટુંબમાં દરેક વ્યક્તિ દીઠ જે પ્રમાણે છે તે પ્રમાણે ઘઉં અથવા એટલા ઘઉંની કિંમત ગણીને રોકડા પૈસા પણ આપી શકાય. જુવાર, બાજરી અથવા ગમે તે ખાદ્ય અનાજ આપી શકાય.

રોઝા બદનની-શારીરિક ઈબાદત છે અને સદકએ ફિત્ર માલી ઈબાદત છે. તેમાં ફળો તથા અનાજ ઉપર વધુ ભાર અપાયો છે. જેથી આમ ન બને કે તમે ઈદ સારી પેઠે ઉજવો અને ગરીબો તેનાથી વંચિત-મહરૂમ રહે. નાણાકીય કુર્બાની આપીને રોઝદાર સાબિત કરે છે કે અમે સચ્ચાઈ તથા સિદક-રાસ્તી સાથે રોઝો રાખેલ છે.

પશ્ચિમ બંગાળ કેબિનેટ : મમતા બેનરજીએ ગૃહ અને સ્વાસ્થ્ય ખાતાઓ સંભાળ્યા, અમિત મિત્રાએ નાણામંત્રાલય જાળવી રાખ્યું

(એજન્સી) કોલકાતા, તા.૧૦

પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીએ સોમવારના પોતાના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું. સોમવારના સત્તાધારી તૃણમૂલ કૉંગ્રેસના ૪૩ નેતાઓને મંત્રી પદના શપથ આપવામાં આવ્યા. ૪૩ સભ્યોવાળા મંત્રીમંડળમાં પૂર્વ નાણામંત્રી અમિત મિત્રા અને પૂર્વ ક્રિકેટર મનોજ તિવારી સહિત અનેક નવા ચહેરાઓને તક મળી છે. જ્યારે મુખ્યમંત્રી મમતા બેનરજીએ ગૃહ અને સ્વાસ્થ્ય ખાતાઓ તેમની પાસે રાખ્યાં હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મમતા બેનરજીની આ ટીમમાં ૧૮ નવા ચહેરા સામેલ છે. આ ૪૩માંથી ૯ ધારાસભ્યોએ રાજયમંત્રી તરીકે શપથ લીધા. અમિત મિત્રા અને બે અન્ય ધારાસભ્યોએ વર્ચ્યુઅલી શપથ લીધા. મિત્રાની તબિયત ઠીક નથી.

રાજભવનમાં રાજ્યપાલ જગદીપ ધનખડે સવારે ૧૦.૪૫ વાગ્યે થ્રોન હૉલમાં આ નવા ધારાસભ્યોને મંત્રી પદના શપથ અપાવ્યા. આ સાથે જ નવી ચૂંટાયલી સરકારની કેબિનેટની પહેલી બેઠક બપોરે ૩ વાગ્યે હશે. મમતા બેનરજીની નવી કેબિનેટમાં અનુભવી સુબ્રત મુખર્જી, પાર્થ ચેટર્જી, ફિરહાદ હકીમ, અરૂપ વિશ્વાસ, સુજીત બોઝ, ચંદ્રિમા ભટ્ટાચાર્ય અને શશિ પાંજાએ મંત્રી તરકી પુનરાગમન કર્યું છે. આ ઉપરાંત માનસ ભુઈયાંને પણ કેબિનેટ ટીમમાં જગ્યા મળી છે. તેઓ રાજ્યસભા સાંસદ હતા અને આ વખતે વિધાનસભા ચૂંટણી લડ્યા હતા. ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળમાં રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં ધમાકેદાર જીત બાદ તૃણમૂલ કૉંગ્રેસ સુપ્રીમો મમતા બેનરજીએ સતત ત્રીજીવાર પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી તરીકે બુધવારના શપથ લીધા. રાજ્યપાલ જગદીપ ધનખડે કોવિડ-૧૯ના વધતા પ્રકોપની વચ્ચે રાજભવનમાં આયોજિત સાધારણ સમારંભમાં તેમને પદ અને ગોપનીયતાની શપથ અપાવી.

ઈદ પહેલાં મમતા બેનરજીએ બંગાળમાં ૫૦ લોકોની હાજરી સાથે ધાર્મિક અને સાંસ્કૃતિક મેળાવડાને મંજૂરી આપી

કોલકાતાના રેડ રોડ ખાતે ઈદની નમાઝ નહીં યોજવા મુસ્લિમ અગ્રણીઓનો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ઈદ પહેલાં રાજ્યમાં ૫૦ લોકોની હાજરી સાથે ધાર્મિક અને સાંસ્કૃતિક મેળાવડાને મંજૂરી આપી હતી. જો કે, કોરોનાના કેસોમાં વધારો થતાં ચાલુ વર્ષે કોલકાતાના રેડ રોડ ખાતે ઈદની નમાઝ થશે નહીં. અમે માત્ર ૫૦ લોકોની હાજરીમાં ધાર્મિક એન સાંસ્કૃતિક મેળાવડાને પરવાનગી આપી છે. મુસ્લિમ અગ્રણીઓ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે, ઈદની નમાઝ નહીં યોજાય અને લોકો ભેગા પણ થઈ શકશે નહીં, એમ રાજયના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જણાવ્યું હતું. મમતાએ જણાવ્યું હતું કે, રાજયમાં કોરોનાને નિયંત્રિત કરવા માટે કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે. રાજયના નવા મંત્રીમંડળની બેઠક બાદ સચિવાલય ખાતે પત્રકાર પરિષદ સંબોધિત કરતાં મમતાએ ઉક્ત વાત જણાવી હતી. સોમવારે રાજભવન ખાતે ટીએમસીના ૪૩ નેતાઓએ ધારાસભ્ય તરીકે શપથ ગ્રહણ કર્યા હતા.

સુવેન્દુ અધિકારીને વિપક્ષના નેતા બનાવાયા, બે ભાજપ સાંસદોએ વિજયી બનવા છતાં શપથ લેવાનું ટાળ્યું

(એજન્સી) તા.૧૦

ભાજપના બે સાંસદોએ વિધાનસભાની ચૂંટણી લડી હતી અને તેઓ જીત્યા પણ હતા. છતાં તેઓ ધારાસભ્ય પદના શપથ લેવા આવ્યા નહોતા. કેમ કે તેમને ભય હતો કે, કદાચ તેઓ તેમના લોકસભા પદ ગુમાવી શકે છે. તેમાં નીશીથ પ્રમાણિક અને જગન્નાથ સરકારનો સમાવેશ થાય છે.

અનપેક્ષિત પગલાં સ્વરૂપે તેનાથી ભાજપમાં લોકોની નજર આમના તરફ ખેંચાઈ હતી. જો કે, બીજી બાજુ સુવેન્દુ અધિકારી જેવા નેતાને વિપક્ષના નેતા જાહેર કરી દેવામાં આવતા ભાજપ તરફથી આ દાવ ખેલાયો હોવાની ચર્ચા છે. તેઓ હવે સત્તા પક્ષને વિપક્ષમાં બેસીને પડકારશે. જો કે, તેઓ ક્યારેક તેનો ભાગ રહી ચૂક્યા હતા. જો કે, આ હરિફાઈમાં મુકુલ રોય પણ આગળ હતા.

પ્રમાણિકની વાત કરીએ તો તે ઉત્તર બંગાળમાં કૂચબિહારથી સાંસદ છે. જો કે, સરકાર રાણાઘાટ નાદિયાથી સાંસદ છે. તેમને અન્ય ત્રણ સાંસદો બાબુલ સુપ્રિયો, લોકેટ ચેટરજી અને સ્વપ્નદાસ ગુપ્તા સાથે ચૂંટણી મેદાને ઉતારી દેવાયા હતા પરંતુ આ ત્રણેય હારી ગયા અને આ બે જીતી ગયા હતા.

પ્રમાણિક દિનહાટા બેઠક પર તથા સરકાર સોનિતપુર બેઠકથી વિજયી થયા હતા. જો કે, તેઓ શપથ સમારોહમાં હાજરી આપવા પણ પહોંચ્યા નહોતા જેના કારણે લોકોમાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે. આ વખતે ૭૭ ધારાસભ્યો શપથ લેવાના હતા. જો કે, તેના બાદથી તેમના આ નિર્ણયની ચર્ચા શરૂ થવા લાગી હતી. સૂત્રો કહે છે કે, તેઓએ ટોચના નેતૃત્વને લોકસભા સાંસદ તરીકે તેમનો કાર્યકાળ ચાલુ રહેવા દેવા અપીલ કરી છે.

જનતાએ ધાર્મિક મુદ્દાઓને નકાર્યા, મોદી-શાહે હવે બદલવું પડશે : સંજય રાઉત

(એજન્સી) મુંબઈ, તા.૧૦

પશ્ચિમ બંગાળમાં ભાજપના થયેલા હતાશાજનક પરાજય બાદ તેમના વિરોધીઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહની ટીકા કરવાનો એક સોનેરી મોકો મળી ગયો છે. ચૂંટણીના પરિણામોને સાત દિવસ થઈ ગયા હોવા છતાં હજુ આની ચર્ચા ચાલી રહી છે ત્યારે એક સમયના ભાજપના મિત્ર અને હાલના વિરોધીપક્ષ શિવસેનાએ પણ ફરી મોદી-શાહની ટીકા પોતાના મુખપત્ર 'સામના'માં કરી હતી. રવિવારે મુખપત્રના કટાર લેખમાં પક્ષના પ્રવક્તા સંજય રાઉતે લખ્યું હતું કે, પ.બંગાળની જનતાએ જય શ્રીરામના નારા અને ધાર્મિક મુદ્દાઓને નકાર્યા છે. તેમને પોતાની ભાષા અને સંસ્કૃતિને પ્રેમ કર્યો. સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફેલાવી સામેના પક્ષની બદનામ કરવાનું શસ્ત્ર હવે જૂનું અને નકામું સાબિત થઈ રહ્યું છે, આમ થવાથી મોદી-શાહની પ્રતિમા પર પણ અસર થઈ શકે છે, આમ ન થવા દેવું હોય તો મોદી-શાહે બદલાવું પડશે. રાઉતે પ.બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનરજી પર પ્રશંસાનો ધોધ વહાવ્યો હતો અને તેમની સરખામણી છેક અહિલ્યાબાઈ હોળકર સાથે કરી હતી. મમતા બેનરજીએ માંડેલા મુદ્દાનું રોકેટ ઉડ્યું તેમ કહેતા

તેમણે લખ્યું હતું કે, પ.બંગાળમાં મોટા પ્રમાણમાં હિન્દીભાષીઓ આવીને વસે છે. તેમને મોદીનો જય શ્રીરામનો નારો ગમ્યો, પણ મમતાએ તેમના તરફ દુર્લક્ષ સેવી સ્થાનિક લોકોની ભાવનાને મહત્ત્વ આપ્યું. બહારના લોકો આવી પ.બંગાળને બગાડે છે, તે તેમના પ્રચારનો પહેલો મુદ્દો, બંગાળને ગુજરાત થવા દેશું નહીં આ બીજો મુદ્દો રહ્યો. તેમના આ મુદ્દાના રોકેટે ભાજપને બાળી નાખ્યું. જય શ્રીરામનો નારો પ.બંગાળમાં લોકપ્રિય નથી. અહીં દુર્ગામાં પર લોકોને શ્રદ્ધા છે. અહીંના ૨૫ વર્ષના તરૂણે ખેલા હોબે નામનું ગીત ટીએમસી માટે બનાવી જય શ્રીરામના નારાને હરાવી દીધો, તેમ પણ સામનામાં લખ્યું હતું.

વિદેશમાં રહેતા ૩૦૦ કાશ્મીરી ડૉક્ટર દેશના દર્દીઓની મફત સારવાર કરી રહ્યા છે

(એજન્સી) શ્રીનગર, તા.૧૦

કોરોના મહામારીને કારણે દેશમાં લોકો સારવાર માટે પરેશાન થઈ રહ્યા છે. હોસ્પિટલોના ચક્કર કાપી રહ્યા છે. આ દરમિયાન વિદેશોમાં બેઠેલા ભારતીય ડૉક્ટરોએ મદદ માટે હાથ લંબાવ્યા છે. વિદેશમાં રહી રહેલા ૩૦૦ કાશ્મીરી ડૉક્ટર ૨૪ કલાક લોકોને મફત સારવાર આપી રહ્યા છે. આ ડૉક્ટર સઉદી અરબ, દુબઈ, અમેરિકા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં રહે છે અને જુલાઈથી અત્યાર સુધી ૨૦ હજારથી વધુ દર્દીઓને ફ્રીમાં ઓનલાઈન કન્સલ્ટન્સી આપી ચૂક્યા છે. કોવિડની બીજી લહેરમાં રોજ ૫૦૦ લોકો એનો લાભ ઊઠાવી રહ્યા છે. આ ડૉક્ટર એહસાસ ઈન્ટરનેશનલ NGOની સાથે જોડાઈને કાશ્મીર હેલ્થકેર સપોર્ટ ગ્રુપ નામથી દિવસ-રાત લોકોની મદદ કરી રહ્યા છે. એમાં હાર્ટ રોગ એક્સપર્ટ, હાડકાંના રોગના એક્સપર્ટથી લઈને દરેક પ્રકારના એક્સપર્ટ ડૉક્ટર છે. ખાડીમાં સેવા આપી રહેલા વરિષ્ઠ કાર્ડિએક એનેસ્થેસિયોલોજિસ્ટ ડૉ.અલ્તાફ કહે છે કે, શરૂઆતમાં થોડા ડૉક્ટર જોડાયા હતા. પછીથી ખાડીમાં સેવા આપતા ડૉક્ટર તેમાં જોડાતા ગયા. તેઓ કહે છે કે, મહામારી દરમિયાન હોસ્પિટલોમાં દર્દીઓનું જવાનું શક્ય નથી. એવામાં અમે ચિકિત્સા સલાહ આપીએ છીએ, રોગીઓમાં જાગૃતિ પેદા કરીએ છીએ અને ઈ-પ્રિસ્ક્રિપ્શન આપીએ છીએ. ગંભીર દર્દીઓને તાત્કાલિક મદદ મળે એના માટે પણ સિસ્ટમ બનાવી છે. અમે પ્રત્યેક દર્દીઓનો રેકોર્ડ રાખીએ છીએ, જેથી આગામી વખતે પણ તેને તે જ ડૉક્ટર પાસેથી સલાહ મળે, જેણે તે દર્દીને અગાઉ જોયો હતો. વધુ મામલા કોવિડ, કિડની, ડાયાબિટિસ, બ્લડપ્રેશર સાથે સંબંધિત આવે છે.

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS

સ્વઘોષિત છાયા ઓફ મોદી અને પોર્નો સેલ્સમેન : સુબ્રમણ્યમ સ્વામીના મોદી સમર્થકો પર સૌથી આકરા પ્રહાર

(એજન્સી) તા.૧૦

ભાજપ રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થકો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમને તેઓએ અંધભક્ત અને ગંધભક્ત કહીને ઉચ્ચાર્યા હતા. ટ્વિટર પર આ મામલે ટ્વિટ કરતાં સ્વામીએ લખ્યું કે મોટાભાગની ફેક આઈડી ધરાવતા ટ્વિટર યૂઝર અને મોદી-શાહને જોઈને ભીડમાં એકઠા થનારા લોકો હિટલરની યાદ અપાવે છે. આ ભીડને સ્વઘોષિત છાયા ઓફ મોદી અને પોર્નો સેલ્સમેન દ્વારા મેનેજ કરવામાં આવે છે. એટલે કે મોદી દ્વારા જ તેમનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે આ પહેલીવાર નથી કે જ્યારે પીએમ મોદી સામે

સ્વામીએ આકરા પ્રહારો કર્યા હતા. તેઓ અગાઉ પણ વર્તમાન કોરોના મહામારી મામલે મોદી સરકાર પર આકરા પ્રહારો કરી ચૂક્યા હતા. અગાઉ સ્વામીએ ભાજપના આઈટી સેલ સામે પણ તેમની વિરુદ્ધ અભિયાનો ચલાવવાનો આરોપ મૂક્યો હતો. ગત વર્ષે ભાજપ સાંસદે તેમની જ પાર્ટી ભાજપ વિરુદ્ધ અને તેના આઈટી સેલ વિરુદ્ધ આકરા પ્રહાર કર્યા હતા અને તેમણે આઈટી સેલના હેડ અમિત માલવીયા સામે પણ આકરા પ્રહાર કર્યા હતા. તેઓ હાલમાં મોદી સમર્થકો વિરુદ્ધ કડક શબ્દોમાં ટીકા કરતા દેખાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે જ્યારે કોરોના મહામારી દરમિયાન એપ્રિલના મધ્ય સુધી ૨૦૨૦માં દરરોજ ૧ લાખથી વધુ કેસ આવી રહ્યા હતા અને નવેમ્બરમાં ઘટીને તે ૧૦ હજાર સુધી આવી ગયા હતા તો તેની ક્રેડિટ કોને મળી અંધભક્ત કે ગંધભક્ત? જો હવે ફરી કેસ વધી રહ્યા છે તો તેની જવાબદારી કોણ સ્વીકારશે?

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં સુવેન્દુ અધિકારીને વિપક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હવે પૂર્વ તૃણમૂલ કોંગ્રેસ વિરૂદ્ધ તૃણમૂલ કોંગ્રેસ બંગાળ વિધાનસભામાં સામ-સામે

(એજન્સી) તા.૧૦

ભાજપના નેતા અને તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ મજબૂત નેતા સુવેન્દુ અધિકારીને ભાજપમાં હવે ફળ મળવા લાગ્યો છે. તેમને હવે વિધાનસભામાં વિપક્ષના નેતા બનાવી દેવાયા છે. તેની સાથે જ હવે બંગાળની વિધાનસભામાં તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ નેતા અને સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે મુકાબલો જોવા મળશે.

ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં નંદીગ્રામ બેઠક પરથી મુખ્યમંત્રી મમતા બેનરજીને હરાવનારા સુવેન્દુ અધિકારીનું રાજકીય કદ ભાજપમાં ઘણુ વધી ગયુ છે અને પાર્ટીએ તેમણે મોટી જવાબદારી સોપી છે. મમતા બેનરજીને નંદીગ્રામ બેઠક પર માત આપવાથી સુવેન્દુ અધિકારીનું રાજકીય કદ વધી ગયુ છે.

ભારતીય જનતા પાર્ટીએ સુવેન્દુ અધિકારીને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા બનાવ્યા છે. આ પહેલા સુવેન્દુ અધિકારી સિવાય બંગાળ ભાજપના અધ્યક્ષ દિલીપ ઘોષ અને મુકુલ રોયના નામ પર ચર્ચા થઈ રહી હતી. પશ્ચિમ બંગાળની ચૂંટણીની લડાઈમાં સુવેન્દુ

અધિકારીએ તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ અને મુખ્યમંત્રી મમતા બેનરજીને હરાવ્યા હતા. ચૂંટણી પંચના આંકડા અનુસાર, નંદીગ્રામ બેઠક પરથી સુવેન્દુ અધિકારીએ મમતા બેનરજીને ૧૯૫૬ મતથી હરાવ્યા હતા.

ચૂંટણીમાં સુવેન્દુ અધિકારીને કુલ ૧૦૯૬૭૩ મત મળ્યા જ્યારે મમતા બેનરજીને ૧૦૭૯૩૭ મત મળ્યા હતા. મહત્વપૂર્ણ છે કે, બંગાળમાં રાજકિય ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપ ૩ બેઠકથી વધીને ૭૭ બેઠક પર પહોચી છે અને મુખ્ય વિપક્ષી દળ બની ગઈ છે. ધારાસભ્ય તરીકે મુકુલ રોયની તુલનામાં સુવેન્દુ અધિકારી પાસે વધુ અનુભવ છે પરંતુ સંસદીય રાજકારણ કરવા માટે અનુભવ ધૈર્ય અને રાજકીય જ્ઞાન હોવુ જરૂરી છે. મુકુલ પાસે પાંચ વર્ષ સુધી વિધાનસભામાં મમતા સાથે લડવાનું ધૈર્ય છે. જોકે, આ બન્ને નેતા ટીએમસીમાંથી ભાજપમાં આવ્યા છે પરંતુ મોટાભાગે જીતીને આવેલા ધારાસભ્યમાંથી કેટલાક નેતાઓ પાસે જ સંસદીય રાજનીતિનો અનુભવ છે.

કોરોના મહામારી સામે નિષ્ફળતા અને ચૂંટણીની અસરને કારણે ભાજપ, RSS ચિંતિત : સૂત્રો

(એજન્સી) તા.૧૦

કોરોના વાઈરસની બીજી લહેરને કારણે વેરાયેલા વિનાશથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને વડાપ્રધાન મોદીની સરકાર પર તેની અસરે ભાજપ અને તેના વૈચારિક મેન્ટોર આરએસએસના ટોચના પદાધિકારીઓને બેચેન કરી મૂક્યા છે. સૂત્રોએ આ માહિતી આપી હતી.

વડાપ્રધાન મોદીની સાત વર્ષની સત્તામાં લોકોનો ધારણા અને ચૂંટણી પરિણામોએ શક્તિશાળી સંઘ પરિવારને ક્યારેય આટલી હદે પરેશાન કર્યું નથી. સૂત્રો કહે છે કે ભાજપ અને આરએસએસએ ધારણાથી ચિંતિત છે કે કોરોનાને લઈને મિસ મેનેજમેન્ટથી એ દરેક વર્ગના લોકો પરેશાન છે જે પાર્ટીના મુખ્ય સમર્થક મનાય છે.

મધ્યમ વર્ગ મહામારીથી સૌથી વધુ પ્રભાવિત છે અને હવે વાઈરસ ગામડાઓ તરફ આગળ વધી રહ્યું છે. ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને બિહારમાં સ્થિતિ ગંભીર થઈ ચૂકી છે. એક નેતાએ એનડીટીવીને કહ્યું, "જ્યારે તમે કોઈને ગુમાવો છો, ત્યારે તેનો દુઃખ અને ગુસ્સો લાંબા સમય સુધી રહે છે અને તે કોઈ પણ રૂપમાં બહાર આવી શકે છે. તેમણે કહ્યું કે ભાજપ ઉપર મહામારીની અસર અંગે ટોચના નેતૃત્વમાં

મોટી ચિંતા છે.

આ નેતાએ સ્વીકાર્યું કે કોરોના કટોકટીએ આરોગ્યની નબળી સુવિધાઓ અને રોગચાળાને લગતી સરકારની તૈયારીનો અભાવ ઉજાગર કર્યો છે. આગામી લોકસભાની ચૂંટણીમાં ત્રણ વર્ષનો સમય છે. ૨૦૨૪ માં લોકસભાની ચૂંટણીઓ યોજાવાની છે. જોકે, ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી છે. જો ઉત્તર પ્રદેશ પંચાયતની ચૂંટણીનું પરિણામ જો કોઈ નિશાની તરીકે જોવામાં આવે તો તે ભાજપ માટે ચિંતાનું કારણ છે.

અસંતોષ સપાટી પર પણ દેખાય છે. કેન્દ્રીય પ્રધાન સંતોષ ગંગવારે ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથને એક પત્ર લખીને તેમના સંસદીય મત વિસ્તાર બરેલીમાં તબીબી સાધનોના "બ્લેક માર્કેટિંગ", ઓક્સિજનનો અભાવ અને કોરોના દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં વિલંબનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમનો આ પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

કેરળને હજુ વધુ ઓક્સિજનની જરૂર, અન્ય રાજ્યોને આપી શકે નહીં : PMને પિનરાઈ વિજયનનો જવાબ

(એજન્સી) તિરૂવનંતરપુરમ, તા.૧૦

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી જણાવ્યું હતું કે, તેમનું રાજ્ય હવે ફરી વખત ઓક્સિજનનો જથ્થો વિતરીત કરી શકે નહીં, કેમ કે, પહેલાથી જ કેરળ દ્વારા ઓક્સિજનનો બફર સ્ટોક પાડોશી રાજ્યોને પહોંચાડી દેવામાં આવ્યો છે. હાલ ૮૬ મેટ્રિક ટન ઓક્સિજનનો બફર સ્ટોક પડતર છે. કેરળ દ્વારા દસમી તારીખ સુધી તમિલનાડુને ૪૦ મેટ્રિક ટન ઓક્સિજન અપાયું હતું. છઠ્ઠી મેના રોજ સેન્ટ્રલ કમિટિ ઓફ ઓક્સિજન એલોકેશનના નિર્ણયના આધારે આ ફાળવણી કરવામાં આવી હતી. હાલની સ્થિતિમાં હવે કેરળ ઓક્સિજનની વધુ

મદદ કરી શકે તેમ નથી. મુખ્યમંત્રીએ વડાપ્રધાનને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ ૪,૦૨,૬૪૦ જેટલા કોરોનાના એક્ટિવ કેસો છે. ૧૫મે સુધી આ આંકડો છ લાખ થવાની શક્યતા છે. રાજ્યમાં જે રીતે કોરોનાના કેસો વધી રહ્યાં છે તે જોતાં સ્પષ્ટ છે કે, ૧૫ મે સુધી રાજ્યને ૪૫૦ મેટ્રિક ટન ઓક્સિનની જરૂર પડશે. કેરળનું મુખ્ય ઓક્સિજન ઉત્પાદન મથક પલક્કડમાં કાંજીકોડ ખાતે છે. જેની ઉત્પાદન ક્ષમતા ૧૫૦ મેટ્રિક ટન છે. તથા અન્ય નાના ઉત્પાદકો દૈનિક ધોરણે ૨૧૯ મેટ્રિક ટન ઓક્સિજન ઉત્પાદિત કરી શકે છે. ભૌગોલિક રીતે રાજ્યમાં ઓક્સિજનનું ઉત્પાદન સ્થળ વધુ અંતરે છે. જેથી ઓક્સિજન ટ્રાન્સફર કરવામાં મુશ્કેલી પડે છે. શરૂઆતમાં કેરળે ઓક્સિજન કટોકટીને પહોંચીવળવા બફર સ્ટોકના ૪૫૦ મેટ્રિક ટન ઓક્સિજન પૂરૂં પાડવાની ખાતરી આપી હતી પણ પાડોશી રાજ્યમાં માગ પેદા થતાં બફર સ્ટોકનો આ જથ્થો તેમને આપી દેવામાં આવ્યો હતો.

બિહારના બક્સરમાં કોરોનાની ગંભીર સ્થિતિ ગંગા નદી કિનારે ૪૦ મૃતદેહો તણાઈ આવ્યા

સ્થાનિક વહીવટીતંત્રનો એવો દાવો કે આ મૃતદેહો ઉત્તરપ્રદેશથી તણાઈ આવ્યા છે અને તે કોરોનાના દર્દીઓના હોઈ શકે છે જેમના પરિજનો તેમના અંતિમ સંસ્કાર કરી શક્યા નથી

(એજન્સી) તા. ૧૦

કોરોના સંકટ વચ્ચે બિહારના બક્સર જીલ્લામાં માણસાઈને શર્મશાર કરતી તસ્વીર સામે આવી છે. ચૌસાના મહાદેવા ઘાટ પર લાશોનો અંબાર લાગી ગયો છે. જીલ્લા તંત્રએ હાથ ખંખેરતા કહ્યુ કે આ ઉત્તરપ્રદેશની લાશો છે, એ અહીં વહીને આવી ગઈ છે. કોરોનાકાળમાં બક્સર જીલ્લાના ચૌસાની પાસે આવેલ મહાદેવ ઘાટની તસ્વીરોએ એ સમયે વિચલિત કરી દીધા, જ્યારે લાશોનો અંબાર ગંગા સ્થિત ઘાટને ઢાંકી દીધો. જોકે જેવી આ ઘટનાનો વીડિયો સામે આવ્યો કે જીલ્લા તંત્રના ચોંકી ગયુ. ચૌસાના બીડીઓ અશોક કુમારે જણાવ્યુ કે લગભગ ૪૦ થી ૪૫ લાશ હશે, જે જુદા જુદા સ્થળથી વહીને મહાદેવ ઘાટ પર આવી ગઈ છે. તેમણે જણાવ્યુ કે આ લાશો અમારી નથી. અમે લોકોએ એક ચોકીદાર રાખ્યો છે. જેની નજર હેઠળ લોકો અંતિમ સંસ્કાર કરે છે. આવામાં આ મૃતદેહ ઉત્તરપ્રદેશથી વહીને આવી રહી છે. અધિકારીએ કહ્યુ કે યુપીથી આવી રહેલ

લાશોને રોકવાનો કોઈ ઉપાય નથી આવામાં અમે આ લાશોનો યોગ્ય નિકાલ કરવામાં લાગ્યા છે. આ મામલાના બીજા પહેલુ પર વિચાર કરીએ તો કોરોના બક્સર સહિત અનેક જીલ્લામાં ફેલાઈ ચુક્યો છે.

પવની નિવાસી નરેન્દ્ર કુમાર મૌર્ય જણાવે છે કે ચૌસા ઘાટની સ્થિતિ ખૂબ જ દયનીય છે. કૌરાના સંક્રમણને કારણે અહી રોજ ૧૦૦થી ૨૦૦ લોકો આવે છે અને લાકડીની વ્યવસ્થા ન હોવાને લાશોને ગંગામાં જ ફેંકી દે છે.જેનાથી કોરોના સંક્રમણ ફેલાવવાનો ભય બની રહ્યો છે જ્યારે કે વહીવટીતંત્ર કોઈપણ મદદ નથી કરી રહ્યું.

ભારત અને અરબ દેશોના સંબંધોને મળ્યું ઓક્સિજન, મોદી સરકારે તેલ આયાતમાં કાપનો નિર્ણય રદ્દ કરી આભાર વ્યક્ત કર્યો

(એજન્સી) તા.૧૦

કોરોના મહામારીથી પીડાઈ રહેલા ભારતની મદદ માટે આગળ આવનારા અરબ દેશોએ ભારતીયો સહિત મોદી સરકારનું પણ દિલ જીતી લીધું છે. સઉદી અરબ, યુએઈ, કતર, કુવૈત અને બેહરિન દ્વારા ભારત માટે મોકલવામાં આવેલી આરોગ્ય સહાય પછી મોદી સરકારના પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે, સઉદી અરબથી તેલ આયાતમાં કાપના નિર્ણયને રદ્દ કરી દેવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ ભારતીય પેટ્રોલિયમ મંત્રીએ કોરોના મહામારી સંકટ દરમિયાન ઓક્સિજન અને આરોગ્ય સહાય બદલ સઉદી અરબ તેમજ અન્ય અરબ દેશોનો આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે, જે દેશોએ અમારા માટે ઓક્સિજન સપ્લાય કર્યું છે. ખાસ કરીને સઉદી અરબ, યુએઈ, કુવૈત અને બેહરિનનું અમે હૃદયથી સ્વાગત કરીએ છીએ. ભારતે મેમાં સઉદી અરબથી તેલ આયાતમાં ભારે કાપનો ક્રમ બંધ કરી દીધો હતો અને જૂન મહિના માટે

સામાન્ય ઓર્ડર બૂક કરાવ્યો હતો. ભારતીય તેલ કંપનીઓ દર મહિને સઉદી તેલ કંપની અરામકો પાસેથી ૧ કરોડ ૫૦ લાખ બેરલ તેલની ખરીદી કરે છે. ભારત, ચીન પછી તેલ નિકાસ કરનારો વિશ્વનો બીજો સૌથી મોટો દેશ છે અને પોતાની જરૂરતના ૮૦ ટકા તેલ આયાત કરે છે. વર્તમાન મહિનાઓમાં ભારત અને સઉદી અરબના સંબંધોમાં તે સમયે ખટાશ જોવા મળી હતી, જ્યારે તેલના વધતા ભાવના કારણે નવી દિલ્હીએ રિયાધ પર ઉત્પાદન વધારવા માટે દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

ભવિષ્યમાં કોવિડ-૧૯ની વધુ લહેર સામે તમે સ્વયંનું કઈ રીતે રક્ષણ કરી શકશો ?

હાલ જ્યારે દેશમાં કોરોનાની બીજી લહેર હાહાકાર મચાવી રહી છે અને સંભવિત ત્રીજી લહેરના ખતરા અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે નિષ્ણાતોએ એવી તાકીદ કરી છે કે જો લોકો કોવિડ પ્રોટોકોલ અનુસાર સુસંગત વર્તણૂંક કરે અને મોટાભાગની વસ્તીનું રસીકરણ સંપન્ન થઈ જાય તો કોરોનાની આગામી ત્રીજી લહેર ઓછી તીવ્ર હોઈ શકે

(એજન્સી) તા.૧૦

હાલ જ્યારે દેશમાં કોરોનાની બીજી લહેર હાહાકાર મચાવી રહી છે અને સંભવિત ત્રીજી લહેરના ખતરા અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે નિષ્ણાતોએ એવી તાકિદ કરી છે કે જો લોકો કોવિડ પ્રોટોકોલ અનુસાર સુસંગત વર્તણૂંક કરે અને મોટા ભાગની વસ્તીનું રસીકરણ સંપન્ન થઈ જાય તો કોરોનાની આગામી ત્રીજી લહેર ઓછી તીવ્ર હોઈ શકે.કેટલાય નિષ્ણાતોનું માનવું છે કે પ્રથમ લહેર દરમિયાન લોકોએ કોરોના પ્રત્યે જે લાપરવાહ અભિગમ દાખવ્યો તેના કારણે મહામારી હવે ફરીથી માથું ઊંચકી રહી છે. જો કે અન્ય કેટલાક નિષ્ણાતો એવું પણ કહે છે કે નવા મ્યુટન્ટ અને વેરીઅન્ટને કારણે પણ કોરોના વાયરસ વધુ આક્રમક બન્યો છે. મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર એ વિજય રાઘવને ગત સપ્તાહે બુધવારે જણાવ્યું હતું કે ત્રીજી લહેર અનિવાર્ય છે અને તેથી નવી લહેર માટે અત્યારથી જ તૈયારી કરવાની જરુર છે.

સાથે સાથે બે દિવસ બાદ તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે સતર્કતા, સર્વેક્ષણ, સારવાર અને ટેસ્ટીંગ અંગેની નિયત ગાઈડ લાઈન્સનો જો યોગ્ય અમલ કરવામાં આવે તો બિનલક્ષણયુક્ત સંક્રમણને રોકી શકાશે. તેમણે જણાવ્યું હતું કે જો આપણે મજબૂત પગલાં લઈએ તો ત્રીજી લહેર કોઈ પણ જગ્યાએ અથવા ક્યાંય પણ આવશે નહીં. આથી રાજ્યોમાં જિલ્લાઓમાં અને શહેરોમાં સ્થાનિક સ્તરે દરેક જગ્યાએ ગાઈડલાઈન્સાનો

અસરકારક અમલ કરવામાં કઈ રીતે આવે છે તેના પર તેનો આધાર રહેશે.

નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે કુદરતી રીતે અથવા વેક્સિનેશનની મદદથી લોકોમાં વિક્સેલ ઈમ્યુનિટી જ્યારે અટકી જાય ત્યારે ફરીથી વાયરસ આક્રમણ કરી શકે છે. પરંતુ જો લોકો પોતાનું યોગ્ય રક્ષણ કરશે તો વાયરસને ફરી આક્રમણ કરતો અટકાવી શકાશે. આ વર્ષના આરંભે જ્યારે નવા કેસોમાં ઘટાડો થયો હતો ત્યારે લોકોએ જાણે વાયરસ છે જ નહીં એ રીતનું વર્તન શરુ કરી દીધું હતું. ઈમ્યુનિટી તો ઘટવાની શરૂ થઈ જ ગઈ હતી. લોકોએ ત્યારે સામુહિક મેળાવડાનું આયોજન કર્યુ હતું, માસ્ક પહેરવાનું બંધ કરી દીધું હતું અને આ રીતે લોકોએ વાયરસનો ફરી ત્રાટકવા માટે સામે ચાલીને તક આપી હતી એવું નવી દિલ્હીની ઈન્સ્ટીટ્યૂટ ઓફ જીનોમિક્સ એન્ડ ઈન્ટીગ્રલ બાયોલોજીના ડાયરેક્ટર ડો.અનુરાગ અગ્રવાલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણે જ્યારે ત્રીજી લહેરની આગાહી કરી રહ્યાં છીએ પરંતુ તે ખરેખર ક્યારે આવશે અને કેટલી તીવ્ર રહેશે તે આપણે કહી શકીએ તેમ નથી પરંતુ આગામી મહિનાઓમાં જો લોકો જો કોવિડ ગાઈડ લાઈન્સને સુસંગત વર્તણૂંક દાખવશે અને આપણે મોટી સંખ્યામાં લોકોનું રસીકરણ કરી શકીશું તો ત્રીજી લહેર આવશે તો પણ તે ઓછી તીવ્ર હશે. કોવિડ-૧૯ના સંક્રમણને અટકાવવા માટે ત્રિસ્તરીય માસ્ક, વારંવાર હાથ ધોવા અથવા સેનેટાઈઝ કરવા અથવા સામાજિક અંતર જાળવવું, ભીડથી દૂર રહેવું અને શક્ય હોય તો ઘરમાં જ રહેવું એવા પગલાં ભરવામાં આવશે તો તે કોવિડ-૧૯ વાયરસના સંક્રમણને અટકાવવામાં અસરકારક પુરવાર થશે એવું કોમ્યુનિટી મેડીસીન એક્સપર્ટ અને એનઆઈઆઈઆરએનસીડી, જોધપુરના ડાયરેક્ટર ડો.અરુણ શર્માએ જણાવ્યું હતું.

પુત્રીના લગ્ન માટે મહેમાન થઈ આવેલા પિતા અને દાદીનું સંબંધીને ત્યાં જ કોરોનાથી મોત

ભાણેજ જમાઈએ બંનેની સારવાર કરાવી અતિથિ ધર્મ નિભાવ્યો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૦

વડોદરા જિલ્લાના ગામડાંઓમાં કોરોનાનો કહેર જારી છે અને મૃત્યુના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે પાદરા તાલુકાના બામણશી ગામે દીકરીના લગ્નના વ્યવહારની વાત કરવા બહારગામથી આવેલા દીકરીના પિતા અને દાદી કોરોના સંક્રમિત થતાં સબંધીને ત્યાંજ બંનેના મૃત્યુ થયા હતા.

પાદરા તાલુકાના બામણશી ગામે બનેલા કિસ્સાના કારણે ગ્રામજનોમાં ભારે શોકની લાગણી વ્યાપી હતી.તો બીજીતરફ જાનના જોખમે મહેમાનને પોતાના ઘેર રાખી સારવાર કરાવનાર બામણશી ગામના પઢિયાર પરિવારની પણ લોકો પ્રશંસા કરી રહ્યા છે. વાસદ નજીક ફાજલપુર ગામે રહેતા મહેશ ચીમનભાઈ સોલંકીની પુત્રીના લગ્ન પાદરા તાલુકાના બામણશી ગામે નક્કી થયા હોવાથી લગ્નના રિતરિવાજો નક્કી કરવા માટે દસેક દિવસ પહેલાં મહેશભાઈ અને તેમના માતા ગંગાબેન સોલંકી બામણશી ગામે રહેતા ભાણેજ જમાઇ પરેશભાઇ પઢિયારને ત્યાં આવ્યા હતા.

અહીં બંને માતા-પુત્ર બીમાર પડતાં પરેશભાઈએ બંનેની સારવાર કરાવી હતી.જેમાં મહેશભાઇને કોરોના પોઝિટિવ આવ્યો હતો.પરેશભાઈએ આવા સમયે પરિવારજનોને હિંમત અને કોરોનાનું સંક્રમણ ના થાય તેની તકેદારી રાખી સારવાર કરાવી હતી.મહેશભાઇના માતાને પણ કોરોના થતાં તેમની પણ પરિવારે સારવાર કરાવી હતી.પરંતુ દસ દિવસની સારવાર બાદ મહેશભાઇનું મોત થયું હતું.તેમની અંતિમક્રિયા બામણશી ગામે જ કરવામાં આવી હતી.ત્યારબાદ તેમના માતાનું પણ મોત થતાં તેમની પણ અંતિમક્રિયા ગામમાં જ કરાઇ હતી.

બામણવશી ગામે ભાણેજ જમાઇના ત્યાં મહેમાન તરીકે રહેલા માસા સસરા અને તેમના માતાએ દીકરીના લગ્નની મોટાભાગની તૈયારી કરી દીધી હતી.

પંદર દિવસ બાદ લગ્ન લેવાનાર હોવાથી તેઓ વેવાઇ પક્ષ સાથે રિતરિવાજ નક્કી કરવા બામણશી ગામે આવ્યા હતા.પરંતુ ત્યાંજ બંનેનું મોત થતાં લગ્નનો ઉત્સાહ માતમમાં ફેરવાઇ ગયો હતો. આ અંગે જિલ્લા પંચાયતના વિરોધપક્ષના પૂર્વ નેતા કમલેશ પરમારે કહ્યું હતું કે,દીકરીના લગ્ન સાદાઇ થી થાય અને કોરોનાની ગાઇડલાઇન મુજબ થાય તેની અમે તકેદારી રાખીશું.

પાલીતાણા : કોવિડ આઈસોલેશનમાં સેવકોને ગોપાલ ઈટાલિયાએ બિરદાવ્યા

પાલીતાણા, તા.૧૦

હાલ આ કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે સમગ્ર ગુજરાતમાં એક પણ ગામ એવું બાકી નથી જ્યાં કોરોના મહામારીની અસર જણાય ન હોય ત્યારે પાલીતાણામાં બિનરાજકીય રીતે ચાલી રહેલ "ઓક્સિજન & આઇસોલેશન ગ્રુપ" તેમજ "વિવેકાનંદ સ્કૂલ" ખાતે ચાલી રહેલ કોવિડ આઇસોલેશન સેન્ટરની મુલાકાત આમ આદમી પાર્ટી ગુજરાત અધ્યક્ષ 'ગોપાલ ઇટાલીયા' અને સુરત SMC કોર્પોરેટર 'કિરણ ખોખાણી' (રમતા જોગી)એ પાલીતાણામાં ચાલી રહેલ સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લઈ શુભેચ્છા મૂલાકાત લીધેલ હતી અને સેવાકીય પ્રવૃત્તિ કરી રહેલ તમામ કાર્યકર્તાઓને પછી ભલેને તે કોઈપણ રાજકીય પક્ષના કેમ ન હોય તેઓને પ્રોત્સાહી કરેલ. 'વિવેકાનંદ સ્કૂલ' ખાતે ચાલી રહેલ કોવિડ આઇસોલેશન સેન્ટર ખાતે ભગીરથસિંહ સરવૈયા, રવીરાજ ઘરેણીયા,ભીખાભાઈ પરમાર, જુનેદભાઈ રાઠોડ, દીનેશભાઈ મારૂં, ફિરોઝશા, કાળુભાઈ પઠાણ, ઝાહિદભાઈ ખદરાની, મયુરભાઈ મારૂ, સિકંદરભાઈ કુરેશી, અમરભાઈ, સંજયભાઈ ગોહિલ, પ્રતાપભાઈ ગોહિલ, જયેશભાઈ મારૂ વગેરે સેવા આપી રહેલ છે. જ્યારે ઓક્સિજન & આઇસોલેશન ગ્રુપમાં જનકભાઈ જીવાણી, હિરેનભાઈ વાઘાણી, જીતેન્દ્રભાઈ તેજાણી, નરેશભાઈ જાડેજા, લાખાભાઈ મેર, કરમશીભાઈ અણઘણ, જયેશભાઈ સોંડાગર, એમ. એસ. લક્ષ્મીધર, ગોવિંદભાઇ ધામેલિયા, વલ્લભભાઈ ધામેલિયા, દિપકભાઈ કાંટાવાળા, કેતનભાઈ મકવાણા, સાદિકભાઈ મકવાણા, નેમુભાઈ મોરડીયા, અશોકભાઈ મકવાણા વગેરે સેવા આપી રહેલ છે.

પ્રાંતિજ-તલોદ તાલુકાના પ્રાથ.આરોગ્ય કેન્દ્રો ખાતે ઓક્સિજન સાથેના બેડની વ્યવસ્થા કરવા માંગ

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૧૦

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે કોરોનાના દર્દીઓને ઓક્સિજન અને બેડ મળી રહે તે માટે કોંગ્રેસ અગ્રણી અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ પ્રાંન્ત કચેરી તથા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપવામા આવ્યુ હતું.

હાલ કોરોનાના કેસોમા રોકેટ ગતિએ વધારો થઈ રહ્યો છે.જેને લઈને પ્રાંતિજ-તલોદ તાલુકાના કોરોનાના દર્દીઓને તાત્કાલિક ઓક્સિજન મળી રહે તે માટે અને બન્ને તાલુકાના સરકારી આરોગ્ય કેન્દ્ર ઉપર ઓક્સિજન સાથેના બેડની સગવડ કરવાની માગણી કરતું આવેદનપત્ર પ્રાંતિજ-તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંન્ત કચેરી તથા પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરાને આપ્યુ હતુ.

છેલ્લા એક વર્ષથી કોરોનાની મહામારી હોવા છતાંય રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારે તેને અટકાવવા માટે કોઇ ચોક્કસ મેડીકલ વ્યવસ્થા ઉભી કરી શકી નથી. તેને કારણે લાખો લોકો મોતના મુખમા ધકેલાઈ રહ્યા છે. આજે પણ હિંમતનગર સિવિલ હોસ્પિટલ તેમજ બીજી પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ ઓક્સિજન સાથેના બેડની સંખ્યા ઓછી છે. તેના કારણે ઓક્સિજન વગર લોકો મોતના મુખમા ધકેલાઈ રહ્યા છે. તો પ્રાંતિજ તાલુકામા આવેલ P.H.C સેન્ટરોમા એમ.બી.બી.એસ.ડોક્ટરો તેમજ નર્સિંગ સ્ટાફની ભરતી થયેલ હોવા છતાંય હજુ સુધી આ આરોગ્ય સેન્ટરો ઉપર ઓક્સિજન સાથેની વ્યવસ્થાવાળા બેડ ચાલુ કરવામા આવે. જેથી આ ૧૦ P.H.C ઉપર ઓક્સિજન સાથેના બેડની વ્યવસ્થા થાય તો તાલુકામા ૧૦૦ જેટલા ઓક્સિજન બેડની વ્યવસ્થા થઈ શકે તેમ છે. ગ્રામ પંચાયતને ૧૫માં નાણા પંચની ગ્રાન્ટની ફાળવેલ રકમમાંથી કોવિડના દર્દીઓને જરૂરી ઓક્સિજનની બોટલ તેમજ તેને આનુષંગિક સાધનો ખરીદવાની સત્તા ગ્રામપંચાયતોને આપવા સહિતની માગ સાથેનું આવેદનપત્ર આપ્યુ હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, એસ.કે.ઝાલા, જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા પ્રભાતસિંહ સોલંકી, રામસિંહ, મિલ્કસિંહ, તાલુકા સદસ્ય રાજ પટેલ, હાર્દિક પટેલ, નૂતનભાઈ પરમાર સહિત કોંગ્રેસ કાર્યકરો તથાઆગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

નડિયાદ મહાગુજરાત હોસ્પિ.ને ૬૦ લાખ અને એન.ડી. દેસાઈને ૪૦ લાખ ઓક્સિજન માટે ફાળવાયા

નડિયાદ, તા.૧૦

કોરોનાની મહામારીના કપરા સમયમાં ખેડા જિલ્લાના દર્દીઓને બચાવવા ઓક્સિજનની તાતી જરૂરિયાત છે ત્યારે નડિયાદ મહાગુજરાત હોસ્પિટલમાં ૧૫૦ જેટલા ઓક્સિજન બેડને પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મળી રહે તે માટે વધુ એક ઓક્સિજન પ્લાન્ટને કાર્યરત કરવા માટે મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈના પરિવાર તરફથી રૂા.૨૦,૦૦,૦૦૦/- (રૂપિયા વીસ લાખ) ખેડા સાંસદ દેવુસિંહ દ્વારા તેમની ગ્રાન્ટ માંથી રૂા.૨૦,૦૦,૦૦૦/-(રૂપિયા વીસ લાખ) તથા અન્ય સામાજિક સંસ્થાઓ, અનેકવિધ મદદકર્તા દાનવીરોની સહાયથી રૂા.૨૦,૦૦,૦૦૦/- (રૂપિયા વીસ લાખ) મળી કુલ રૂા.૬૦,૦૦,૦૦૦/- (રૂપિયા સાહિઠ લાખ) ની રકમ મહાગુજરાત હોસ્પિટલના સંચાલકોને અર્પણ કરવામાં આવી છે તથા એન.ડી.દેસાઈ હોસ્પિટલ નડિયાદ ખાતે ૧૭૫ ઓક્સિજનની સુવિધા ધરાવતા બેડ માટે ઉભી થનારી ઓક્સિજન સ્ટોરેજ ટેંક માટે હોસ્પિટલના સંચાલકોની માંગણીના સંદર્ભે મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈએ પોતાની ધારાસભ્યની ગ્રાન્ટ માંથી રૂા. ૨૫,૦૦,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ લાખ) તથા અને ખેડા સાંસદ દેવુસિંહએ રૂા.૧૫,૦૦,૦૦૦/- (રૂપિયા પંદર લાખ)પોતાની ગ્રાન્ટમાંથી તાત્કાલિક અસરથી ફાળવી છે.

રેમડેસિવિર ઈન્જેક્શન માટે હવે વેરાવળ નહીં જવું પડે

ઉનામાં સાંસદ રાજેશ ચુડાસમા દ્વારા ૭૫૦ રેપિડ ટેસ્ટિંગ કિટો અર્પણ કરાઈ

ઉના, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લાના કોવિડ આઈસોલેશન સેન્ટરો તથા કોવિડ હોસ્પિટલો અને PHC, CHC સેન્ટરોની મુલાકાતે આવેલા ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખના પતિ બચુભાઈ, ઉનાના પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, નગરપાલિકાના ઉપપ્રમુખ ચંદ્રેશભાઈ જોશી, શેહેર ભાજપાના પ્રમુખ, મહામંત્રીઓ કાંતીભાઈ છગ, સુનીલભાઈ મુલચંદાણી, અગ્રણી રાજુભાઈ ડાભી, સહીતના આગેવાનો સાથે ઉના સામૂહિક આરોગ્ય કેન્દ્ર, દેલવાડા HC કેન્દ્ર તથા લક્ષ્ય ફાઉડેશન અને વાસ્તવ ગૃપ સંચાલિત વિનામૂલ્યે ટીફીન સેવાની કામગીરી નિહાળી ત્યાર બાદ ઉના શહેર, તાલુકા ભાજપ તથા ઉના નગરપાલિકા સંચાલીત કોવિડ આઈસોલેશન સેન્ટરની મુલાકાત લીધી હતી. જ્યાં સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ કોરોનાની ૭૫૦ રેપીડ ટેસ્ટીંગ કિટ અર્બન હેલ્થ સેન્ટને અર્પણ કરેલ હતી. ઉના સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત કેબીનેટ મંત્રી અને સાંસદે લીધી હતી. કોવીડ બેડ શરૂ કરવા જણાવેલ હતું. ત્યારે સરકારી હોસ્પીટલમાં રોજના સો જેટલી ઓપીડી હોય જેમાં રોજની ૮ થી ૧૦ ડિલીવરી, ૫ થી વધુ મારામારીના કેસો, અને એક માસમાં ૨૦ થી ૨૫ પી.એમ થાય છે. જ્યારે મહીલાની ડિલીવરી વિભાગ અગલ હોય તે વિભાગ ટુંકો પડતો હોય જેના કારણે બીજા વિભાગમાં ડીલીવરી કેસની મહીલાઓને સારવાર અપાતી હોય છે. જેથી મહીલાઓ સંક્રમિત ન થાય તેને ધ્યાને રાખી વ્યવસ્થા કરાશે. જોકે ઉપરથી ઓર્ડર થયા બાદ ઓક્સીજન વ્યવસ્થા પછી ૧૦ થી ૧૨ કોવીડ બેડ શરૂ કરવામાં આવશે ડો.એન કે જાદવએ જણાવેલ હતું.. ઉના ગીરગઢડામાં કોરોનાના કેસો વધી જતાં કોરોનાના દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શનની જરૂરીયા પડતી હોય જેથી દર્દીના સ્વજનોને વેરાવળ સરકારી હોસ્પીટલ સુધી ધક્કા ખાવા પડતા હતા. જે હવે ઊનામાંથી રેમડેસિવિર ઈન્જેક્શન મળી શકશે.

વડાગામમમાં બાધા માટે ભીડ એકઠી થવાની હતી

ધનસુરા પોલીસની સતર્કતાથી કોરોનાનું સંક્રમણ અટક્યું

મોડાસા, તા.૧૦

રવિવારે વડાગામ ગ્રામ પંચાયતના લેટર પેડ પર ગામમાં કોરોનાના કેસ વધી રહ્યા હોવાથી ગામના અગ્રણીઓ અને લોકોએ એકઠા થઇ એક બાધાનું આયોજન કર્યું હોવાથી ગામ લોકોએ ગામમાં આવેલ મંદિર આગળ રવિવારે દિવા-અગરબત્તી કરવી અને ઘર આગળ પણ દિવા-બત્તી તેમજ ધૂપ કરવા આહવાન કરતો પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ કરતા ફક્ત રવિવારે બાધા કરવાનો ઉલ્લેખ કરતા ગામમાં આવેલ મંદિરો પર ગામલોકો એકઠા થતા કોરોના સંક્રમણનો ભય પેદા થતા ધનસુરા પોલીસ હરકતમાં આવી હતી અને તાબડતોડ વડાગામ ગ્રામ પંચાયતમાં પહોંચી ગામના સરપંચ અને અગ્રણીઓ પાસે આ અંગે ખુલાસો માંગતા સમગ્ર ઘટનાથી અજાણ સરપંચ ચોકી ઉઠ્યા હતા અને તેમને કે ગ્રામ પંચાયત તરફથી આવો કોઈ લેટરપેડ વાયરલ ન કર્યો હોવાનું જણાવતા પોલીસે ગ્રામ પંચાયતના નામે લેટર પેડ કોણે વાયરલ કર્યો તે અંગે સરપંચ સાથે રાખી તપાસ કરતા ગ્રામ પંચાયતમાં વર્ષોથી એડહોક પર ફરજ બજાવતા રસીકભાઇ ફતાભાઈ પરમારે ગામના જ જીજ્ઞેશ દિલીપભાઈ શર્મા સાથે મળી લેટરપેડ પર લખાણ કરી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હોવાનું બહાર આવતા પોલીસ ચોકી ઉઠી હતી અને ધનસુરા પોલીસે બંને શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

વડોદરાના આજવા રોડ એકતાનગરનો બનાવ

ઘર પાસે રમતા માસૂમ બાળકને જીપ ચાલકે ટક્કર મારતા મોત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૦

એકતાનગરમાં ઘર પાસે રમતા ૧૬ મહિનાના માસુમ બાળકને પૂરઝડપે આવતી એક જીપના ચાલકે અડફેટે લેતા તેનું કરૂણ મોત થયુ હતુ.બાપોદ પોલીસે જીપના નંબરના આધારે આરોપીને પકડવાના પ્રયાસો હાથ ધર્યા છે.

આજવારોડ એકતાનગરમાં રહેતા હમીદઉલ્લા જીઆઉલ્લા અંસારીએ પોલીસને જણાવ્યુ છે કે,હું ઘરે લેડીઝ કપડાની સિલાઇ કરીને ગુજરાન ચલાવુ છું.મારે સંતાનમાં છ વર્ષની પુત્રી અને ૧૬ મહિનાનો પુત્ર છે.આજે સવારે સાડા નવ વાગ્યે મારો છોકરો ઘર પાસે રમતો હતો.તે સમયે એકતાનગરના અંદરના ભાગેથી મરઘીઓ ભરેલી એક બોલેરો જીપ પૂરઝડપે આવી હતી.અને મારા પુત્રને ટક્કર મારી માથામાં ગંભીર ઈજા પહોંચાડી હતી.અને જીપનો ડ્રાયવર સ્થળ પર જીપ મુકીને ભાગી ગયો હતો.ત્યારબાદ હું મારા પુત્રને લઇને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં આવ્યો હતો.જ્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.પોલીસે હમીદઉલ્લાની ફરિયાદના આધારે જીપ ચાલક સામે ગુનો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી છે.

મોડાસાના ઈટાડી ગામે વિધિનું આયોજન કરનાર ૧૪ અને ટોળા સામે ગુનો નોંધાયો

મોડાસા, તા.૧૦

ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના સંક્રમણ મામલે બળીયાદેવની માનતા રાખવામાં આવી રહી છે અને બેડાથી પાણી ચઢાવવામાં આવી રહયું છે. જો કે કોરોનાના કાળ દરમ્યાન સરકાર દ્વારા લોકોને એકઠા નહીં થવા અને ધાર્મિક ઉજવણી નહીં કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં શરૂ થયેલી આ ધાર્મિક વિધિ કાયદાનું ઉલ્લંઘન કરી રહી છે ત્યારે ઈટાડી ગામમાં બળીયાદેવની માનતા પુરી કરવા ૧૦૦થી વધુ લોકો એકઠાં થઈને પાણી ચઢાવવા ગયા હતા. જેનો વીડીયો સોશ્યલ મીડીયામાં વાઈરલ થયો હતો. ત્યારે આ અંગે મોડાસા રૂરલ પોલીસે ૧૪ લોકો અને ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થીત ટોળા સામે જાહેરનામાં ભંગ અને એપેડેમીક એકટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આ પ્રકારે વધેલી પ્રવૃતિઓના પગલે પોલીસ દ્વારા પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું છે.

કાપોદ્રા મનપા ઢોર પાર્ટીના કર્મી ઉપર માથાભારે ભરવાડોએ કર્યો હુમલો

સુરત, તા.૧૦

સુરત મહાનગરપાલિકના ઉધના જૂના વાહન ડેપો ઢોર ત્રાસ અંકુશ વિભાગમાં ફરજ બજાવતા કેતનભાઈ ઝીણાભાઈ આહીર (ઉ.વ.૩૧. રહે, બારસોલ દુલસાડ ફળિયું ધરમપુર વલસાડ) સ્ટાફના માણસો સાથે કાપોદ્રા રવીપાર્ક પાણીની ટાંકી પાસે જાહેર રોડ ઉપર રખડતી ગાયોને પકડવાની કામગીરી કરતા હતા તે વખતે એકાએક નજીકમાં રહેતા ભરત પાંચા ભરવાડ, મુકેશ પાંચા ભરવાડ, રઘુ પાંચા ભરવાડ, લાખા કાળુ ભરવાડ, અજય કાળુ અલગોતર, સંજય સોડા રાઠોડ, વિજય સોડા રાઠોડ, ભરત ઘેલા કસોટીયા, કાનો નગા આલગોતર, સુરેશ પાંચા રાઠોડ, તથા ત્રણ મહિલા સહિત ૧૦ જેટલા અજાણ્યાઓનુ ટોળુ મોઢા ઉપર માસ્ક પહેર્યા વગર ધાતક હથિયારો સાથે દોડી આવ્યું હતું અને કેતન આહીર સહિતના સ્ટાફના માણસો સાથે માથાકુટ કરી ઝપાઝપી કરી હતી અને પકડેલી ગાયો છોડાવી ફરી જા આ રસ્તા ઉપર ગાયો પકડવા આવ્યા તો જાનતી મારી નાંખીશુ તેવી ધમકી આપી કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી હતી. બનાવ અંગે કાપોદ્રા પોલીસે કેતન આહીરની ફરિયાદ લઈ આરોપીઓ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

આણંદના વેપારી સાથે મહિલાઓને ઝકાત અપાવવાના બહાને બે લાખના દાગીના તફડાવી ઠગ ફરાર

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૦

આણંદ શહેરના રહીમાનગર ભાગ-૨માં રહેતા અને નાની કરિયાણાની દુકાન ચલાવતા યુવાનને અમદાવાદની મહિલા ઝકાત આપવા તૈયાર છે. તેમ કહી તેમને વિશ્વાસમાં લઈ તમારા દાગીના જોશે તો ઝકાત નહીં આપે તેમ કહી તેમના રૂા.બે લાખના દાગીના પોતાની પાસે લઈ અજાણ્યો ઠગ પલાયન થઈ જતાં આ અંગે આજે શહેર પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ છે. આણંદ શહેરના રહીમાનગર ભાગ-૨માં રિયાઝભાઈ સલીમભાઈ વ્હોરા (ઉ.વ.૩૭) પોતાના પરિવાર સાથે રહે છે અને અનાજ કરિયાણાની દુકાન ચલાવે છે. ગત તા.૨૬ જાન્યુઆરીના રોજ બપોર ૧૨ વાગે તેમની દુકાને એક વ્યક્તિ વિમલ લેવા આવ્યો હતો. તેમનો ફોન ચાલુ હતો અને તેમાં કોઈ સાથે ઝકાતના પૈસા આપવાનું કેહતા હતા. એટલે રિયાઝભાઈએ કહ્યું હતું, મારા ધ્યાનમાં પણ ઝકાત લેવાવાળા માણસો છે. ત્યારે તેમણે કહ્યું હતું અમદાવાદના સાયરાબેન સૈયદ ઝકાત આપવાના છે. હું કાલે આવીશ તેમ તેણે તેનો મોબાઈલ નં.૭૬૦૦૭-૬૪૯૯૫ લખાવ્યો હતો અને બીજા દિવસે સાંજે ચાર વાગે તેઓ આવ્યા હતા. એટલે રિયાઝભાઈએ તેમને અનીષાબેન સુમૈયાબેન તથા આજરાબેન ઝકાત લેશે તેવું કહ્યું હતું.

તા.૨૮ જાન્યુઆરીના રોજ સવારે સાત વાગે આ વ્યક્તિ રિયાઝભાઈના ઘરે બાઈક લઈને આવ્યો હતો. એટલે તેમણે યાસ્મીનબેન મહેબુબભાઈ વ્હોરા અને રૂબીનાબેન રિયાઝભાઈ વ્હોરા એમ. કુલ પાંચ નામ લખાવ્યા હતા. આ સમયે આ વ્યક્તિએ રિયાઝભાઈને એક થેલો ખોલીને બતાવ્યો હતો અને કહ્યું હતું. આ પાંચ મહિલાઓને રૂા.૨ લાખ આપવાના છે અને અમદાવાદથી સાયરાબેન સૈયદ આવશે એટલે આ પૈસા આપીશું. આ દરમ્યાન રિયાઝભાઈના પત્ની રેશમાબેન ત્યાં આવ્યા હતા. ત્યારે આ અજાણ્યા માણસે કહ્યું હતું તમારી પાસે જે સોનાના દાગીના હોય તે મને આપી દો. જો સાયરાબેન તમારી પાસે સોનુ જોશે તો આ પાંચ લેડીઝોને ઝકાત નહીં આપે આ દંપતીને વિશ્વાસ આવી જતાં તિજોરીમાં મૂકેલા સોનાના દાગીના જેમાં દોઢ તોલાની સોનાની ચેઈન, એક સોનાનું પેંડલ, સોનાની કાનની કડી અને બુટ્ટી તથા સોનાના ચાર વિંટી, સોનાની દોઢ તોલાની લકી મળી કુલ ૫ તોલાની સોનાની વસ્તુઓ જેની કિંમત રૂા.૨ લાખ થતી હતી, તે આ લોકોએ અજાણ્યા માણસને આપી હતી.

ત્યારબાદ અજાણ્યા માણસના બાઈક ઉપર રિયાઝભાઈ બેઠા હતા અને બંને જણા સાયરાબેનને લેવા સામરખા ચોકડી પ્લેઝન્ટ હોટલ પાસે પહોંચ્યા ત્યારે ત્યાં રિયાઝભાઈને ઉતારી બાઈકચાલકે કહ્યું હતું. તમે અહિંયા ઊભા રહો હું ગામડી ગામમાંથી એક મોલસાર આવવાના છે તેમને લઈને આવું છું, આમ કહી તે બાઈક લઈને ગયા હતા અને ફરી પાછા ન આવ્યા હતા, આમ ઝકાતના નામે દંપતીના દાગીના તફડાવી જવાયા હોય ના છૂટકે તેમણે આજે શહેર પોલીસ મથકે બપોરે ફરિયાદ નોંધાવી હતી.

વઢવાણ માળોદ રોડ પર

સરકારી ખરાબાની જમીન પર જાહેરમાં કચરો સળગાવાતા લોકોના આરોગ્યને અસર

સુરેન્દ્રનગર, તા.૧૦

સુરેન્દ્રનગરમાં ગ્લોબલ વોર્મિંગની અસર વધુ વર્તાઈ રહી છે. સુરેન્દ્રનગરમાં ગરમી પણ સતત વધી રહી છે. હવામાનમાં પણ અચાનક વાતાવરણમાં પલટો આવી રહ્યો છે. ભર ઉનાળે સુરેન્દ્રનગરમાં વરસાદી ઝાપટાં જોવા મળી રહ્યા છે. હાલની પરિસ્થિતિ મુજબ પણ સુરેન્દ્રનગર જીલ્લાનું તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચ્યું છે.

ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સર્જાવો સૌથી મોટું કારણ હોય તો તે વાતાવરણમાં ફેલાતું પ્રદૂષણ છે સુરેન્દ્રનગરના વઢવાણ માળોદ રોડ ઉપર સરકારી ખરાબામાં ડમ્પિંગ સ્ટેશન બનાવવામાં આવ્યું છે સમગ્ર શહેરી વિસ્તાર નો કચરો ડોર ટુ ડોર ઉઘરાવી અને વઢવાણ પાસે આવેલા ડમ્પિંગ સ્ટેશનમાં આ કચરો નાખવામાં આવી રહ્યો છે ત્યારે આ કચરાનો કોઇપણ જાતનો યોગ્ય નિકાલ ન હોવાના કારણે કચરાનો ભરાવો ન થાય તે હેતુથી આ કચરાને આગ ચાપી અને નાશ કરવામાં આવી રહ્યો છે.

ત્યારે રોજનો ૧૫ ટનથી વધુ કચરો વઢવાણ માળોદ રોડ ઉપર આવેલા સરકારી ખરાબામાં ખડકવામાં આવી રહ્યો છે. ત્યારે આવા કચરાનો ભરાવો ન થાય તે હેતુથી અને ઢગલા ન થાય તે હેતુથી કર્મચારીઓ દ્વારા વઢવાણમાં રોડ ઉપર આવેલી સરકારી ખરાબાની જગ્યામાં ડમ્પિંગ સ્ટેશન બનાવવામાં આવ્યું છે તે સ્થળે આવો ઠાલવવામાં આવતો કચરો બાળી દેવામાં આવી રહ્યો છે જેને લઇને ચાર કિલોમીટર સુધી વાતાવરણમાં ધુમાડો ફેલાઈ રહ્યો છે.

જેને લઈને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરતા લોકોમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે ઉલ્લેખનીય છે કે છેલ્લા ચાર વર્ષથી પાલિકા દ્વારા આવી ખુલ્લી જગ્યાઓમાં ખુલ્લી જગ્યામાં કચરો બાળવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં સુરેન્દ્રનગર જિલ્લા પ્રશાસન વિભાગ દ્વારા આવા શહેરી વિસ્તારમાં જે કચરો નીકળી રહ્યો છે તેનો યોગ્ય નિકાલ કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે હવે જરૂરી બન્યું છે.

હઝરત ખ્વાજા ફરીદુદ્દીન મોટામિયાં ચિશ્તી (રદી.)ના ઉર્સ નિમિત્તે વંશજોએ સંદેશો પાઠવ્યો

અંકલેશ્વર, તા.૧૦



ખાનવાદા-એ-ચિશ્તિયા-ફરીદીયા-સાબિરિયા, મોટામોયા માંગરોલની ઐતિહાસિક ગાદીના અત્યાર સુધીના તમામ સજ્જાદાનશીનોમાં સૌથી વધુ સુધી ગાદી પર સેવા કરનાર બુઝુર્ગ છે.

આમ તો ૭૫૦ વર્ષોથી વધુ સમય પહેલા આ ગાદીના વડીલ બુઝુર્ગો- સંતોએ લોકસેવાનું કામ શરૂ કર્યુ છે. જે ઇતિહાસનું વર્ણન સક્ષિપ્તમાં શક્ય નથી, તેથી જ આ પવિત્ર ઉર્સ દિવસે ફક્ત ૧૦૦ વર્ષ પૂર્વેના ઇતિહાસ ની વાત કરીએ તો રાજવલ્લભ, મહાત્મા, આચાર્ય, ઝૂબદ્દતુલ અરિફિન હઝરત ખ્વાજા મતાઉદ્દીન ઉર્ફે મોટામિયા ત્રીજા (રદી.) સાહેબે સજ્જાદાનશીન-ગાદીપતિ તરીકે મોટામિયા માંગરોલની ગાદીની સેવા અનોખી રીતે પોતાના પૂર્વજોના પગલે કરી છે. આપ બાદ ખાનવાદાના નિયમ અનુસાર આપના જયેષ્ઠ પુત્ર હઝરત ખ્વાજા નિઝામુદ્દીન મોટામિયા ચિશ્તી (રદી.) સાહેબે ગાદીપતિ તરીકે સેવા આપી, આપ બાદ વંશ પરંપરા ચાલતી આવેલી વિશેષ પરંપરા, અલૌકિક આજ્ઞા તથા અસમાન્ય રૂહાની ઇલહામ મુજબ હઝરત ખ્વાજા મોટામિયા ચિશ્તી ત્રીજા (રદી.)ના સુપુત્ર અને ખ્વાજા નિઝામુદ્દીન મોટામિયા ચિશ્તી (રદી.) ના ભાઈ, હઝરત ખ્વાજા ફરીદુદ્દીન મોટામિયા ચિશ્તી (રદી.) મોટામિયા માંગરોલની ગાદી પર અધિકૃત રીતે ૧૯૫૭ માં ગાદી ના મુરીદો-અકીદતમંદો અને કુટિંબીજનોની હાજરીમાં વિધિવત રીતે એકમાત્ર પરંપરાગત સજ્જાદાનશીન તરીકે બિરાજમાન થયા, ત્યારબાદ તેઓએ પોતાનું સમગ્ર જીવન જનસેવા માટે સમર્પિત કર્યું. આપનો વિસાલ ૨૦૦૧, ૨૭મી રમઝાનના પવિત્ર દિવસે થયો હતો, આપનો આસ્તાના મુબારક પાલેજ ખાતે આવેલ છે, હાલમા હિઝ હોલીનેસ હઝરત ફરીદુદ્દીન મોટામિયા ચિશ્તી (રદી.) ના જયેષ્ઠ પુત્ર-હઝરત સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી મોટામિયા માંગરોલની ગાદીના વર્તમાન સજ્જાદાનશીન-ગાદીપતિ તરીકે બિરાજી સેવા કાર્ય આગળ ધપાવી રહ્યા છે.

વડોદરામાં શબે કદ્રની રાત્રે મુસ્લિમોએ ઘરોમાં રહીને ઈબાદત કરી

વડોદરા, તા.૧૦

વડોદરા શહેરના સામાજિક કાર્યકર સાદિક કાજલવાલા, કાદરભાઈ દિવાન અને યા મસ્તાન બાવા દરગાહ કમિટીના ગાદીનશીન હાજી દસ્તગીર શેખ ભોલુબાપુએ જણાવ્યું હતું કે, લકોએ પોતાના ઘરોમાં શબે કદ્રની રાતની ઈબાદતો કરી હતી અને સમગ્ર દુનિયામાંથી કોરોના મહામારી વહેલી તકે ખત્મ થાય અને દેશમાં ફરી ખુશનુમાં વાતાવરણ પેદા થાય તેવી દુઆઓ ગુજારવામાં આવી હતી. અંતમાં તેઓએ લોકોને અપીલ કરી હતી કે લોકો ઈદની ઉજવણી સાદગીપૂર્વક પોતાના વિસ્તારમાં સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ કરે.

અવસાન નોંધ

ભાવનગર ખાતે તા.૯/૫ને રવિવારે મહંમદબીન માકુદભાઈ રેહાન (ઉ.વ.૮૧) અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે.

અમરેલી

અમરેલી નિવાસી પ્રવીણભાઈ બાલાભાઈ ભાયાણી (ઉ.વ.૭૩)નું આજ રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૩/૫ને ગુરૂવારના રોજ રાખેલ છે.

રાજ્યમાં કોરોના વકરવા પાછળ ચૂંટણી જીતવાની અને ક્રિકેટ રમાડવાની લ્હાયમાં સુપર સ્પ્રેડર બનેલા ભાજપના નેતાઓ જવાબદાર

રાજ્ય સરકાર કોરોનાના કેસો અને મોતના આંક છૂપાવી સ્થિતિ કાબૂમાં હોવાનું દર્શાવવામાં વ્યસ્ત

કોરોના વકરવા પાછળ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ, ચૂંટણી અને ક્રિકેટ મેચને જવાબદાર ગણાવતા ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં ફેલાઈ રહેલી કોરોનાની ભયંકર મહામારી માટે જો કોઈ જવાબદાર અને કોરોના ફેલાવવા માટે સુપર સ્પ્રેડર હોય તો તે મુખ્યમંત્રી, ભાજપના પ્રદેશ પ્રમુખ, ભાજપના મંત્રીઓ, ભાજપના ધારાસભ્યો, ભાજપના નેતાઓ અને કાર્યકરો છે. ચૂંટણી જીતવાની અને ક્રિકેટ રમાડવાની લ્હાયમાં ભાજપના નેતાઓએ પોતાના રાજકીય ફાયદા માટે લોકોનાં મોત સાથે રમત રમી ચૂંટણીઓ યોજી તેમજ મેચો રમાડી હતી. તેનું પરિણામ આજે સમગ્ર રાજ્યની પ્રજા ભોગવી રહી છે.

રાજ્યમાં વધતા જતા કોરોનાના કેસો અને નિર્દોષ લોકોનાં મોતથી વ્યાકુળ બની ગયેલા દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે દુઃખી હૃદયે જણાવ્યું છે કે, ગુજરાતમાં જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર કરવામાં આવી ત્યારે મેં હાઈકોર્ટમાં પીઆઈએલ કરી તેમજ ઈલેક્શન કમિશનને પત્ર પાઠવી આ ચૂંટણી મોકૂફ રાખવા વિનંતી કરી હતી. મેં જણાવ્યું હતું કે, ચૂંટણીના ફોર્મ ભરવાથી લઈને પરિણામ સુધી હજારો લોકો આ પ્રક્રિયામાં સામેલ થનાર હોવાથી કોરોના વકરી શકે છે. આથી, ઈલેક્શન કમિશને ચૂંટણી માત્ર ત્રણ મહિના મોકૂફ રાખી હતી. પરંતુ મારી માગણી મુજબ તે વખતે ચૂંટણી મોકૂફ રાખી હોત અને પરિસ્થિતિ સામાન્ય થયા બાદ યોજી હોત તો આજે રાજ્યની હાલત કંઈક જુદી જ હોત, પરંતુ સરકારની કઠપુતળી એવી ઈલેક્શન કમિશને મારી વાત માની નહીં, જેના પરિણામે ગુજરાતે આટલી ભયાનક પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ બાદ કોરોનાની મહામારી એ એકદમ માથું ઉચક્યા બાદ દેશભરમાં ફેલાવા લાગ્યો, પરંતુ આ મહામારીને પણ ભાજપ અને એની વિચારધારામાં માનનારા સંકુચિત માનસ ધરાવતા લોકો દ્વારા મુસ્લિમ સમાજના માથે નાખવાનો નિર્લજ્જ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ખૂબ જ દુઃખી સ્વરે કહ્યું કે, WHOએ પણ જણાવ્યું હતું કે, કોરોનાની બીજી લહેર આવી શકે છે અને તેની તૈયારી કરવી જોઈએ, તે ચેતવણીને પણ રાજ્ય સરકારે ગણકારી ન હતી. આટલું ઓછું હોય તેમ અમદાવાદના મોટેરા સ્ટેડિયમ કે જેને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું છે, ત્યાં ૬૫૦૦૦ લોકોને એકઠા કરી ક્રિકેટ મેચ રમાડવામાં આવી, જેમાં રાજ્યના ગૃહમંત્રીએ પણ ઉપસ્થિત રહી તાલીઓ પાડી હતી. જાણે કે, આ લોકો કોરાનાને ફેલાવવા માટે આમંત્રણ આપી રહ્યા હતા. એ વખતે પણ મેં વિરોધ કર્યો, પત્રકાર પરિષદ યોજી, હાઈકોર્ટને પત્ર લખ્યો એટલે રાજ્ય સરકારે મેચ તો રદ્દ ન જ કરી, પરંતુ પ્રેક્ષકો વિના મેચ રમાડવાનો નિર્ણય લીધો હતો.

ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ખેદ સાથે વધુમાં જણાવ્યું છે કે, અમે શાસનમાં નથી, પરંતુ વિરોધ પક્ષમાં છીએ, આથી અમારી વાત સરકારના કાને પહોંચાડવા રજૂઆત કરી શકીએ, આંદોલન કરી શકીએ, આવેદનપત્ર આપીએ, ધરણા કરી શકીએ. આથી સરકારે અમારી વાતોનું રાજકીય મૂલ્યાંકન ના કરવું જોઈએ. એક ધારાસભ્ય જ્યારે કોઈ વાત મૂકતો હોય, ત્યારે જવાબદારીપૂર્વક કહેતો હોય છે. પરંતુ જ્યારે અમને એમ લાગે છે કે, સરકાર અમારી વાત માનતી નથી ત્યારે નાછૂટકે અમારે હાઈકોર્ટનો આશરો લેવો પડે છે.

ખાનગી હોસ્પિટલમાં ૫૦ ટકા બેડ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે અનામત રાખવાના મુદ્દે જો સરકાર યોગ્ય નિર્ણય નહીં લેતો અમે સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારી રાખી છે.

એસવીપી હોસ્પિટલમાં બેડ ખાલી હોવા છતાં VVIP દર્દીઓ માટે રાખી મૂક્યા છે, જ્યાં ગરીબ દર્દીઓને સારવાર અપાતી નથી. ૧૦૮ના કંટ્રોલરૂમમાં કોર્પોરેશને કબજો જમાવી લીધો છે, જ્યાંથી ગંભીર ન હોય તેવા દર્દીઓને એસવીપી, એલજી કે શારદાબેન હોસ્પિટલમાં મોકલવા સૂચના આપવામાં આવે છે, જ્યારે ગંભીર દર્દીને સિવિલ હોસ્પિટલ તગેડવામાં આવે છે. આથી સિવિલના ડોક્ટરો પર ખૂબ જ ભારણ વધી જતાં તેઓ ગજા બહારનું કામ કરી રહ્યા છે. રાત-દિવસ જોયા વિના તેઓ દર્દીઓની સારવાર કરી રહ્યા છે, જે ખરેખર બિરદાવવા લાયક છે. હાલ માત્ર અમદાવાદ જ નહીં સમગ્ર રાજ્યમાં પરિસ્થિતિ ખરાબ છે. ખાસ કરીને ગામડાઓની સ્થિતિ તો બદથી બદતર થઈ રહી છે. આવા સમયે ધન્વંતરી કે અન્ય કોવિડ સેન્ટર ચાલુ કરી શકાતા હોય તો પછી ૧૫૦૦ બેડની વી.એસ. હોસ્પિટલને ચાલુ કરતા શું ચૂંક આવે છે ? તેવો વેધક પ્રશ્ન ધારાસભ્ય શેખે ઉઠાવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ખાસ અધિકારી તરીકે નિમણૂક પામેલા ડૉ. રાજીવ ગુપ્તા સામે ગંભીર આક્ષેપો કરતા ધારાસભ્ય શેખે જણાવ્યું છે કે, સરકારે કેસો અને મોતના આંકડા ઓછા બતાવવા અને આંકડાની માયાજાળ રચવા જ આ અધિકારીની નિમણૂક કરી છે. જેઓ આંકડાની માયાજાળ રચી એવું પ્રસ્થાપિત કરવા પ્રયત્નો કરતા રહે છે કે, પરિસ્થિતિ કંટ્રોલમાં છે. પરંતુ હાલ પરિસ્થિતિ છુપાવવાની નહીં, પરંતુ લોકોને સારી સારવાર મળે, વહેલા સાજા થાય અને ઓછામાં ઓછા મોત થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

પાડોશી રાજ્યોમાં કોરોનાના વધતા કેસોને લઈ લોકડાઉન લાગુ કરાયું છે ત્યારે

ગુજરાતના પાડોશી રાજ્યોમાં લોકડાઉનને લઈ રાજ્યની એસટી બસ બંધ કરવા નિર્ણય

લોકડાઉનના કારણે મુસાફરો ન મળતા તમામ રૂટ બંધ કરાયા; મહારાષ્ટ્ર-રાજસ્થાન-મધ્યપ્રદેશની પણ બસો આવતી નથી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં કોરોનાની સ્થિતિને લઈ સરકારની દોડધામ વધવા સાથે વિવિધ પ્રકારના નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. જો કે, રાજ્યમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી કોરોનાના કેસોમાં આંશિક ઘટાડો જોવા મળી રહ્યો હોવાથી રાહત અનુભવાઈ રહી છે. બીજી તરફ ગુજરાતના પાડોશી રાજ્યોમાં કોરોનાના વિસ્ફોટક કેસોને લઈ લોકડાઉન લાગુ કરવામાં આવેલ હોવાથી રાજ્ય સરકારે તકેદારી રૂપે વધુ એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. પાડોશી રાજ્યોમાં જતી રાજ્યની એસટી બસો બંધ કરવાનો આજે રૂપાણી સરકારે નિર્ણય લીધો છે. રાજ્યમાં કેસ ઘટી રહ્યા છે તો બીજી તરફ પાડોશી રાજ્યો મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કેસો વધતા લોકડાઉન લાગુ કરાયેલ છે. જેને કારણે આ રાજ્યોમાં જતી ગુજરાતની એસટી બસો બંધ કરવાનો નિર્ણય આજે સરકારે કર્યો છે. લોકડાઉનને કારણે એસટી સેવાને અસર પહોંચી છે. મુસાફરો પણ ન મળતા આ ત્રણ રાજ્યોમાં લોકડાઉન હોવાથી એસટીના રૂટ બંધ કરવામાં આવ્યા છે. લોકડાઉનના લીધે જ આ ત્રણેય રાજ્યોની એસટી બસો પણ ગુજરાતમાં આવતી નથી, જેથી બંધ કરાઈ છે. જેને પગલે હવે રાજ્ય સરકારે પણ આ રૂટ બંધ કર્યા છે. બીજી તરફ રાજ્યમાં કોરોનામાં હવે નવા કેસો ઘટી રહ્યા હોઈ તેમ જણાય છે. ગત રોજ ૧૧,૦૮૪ કેસ બહાર આવ્યા હતા અને ૧૨૧ના મૃત્યુ થયાનું નોંધાયું હતું જેને લઈ થોડીક રાહત થવા પામી છે.

રાજસ્થાનથી ગુજરાત તથા અન્ય પ્રદેશોમાંની અવરજવર સંપૂર્ણ બંધ કરી દેવામાં આવી છે જ્યાં રતનપુર બોર્ડર ઉપર દરેક ગાડીનું ચેકિંગ કરવામાં આવે છે અને આર.ટી.પીસી.આર રિપોર્ટની ચકાસણી કરવામાં આવે છે. રિપોર્ટ ના હોય તેવા વાહનોને પ્રવેશ આપવા આવતો નથી તથા મેડિકલ ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. રાજસ્થાનના બોર્ડર પછીના માર્ગો ઉપર પોલીસ દ્વારા બેરેકો મુકૂ અવરોધ ઉભો કરવામાં આવેલ છે. **(તસવીર : રફીક મનસુરી, ઈડર)**

મ્યુનિ. કમિશનરને પત્ર પાઠવી માંગ કરતા કાઉન્સિલર ઈકબાલ શેખ

મ્યુનિ. કાઉન્સિલરોની ગ્રાન્ટનો દુરૂઉપયોગ કે ભ્રષ્ટાચાર ન થાય તેવી તકેદારી રાખશો

કોરોનાની સારવાર માટે જરૂરી દવાઓ, ઈન્જેકશન, ઓક્સિજનનો પૂરતો સ્ટોક રાખવા સૂચન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોરોનાની સારવાર માટે મ્યુનિસિપલ કાઉન્સિલરોના બજેટમાંથી કાઉન્સિલર દીઠ રૂા.૫ લાખ લેખે ૧૯૨ કાઉન્સિલરોના રૂા.૯,૬૦,૦૦,૦૦૦નું ફંડ કોર્પોરેશનને સોંપવાના નિર્ણયને આવકારી ગોમતીપુરના મ્યુનિસિપલ કાઉન્સિલરે ચિંતા પણ વ્યક્ત કરી મ્યુનિસિપલ કમિશનરને પત્ર પાઠવી જણાવ્યું છે કે આ રકમનો યોગ્ય રીતે ઉપયોગ થાય અને ભ્રષ્ટાચારને અવકાશ ન રહે તેવી તકેદારી રાખવા વિનંતી છે સાથે સાથે તેમણે જરૂરી મહત્વના સૂચનો પણ કર્યા છે. મ્યુનિસિપલ કાઉન્સિલર ઈકબાલ શેખે જણાવ્યું છે કે ભૂતકાળમાં હોસ્પિટલના કર્મચારી દ્વારા જ કોવિડ ઈન્જેકશનોની ચોરી, કાળાબજાર, સિનિયર મેડિકલ ઓફિસરની વિરૂદ્ધમાં પણ કોવિડના બિલ મંજૂર કરવા લાંચ માંગ્યાની ફરિયાદ સહિત અનેક ગેરરીતિઓ બહાર આવી હતી. આથી ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે તકેદારી રાખવાની આવશ્યકતા છે. આ ઉપરાંત સૂચનો કરતા તેમણે જણાવ્યું હતું કે મ્યુકોર માઈકોસિસના દર્દીઓ માટે જરૂરી ઈન્જેકશન ફોર્ટેરીસીનનો પુરતો જથ્થો મ્યુનિસિપલ સંચાલિત હોસ્પિટલોમાં ઉપલબ્ધ રાખવા, કોવિડ માટે ઉપયોગમાં લેવાતી ઉચ્ચ ગુણવત્તા ધરાવતી ટેબલેટ ફેબીફ્લ્યુ ખુબ જ મોંઘી અને ખૂબ જ ઓછી મળતી હોવાથી આ દવા સરળતાથી પુરતી માત્રામાં તમામ હોસ્પિટલમાં મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા કોવિડ માટે ઉપયોગી રેમડેસિવિર, ટોસીલીઝુમેબ, અલઝુમેબ સહિતના ઈન્જેકશનોની અછત સર્જાતા ઘણા દર્દીઓના મૃત્યુ નીપજ્યા છે આથી આવા ઈન્જેકશનોના કાળાબજાર ન થાય અને પુરતી દેખરેખ હેઠળ ઈન્જેકશનનો પુરતો જથ્થો મ્યુનિ. સંચાલિત તમામ હોસ્પિટલોમાં ઉપલબ્ધ કરાવવા તેમણે માંગ કરી છે. આ ઉપરાંત આગામી ઓકટોબર માસમાં કોરોનાની સંભવિત ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી વિશ્વકક્ષાની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી ઓકસીજન ઉત્પાદન કરતી મોટી કંપનીઓ દ્વારા તમામ હોસ્પિટલોની જરૂરિયાતને ધ્યાને રાખી ૩થી ૪ કરોડમાં મોટા પ્લાન્ટ ઈન્સ્ટોલેશન કરવામાં આવે છે. જયારે કુલ ઓકસીજનના નાના પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવે તો અંદાજે ૨૦થી ૫૦ સિલિન્ડરનો ૪૦થી ૫૦ લાખમાં અદ્યતન ઓકસીજન પ્લાન્ટ માત્ર ૧૦ દિવસમાં જ તૈયાર થઈ શકે આથી આ અંગે પણ જરૂરી વિચાર કરવા તેમણે વિનંતી કરી છે.

વિરોધપક્ષના નેતા દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી માગ

કોરોના મહામારીને હેલ્થ ડીઝાસ્ટર જાહેર કરી અસરગ્રસ્ત દર્દી અને પરિવારોને સહાય ચૂકવો

પ્રજાને સહાય આપવી એ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ સરકારની સંવૈધાનિક ફરજ

અમદાવાદ, તા.૧૦

વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખીને કોરોના મહામારીને 'હેલ્થ ડીઝાસ્ટર' જાહેર કરીને મહામારીનો ભોગ બનેલ લોકો અને તેમના પરિવારોને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૩ અને ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ અંતર્ગત આર્થિક સહાય આપવા માગણી કરી છે. વિરોધપક્ષના નેતાએ મુખ્યમંત્રીને લખેલ પત્રમાં જણાવેલ છે કે, છેલ્લા દોઢ વર્ષથી ગુજરાત સહિત સમગ્ર દેશ અને દુનિયાને સદીની સૌથી મોટી કોરોના મહામારીએ ભરડો લીધો છે. કુદરતી આપત્તિઓમાં ભોગ બનેલ લોકોને સાત્વના, સારવાર અને આર્થિક સહાય ઉપલબ્ધ કરાવવી, જે બાબત ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટથી સરકાર ઉપર લાદવામાં આવેલ સંવૈધાનિક ફરજ છે.

આ એકટ અંતર્ગત અછત, પૂર, ભૂકંપ, વાવાઝોડા વિગેરે કુદરતી આપત્તિઓ સમયે કેશડોલ્સ, ઘરવખરી, મકાન, પશુપાલન અને ખેતી પાકોને થયેલ નુકસાનીનું વળતર ચૂકવવામાં આવે છે તેમજ અપંગતા અને મૃત્યુ અંગે સહાય ચૂકવવામાં આવે છે.

સામાન્ય માણસો પાસે આકરી દંડનીય કાર્યવાહીથી કરોડો રૂપિયાની ઊઘરાણી કરવામાં આવેલ છે, પરંતુ હાલ પર્યત આ કાયદા અન્વયે કોઈપણ અસરગ્રસ્ત દર્દીઓને સારવાર કે સહાય આપવામાં આવી નથી.

આ કાયદામાં સહાય ચૂકવવાની જોગવાઈ હોવા છતાં પણ રાજ્ય સરકાર પોતે જ ઘડેલા કાયદાનું ઉલ્લંઘન કરીને પ્રજાને મળવાપાત્ર સહાયથી વંચિત રાખે છે તે બિલકુલ વ્યાજબી નથી, ત્યારે સરકારે કોરોના મહામારીમાં મૃત્યુ પામેલ તમામ વ્યક્તિઓના પરિવારોને આર્થિક સહાય ચૂકવવી જોઈએ તથા તે અંગેના ધોરણો, માપદંડો નિર્ધારીત કરવાની કાયદાથી લાદેલી સંવૈધાનિક ફરજો પણ સરકારે અદા કરવી જોઈએ.

કોરોના વાયરસને ફેલાતો અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા ૨૪-૩-૨૦૨૦થી લોકડ ાઉન કરવામાં આવેલ, જે તા. ૩૧-૫-૨૦૨૦ સુધી અમલમાં હતું અને હાલમાં લોકડાઉન નથી, પરંતુ લોકો ભયના ઓથાર હેઠળ સ્વૈચ્છિક લોકડાઉન પાળી રહ્યા છે ત્યારે લગભગ તમામ પ્રકારના ધંધા-રોજગાર બંધ છે અને ફરી ક્યારે પૂર્વવત થશે તે નક્કી નથી તેવા સંજોગોમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે રોજીરોટીની સમસ્યા ઊભી થઈ છે અને જીવન જીવવું મુશ્કેલ થઈ ગયેલ છે. આથી વિપરીત સંજોગોમાં સરકારે

(૧) કોરોના સંક્રમણના કારણે પ્રાથમિક સારવાર મેળવતા કે મેળવેલ દર્દીઓને રૂા.૧૦,૦૦૦ (૨) કોવિડ કેર સેન્ટર-હોમ આઈસોલેશનમાં સારવાર લેતા દર્દીઓને રૂા.૨૫,૦૦૦ (૩) કોરોના સંક્રણના કારણે હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓને રૂા.૧,૦૦,૦૦૦ (૪) કોરોના સંક્રમણથી શંકાસ્પદ મૃત્યુ પામેલના પરિવારજનોને રૂા. ૨,૦૦,૦૦૦ (૫) કોરોના સંક્રમણની આડઅસરથી થયેલ મૃત્યુ પામનારના પરિવારજનોને રૂા. ૩,૦૦,૦૦૦ અને (૬) કોરોના સંક્રમણથી થયેલ મૃત્યુ પામનારના પરિવારજનોને રૂા. ૪,૦૦,૦૦૦ સત્વરે સહાય ચૂકવવી જોઈએ.

કોવિડ ટાસ્કફોર્સના તજજ્ઞ તબીબો-મંત્રીઓ-વરિષ્ઠ સચિવોની ઉચ્ચસ્તરીય બેઠક

કોરોનાનાં થર્ડ વેવની સંભાવનાને પગલે સમગ્ર રાજ્ય માટે એક્શન પ્લાન ઘડાશે

કોરોનાની પહેલી-બીજી લહેરના અનુભવોના આધાર પર મેડીકલ પ્રોટોકોલ-ટ્રીટમેન્ટ-ઓકસીજન-બેડ વ્યવસ્થા તથા ઈન્ફ્રાસ્ટ્રકચર વધુ સુદ્રઢ બનાવવા આગામી દિવસોમાં માઈક્રોપ્લાનીંગ કરાશે : મુખ્યમંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના કોવિડ-૧૯ની થર્ડ વેવ આગામી દિવસોમાં આવી શકે તેવી દુનિયાના મેડીકલ એક્સપર્ટસ દ્વારા કરેલી સંભાવનાઓને પગલે ગુજરાતમાં પણ તેનો સતર્કતા-સજ્જતાથી સામનો કરવાના આયોજન રૂપે ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કર્યુ હતું.

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીએ રાજ્ય સરકારની કોવિડ ટાસ્ક ફોર્સના તજજ્ઞ તબીબો તેમજ ચ્મ્ઈઝના વૈજ્ઞાનિકો અને મંત્રીઓ, વરિષ્ઠ સચિવો સાથે ભાવિ રણનીતિ ઘડવા અંગે ત્રણ કલાક વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરી હતી.

ભાવિ રણનીતિના આયોજનની વિશદ ચર્ચા-વિચારણા ત્રણ કલાકની લંબાણ બેઠકમાં હાથ ધરાઈ

મુખ્યમંત્રીએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, કોરોના સંક્રમણમાં આ બીજી લહેરમાં છેલ્લા એક સપ્તાહથી કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થયો છે અને અગાઉના ૧૪૦૦૦ કેસોથી ઘટીને ૧૧ હજાર જેટલી સંખ્યા થઇ ગઇ છે.

સરકાર, તબીબી જગત અને જનસહયોગના સહિયારા પ્રયાસોથી આપણે આ પરિણામ મેળવી શકયા છીએ તેમ તેમણે ઉમર્યું હતું.

''હવે, ત્રીજી લહેર જો સંભવતઃ આવી પડે તો ગુજરાતમાં આગોતરું આયોજન કરીને મેડીકલ પ્રોટોકોલ, ટ્રીટમેન્ટ, ઓકસીજન વ્યવસ્થા, હોસ્પિટલોમાં બેડ તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચરને વધુ સુદ્રઢ બનાવવા અંગે આપણે માઈક્રોપ્લાનીંગ સાથેનો એકશન પ્લાન ઘડવો પડશે'' એમ મુખ્યમંત્રીએ તજજ્ઞ તબીબો સાથેની ચર્ચામાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવારનો પહેલી લહેર અને બીજી લહેરનો જે અનુભવ, સારવાર પદ્ધતિ આપણી પાસે છે તના આધાર ઉપર ત્રીજી સંભવિત વેવમાં ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય, મૃત્યુદર પણ સાવ ઓછો રહે એ દિશામાં પ્રયત્નશીલ રહેવાની આવશ્યકતા છે.

તેમણે થર્ડ વેવથી બચવા-રક્ષણ મેળવવા રાજયમાં મોટાપાયે લોકોનું વેકસીનેશન થાય તે માટે તજજ્ઞ તબીબો પ્રચાર-પ્રસારમાં રાજય સરકાર સાથે જોડાય તેવી અપિલ પણ કરી હતી.

આ ટાસ્કફોર્સ કમિટિની ઉચ્ચસ્તરીય બેઠકમાં મ્યુકોરમાયરોસીસના રોગચાળા અને તેની સારવાર અંગે પણ ચર્ચા હાથ ધરાઇ હતી.

રાજ્યના ૯ જેટલા વરિષ્ઠ નિષ્ણાંત તબીબોની ટાસ્ક ફોર્સના સભ્યો પૈકી અગ્રની કાર્ડિયોલોજિસ્ટ પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગરના ડાયરેક્ટર ડૉ. દિલીપ માવલંકર, ઈન્ફેક્સિયશ ડિસિઝ કન્સલ્ટન્ટ અને અમદાવાદના ઈન્ફેક્શન ડિવિઝનના ડાયરેક્ટર ડૉ. અતુલ પટેલ, જાણીતા પલ્મોનોલૉજીસ્ટ અને ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. તુષાર પટેલ, સ્પેશિયાલિસ્ટ ડૉ. મહર્ષિ દેસાઈએ બેઠકમાં સહભાગી થઈને કોવિડ પ્રોટોકોલ તથા લાઈન ઓફ ટ્રીટમેન્ટ વિશે પોતાના અનુભવો શેર કર્યા હતા અને સૂચનો પણ કર્યા હતા.

આ ટાસ્ક ફોર્સના તબીબો અગાઉ પણ રાજ્ય સરકારને કોવિડ પ્રોટોકોલ, ટ્રીટમેન્ટ પ્રોટોકોલ, મેડીસીન મેનેજમેન્ટ વિગેરે અંગે જરૂરીયાત મુજબ માર્ગદર્શન અને સેવાઓ આપતા રહ્યા છે બેઠકમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા અન્ય મંત્રીઓ અને વરિષ્ઠ સચિવો જોડાયા હતા.

કોરોનાની બીજી લહેર ખતમ થવા આવી હોવાની ડો. તેજસ પટેલના નામની ખોટી પોસ્ટ વાઈરલ

વ્હોટ્સએપ ગ્રૃપમાં પોતાના નામ અને ફોટો સાથે પોસ્ટ વાઈરલ થતા ડો. તેજસ પટેલે કર્યું ખંડન, કોઈએ મજાક કરવા માટે આવી પોસ્ટ મૂકી, આ પોસ્ટ તદ્દન ખોટી

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં કોરોનાની બીજી લહેર ટુંક સમયમાં પૂરી થશે અને ત્રીજી લહેર આવશે નહી તે મતલબની ગેરમાર્ગે દોરનારી સોશિયલ મિડીયા પોસ્ટ પોતાના નામે વાઈરલ થતા રાજ્યની કોવીડ ટોસ્ક ફોર્સના સભ્ય અને હાર્ટ સર્જન ડો. તેજસ પટેલે આ પોસ્ટ તથ્યહિન હોવાનું જણાવ્યું હતું.

પદ્મ શ્રી ડો. તેજસ પટેલ રાજયની કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય છે અને તેઓ કોવીડની મહામારીને લઇને રચવામાં આવેલી તબીબોની ટોસ્ક ફોર્સના સભ્યો છે. તેઓ કોરોનાના મામલે સરકારને સલાહ સૂચન આપતા હોય છે અને તાજેતરમાં તેઓએ રેમડીસીવીર ઈન્જેક્શનના મામલે નિવેદન જારી કરીને તે કોરોનાની સારવાર માટે અક્સીર નહી પરંતુ માત્ર હોસ્પિટલાઇઝેશનના દિવસો ઘટાડે છે તેવું નિવદેન આપ્યું હતું. દરમિયાન સોમવારે ડો. તેજસ પટેલે પોતાની ફેસબૂક એકાઉન્ટ ઉપર એક પોસ્ટ મૂકીને જનતાને નિવેદન કર્યુ હતું કે ''છેલ્લા થોડા દિવસથી મારા નામે એક પોસ્ટ



બહુ જ વાઈરલ થઈ છે કે કોરોનાની બીજી લહેર તરત પતી જવાની છે અને ત્રીજી લહેર આવવાની નથી. આ તદ્દન ખોટી પોસ્ટ છે અને મેં કોઇ આવું નિવેદન કર્યુ નથી. કોઇએ મજાક કરી હોય એવું લાગે છે. આ પોસ્ટને હું સદંતર રદીયો આપું છું અને ખાસ એવી વિનંતી કરું છું કે આ પ્રકારની કોઇપણ પોસ્ટ આવી રીતે પ્રજાજનોની મઝાક થાય તે ફોર્મમાં મુકવી નહી.''

જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ રાજયના વરિષ્ઠ હૃદય રોગ નિષ્ણાતના નામે આવી પોસ્ટ કરવા બદલ પોલીસ પણ હરકતમાં આવી શકે છે અને ડો. પટેલ આ બાબતે પોલીસ ફરિયાદ પણ નોંધાવી શકે છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાની બીજી લહેર શરૂ થઇ ત્યારથી રેમડીસીવીર ઈન્જેકશન, હોસ્પિટલોમાં બેડની સંખ્યા, ઓકસીજનના સપ્લાયરો, દવાનો સપ્લાયરો અને ફુડ પેકેટ્સની પ્રાપ્તિ અંગે અનેક પોસ્ટ સોશિયલ મિડીયામા જોવા મળે છે અને તેમાંથી મોટાભાગની ફેક હોવાથી જરૂરિયાતમંદ લોકો હેરાન પહેશાન થઇ જાય છે. ડો. તેજસ પટેલના નામ અને ફોટો સાથેની આ પોસ્ટ અનેક વોટ્સએપ ગ્રુપ્સમાં ફરતી થઇ જતા પ્રજાજનો ખોટી રીતે નિશ્ચીંત થઇ જાય અને કોરોનીના મહામારીની સામે રાજય સરકારની લડાઇમાં મોટો ધક્કો પહોંચે તેવી હરકતો કોઇ ટીખળખોર વ્યક્તિ દ્વારા કરવામાં આવતા સરકારે પણ આ પોસ્ટને ગંભીરતાથી લીધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

શહેરના પોશ વિસ્તાર સેટેલાઈટમાં

રિક્ષામાં સંતાડીને રાખેલા દારૂની બાઈક પર ખેપ મારતો બુટલેગર ઝડપાયો

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ દારૂનો ધંધો કરતા લોકો કોઈપણ આઈડિયા વાપરી ગુજરાતમાં દારૂને ઘુસાડી દારૂનું વેચાણ કરતા હોય છે. જો કે, દારૂ ગુજરાતમાં આવ્યા બાદ પણ બુટલેગર દ્વારા અલગ અલગ રીતે દારૂ વેચવામાં આવતો હોય છે. ત્યારે વધુ એક બુટલેગરનો એક આઈડિયા સામે આવ્યો છે. જેમાં દારૂની હેરાફેરી માટે તેને એક નવો આઈડિયા સામે આવ્યો છે. એક યુવકે દારૂ છુપાડવા માટે રિક્ષામાં ગુપ્ત ખાનું બનાવ્યું હતું અને ત્યાંથી તે બાઈક પર દારૂની હેરાફેરી કરતો હતો. મળતી માહિતી પ્રમાણે પીસીબીને માહિતી મળી હતી કે, એક યુવક સેટેલાઈટ વિસ્તારમાંથી દારૂની હેરાફેરી કરે છે. જેથી તે માહિતીના આધારે તેમણે કાર્યવાહી શરૂ કરી હતી. ઘટના એવી સામે આવી કે, આરોપી અંકિત પરમાર બોપલ વિસ્તારમાં રહે છે અને દારૂનો વેપાર કરે છે. આરોપીની મોડસઓપરેન્ડી સામે આવી કે તે, એક રીક્ષામાં ગુપ્ત ખાનું બનાવીને તેમાં દારૂને સંતાડી ને રાખતો હતો. જોકે તે રીક્ષામાં દારૂની હેરાફેરી કરતો ન હતો. આરોપી રિક્ષામાં દારૂને રાખી મુકતો હતો અને એ પણ રીક્ષા સેટેલાઈટ વિસ્તારમાં બિનવારસી મૂકી રાખતો હતો અને જે ગ્રાહક દારૂ મંગાવે તો રીક્ષામાંથી દારૂ કાઢીને બાઈક પર દારૂ આપી આવતો હતો. જેથી કોઈને શંકા ના જાય. આરોપી સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો દાખલ કરેલ છે. ઝડપાયેલ આરોપી સાથે અન્ય કોઈ સામેલ છે કે કેમ, તેની પણ તપાસ શરૂ કરવામાં આવી રહી છે.

કોરોના વાયરસ : દિલ્હીમાં વધુ ૧૨,૬૫૧ કેસો નોંધાયા, પોઝિટિવિટી રેટ ૨૦ ટકાથી નીચે ગયો પરંતુ ટેસ્ટ પણ ઓછા થયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દિલ્હીમાં સોમવારે કોવિડ-૧૯ના કારણે વધુ ૩૧૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જ્યારે કોરોના વાયરસના ૧૨,૬૫૧ નવા કેસો નોંધાયા હતા. જો કે, સોમવારે પોઝિટિવિટી રેટ ૧૯.૧૦ટકા રહ્યો હતો. જે ૧૬ એપ્રિલથી સૌથી નીચો રેટ છે. ૧૭ એપ્રિલથી સતત દિલ્હીમાં પોઝિટિવિટી રેટ ૨૦ ટકાની ઉપર રહ્યો છે. પરંતુ નવા કેસોની ઓછી સંખ્યા પાછળનું મૂળભૂત કારણ કોરોનાના ટેસ્ટિંગમાં કરવામાં આવેલો ઘટાડો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૬૬,૨૩૪ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જ્યારે ગયા બુધવારે ૭૯,૪૯૧, ગુરૂવારે ૭૮,૭૮૦, શુક્રવારે ૭૯,૫૯૩, શનિવારે ૭૪,૩૮૪ અને રવિવારે ૬૧,૫૫૨ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કોરોનાનો ભોગ બનેલા ૧૨,૩૧,૨૯૭ લોકો સાજા થઈ ચૂક્યા છે. બીજી તરફ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રવિવારે ફરી લોકડાઉનને ૧૭ મે સુધી લંબાવી દીધો હતો.

એક વર્ષ બાદ સમગ્ર હકીકત સામે આવતા નોંધાઈ ફરિયાદ

નિકોલમાં ટ્યુશન શિક્ષિકાના પતિએ વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચર્યું

અમદાવાદ,તા.૧૦

અમદાવાદઃ શહેરના નિકોલ વિસ્તારમાં નવમા ધોરણમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિની પર બળાત્કાર ગુજારાયો હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વિદ્યાર્થિની એક વર્ષ પહેલાં ટ્યૂશન ક્લાસીસમાં ગઈ હતી ત્યારે ટ્યૂશન ક્લાસીસ ચલાવતી મહિલાના પતિએ તેને પીખી નાખી હતી. વિદ્યાર્થિનીએ આ ઘટનાની જાણ કોઇને કરી નહી પરંતુ એક વર્ષ બાદ મહિલાના પતિની હેવાનિયતની હકીકત વિદ્યાર્થિનીના પરિવારજનોને ખબર પડી તો તેમણે ફરિયાદ કરી હતી. જેથી પોલીસે આરોપીની ધરપકડ કરી છે. એક વર્ષ પહેલાં નિકોલ વિસ્તારમાં રહેતી એક મહિલા ઘરે ટ્યૂશન ક્લાસીસ ચલાવતી હતી. રવિવારના દિવસે ટ્યૂશન ક્લાસીસમાં પરીક્ષા હોવાના કારણે તમામ વિદ્યાર્થીઓ આવ્યા હતા. ટ્યૂશન ક્લાસીસમાં પરીક્ષા પૂરી થતાં મહિલાના પતિએ તમામને ઘરે જવાનું કહ્યું હતું. પરંતુ ધોરણ નવમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીને બેસી રહેવાનું કહેતા વિદ્યાર્થિની ગભરાઇને બેસી રહી હતી. જ્યાં મહિલાના પતિએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. વિદ્યાર્થિનીએ આ ઘટના ઘરે કોઇને કહી નહી. તેના પરિવારજનોને આ અંગે ખબર પડતાં વિદ્યાર્થિનીને પૂછ્યું હતું. જ્યાં તેણે સમગ્ર હકીકત કહી દીધી હતી. નિકોલ પોલીસે આ મામલે ટ્યૂશન ટીચરના પતિ વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ રેપનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે અને આરોપીની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આધેડ આરોપી જગદીશ ઘેલાણી નિકોલમાં જ રહે છે. તેની પત્ની ટ્યુશન કલાસ ચલાવે છે. આરોપી આમ તો નાસ્તાની લારી ચલાવે છે. પણ રવિવાર હોવાથી તે ઘરે હતો અને તે દિવસે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી રહી હતી. પરીક્ષા બાદ એકલતાનો લાભ લઈ આરોપી જગદીશે આ સગીરા પર બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારે આરોપીએ એક વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચર્યું કે અન્ય કોઈ વિદ્યાર્થીનીઓ સાથે પણ આ હરકત કરી ચૂક્યો છે તે બાબતે પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

ઈઝરાયેલે લશ્કરી કવાયત શરૂ કરતા લેબેનોનનું હિઝબુલ્લાહ એલર્ટ થયું

(એજન્સી) લેબેનોન,તા.૧૦

લેબેનોનના હિઝબુલ્લાહે શનિવારે દક્ષિણ લેબેનોનમાં જુલાઈ ૨૦૦૬માં તેના પર ઈઝરાયેલના યુદ્ધ પછી પ્રથમ વખત આ ક્ષેત્રમાં પોતાના સૈનિકોને બોલાવી લીધા છે અને તેની તૈયારીના સ્તરને ૧૦૦ ટકા સુધી વધારી દીધું છે. સ્થાનિક મીડિયાનો અહેવાલ લેબેનોનની અલ-નાશરા સમાચાર એજન્સીએ ખાનગી સ્ત્રોતાને ટાંકતા કહ્યું હતું, હિઝબુલ્લાહે દક્ષિણ લેબેનોનમાં અને કયુનેટ્રાના તમામ ક્ષેત્રોમાં તૈયારીઓ, લશ્કરી વર્ગીકરણ અને સાવધાનીનો સ્તર વધારી દીધો છે અને

તેના કેટલાક સૈનિકોને બોલાવ્યા છે. સ્ત્રોતોએ કહ્યું હતું કે ઈઝરાયેલી સૈન્યે હિઝબુલ્લાહ અને હમાસ વિરૂદ્ધ વિવિધ મોરચા પર યુદ્ધ જેવી પરિસ્થિતિ ઉભી કરવા માટે મોટા પાયે કવાયત શરૂ કરવાની તૈયારી કરી છે.

ઈરાકના કરબલામાં કાર્યકરની હત્યા પછી વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા

(એજન્સી) કરબલા, તા.૧૦

ઈરાકના દક્ષિણી શહેર કરબલામાં અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા એક ઈરાકી કાર્યકરની હત્યા પછી રવિવારે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા, એમ એનાદોલુનો અહેવાલ. ઈરાકના સંરક્ષણ મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયા અનુસાર ઈહાદ જવાદ અલ-વઝનીની આ શિયા બહુમતી ધરાવતા શહેરમાં વહેલી સવારે તેના ઘરની નજીક હત્યા કરી નાખવામાં આવી હતી. હત્યા માટે કોઈ જૂથે જવાબદારી લીધી નથી. પ્રત્યક્ષદર્શીઓએ એનાદોલુને જણાવ્યું હતું કે, હત્યાની નિંદા કરતા સેંકડો સ્થાનિક રહીશો કરબલાની શેરીઓમાં સામૂહિક દેખાવો કરવા માટે ઉતરી આવ્યા હતા. પ્રદર્શનકારીઓએ શહેરના અનેક મુખ્ય રસ્તાઓ જામ કરી દીધા હતા અને સુરક્ષા દળોને અલ-વઝનીના હત્યારાઓને સામે લાવવાની માંગ કરી હતી અને ધમકી આપી હતી કે, જો અપરાધીઓને જાહેર કરવામાં નહીં આવે તો વિરોધ પ્રદર્શનો

તીવ્ર બનશે. અલ-વઝનીની હત્યાને ઈરાકવાસીઓ દ્વારા રાજકીય પક્ષો સાથે સંકળાયેલ આતંકી ટોળકીઓના સંદેશ તરીકે જોવામાં આવ્યું છે કે, તેઓ છેતરપિંડી, ભ્રષ્ટાચાર અને ગેરવહીવટના તેમના લક્ષ્યોમાંથી પાછા નહીં પડે. ઈરાકમાં ૨૦૧૯થી કમજોર આર્થિક સ્થિતિ અને નાણાકીય, રાજકીય ભ્રષ્ટાચારના લીધે અનેક વિરોધ નોંધવામાં આવ્યા હતા. સરકારી આંકડા અનુસાર વિરોધ પ્રદર્શનોમાં અત્યાર સુધી ૫૬૫ દેખાવકારો અને સુરક્ષાકર્મીઓ માર્યા ગયા હતા. જેમાંથી ડઝનો કાર્યકર્તાઓની અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા હત્યા કરી દેવાઈ હતી.

સઉદીએ ક્ષેત્રમાં તંગદિલી ઘટાડવા ઈરાન સાથે વાતચીત કરી

(એજન્સી) રોઈટર, તા.૧૦

સઉદીના વિદેશ મંત્રાલયના અધિકારીએ જણાવ્યું હતું કે, અમે આ ક્ષેત્રમાં તંગદિલી ઘટાડવા ઈરાન સાથે વાતચીત કરી રહ્યા છીએ.

અરેબીક ન્યૂઝના સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, સઉદી અરબના વિદેશ મંત્રાલયના નીતિ આયોજકના વડા રએદ કરીમ્લીએ પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે, જો કે અમે કોઈ અંતિમ નિર્ણય ઉપર પહોંચ્યા છીએ એ કહેવું ખૂબ જ વહેલું ગણાશે, પણ અમે આ વાતચીત દ્વારા સફળતાની આશા રાખીએ છીએ. આ પહેલાં સમાચારો મળ્યા હતા કે, સઉદી અને ઈરાનના વરિષ્ઠ

અધિકારીઓએ બગદાદમાં ૯મી એપ્રિલે સીધી વાતચીત કરી હતી. બંને દેશોના અધિકારીઓએ યમનમાં હૌથી દળો અને અન્ય મુદ્દાઓ બાબત ચર્ચા કરી હતી.

સઉદીના પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને એક ટીવી ઈન્ટરવ્યૂમાં ઈરાનની પ્રશંસા કરી હતી અને એમને એક સારા પાડોશી તરીકે ગણતા હોવાનું જણાવ્યું હતું અને એમની સાથે ખૂબ જ સારા સંબંધો સાચવવાની આશા વ્યક્ત કરી હતી.

દરમિયાનમાં ઈરાનના વિદેશ મંત્રાલયે સઉદીના ઈરાન સામે આવેલ વલણમાં પરિવર્તનને સકારાત્મક અભિગમ તરીકે દર્શાવ્યું હતું અને કહ્યું હતું કે, અમે આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે સઉદી અરબ સાથે સહયોગનો નવો અધ્યાય શરૂ કરવા માટે તૈયાર છીએ.

અમેરિકન સેનાને એલર્ટ કરવામાં આવી

ઈરાકમાં યુએસ સેનાના બેઝ પર ડ્રોનથી હુમલો, મામૂલી નુકસાન

હુમલામાં બેઝનું હેંગર પ્રભાવિત, કોઈપણ જાનહાનિ નહીં

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૦

ઈરાકમાં તૈનાત અમેરિકન સેનાના બેઝ પર ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યા બાદ અમેરિકન સેનાને એલર્ટ કરવામાં આવી છે. જોકે બેઝ પર મામલૂ નુકસાન થયુ છે અને સૈનિકો પણ સલામત છે.અમેરિકન સેનાના પ્રવક્તાએ કહ્યુ હતુ કે, શનિવારે સવારે થયેલા હુમલામાં બેઝનુ એક હેન્ગર પ્રભાવિત થયુ છે અને આ હુમલાની તપાસ ચાલી રહી છે.જોકે સૈનિકોમાંથી કોઈ ઘાયલ થયુ નથી અને કોઈનો જીવ પણ ગયો નથી. આ હુમલાની જવાબદારી હજી સુધી કોઈએ લીધી નથી.આ પહેલા આ પ્રકારના હુમલા થયા છે અને તેના માટે ઈરાનનુ પીઠબળ ધરાવતા આતંકી સંગઠનોને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.અમેરિકન સેનાનુ કહેવુ છે કે, બગદાર અને ઈરાકમાં આવેલા બીજા બેઝ પર રોકેટો થકી ઈરાન સમર્થિત સંગઠનો જ હુમલો કરતા હોય છે. સૈન્ય

બેઝ પર ડ્રોન થકી હુમલા કરવાની ઘટના જોકે અસાધારણ છે .આ પહેલા ગયા મહિને ઉત્તર ઈરાકમાં પણ એક એરપોર્ટને ડ્રોન વડે ટાર્ગેટ કરાયુ હતુ.જોકે તેમાં પણ કોઈ જાનહાનિ થઈ નહોતી.આ એરપોર્ટ પર પણ અમેરિકન સૈનિકો તૈનાત હોય છે. ગયા વર્ષે ઈરાનના જનરલ સુલેમાનીની અમેરિકાએ ડ્રોન એટેકમાં કરેલી હત્યા બાદ અમેરિકન મિલિટરી બેઝ પરના હુમલા વધી ગયા છે.

ગાઝાપટ્ટીથી ગેરકાયદેસર અધિકૃત પેલેસ્ટીન તરફ અનેક રોકેટ ફાયર, ઈઝરાયેલી શહેરોમાં સાયરન વાગી, આયરન ડોમ સક્રિય

(એજન્સી) તા.૧૦

જાયોની સૂત્રોએ ગાઝાપટ્ટી તરફથી જાયોની કોલોનીઓ તરફ કરવામાં આવેલ રોકેટ ફાયરની સૂચના આપી છે. જાયોની સૂત્રોએ ગાઝાપટ્ટી તરફથી અનેક રોકેટોના ફાયર કરવાની સૂચના આપતા જણાવ્યું છે કે, ત્યારબાદ આયરન ડોમ સક્રિય થઈ ગયા અને જાયોની શહેરોમાં સાયરન વાગવા લાગ્યા. આ દરમિયાન ગેરકાયદેસર અધિકૃત પેલેસ્ટીનમાં જાયોની સૂત્રોએ સ્વીકાર કર્યો છે કે, કેટલાક એવા બલૂન છોડવામાં આવ્યા, જે વિસ્ફોટનું કારણ બને છે અને તે ઈશ્કુલ અને બેરસ્બાની વચ્ચે ચાલતી ટ્રેનના કેટલાક કલાકો સુધી

રોકાવાનું કારણ બન્યા. જાયોની સૂત્રોએ જણાવ્યું છે કે, ગાઝાપટ્ટી તરફથી કુલ ૪૦ બલૂન છોડવામાં આવ્યા. જાયોની શાસને પણ આ ઘટનાની પ્રતિક્રિયામાં જણાવ્યું છે કે, રાતથી ગાઝાપટ્ટીના તટોને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યા છે. મિશ્રી વિદેશ મંત્રાલયના હવાલાથી જણાવ્યું છે કે, કાલે સાંજે જાયોની રાજદ્વારીને બદલવાની સૂચના આપી આ રિપોર્ટ મુજબ મિશ્રી વિદેશ મંત્રાલયે જાયોની રાજદ્વારીને ઈસ્લામી માન્યતાઓનું સન્માન ના કરવા અને અને પેલેસ્ટીન નાગરિકોના જીવની સુરક્ષા ના કરવા વિશે ચેતવણી આપી છે. આ દરમિયાન અલજીરિયાના વિદેશ મંત્રાલયે પણ એક નિવેદન જારી કરી રાષ્ટ્ર સંઘની સુરક્ષા પરિષદનું આહ્વાન કર્યું છે કે, તે પેલેસ્ટીન રાષ્ટ્ર અને તેમની માન્યતાઓની સુરક્ષા વિશે ગંભીર વિચાર કરે અને જરૂરી પ્રતિક્રિયા દર્શાવે.

અમીરાત NGOની કોવિડ-૧૯ સંબંધિત રાહત વસ્તુઓ દુબઈથી ભારત મફત પરિવહન કરશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

અમીરાતે રવિવારે જણાવ્યું હતું કે તે એનજીઓની દુબઈથી ભારતની ફ્લાઈટ્સમાં તેમની કોવિડ-૧૯ સંબંધિત રાહત સામગ્રી પરિવહન કરવા માટે કંઈપણ ચાર્જ લેશે નહીં. ભારતને કોરોના વાયરસની બીજી લહેરથી ઘાતક અસર પડી છે અને કેટલાક રાજ્યોની હોસ્પિટલોમાં આરોગ્ય કર્મચારીઓ, રસીઓ, ઓક્સિજન, દવાઓ અને પથારીની અછતની સ્થિતિ વર્તાય છે. આંતરરાષ્ટ્રીય એનજીઓને ઝડપથી

રાહત પુરવઠો પહોંચાડવામાં મદદ કરવા માટે એમીરાત, ભારતના નવ શહેરોમાં તેની તમામ ફ્લાઈટ્સમાં ઉપલબ્ધ હોય એ ધોરણે મફતમાં કાર્ગોની ઓફર કરે છે, એરલાઈન્સે એક નિવેદનમાં જણાવ્યું છે.

અમીરાતના અધ્યક્ષ અને મુખ્ય કાર્યકારી શેખ અહમદ બિન સઈદ અલ મકતુમે જણાવ્યું હતું કે અમીરાતને માનવતાવાદી રાહત સામગ્રી મોકલવાનો ઘણો અનુભવ છે. અમારી ભારતના નવ શહેરોમાં ૯૫ ફ્લાઈટ્સ અઠવાડિયામાં જાય છે. અમે રાહત સામગ્રી મોકલવા માટે નિયમિત અને વિશ્વસનીય સગવડ પ્રદાન કરીશું.

વિવાદ ઉકેલવા ભારત-પાકિસ્તાન વચ્ચે મંત્રણા જરૂરી : સઉદી અરેબિયા

પાક.ના વડાપ્રધાનની સઉદીના ક્રાઉન પ્રિન્સ સાથે ઉચ્ચસ્તરીય વાતચીત બાદ સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૦

કાશ્મીર સહિતના વિવાદાસ્પદ મુદ્દાને ઉકેલવા માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચર્ચા થવી જરૂરી છે, એમ સઉદી અરેબિયાએ જણાવ્યું હતું. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાનની સઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મુહમ્મદ બિન સલમાન સાથે ઉચ્ચ સ્તરીય મંત્રણા બાદ જારી પાકિસ્તાનના વિદેશ વિભાગ દ્વારા એક સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું હતું. ઈમરાનખાન તારીખ સાત મેથી નવ મે સુધી સઉદીની સત્તાવાર મુલાકાતે છે. બન્ને દેશોએ એ વાત પર ભાર મૂકયો હતો કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેની મડાગાંઠને ઉકેલવા વાટાઘાટો મહત્વપૂર્ણ છે. ખાસ કરીને જમ્મુ-કાશ્મીરના મુદ્દાના ઉકેલ માટે ચર્ચા અનિવાર્ય છે. જેથી ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સ્થાપી શકાય, એમ સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૨૫મી

ફેબ્રુઆરીના રોજ એક આશ્ચર્યજનક ઘટનાક્રમમાં ભારત અને પાકિસ્તાનની સેનાએ જમ્મુ-કાશ્મીરમાં એલઓસી અને અન્ય ક્ષેત્રોમાં સીઝફાયરની તમામ શરતોનું કડકાઈથી નિરીક્ષણ કરવાની જાહેરાત કરી હતી.

સઉદીના ક્રાઉન પ્રિન્સે ભારત અને પાકિસ્તાનની સેનાની આ સંમતિને આવકારી હતી. ભારતે પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, તે ત્રાસવાદ અને હિંસા મુક્ત વાતાવરણમાં પાડોશી સંબંધ ઈચ્છે છે. ઈમરાનખાનની સઉદી અરેબિયાની મુલાકાત દરમ્યાન બન્ને દેશોએ ક્ષેત્રિય અને આંતરરાષ્ટ્રીય સ્તરના તમામ મુદ્દાની સમીક્ષા કરી હતી અને સંબંધને યોગ્ય દિશામાં મજબૂત બનાવવા પર સંમતિ દર્શાવી હતી. સઉદી-પાકિસ્તાન સુપ્રીમ કો-ઓર્ડિનેશન કાઉન્સિલની સ્થાપના અંગેની સમજૂતી પર પણ હસ્તાક્ષર થયા હતા.

ઈરાનમાં એક દિવસમાં કોરોનાથી ૩૩૮ લોકોનાં મોત

(એજન્સી) તા.૧૦

ઈરાનમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાથી ૩૩૮ લોકોનાં મોત થયા છે. ઈસ્લામી ગણતંત્ર ઈરાનના આરોગ્ય મંત્રાલય મુજબ ઈરાનમાં કોરોનાથી મૃત્યુ પામનારાઓની કુલ સંખ્યા ૭૩ હજાર ૯૦૬ થઈ ગઈ છે. આરોગ્ય મંત્રાલય મુજબ પાછલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧૮ હજાર ૪૦૯ નવા કેસ સામે આવ્યા. આ રીતે ઈરાનમાં કોરોનાની ચપેટમાં આવનારાઓની કુલ સંખ્યા ૨૬ લાખ ૧૦ હજાર થઈ ગઈ છે. દેશમાં અત્યાર સુધી ૧૧ લાખ ૮૧ હજાર ૨૪૧ લોકોને કોરોના રસીનો પ્રથમ ડોઝ અને ૨ લાખ ૪૪ હજાર ૫૨૬ લોકોને

બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ઈરાનમાં કોરોનાથી અત્યારસુધી ૨૦ લાખ ૫૭ હજાર ૬૯૨ દર્દી સ્વસ્થ થઈ ચૂક્યા છે.

બ્રિટનના મુસ્લિમ એસોસિએશને UK સરકાર પાસેથી જેરૂસલેમ અંગે ઈઝરાયેલ સામે પગલા લેવા માગણી કરી

(એજન્સી) લંડન, તા.૧૦

બ્રિટેનના મુસ્લિમ એસોસિએશને આજે યુકે સરકારને વિનંતી કરી હતી કે તેઓ જેરૂસલેમમાં અને ખાસ કરી એની બાજુમાં આવેલ શેખ જર્રહમાં નિવાસ કરતા પેલેસ્ટીનીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા ઈઝરાયેલ ઉપર દબાણ કરે કારણ કે એમને બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવી રહ્યું છે. સંસ્થાએ આજે એક પ્રેસ નિવેદન બહાર પાડી જણાવ્યું કહ્યું હતું કે અમે ઈઝરાયેલી સેનાના જેરૂસલેમના મૂળ પલેસ્ટીનીઓ સામે અત્યાચારો અને હિંસાના લીધે ખુબ દુઃખી છીએ. વધુમાં જણાવ્યું છે કે છેલ્લા થોડા અઠવાડિયાઓથી ઈઝરાયેલી દળોએ પેલેસ્ટીનીઓને એમના ઘરોમાંથી હાંકી કાઢવાનો ભય બતાવી એમને મસ્જીદમાં જતા અટકાવતા, શાંતિપૂર્ણ પ્રદર્શનોને કચડવા અને ૧૬ વર્ષીય સગીરની હત્યા કરી માનવ અધિકારોનો ભંગ કરી રહ્યો છે. નિવેદનમાં વધુમાં જણાવ્યું છે કે આ અત્યાચારો કોઈ પણ ઉશ્કેરણી વિના કરવામાં આવી રહ્યા છે અને ઈઝરાયેલી દળો દ્વારા સ્ટેન ગ્રેનેડ, ટીયરગેસ અને રબરની ગોળીઓ છોડી અલ અક્સા મસ્જીદની પવિત્રતા પણ ભંગ કરવામાં આવી રહી છે. યુકેએ પેલેસ્ટીનીઓની સુરક્ષા માટે ઈઝરાયેલ ઉપર દબાણ લાવવું જ જોઈએ. ઈઝરાયેલ સામે પગલાં લેવાની જવાબદારી યુકે ઉપર છે કારણ કે બ્રિટન પેલેસ્ટીનીના કબ્જાને અટકાવવા માટે મહત્ત્વપૂર્ણ



ભૂમિકા ભજવી હતી. જો બ્રિટન હવે પોતાની ભૂમિકા બજાવવામાં નિષ્ફળ રહેશે તો એવું મનાવામાં આવશે કે યુકે પેલેસ્ટીનીઓના અધિકારોને માન્યતા નથી આપતું.

ઈરાકના રાષ્ટ્રપતિ બરહમ સાલેહે સઉદી-ઈરાન વચ્ચે મંત્રણાનું આયોજન કર્યા હોવાની પુષ્ટિ કરી

(એજન્સી) બગદાદ, તા.૧૦

ઈરાકના રાષ્ટ્રપતિ બરહમ સાલેહે તાજેતરના અહેવાલોની પુષ્ટિ કરી હતી કે તેમના દેશ ઈરાકે સઉદી અરેબિયા અને ઈરાન વચ્ચે એકથી વધુ રાઉન્ડની મંત્રણાનું આયોજન કર્યું હતું. સાલેહે બુધવારે બેરૂત ઈન્સ્ટિટ્યૂટ સાથેના એક જીવંત પ્રસારિત ઓનલાઈન ઈન્ટરવ્યુ દરમ્યાન આ ખુલાસો કર્યો હતો. જેમાં તેમણે ચાલુ મંત્રણાને મહત્ત્વપૂર્ણ અને

નોંધપાત્ર ગણાવી હતી. પરંતુ વધુ વિગતો આપી નહોતી. ગયા મહિને સઉદીના એક વરિષ્ઠ અધિકારીએ આ બંને પ્રાદેશિક દુશ્મનો વચ્ચે બગદાદ દ્વારા ગુપ્ત વાતચીત યોજાઈ હોવાનો ઈન્કાર કર્યો હતો. જો કે ઈરાનના વિદેશમંત્રાલયે એમ કહ્યું હતું કે તે અખાતી અરબ દેશો સાથેના સંબંધો સુધારવામાં મદદ કરવા માટે ઈરાકની મધ્યસ્થીનું સ્વાગત કરે છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
મંગળવાર ૧૧ મે ૨૦૨૧
૨૮ રમઝાન હિજરી ૧૪૪૨
ચૈત્ર વદ અમાસ સંવત ૨૦૭૭

નિષ્ફળ સરકારો અદાલતોની લપડાકને જ લાયક છે

ભારતમાં આરોગ્ય સેવાઓની વણસેલી હાલત પર સુપ્રીમ અને હાઈકોર્ટ ચિંતિત છે. હોસ્પિટલોમાં ઓક્સિજનની તંગીથી દર્દીઓનાં મોત થવાની ઘટનાઓએ ભયભીત કરી દીધા છે. આ અંધાધૂંધીની સ્થિતિને ધ્યાનમાં લઈને સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટોએ કેન્દ્ર અને રાજ્ય સરકારો સામે કડક વલણ અપનાવવાનું શરૂ કર્યું છે. સરકારની નબળી સંચાલન પ્રણાલી અને વ્યવસ્થાથી ખિજાઈને પટના હાઈકોર્ટે તો રાજ્ય સરકારને એમ પણ કહ્યું હતું કે જો તેનાથી સંચાલન બરાબર રીતે ન થઈ શકતું હોય તો તેને સૈન્યને સોંપી દે. સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટની સખતાઈની એટલી અસર તો જોવા મળી કે દિલ્હીને તેની માંગ પ્રમાણે ઓક્સિજન મળવાનું શરૂ થયું. અન્ય રાજ્યોમાં પણ ઓક્સિજન પૂરું પાડવા માટે કેન્દ્ર સરકારે પગલાં લેવાનું શરૂ કર્યું. પરંતુ રાજ્યોને તેમની માગણી મુજબ ઓક્સિજનનો પુરવઠો હજુ પણ નથી મળી રહ્યો. જે હજુ પણ એક મોટી સમસ્યા છે. દિલ્હી જેવી જ પરિસ્થિતિ કર્ણાટકની પણ છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું છે કે કર્ણાટકનો ઓક્સિજનનો ક્વોટા વધારીને બારસો (૧૨૦૦) મેટ્રિકટન કરે અને તેને પૂરો પાડે. હોસ્પિટલોને ઓક્સિજન પુરવઠો પૂરો પાડવા અંગે કોર્ટનું વલણ કડક છે. ઓક્સિજનની ફાળવણી વિશે કેન્દ્રીય સરકારની ક્વોટા સિસ્ટમ કેટલી ખામીયુક્ત છે, તે હવે પ્રકાશમાં આવી છે. આ એક વ્યંગાત્મક વાત છે કે રાજ્યો ઓક્સિજન મેળવવા માટે તરસી રહ્યા છે અને કેન્દ્ર સરકાર ફાળવણીની નીતિ, ઓક્સિજન ઓડિટ જેવા મુદ્દાઓને લઈને સ્વ-બચાવ કરવામાં પરોવાયેલી છે. દેશમાં આરોગ્ય સેવાઓનું મૂળભૂત માળખું કેટલું ખરાબ છે, તે જગજાહેર, દેશની વાત તો રહેવા દો. ખુદ પાટનગર દિલ્હીમાં જ્યાં દ્વિ-શાસન છે, સંસદ છે. કોર્ટ છે, વિદેશી દૂતાવાસના કાર્યાલયો છે તેમજ ધનિકો અને પ્રભાવશાળી લોકોનો મોટો વર્ગ વસે છે, ત્યાં પણ આરોગ્ય સેવાઓ બદતર હાલતમાં છે. દિલ્હી હાઈકોર્ટે તો ત્યાં સુધી કહી દીધું કે આરોગ્ય સેવાઓનું માળખું ધરાશાયી થઈ ગયું છે અને સરકાર શાહમૃગની જેમ વર્તે છે. જો હાઈકોર્ટને આવી કડક ટિપ્પણી કરવાની ફરજ પડી છે તો નિશ્ચિતપણે તેની પાછળ ઘણા કારણો છે. છેલ્લા ૧૫ દિવસોમાં અનેક જાણીતી હોસ્પિટલોમાં વાસ્તવિકતા છતી થઈ ગઈ હતી. જેમાં સમયસર ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં નહોતા આવ્યા. જેના વિશે કેન્દ્રએ પહેલાથી મંજૂરી આપી દેવાઈ હોવાનો દાવો કર્યો છે. શું આ વાતની ઝીણવટભરી તપાસ ન થવી જોઈએ કે હોસ્પિટલોમાં નિયત સમયમાં ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં કેમ નહોતા આવ્યા ? આના માટે જવાબદાર કોણ રહેશે ? પ્રશ્ન એ છે કે જ્યારે વિશેષજ્ઞો ઘણા સમય પહેલાથી જ કોરોનાની બીજી લહેર વિશે ચેતવણી આપી ચૂક્યા હતા. તો પછી કેમ સરકારો ઊંઘતી રહી ગઈ ? હવે ત્રીજી લહેરનું જોખમ પણ સામે આવી રહ્યું છે. નિષ્ણાંતોએ હમણાંથી જ આગાહી અને ચેતવણી આપી દીધી છે. ત્રીજી લહેર ચિંતાનો વિષય છે કારણ કે એવું જણાવવામાં આવી રહ્યું છે કે, આ લહેર બાળકો માટે ઘાતકી પુરવાર થશે. આવી સ્થિતિમાં સરકારોએ નક્કર વ્યવસ્થા કરવાની જરૂર છે. અત્યાર સુધીનો અનુભવ સૂચવે છે કે મહામારી સામે મુકાબલો કરવાની બાબતમાં કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે સંકલનનો તીવ્ર અભાવ રહ્યો હતો. ભલે પછી તે રસીકરણનો મુદ્દો હોય કે પછી રાજ્યોને જરૂરી સહાય આપવાનો અને ઓક્સિજનની ફાળવણીનો મુદ્દો હોય. રાજ્યો કેન્દ્ર સરકાર પર પક્ષપાત કરવાનો આરોપ લગાવતા આવ્યા છે. કદાચ આ કારણથી જ દિલ્હી હાઈકોર્ટે કેન્દ્રને પૂછ્યું પણ હતું કે એક રાજ્યને તેના ક્વોટા કરતાં વધુ ઓક્સિજન ફાળવવામાં આવ્યો અને દિલ્હીને ઓછો, એવું કેમ ? કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સમજવું જોઈએ કે આ સમય એકબીજા પર આક્ષેપો કરવાનો, અપમાન કરવાનો અથવા રાજકીય લાભ લેવાનો નથી. દેશના પ્રત્યેક નાગરિકનું જીવન ખૂબ કિંમતી છે, જેનું રક્ષણ ત્યારે જ થઈ શકે જ્યારે રાજકારણથી ઉપર ઊઠીને એકજૂટ થઈને કામ કરવામાં આવે.

કોરોનાની મહામારી : મુસ્લિમોને પર નિશાન

દૃષ્ટિકોણ
- રામ પુનિયાની

હાલમાં ભારત કોરોના રોગચાળાના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ચેપ ઝડપથી વધી રહ્યો છે અને મૃત્યુ પણ. દરેક વસ્તુની અછત છે - હોસ્પિટલોમાં પથારી, દવાઓ, ઓક્સિજન, પરીક્ષણ સુવિધાઓ અને રસીઓ. આ રોગથી પીડિત લોકો અને તેમના પરિવારો માટે આ એક મોટી દુર્ઘટના છે. દેશ જોઈ રહ્યો છે કે, યોજનામાં દીર્ઘદ્રષ્ટિના અભાવ અને સંસાધનોના ગેરવહીવટને કારણે કેટલા દુ:ખદ પરિણામો આવી શકે છે અને જ્યાં સરકારની નિંદા શરૂ થાય છે ત્યાં આખો દોષ 'સિસ્ટમ' (વ્યવસ્થા) પર મૂકવામાં આવે છે. દોષ શ્રી મોદીનો નથી, તેઓ સમસ્યાઓ માટે જવાબદાર નથી - આ આખો દોષ 'સિસ્ટમ' (વ્યવસ્થા)નો છે.

આપણા શાસકોમાં વૈજ્ઞાનિક વિચારસરણી અને સમજનો મોટો અભાવ છે. આ જ કારણ છે કે આપણા એક ટોચના નેતાએ દાવો કર્યો હતો કે આપણે ૨૧ દિવસમાં રોગચાળાને દૂર કરી શકીશું. કેટલાક નેતાઓએ ભક્તોને મોટી સંખ્યામાં કુંભમાં આવી અને પુણ્ય લૂંટવાની અપીલ કરી હતી. તો કેટલાક અન્ય લોકોએ તેમના ખિસ્સામાં માસ્ક મૂકીને મોટી- મોટી ચૂંટણી સભાઓને સંબોધી હતી.

આ સભાઓમાં પ્રેક્ષકો વચ્ચે બે ગજ અથવા બે ઈંચનું અંતર પણ નહોતું. ઓછામાં ઓછી બે હાઈકોર્ટોએ દેશમાં કોવિડના પ્રસાર માટે ચૂંટણી પંચને દોષી ઠેરવ્યું છે.

આ સાથે, આપણી સામે કોરોના યોદ્ધાઓની સખત મહેનત અને સમર્પણના ઉદાહરણો પણ છે. આ કટોકટીમાં હિન્દુઓ અને મુસ્લિમો એકબીજાને જે રીતે મદદ કરી રહ્યા છે તેના પરથી આપણા દેશના મૂળભૂત મૂલ્યો બહાર આવ્યા છે. જે મુસ્લિમોને આ રોગ ફેલાવવા માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા તે જ હવે આગળ વધી રહ્યા છે અને વ્યથિત લોકોને મદદ કરી રહ્યા છે અને તેમની પીડામાં ભાગીદાર બન્યા છે. આપણા શાસક ભલેને પોતાની પીઠ ગમે તેટલી કેમ ન થપથપાવી લે..... પરંતુ ઈતિહાસમાં તેમની ભૂલો નોંધાઈ ચુકી છે. આપણા દેશની ખરાબ સ્થિતિને આખી દુનિયા અવાચક થઈને જોઈ રહી છે.

આપણા દેશમાં ઓક્સિજન પણ નથી. હા, આપણે અરજો રૂપિયા આ ગગનચુંબી ઈમારત, સેન્ટ્રલ વિસ્ટા, બુલેટ ટ્રેન અને રામ મંદિર પાછળ ખર્ચ કરી રહ્યા છીએ. આપણા દેશના શાસકોએ કેરળ પાસેથી એક બોધપાઠ લેવો જોઈએ, જેણે નકામા પ્રોજેક્ટ્સમાં પૈસા ખર્ચવાને બદલે ઓક્સિજન પ્લાન્ટમાં રોકાણ કર્યું જેના પરિણામે આજે રાજ્યમાં ઓક્સિજનની અછત નથી. એટલું જ નહિ તે પાડોશી રાજ્યોને જીવનજરૂરી ગેસ પણ આપી રહ્યું છે.

માર્ચ ૨૦૨૦માં મરકઝ નિઝામુદ્દીનમાં યોજાયેલ તબ્લીગી જમાતના આંતરરાષ્ટ્રીય સંમેલનના બહાને મુસ્લિમોને ખરાબ ચીતરવામાં આવ્યા હતા. ભારતની સાંપ્રદાયિક શક્તિઓ મુસ્લિમો સામે નફરત પેદા કરવાની તકો શોધી રહી છે. તેમને સેંકડો વર્ષો પહેલાના મુસ્લિમ રાજાઓના કાર્યો માટે જવાબદાર માનવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય આતંકવાદી ગેંગ સાથેના તેમના સંબંધો જોડવામાં આવે છે. તેમને ઘણા બધા બાળકો ઉત્પન્ન કરીને દેશની વસ્તી વધારવા માટે દોષી ઠેરવવામાં આવે છે, તેઓને લવજેહાદ અને બીફ ખાવા માટે થઈને કઠેરામાં ઊભા કરવામાં આવે છે. તે સ્પષ્ટ છે કે આ વાતાવરણમાં, તબ્લીગી જમાતનું સંગઠન સાંપ્રદાયિક સંગઠનો અને પૂર્વગ્રહયુક્ત મીડિયા માટે સુવર્ણ તક હતી.

આ રોગના ફેલાવાના અન્ય તમામ કારણોને અવગણીને, ફક્ત તબ્લીગી જમાતની સંસ્થાને તેના માટે દોષી ઠેરવવામાં આવી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે મરકઝનું આયોજન જ એટલા માટે કરવામાં આવ્યું હતું કે જેથી ભારતમાં કોરોના ફેલાવી શકાય. 'નમસ્તે ટ્રમ્પ' અને કનિકા કપૂરની યાત્રા કોરોના સાથે જોડવામાં આવી ન હતી. તે આપણું દુર્ભાગ્ય છે કે મીડિયાનો મોટો ભાગ સરકારનું ભોંપું બની ગયો છે.

કેટલાક 'પ્રતિભાશાળી' પત્રકારોએ કોરોના જેહાદ અને કોરોના બોમ્બ જેવા શબ્દોનો ઉલ્લેખ કર્યો. ટૂંક સમયમાં જિહાદના અન્ય ઘણા પ્રકારો પણ સામે આવ્યા. એવું લાગી રહ્યું હતું કે જેહાદ કરવા સિવાય આ દેશના મુસ્લિમો પાસે બીજું કોઈ કામ જ નથી. સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ સોસાયટી એન્ડ સેક્યુલરિજમે મુસ્લિમોને બલીનો બકરો બનાવવા માટે એક અહેવાલ બહાર પાડ્યો હતો. તેનું શીર્ષક હતું 'ધ કોવિડ પેન્ડેમિક : એ રિપોર્ટ ઓન ધ સ્કેપ ગોટિંગ ઓફ મુસ્લિમ્સ ઈન ઇન્ડિયા.''

આ અહેવાલમાં, વિવિધ પ્રકારના જેહાદની ચર્ચા કરવામાં આવી છે, જેના નામ પર મુસ્લિમોને કઠેરામાં ઊભા કરવામાં આવે છે.

(૧) આર્થિક જેહાદનો સમાવેશ થાય છે, એટલે કે વેપાર અને વ્યવસાય દ્વારા ધાર્મિક ધ્રુવીકરણ વધારવું, (૨) ઈતિહાસ જેહાદ, એટલે કે ઈતિહાસને એવી રીતે તોડવો કે ઈસ્લામનો મહિમા કરે, (૩) ફિલ્મ અને ગીત જેહાદ, એટલે કે ફિલ્મના માધ્યમથી મોગલો અને માફિયાઓની પ્રશંસા કરવી અને ફિલ્મી ગીતો દ્વારા ઈસ્લામિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું.(૪) ધર્મનિરપેક્ષતાના જેહાદ, એટલે કે ડાબેરીઓ, સામ્યવાદીઓ અને ઉદારવાદીઓને મુસ્લિમ પક્ષમાં લાવવા, (૫) વસ્તી જેહાદ, એટલે કે ચાર મહિલાઓ સાથે લગ્ન કરવા અને અસંખ્ય બાળકો પેદા કરવા (૬) લેન્ડ જેહાદ, એટલે કે, જમીન પર કબજો કરીને મોટી મસ્જિદો, મદ્રેસાઓ અને કબ્રસ્તાન બનાવવું (૭) શિક્ષણ જેહાદ, એટલે કે, મદ્રેસાઓની સ્થાપના કરવી અને અરબી ભાષાને પ્રોત્સાહન આપવું, (૮) અયોગ્ય જેહાદ, એટલે કે પોતાને બિચારો બતાવી અનામત અને અન્ય સુવિધાઓ માંગવી (૯) પ્રત્યક્ષ જેહાદ, એટલે કે, બિન મુસ્લિમો પર સશસ્ત્ર હુમલાઓ.

રિપોર્ટમાં બનાવટી સમાચારોના ઘણા ઉદાહરણો આપવામાં આવ્યા છે. આમાં તે બાબતોનો પણ સમાવેશ કરાયો છે કે મુસલમાનો જાહેર સ્થળે થૂંકતા હોય છે અને ખાદ્યપદાર્થો મુકેલ વાસણો ચાટીને તે સુનિશ્ચિત કરે છે કે કોરોના વાયરસ વધુમાં વધુ લોકો સુધી પહોંચે, મીડિયાના બેવડા ધોરણો મુસ્લિમો અને હિન્દુઓ / શીખ માટે વપરાયેલી જુદી જુદી ભાષા પરથી સ્પષ્ટ થાય છે. ઉદાહરણ તરીકે, ઝી ન્યુઝના એક સમાચાર અહેવાલનું શીર્ષક હતું, 'આઠ મસ્જિદોમાં ૧૧૩ લોકો છુપાયેલા છે.' હિન્દુસ્તાન ટાઈમ્સના એક સમાચારનું શીર્ષક હતું, 'કોવિડ-૧૯: ૬૦૦ વિદેશી તબ્લીગી જમાતના કાર્યકરો દિલ્હીમાંથી ઝડપાયા.' તેનાથી વિપરિત, દિલ્હીના મજનુ કા ટીલા ગુરુદ્વારામાં ૨૦૦ શીખો 'ફસાયેલા' હતા. તેવી જ રીતે, અચાનક લોકડાઉન થવાને કારણે ૪૦૦ યાત્રાળુઓ વૈષ્ણોદેવીમાં 'ફસાયેલા' હતા. એટલે કે, જ્યાં હિન્દુઓ અને શીખો 'ફસાયેલા' હતા, ત્યાં મુસ્લિમો 'છુપાયેલા' હતા.

ભાજપના આઈટી સેલના અમિત માલવિયાએ 'આમૂલ તબ્લીગી જમાત'ની ગેરકાયદેસર બેઠકની વાત કરી હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ કોવિડના પ્રસાર માટે તબ્લીગી જમાતને દોષી ઠેરવે છે.

લઘુમતીઓ વિશેની આ ખોટી વાતોનું વારંવાર મીડિયા અને સોશિયલ મીડિયા પર વારંવાર પુનરાવર્તન કરવામાં આવે છે કે લોકોને તે સત્ય લાગવા લાગે છે.

આપણે કોરોનાથી મુક્ત થવું પડશે. તે જ સમયે, આપણે ધાર્મિક પૂર્વગ્રહના વાયરસથી પણ મુક્ત થવું જોઈએ. આપણે સોશિયલ મીડિયા અને મીડિયામાં લઘુમતીઓ સામેના પ્રચારને બંધ કરવો પડશે. કોરોના કેસમાં જે રીતે જૂઠાણું કહેવામાં આવ્યું હતું અને સમુદાયને જે રીતે દોષિત ઠેરવવામાં આવ્યા છે, તે રીતે આપણી આંખો ખોલવી જોઈએ. આપણે સમજી લેવું જોઈએ કે કુંભ, ચૂંટણી રેલીઓ અને આપણી સરકારની નિષ્ફળતા કોરોના સંકટ માટે જવાબદાર છે.

આપણા દેશમાં ઓક્સિજન પણ નથી. હા, આપણે અબજો રૂપિયા આ ગગનચુંબી ઇમારત, સેન્ટ્રલ વિસ્ટા, બુલેટ ટ્રેન અને રામ મંદિર પાછળ ખર્ચ કરી રહ્યા છીએ. આપણા દેશના શાસકોએ કેરળ પાસેથી એક બોધપાઠ લેવો જોઈએ, જેણે નકામા પ્રોજેક્ટ્સમાં પૈસા ખર્ચવાને બદલે ઓક્સિજન પ્લાન્ટમાં રોકાણ કર્યું જેના પરિણામે આજે રાજ્યમાં ઓક્સિજનની અછત નથી. એટલું જ નહીં તે પાડોશી રાજ્યોને જીવનજરૂરી ગેસ પણ આપી રહ્યું છે.

કોરોનાનું એક વર્ષ

ફ્લેશ બેક
- રિમ્મી વાઘેલા

એપ્રિલ અને મે મહિનાની કાળઝાળ ગરમીમાં ગયા વર્ષે જ્યારે રસ્તાઓ પર કોઈ જ ચહેલપહેલ દેખાતી નહોતી, ત્યારે મજૂરોનાં ટોળેટોળાં, માથા પર કાખમાં સામાન સાથે જોવા મળતા હતા. રેલવે સ્ટેશનની બહાર બેઠા હોય, ખોરાક-પાણી વગર, ભૂખ્યા-તરસ્યા કલેકટર ઑફિસની બહાર, પોલીસના ડંડા ખાતા, લૂ લાગવાથી પરેશાન, નાનાં બાળકો, વૃદ્ધો સાથે, હજાર હજાર કિલોમીટર એમ જ પગપાળા જવા નીકળેલા આ મજૂરોની હિજરત કોરોનાના એક વર્ષે ભુલાતી નથી. એટલે જ આંખો બંધ કરીને જ્યારે એક વર્ષ પહેલાનું દૃશ્ય વિચારીએ છીએ તો તપતા સૂરજની નીચે તંત્રની નીંભરતા અને બિનસંવેદનશીલતાથી વધુ તપી ગયેલા હતાશ નિરાશ ભૂખ્યો દર્શન ચહેરાઓ સામે તરવરી ઊઠે છે.

કોરોના મહામારીને એક વર્ષ પૂરૂ થઈ રહ્યું છે. ગયું આખું વર્ષ એક 'હોલો કોસ્ટ'ની જેમ પસાર થયું. 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમથી શરૂ કરીને એક વર્ષે યોજાયેલી ક્રિકેટ મેચ પછી ફરી વધેલા સંક્રમણના કેસોમાં આપણને એક વર્ષ બાદ એ જ સ્થિતિએ લાવીને મૂકી દીધા છે.

લાખો લોકોના ધંધા રોજગાર એવા પડી ભાંગ્યા છે કે હજુ આજે પણ ઊભા થઈ શકવાની સ્થિતિમાં નથી. જે કંપનીઓ - ફેક્ટરીઓ જે પગાર સાથે કર્મચારીઓને નોકરીએ રાખતી હતી, આજે અડધા પગારે પણ વધુ સમય માટે ત્યાં કામ કરવું પડી રહ્યું છે. અનેક લોકોએ પોતાનો જૂનો ધંધો પડતો મૂકીને માસ્ક અને સેનિટાઈઝરનો ધંધો ચાલુ કર્યો છે. એવા બનાવો પણ જોવા મળ્યા હતા કે ખાનગી શાળાના શિક્ષકોની નોકરી જવાથી તેમણે ચા નાસ્તાની લારી શરૂ કરી હોય. આ દૃશ્યો આખા દેશમાં હતાં. એક તરફ ધીમે ધીમે સ્થિતિ સામાન્ય છે, તેવું જણાવીને બધું ખોલવામાં આવ્યું. પરંતુ જાહેર પરિવહનનાં સાધનો તો અનેક મર્યાદા સાથે શરૂ કરાયાં. ટ્રેન નિયમિત શરૂ થઈ, પરંતુ તેને નિયમિત ગણવાના બદલે 'વિશેષ ટ્રેન ગણીને વધારે ભાડું હજુ આજની તારીખમાં પણ વસૂલવામાં આવી રહ્યું છે. સિનિયર સિટિઝન કે બાળકોને અપાતું કન્સેશન રેલવેમાં આજની તારીખે પણ બંધ છે. તો ટૂંકા અંતરમાં એક શહેરથી બીજા શહેર નોકરી કરતા લોકો માટે હજુ આજે પણ ટ્રેનની સુવિધાનો અભાવ છે.

સૌથી મોટી નિષ્ફળતા તો આપણા આરોગ્ય તંત્રની આપણી સામે આવી. શરૂઆતમાં જ્યારે આપણે આ મહામારી વિશે યોગ્ય રીતે પરિચિત કે માહિતગાર નહોતા, એ સમયે અનેક આરોગ્ય કર્મીઓએ માસ્ક કે પીપીઈ કિટ વગર પણ લોકોના પડખે ઊભા રહીને પોતાની ફરજ અદા કરી હતી. મને યાદ છે શરૂઆતના દિવસો મારી એક મિત્ર મ્યુનિસિપલ કોર્પોરેશનના શહેરી આરોગ્ય કેન્દ્રમાં નોકરી કરે છે. તેણે કહ્યું હતું કે એમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે પોતાના શહેરી આરોગ્ય કેન્દ્ર માટે સાડા ચારસો જેટલી પીપીઈ કિટની માંગ કરી હતી, પરંતુ એમના આરોગ્ય કેન્દ્ર પર કોર્પોરેશને માત્ર બે કિટ પહોંચાડી હતી. મને એક બીજુ દૃશ્ય પણ યાદ આવે છે. આખો દેશ બંધ હતો. અમદાવાદનો આવો સૂનકાર મેં આજ પહેલાં ક્યારેય જોયો નથી. પણ એક દિવસ મીઠાખળી ગામની બહાર ઢગલાબંધ ગાડીઓ પાર્ક થયેલી જોઈ. પછી જાણવા મળ્યું કે એ ગાડીઓ ડોક્ટરોની હતી, જે અમદાવાદ મેડિકલ એસોસિએશનના હોલમાં થઈ રહેલા માસ્ક વિતરણના કાર્યક્રમમાં પોતાના માટે માસ્ક લેવા માટે આવ્યા હતા. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લાશોના ઢગ અને એ જ સ્થિતિ રાજકોટ, સુરત, જેવાં શહેરોની પણ થઈ. ધમણ વેન્ટિલેટરની વાત (જો કે તેને વેન્ટિલેટર કહેવું કે કેમ તે બાબતે હજુ સુધી કોઈ નિશ્ચિતતા નથી), વેન્ટિલેટર થકી હોસ્પિટલોમાં આગ લાગવી, શ્રેય હોસ્પિટલનો ગોઝારો અકસ્માત, આ બધુ રહ્યું છે.

સૌથી ખતરનાક તો લાગ્યું ત્યારે આંકડાઓ વધુ બતાવ્યા, જરૂર પડી ત્યારે આંકડાઓ ઓછા દર્શાવ્યા. સરકારી આંકડાઓમાં તો ક્યારેય સ્મશાનની બહાર અંતિમ સંસ્કાર માટે લાગેલી લાઈનોના આંકડા હતા જ નહીં. એ જ સ્થિતિ હજુ આજે પણ છે. સ્મશાનમાં કોરોના પ્રોટોકોલ મુજબ જેટલા લોકોના અંતિમ સંસ્કાર થાય છે, તેનાથી સાવ અડધો આંકડો અખબારોમાં પ્રસિદ્ધ થાય છે.

સામાજિક રીતે પણ અનેક કડવા-મીઠા અનુભવમાંથી પસાર થવાનું બન્યું. કોરોના સંક્રમિત લોકો પ્રત્યે એક નવા પ્રકારની અસ્પૃશ્યતા જોવા મળી, તો બીજી તરફ અનેક સંવેદનશીલ લોકોએ કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર સંક્રમિત લોકોની વચ્ચે, હિજરત કરતા મજૂરોનાં ટોળાંઓની વચ્ચે પોતાની હૂંફ પ્રસરાવી હતી.

સૌથી વધુ ભોગવવાનું આવ્યું વિદ્યાર્થીઓના ભાગે. શાળા-કોલેજો બંધ, 'ડિજિટલ ઇન્ડિયા'ની વાસ્તવિકતાની વચ્ચે જબરદસ્તી ઓનલાઈન શિક્ષણ થોપવામાં આવ્યું. અને ઓનલાઈન શિક્ષણના નામે મહામારીથી પીડાતા લોકોની પાસેથી નિયમિત ફી પણ ઉઘરાવવામાં આવી. અનેક વાલીઓ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થી સંગઠનોએ માગણી કરી હતી કે આ શૈક્ષણિક સત્રને શૂન્ય વર્ષ જાહેર કરીને તમામને ફીમાંથી મુક્તિ આપવામાં આવે. પરંતુ ખાનગી સંચાલકોના ઈશારે લોકોની માગણી ફગાવી દેવામાં આવી. વાસ્તવિકતામાં કોઈપણ પ્રકારના શૈક્ષણિક કાર્ય વગર એટલી જ ફી ખંખેરવામાં આવી. સ્માર્ટ ફોન કે ઘરે ટીવી ના હોવાથી સાવ નાની ઉંમરના વિદ્યાર્થીઓની આત્મહત્યાના સાક્ષી પણ આપણે બનવું પડ્યું . અને કદાચ થોડાક સમય પછી મહામારીમાં સત્તાના ગેરવહીવટના કારણે થયેલ ડ્રોપ આઉટનું વાસ્તવિક ચિત્ર પણ આપણને જોવા મળશે.

મહામારીથી જાણે લોકોને ઓછો ત્રાસ આપી શકાયો હોય, તેમ રોજેરોજ વધતા જતા પેટ્રોલ-ડીઝલના ભાવે, રાંધણગેસના ભાવ, એમાં ખતમ થઈ ગયેલી સબસિડી, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં વધારો. આ તમામ પ્રશ્નો તો વિકરાળ મોંઢે સામાન્ય લોકોની સામે ઊભા જ છે.

અલબત્ત, અનેક લોકો કોરોના મહામારીને સંપૂર્ણપણે રાજકીય પણ માને છે. કારણ કે સરકારની કાર્યવાહી પણ લોકોની આ માન્યતાને ટેકો આપે છે. એક તરફ પ્રધાનમંત્રી સહિત અનેક નેતાઓની જંગી સભાઓમાં પણ થાય છે. ચૂંટણીઓ પણ યોજાય છે, અને દંડ અને પોલીસના ડંડા માત્ર સામાન્ય લોકોના હિસ્સે આવે છે. એટલે અનેક લોકો હજુ રસી લેવાથી પણ ડરે છે.

લોકડાઉન લાગુ કરતાં પહેલાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે આપણે આ આફતને અવસરમાં પરિવર્તિત કરીએ અને તંત્રએ ખરેખર આ વાતને તાત્કાલિક પકડી પાડી, એટલે જ આ મહામારી દરમિયાન મજૂર વિરોધી કાયદાઓ પસાર કરવા, કૃષિ કાયદાઓ પસાર કરવા, રેલવેનું - એરપોર્ટનું વર્ગીકરણ કરવું, નવી શિક્ષણ નીતિ જેનો સમગ્ર દેશમાં મોટા પાયે વિરોધ થયો હતો, તેને લાગુ કરવી, એવા તો અનેક લોકવિરોધી પગલાઓ લોકોનો મત ચૂપ કરીને લાગુ કરી દેવામાં આવ્યા.

પરંતુ કોરોના મહામારી અને પછી સરકારની બેદરકારીથી જન્મેલી નવી મહામારીની વચ્ચે સમગ્ર દુનિયામાં બે ચળવળો આપણા સૌમાં એક આશા જન્માવી છે. એક હતી, અમેરિકામાં 'Black Lives Matter'. જે રીતે અમેરિકામાં પણ ગરીબ અશ્વેત લોકો સાથે મહામારી દરમિયાન ભેદભાવ થયો અને ગરીબ હોવાના કારણે તેમણે ભોગવવાનું આવ્યું એ અપમાન અને અવહેલનાની સામે 'I can't breath...', જયોર્જ ફ્લોયડનાઆ શબ્દો આપણા સૌની વેદનાનું પ્રતીક બન્યા. તો આપણા દેશમાં પણ સો દિવસ કરતાં વધુ દિવસોથી ચાલી રહેલું ખેડૂત આંદોલન એ આંદોલનના ઇતિહાસમાં એક નવું પ્રકરણ છે. આંદોલન એટલે માત્ર નારાબાજી નહીં, પરંતુ જીવનનાં તમામ પાસાંઓને આવરી લેતું એક નવા સમાજનું સપનું. દિલ્હીની બોર્ડર ઉપર દેશભરના ખેડૂતોએ નવા સમાજનું સપનું પોતાના આંદોલનમાં પ્રતિબિંબિત કરીને બતાવ્યું કે જે આંદોલનોમાં ગીતો અને નાટકો પણ હોય, લાઈબ્રેરી પણ હોય, મેડિકલ કેમ્પ પણ હોય, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના સ્ટોલ પણ હોય, સરકાર વીજળી કાપી નાખે, પાણીનો પુરવઠો ખોરવી નાખે તો આંદોલનના સ્થળે બોર ખોદી નાખવાની તાકાત પણ હોય ! અને એટલે જ આ બંને આંદોલનો કોરોના મહામારીની હતાશાની સામે દિશા ચીંધનાર છે.

આમ, કોરોના મહામારીનું એક વર્ષ એટલે નિરાશા અને આશા વચ્ચેના સંઘર્ષનું વર્ષ અને હંમેશની જેમ વિશ્વાસ છે કે આ વખતે પણ આશા જ નિરાશા પર ભારી પડશે.

(સેક્યુલર લોકશાહી આંદોલનની દર ગુરૂવારની અઠવાડિક ચર્ચામાં 'કોરોનાનું એક વર્ષ 'વિષય બાબતે પરેશભાઈ, દેવેન્દ્રભાઈ, ઈશ્વરકાકા, રિયા, પ્રશાંતભાઈ, નીરૂકાકી, ઈન્દુબા, મન્મથભાઈ, કિરણબહેન, આશિષ, મહેન્દ્ર સચિનભાઈ, વગેરે સાથે થયેલી વાતચીતના આધારે) **(સૌ. : નિરીક્ષક)**

ઈસ્લામની મુખ્ય મૌલિક ધારણાઓ

(૨) પયગંબરો (ઈશદૂતો) ઉપર ઈમાન : ઈશ્વરે મનુષ્યોના જીવન માર્ગદર્શન માટે પોતાના પયગંબરોને મોકલવાની વ્યવસ્થા કરી છે. આ પયગંબરોને અલ્લાહે દરેક યુગમાં, પ્રત્યેક માનવ-સમુદાયમાં અને ધરતીના એકે-એક પ્રદેશમાં મોકલ્યા છે. આ પયગંબરોમાંથી કેટલાકના નામોનો ઉલ્લેખ આકાશી ગ્રંથ કુર્આનમાં કરેલો છે. જેમ કે કુર્આનમાં ફરમાવવામાં આવ્યું છે કે,

"દરેક સમુદાય માટે એક રસૂલ (સંદેશવાહક) છે."
(કુર્આન, ૧૦ : ૪૭)

હે પયગંબર ! તમારા પહેલાં અમે ઘણાં ઈશદૂતો મોકલી ચૂક્યા છીએ, જેમાંથી કેટલાકના અહેવાલ અમે તમને બતાવ્યા છે અને કેટલાકના નથી બતાવ્યા."
(કુર્આન, ૪૦ : ૭૮)

હઝરત આદમ અલૈ. પૃથ્વી ઉપર પ્રથમ મનુષ્ય અને ઈશદૂત હતાં. આ ક્રમ અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) ઉપર પૂર્ણ થઈ ગયો. આ પયગંબરો ઈશ્વરના અવતાર કે ઈશ્વર નહોતાં, પણ ઈશ્વરના સંદેશવાહકો હતા. તમામ પયગંબરોએ ઈસ્લામનો જ સંદેશ મનુષ્યો સુધી પહોંચાડ્યો અને લોકોને ઈશ્વરના આદેશોથી અવગત કરાવ્યા અને ઈશ્વરના આદેશો અનુસાર નમૂનારૂપ જીવન પણ વિતાવ્યું. તેથી ઈસ્લામમાં તમામ પયગંબરો ઉપર ઈમાન લાવવું આવશ્યક છે. જો કોઈ વ્યક્તિ તેમાંથી કોઈ એકને પણ ન માને તો જાણે તેણે બધા પયગંબરોને અમાન્ય ઠેરવી દીધાં, કેમ કે મૂળભૂત રીતે તમામ પયગંબર ઈશ્વરનો જ સંદેશ, અર્થાત્ ઈસ્લામને લઈને પધાર્યા હતાં.

રમઝાન સંદેશ-૨૮

તમામ પયગંબરોએ ઈસ્લામનો જ સંદેશ મનુષ્યો સુધી પહોંચાડ્યો અને લોકોને ઈશ્વરના આદેશોથી અવગત કરાવ્યા અને ઈશ્વરના આદેશો અનુસાર નમૂનારૂપ જીવન પણ વિતાવ્યું.

(ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ)

સંસ્કાર સૌરભ

જે માણસ ક્રોધ કરે છે તેને કદાપી રાહત મળતી નથી. (હદીસ બોધ)

બોધ વચન

શિક્ષણ વિના માણસ પશુ સમાન છે.

- ગાંધીજી

આજની આરસી

૧૧ મે મંગળવાર ૨૦૨૧
૨૮ રમઝાન હિજરી ૧૪૪૨
ચૈત્ર વદ અમાસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૪-૩૪
ખત્મે ઝવાલ ૧૨-૩૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૧
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૧

કુસ્કુરિયું

પડોશણ : ધાણાજીરૂં છે ?
પતિ : ના, નથી.
પડોશણ : ભાભીને પૂછી જુઓને, કદાચ એમને ખબર હશે.
પતિ : ભાભીને શું તંબૂરો ખબર, એક મહિનાથી રસોડું હું જ સંભાળું છું.

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

-વ્યવસ્થાપક

પહેલીવાર પાકિસ્તાનનો બાબર આઝમ બન્યો ICCનો પ્લેયર ઓફ ધ મંથ

દુબઈ,તા.૧૦

પાકિસ્તાનનો કપ્તાન બાબર આઝમ અને ઓસ્ટ્રેલિયન મહિલા ટીમની વિકેટકીપર એલિસા હિલીને સોમવારે એપ્રિલ મહિનામાં તેમના શાનદાર પ્રદર્શન માટે મહિનાના સર્વશ્રેષ્ઠ ખેલાડી આઈસીસી ખેલાડી તરીકે પસંદગી કરવામાં આવી છે. બાબર આઝમે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ તાજેતરમાં સમાપ્ત થયેલી સિરીઝના બધા ફોર્મેટમાં સતત સારૂં પ્રદર્શન કર્યું હતું. પ્રશંસકો અને આઈસીસી વોટિંગ એકેડેમી

દ્વારા તેની એપ્રિલ મહિનાના વિજેતાના રૂપમાં પસંદગી કરવામાં આવી હતી. દ.આફ્રિકા વિરૂદ્ધ ત્રીજી વન-ડેમાં તેણે ૮૨ બોલમાં ૯૪ રનની મેચ વિનીંગ રમી ૧૩ રેટિંગ પોઈન્ટ પ્રાપ્ત કર્યા હતા. જેનાથી તે કારકિર્દીના સર્વશ્રેષ્ઠ ૮૬૫ પોઈન્ટ સુધી પહોંચવામાં સફળ રહ્યો હતો. તેણે આ જ ટીમ વિરૂદ્ધ ટ્વેન્ટી-૨૦ સિરીઝની ત્રીજી મેચમાં ૫૯ બોલમાં ૧૨૨ રનની ઈનિંગ રમી હતી. જેનાથી પાકિસ્તાને મોટા લક્ષ્યાંકનો સફળતાપૂર્વક પીછો કર્યો હતો. આઈસીસી વોટિંગ એકેડેમીના સભ્ય રમીઝ રાજાએ કહ્યું કે તે આ પુરસ્કારનો હકદાર હતો.

IPLની બાકી બચેલી ૩૧ મેચો ભારતમાં નહીં રમાય : ગાંગુલી

નવી દિલ્હી,તા.૧૦

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ કહ્યું છે કે આઈપીએલ ૨૦૨૧ની બાકીની મેચો ભારતમાં રમાશે નહીં. હાલની સિઝનમાં ૨૯ મેચો રમાઈ છે. જ્યારે હજુ ૩૧ મેચો રમાવાની બાકી છે. ગાંગુલીએ કહ્યું હતું કે, ભારતમાં આઈપીએલની બાકી મેચોનું આયોજન થઈ શકે તેમ નથી કારણ કે દેશમાં ૧૪ દિવસ ક્વોરોન્ટાઈન સંભાળવું ઘણું મુશ્કેલ છે. હજી એ કહેવું પણ ઉતાવળિયું ગણાશે કે અમે આઈપીએલ પૂરી કરવા માટે કોઈ સ્લોટ કેવી રીતે મળશે. ઈંગ્લીશ કાઉન્ટીની ચાર મુખ્ય ટીમો મિડલ સેક્સ, સરે, વોરવિકશાયર અને લેન્કેશાયરે આઈપીએલની બાકી ૩૧ મેચોની યજમાનીની ઈચ્છા વ્યક્ત કરી છે. ભારતમાં આ વર્ષના અંતમાં ત્રીજી લહેર આવવાની આશંકા છે. બીસીસીઆઈ સપ્ટેમ્બરમાં ભારતીય ટીમનો ઈંગ્લેન્ડ પ્રવાસ સમાપ્ત થયા બાદ આના આયોજનની સંભાવના શોધી રહ્યું છે. ભારતીય ટીમનો ઈંગ્લેન્ડ પ્રવાસ ૧૪ સપ્ટેમ્બરે સમાપ્ત થશે. એક રિપોર્ટ અનુસાર લોર્ડ્સ, ઓવલ, એજબેસ્ટન અને ઓલ ટ્રેફર્ડ ઈસીબીને પત્ર લખી ઈચ્છા વ્યક્ત કરી છે. ગત વર્ષ ૨૦૨૦માં કોરોનાના ખતરાને જોતા આઈપીએલનું આયોજન યુએઈમાં કરવામાં આવ્યું હતું. ગાંગુલીએ કહ્યું કે ભારતીય ટીમ ટોચના ખેલાડી વિના જુલાઈમાં વન-ડે સિરીઝ માટે શ્રીલંકાનો પ્રવાસ કરશે.

SRHના માલિકે કોવિડ સામેના જંગ માટે ૩૦ કરોડનું દાન કર્યું

નવી દિલ્હી,તા.૧૦

આઈપીએલની ટીમ સનરાઈઝ હૈદરાબાદની માલિક સન ટીવીએ સોમવારે રાજ્ય અને કેન્દ્ર સરકાર ઉપરાંત વિભિન્ન એનજીઓના સહયોગથી ચાલતા કોવિડ-૧૯ રાહત કાર્યો માટે ૩૦ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. ભારત હાલ કોવિડ મહામારીની બીજી લહેર સામે ઝઝુમી રહ્યું છે. જેના કારણે પ્રતિદિવસ ભારતમાં ચાર હજાર જેટલા લોકોનાં મોત થઈ રહ્યા છે. સનરાઈઝ હૈદરાબાદે પોતાના ટ્વિટર પેજ ઉપર જાહેર કરેલા નિવેદનમાં કહ્યું છે કે સન ટીવી કોવિડ-૧૯ મહામારીની બીજી લહેરથી પ્રભાવિત લોકોને રાહત પહોંચાડવા માટે ૩૦ કરોડ રૂપિયાનું દાન કરી રહ્યું છે. આમાં કહેવામાં આવ્યું છે કે આ રકમનો ઉપયોગ ભારતના વિભિન્ન રાજ્યોમાં ચલાવાઈ રહેલા અનેક અભિયાનો ઉપર કરવામાં આવશે. જેમાં ભારત સરકાર અને રાજ્ય સરકારના કાર્યક્રમોમાં દાન અને એનજીઓ સામે મળીને ઓક્સિજન સિલિન્ડર, દવાઓ વગેરે ઉપલબ્ધ કરાવવું સામેલ છે.

બુમરાહ સૌથી 'ડેડલી' બોલર, 'ફિટ રહેશે તો ૪૦૦ વિકેટ લેશે' -કર્ટલી એમ્બ્રોસ

મુંબઈ,તા.૧૦

વેસ્ટ ઈન્ડીઝના પૂર્વ ફાસ્ટ બોલર્સ કર્ટલી એમ્બ્રોસનું માનવું છે કે "ભારતીય ફાસ્ટ બોલર્સમાં જસપ્રીત બુમરાહ સૌથી અલગ છે અને તેણે સૌથી વધુ પ્રભાવિત કર્યા છે. જો તે પોતાનો ફિટનેસ સ્તર જાળવી શકે તો ટેસ્ટમાં ૪૦૦ વિકેટ ઝડપી શકે છે." ૯૮ ટેસ્ટમાં ૪૦૫ વિકેટ લેનાર એમ્બ્રોસે એક યુટ્યૂબ શોમાં કહ્યું હતું કે "ભારત પાસે ઘણા સારા ફાસ્ટ બોલર્સ છે, પણ હું બુમરાહનો ફેન છું. તે અસરકારક છે અને મને ખાતરી છે કે આગળ પણ પોતાનું સારું પ્રદર્શન જારી રાખશે. તે બોલને સિમ અને સ્વિંગ બંને કરાવે છે. તે યોર્કર નાખવામાં પણ એક્સપર્ટ છે. જો તે પોતાની ફિટનેસ જાળવી રાખશે તો ટેસ્ટમાં ૪૦૦ વિકેટ જરૂર લેશે." ઉલ્લેખનીય છે કે અત્યારે બુમરાહે ૧૯ ટેસ્ટમાં ૮૩ વિકેટ લીધી છે.

એમ્બ્રોસે કહ્યું હતું કે "શોર્ટ-રનઅપને લીધે બુમરાહને ઈજાનું જોખમ છે. આ વાતને વિસ્તારથી સમજાવતાં વિન્ડીઝના દિગ્ગજે કહ્યું હતું કે ફાસ્ટ બોલિંગમાં રિધમ મહત્ત્વની છે. બોલ નાખ્યા પહેલાં એક લય મેળવવો જરૂરી છે. બુમરાહની રનઅપ-શોર્ટ છે અને તે બોલ નાખ્યા પહેલાં ૨-૩ વાર જોગ કરે છે. એનાથી તેના શરીરમાં એક ખેંચ આવે છે. એ જર્ક ઈજાગ્રસ્ત કરી શકે છે. તેથી એ જોવાનું રહેશે કે બુમરાહ લાંબા અંતરે પોતાની ફિટનેસ કઈ રીતે જાળવી રાખે છે."

ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ વેક્સિન લીધી, કહ્યું- વેક્સિન લો અને સુરક્ષિત રહો

ન્યુ દિલ્હી,તા.૧૦

ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ સોમવારે વેક્સિન લીધી છે. તેણે બધાને વેક્સિન લેવાની અપીલ કરી છે. કોહલીએ પોતાની સો.મીડિયા સ્ટોરીમાં લખ્યું, બને એટલી જલ્દી વેક્સિન લો અને સુરક્ષિત રહો. વિરાટ કોહલીએ પત્ની અનુષ્કા સાથે #InThisTogether અભિયાનમાં ૨ કરોડ રૂપિયા દાનમાં આપ્યા છે અને સાત કરોડ ભેગા કરવાનુ લક્ષ્ય રાખ્યું છે. વિરાટ અને અનુષ્કાના અભિયાનમાં માત્ર ૨૪ કલાકની અંદર ૩.૬ કરોડ રૂપિયા જમા થયા હતા. અનુષ્કાએ ૩.૬ કરોડ રૂપિયાનું ફંડ ભેગું થયા બાદ જેણે પણ ડોનેશન આપ્યું, તે તમામનો આભાર માન્યો હતો. એક્ટ્રેસે સો.મીડિયામાં પોસ્ટ શેર કરીને કહ્યું હતું, 'તે તમામ લોકોની આભારી છું, જેમણે અત્યાર સુધી ડોનેશન આપ્યું. તમારા યોગદાન માટે આભાર. આપણે અડધો રસ્તો પાર કરી ચૂક્યા છીએ. ચાલો આગળ વધતા જઈએ.

શ્રીલંકામાં ટી૨૦ અને વન-ડે સિરીઝ રમશે ટીમ ઈન્ડિયા, કોહલી-રોહિત નહીં રમે

મુંબઈ,તા.૧૦

ભારતીય ટીમ જુલાઈમાં શ્રીલંકાનો પ્રવાસ ખેડશે. જ્યાં તેઓ ટી૨૦ અને વનડે સીરિઝ રમશે. જોકે આ બંને સીરિઝમાં ઈંગ્લેન્ડના પ્રવાસ વિરુદ્ધ પસંદ કરવામાં આવેલા એક પણ ખેલાડીઓ નહીં હોય કારણ કે ભારતીય ટીમ જૂનમાં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ વર્લ્ડ ટેસ્ટ સીરિઝની ફાઈનલ રમવા પછી ઈંગ્લેન્ડમાં જ રોકાશે અને ઓગષ્ટમાં ઈંગ્લેન્ડમાં આયોજિત ૫ ટેસ્ટ મેચની સીરિઝ માટે તૈયારી કરશે.

શ્રીલંકાના પ્રવાસનું શિડ્યુલ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ માનવામાં આવી રહ્યું છે કે ટીમ ત્યાં ૫ ટી૨૦ અને ૩ વનડે મેચની સીરઝ રમી શકે છે. બોર્ડ ઈચ્છે છે કે ઓક્ટોબરમાં થનારા ટી૨૦ વર્લ્ડ કપ પહેલા ખેલાડીઓને તૈયાર કરવામાં આવે. ઈંગ્લેન્ડ વિરુદ્ધની પાંચ ટેસ્ટ મેચ ભારતીય ટીમે રમવાની જ છે. તેવામાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સીરિઝમાં સામેલ નહીં કરવામાં આવેલા વ્હાઈટ બોલના સ્પેશિયાલીસ્ટ શિખર ધવન, હાર્દિક પંડ્યા, ભુવનેશ્વર કુમાર, દીપક ચહર, યુઝવેન્દ્ર ચહર જેવા ખેલાડીઓ વર્લ્ડ કપ પહેલા તૈયાર રહેશે.

બોર્ડના સૂત્રોના કહેવા પ્રમાણે શ્રીલંકાના પ્રવાસમાં ટી૨૦ અને વનડે સીરિઝ માટે નવા યુવાન ખેલાડીઓને અજમાવી શકાય તેમ છે. કારણ કે ઈંગ્લેન્ડ પ્રવાસમાં વ્યસ્ત હોવાને લીધે વિરાટ અને રોહિત શર્મા આ પ્રવાસમાં નહીં હોય. આથી બોર્ડ ટી૨૦ વર્લ્ડ કપ પહેલા યુવા ખેલાડીઓને તક આપી શકે છે. જેમાં રાહુલ તેવટિયા, ઈશાન કિશન, સૂર્યકુમાર યાદવને તક મળી શકે છે. તેવટિયાને ઈંગ્લેન્ડ વિરુદ્ધ એક પણ મેચ રમવા મળી નથી. તે સિવાય ચેતન સાકરિયાને પણ તક મળી શકે છે. જ્યારે આઈપીએલ અને સ્થાનિક ક્રિકેટમાં સારું પ્રદર્શન કરનાર દેવદત્ત પેડિક્કલને પણ તક મળી શકે છે. મતલબ દેશના યુવા ખેલાડીઓ પાસે પોતાની સારું પ્રદર્શન કરી ૨૦ વર્લ્ડ કપ ટીમમાં સામેલ થવાની સારી તક છે.

CORRIGENDUM TENDER NOTICE

(Establishment of Common Facility Center)

Sealed tenders are invited from **licensed registered civil engineers/ contractors** (having minimum Three years experience in construction) for establishment of Common Facilities Centre at village Bagodara District Ahmedabad state Gujarat, being facilitated by **MAHILA HASTKALA WELFARE FEDERATION A/6 Gurjar Ratan Apt, Radhaswami Satsang road, Ranip, Ahmedabad, Gujarat. Pin: 382480** Tender should be submitted in separate envelops for Technical Bid and Financial Bid along with earnest money of Rs 1,23,000 and can be deposited at the below mentioned address up to 02.00 PM of 14/05/2021. The Demand Draft of earnest money should be in the name of **MAHILA HASTKALA WELFARE FEDERATION.** Tenders received will be opened before the Procurement Committee of the proposed Common Facilities on 15/05/2021 at 2.00 PM.

Tender form can be obtained from **MAHILA HASTKALA WELFARE FEDERATION A/6 Gurjar Ratan Apt, Radhaswami Satsang road, Ranip, Ahmedabad, Gujarat. Pin: 382480** on any working day between 11/05/2021 to 14/05/20201 from 10.00 AM to 5.00 PM and up to 12.00 Hrs. on 14/05/2021 by payment of Rs. 500/-

The details of works and Terms and Conditions are available in the Tender Form. President **MAHILA HASTKALA WELFARE FEDERATION A/6 Gurjar Ratan Apt, Radhaswami Satsang road, Ranip, Ahmedabad, Gujarat. Pin: 382480. mahilafederation2016@gmail.com** reserves the right to cancel any or all the Tenders without assigning any reason.

President
MAHILA HASTKALA WELFARE FEDERATION
A/6 Gurjar Ratan Apt, Radhaswami Satsang road, Ranip, Ahmedabad, Gujarat. Pin: 382480 M: 8099718683

ગુજરાત ટુડે પ્રસિદ્ધ કરતું

લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ

રમઝાનમાં તમારી ઝકાત-લિલ્લાહનો શિક્ષણ માટે પણ ઉપયોગ કરો, યુવાઓનું ભવિષ્ય બનાવો

'લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ' છેલ્લા ૩૦ વર્ષથી શૈક્ષણિક, સામાજિક, મેડિકલ સહાય માટે રાજ્યભરના જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપે છે. ટ્રસ્ટ દ્વારા અપાતી આ સહાય સમાજને શૈક્ષણિક રીતે સંપન્ન કરી ગૌરવ સાથે જીવવા તૈયાર કરે છે; હજારો વિદ્યાર્થીઓ તેનો લાભ લેશે. અને હજારો લાભ લઈ રહ્યા છે. આ બધું આપ જેવા હમદર્દોના સહયોગથી જ શક્ય બને. છેલ્લા કેટલાક વર્ષોથી વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અભ્યાસ દ્વારા સમાજમાં પોતાનો મોભો બનાવવાની તાલાવેલી જાગી છે. ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ગુજરાત અને ગુજરાત બહાર એડમિશન મેળવે છે. માટે ટ્રસ્ટ પાસે અરજીઓ વધુ પ્રમાણમાં આવેલ છે. આવી પરિસ્થિતિને પહોંચી વળવા અને ચાલુ શૈક્ષણિક સત્રમાં વધુ વિદ્યાર્થીઓ માટે ઘણું મોટું ભંડોળ એકઠું કરવું જરૂરી બન્યું છે. ઉચ્ચ અભ્યાસમાં વિદ્યાર્થીઓની સતત વધી રહેલી સંખ્યા ખૂબ સારી નિશાની છે પણ સાથોસાથ આવા સંજોગોમાં જરૂરતમંદ વિદ્યાર્થીઓને મદદરૂપ થવા ટ્રસ્ટ પાસે મોટું ભંડોળ હોવું જરૂરી છે કે જેથી વધુને વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને લાભ આપી શકાય. જે ભંડોળ આપણા સમાજના આર્થિક રીતે સમૃદ્ધ વ્યક્તિઓ તેમજ સંસ્થાઓ વધુમાં વધુ લિલ્લાહ અને ઝકાતની રકમ 'લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ'ને આપે અને મોટું ભંડોળ એકત્રિત કરવાના ટ્રસ્ટના પ્રયત્નોમાં હૃદયપૂર્વક સાથ-સહકાર આપે એવી અમારી અપેક્ષા છે.

☛ખાસ નોંધ : અમદાવાદ શહેર માટે રૂા. ૫ હજાર કે તેનાથી વધુ રકમની ઝકાત લેવા માટે અમારા પ્રતિનિધિને ફોન કરશો તો તે રૂબરૂ આવી જશે આ અંગે વધુ માહિતી મેળવવા અથવા કોઈ મુશ્કેલી હોય તો ટ્રસ્ટના મુખ્ય કાર્યાલય ખાતે ફોન દ્વારા ખબર આપશો

નીચેની ઓફિસો પર જણાવેલ સમયે રકમ જમા કરાવી રસીદ મેળવી શકો છો

અમદાવાદ (સીટી ઓફિસ)
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, પત્થરવાલી મસ્જિદ સામે, ખાનપુર, અમદાવાદ
મો. ૯૯૨૪૫૩૩૯૩૧
સમય : સવારના ૧૧થી ૫

જુહાપુરા
ફિરદોસ સિમેન્ટ બેન્ક ઓફ બરોડાની સામે ટેલિફોન હોટલની લાઈનમાં જુહાપુરા, સરખેજ
મો: ૯૯૯૮૮૮૦૩૩૦
સમય : સવારે ૧૦થી સાંજે ૫

જમાલપુર
કિસ્મત બુક સ્ટોલ (સરવર સૈયદા) બુખારી બાવા દરગાહ જમાલપુર ચાર રસ્તા
મો: ૯૬૦૧૧૮૫૩૮૬
સમય : સવારે ૧૦થી સાંજે ૮

કડી
અઝીઝભાઈ દસાડિયા C/o નાકાદાર ફાઉન્ડેશન, એન.બી. કોમ્પ્લેક્ષ, પીર બોરડી ચકલા, કડી.
મો: ૯૯૭૯૩૫૮૫૧૦
સમય : સવારના ૧૧થી ૫

કડી
પઠાણ ફિરોઝખાન રસુલખાન ભગતવાડા, કસ્બા મસ્જિદ પાસે, કડી જિ.મહેસાણા.
Mo.૯૪૨૬૫૫૫૨૩૪
સમય : સવારે ૧૦થી ૬

વડોદરા
શરીફ કાપડિયા નવાબ ચેમ્બર્સ, મચ્છીપીઠ રાવપુરા, વડોદરા. ગુજરાત ટુડે કાર્યાલય
મો: ૯૮૭૯૧૧૧૨૯૩
સમય : સવારે ૧૧થી રાત્રે ૭

સુરત
મુસદ્દીક કાનૂગો, ગુજરાત ટુડે કાર્યાલય ૧૦૫, કાશ્મીરી કોમ્પલેક્ષ રંગ ઉપવન સામે, ગાંધીબાગ સામે, નાનપુરા, સુરત.
ફોન : ૦૨૬૧- ૨૪૬૧૦૯૮, ૭૪૦૫૬૮૮૦૦૦
સમય : બપારે ૩થી રાત્રે ૮

ભરૂચ
ઈદ્રીશ કાઉજી ગુજરાત ટુડે કાર્યાલય દાઉદ કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, પાંચબત્તી રોડ, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન: ૦૨૬૪૨-૨૪૦૨૦૮
૯૮૨૫૮૬૦૩૪૯
સમય : સવારે ૧૧થી સાંજે ૬

અંકલેશ્વર
મો.મુનીર શેખ; મો.અયાઝ શેખ (ગુજરાત ટુડે કાર્યાલય) ૫૩ નાયરીકા શોપિંગિક સેન્ટર પહેલો માળ ટ્રી સ્ટ્રીટ સર્કલ પાસે , અંકલેશ્વર.
મો:૯૪૨૩૧૩૧૩૩૨, ૯૪૨૮૧૭૮૬૦૭
સમય : સવારે ૧૦ થી સાંજે ૬

જંબુસર
મોહમ્મદ અલી મુન્શી મુનલાઈટ સ્ટોર્સ, ચર્ચની બાજુમાં, એસ.ટી.ડેપો રોડ, જંબુસર. જિ. ભરૂચ.
મો. : ૯૯૨૪૨૯૩૩૦૫
સમય : સવારે ૮થી સાંજે ૭

સિદ્ધપુર
ઝહિર અબ્બાસ મન્સુરી G/૩, જીયાન મોબાઈલ, ત્રિરૂપતિ માર્કેટ, બસ સ્ટેશન રોડ, સિદ્ધપુર જિ.પાટણ
મો.૯૮૨૫૨૬૮૨૭૮
સમય : સવારે ૯થી સાંજે ૬

નડિયાદ
આરીફ મલેક જી.એમ.શાહ ટ્રાન્સપોર્ટ ૧૧, મ્યુ. શોપિંગ સેન્ટર, ડભાણ ભાગોળ, નડિયાદ.
મો : ૯૯૦૪૨૭૨૨૩૪
સમય : સવારે ૯થી સાંજે ૬

વાગરા
સૈયદ અમજદ અલી (પત્રકાર-ગુજરાત ટુડે) A To Z પબ્લિસીટી ચિમન ચોક, મેઈનબજાર, મુ. વાગરા, જિ. ભરૂચ
મો. ૯૮૭૯૫૩૦૪૭૧
સમય : સવારે ૧૧થી સાંજે ૫

હિંમતનગર
હાજી ઈશહાકભાઈ શેઠ જી.યુ.બ્રધર્સ જૂના બજાર, હિંમતનગર.
મો : ૯૪૨૬૩૪૧૬૦૦
સમય : સવારે ૮થી સાંજે ૭

મોડાસા
યુસુફ જમાદાર (ગુજરાત ટુડે) C/o હાઈટેક કન્સ્ટ્રકશન, કોલેજ રોડ, મક્કા કોમ્પલેક્ષ, મોડાસા.
ફોન : ૨૪૪૩૪૪
મો : ૯૪૨૮૫૫૫૩૫૫
સમય : સવારે ૧૦થી સાંજે ૭

પોશીના / ઇડર
જાકીરહુસેન એલ મેમણ લેહરીપુરા, પેશીના ૩૮૩૪૨૨ તા. ઇડર જિ. સા.કા.
મો : ૯૪૨૭૫૯૪૦૧૦
સમય : સવારે ૧૦થી સાંજે ૬

જોડિયા/જામનગર
અસ્લમ અ.રશીદ મેઈન બજાર, તા.જોડિયા જિ.જામનગર
મો. ૯૪૨૮૬૭૦૩૪૭
મો. ૯૯૨૫૦૮૫૯૧૧
સમય : સવારે ૧૦થી સાંજે

પાલનપુર
અખ્તર આઈ. ચૌહાણ (ગુજરાત ટુડે) વીરબાઈ ગેટ, સીંધીવાસ, પાલનપુર.
મો : ૯૮૨૪૭૨૨૦૯૨
સમય : સાંજે ૪થી રાત્રે ૮

ધાનેરા
નઝીરભાઈ શેખ (ગુજરાત ટુડે) નગરપાલિકા પાસે બગીચા લાઈન, ધાનેરા-૩૫૫૩૧૦
મો : ૯૮૯૮૪૫૬૭૮૬
સમય : સવારે ૧૦થી ૧ સાંજે ૪થી સાંજે ૬

ડીસા
જમીલ અખ્તર એ. મેમણ ખારા કૂવા પાસે, રાજપુર, ડીસા.
મો : ૯૯૯૮૨૮૯૯૧૦
સમય : સાંજે ૪થી રાત્રે ૮

માંગરોલ
યુસુફ ચુડલી હીના સિલેકશન, ચા બજાર, માંગરોલ-૩૬૨૨૨૫ (જિ.જૂનાગઢ)
મો : ૯૮૨૪૮૨૩૦૨૬
૮૦૦૦૫૩૩૦૧૩
સમય : સવારે ૯થી રાત્રે ૯

વિજાપુર
રઈસ સૈયદ સરકારી દવાખાના સામે, વિજાપુર, જિ. મહેસાણા.
મો. : ૯૮૨૫૪૬૨૫૨૧
સમય : સવારે ૧૦થી બપોર ૨

વિસનગર
ગુલામઅહેમદ મન્સુરી C/o. ફેન્સી ગાદલા ભંડાર મેઈન બજાર, વિસનગર.
મો : ૯૯૨૫૩૧૫૮૯૧
સમય : સવારે ૧૦થી સાંજે ૬

નાપા
સાબીરમીયાં એ.કાઝી, રીઝવાન ટેલલીકોમ સર્વિસ નાપા બસ સ્ટેન્ડ તા.બોરસદ જિ. આણંદ
મો : ૯૩૭૪૨૪૦૭૩૦
સમય : સવારે ૧૦થી સાંજે ૫

વિરમગામ
હાજી રઉફ યુ. તાઈ બોમ્બે ઓલ વેરાયટી માર્કેટિનંદન કોમ્પલેક્ષ,ભૂતીયા જીન બરફના કારખાનાની બાજુમાં, વિરમગામ.
મો : ૯૮૯૮૧૬૫૮૧૯
સમય : સવારે ૮ થી સાંજે ૬

જૂનાગઢ
એસ.આઈ.બુખારી મતવાવાડ, મસ્જિદ સ્ટ્રીટ, જૂનાગઢ.
મો. : ૯૮૯૮૦૭૮૬૭૨
સમય : બપારે ૪થી રાત્રે ૧૦

મોરબી
ગુજરાત ટુડે કાર્યાલય મહેબુબ કે. પીલુડીયા ૮, લાતી પ્લોટ સામે, મોરબી.
મો. : ૯૮૨૫૧૩૩૨૭૪
સમય : સવારે ૧૦થી સાંજે ૬

ટંકારીયા
મુસ્તાક અહેમદ દૌલા મુ.પો. ટંકારીયા તા.જિ.ભરૂચ
Mo.9998269539
સમય : સવારે ૧૦થી ૬

આણંદ
બુરહાન પઠાણ (ગુજરાત ટુડે) એસ-૨૧ મ્યુ. શોપિંગ સેન્ટર, ચર્ચ સામે, જૂના બસ સ્ટેન્ડ, આણંદ.
મો : ૯૩૨૮૫૧૨૦૬૬
સમય : બપોર ૩થી રાત્રે ૭.૩૦

મહેસાણા
હાજી નાથુભાઈ નાગોરી ગરીબ નવાઝ હાઈસ્કૂલ ચંદ્રોડા, તા.બહેચરાજી, જિ. મહેસાણા
મો.નં.૮૮૬૬૩૦૦૫૨૦
૯૮૨૫૦૩૨૭૫૦
સમય : સવારે ૧૦થી રાત્ર ૧૦

રાધનપુર
અબ્દુલ મુત્તલીબભાઈ વ્હોરા મંડી ચોક, રાધનપુર, જિ.પાટણ
મો: ૯૯૨૫૫૮૭૭૪૫
સમય : સવારે ૧૦થી સાંજે ૬

ધોલ
આસીફ અ.કાદર તકી ફતેપુરા, વાણીયા બોર્ડિંગ પાસે, ધ્રોળ-૩૬૧૨૧૦ (જિ.જામનગર)
મો.૯૮૨૪૪૭૬૫૫૫, ૭૭૭૯૯૨૩૭૮૬
સમય : સવારે ૧૦થી ૬

ટ્રસ્ટને દાનમાં મળેલી રકમ ઈન્કમટેક્ષની કલમ ૮૦-જી મુજબ કરરાહતને પાત્ર

પાલેજ
એયુબ મોદી, ઈમરાન મોદી રેલ્વે સ્ટેશન પાસે, મેઈન બજાર, પાલેજ, તા.જિ.ભરૂચ,
મો. ૯૮૯૮૬૨૦૮૬૧
સમય : સવારે ૧૦થી સાંજે ૭

નડિયાદ
સાદીકભાઈ વડતાલા હઝરત પાર્ક સોસાયટી બારકોશિયા રોડ નડિયાદ.
મો : ૯૦૧૬૧૫૦૪૪૩
સમય : સવારે ૯થી સાંજે ૬

સાવરકુંડલા
ઈદરિસ જાદવ કાઝીવાડ, ઈદરિસ મંઝિલ નદીનાકા, સાવરકુંડલા-૩૬૪૫૧૫ જિ.અમરેલી
Mo.૯૮૨૪૮૮૩૭૮૫
સમય : સવારે ૧૦થી ૬

ખેડા
ઈલ્યાય મેમણ
તવક્કલ સોસાયટી, HND સ્કૂલ પાસે ખેડા.
Mo.9228389746
સમય : સવારે ૧૦થી ૬

ખેરાલુ
ઈસ્માઈલ બી. સુમરા અભિયાન સાપ્તાહિક કાર્યાલય જુમ્મા મસ્જિદ પાસે, ખેરાલુ, જિ. મહેસાણા
મો. ૯૪૨૭૨૮૫૭૫૦
સમય : સવારે ૯થી સાંજે ૬

પાટણ
ઈલ્યુદીન સૈયદ (પીરઝાદા) મુલ્લાં બાકરની પોળ ઈકબાલ ચોક, પાટણ
મો: ૯૪૨૭૪૭૩૦૪૫
સમય : સવારે ૮થી સાંજે ૬

મેઘરજ
રહીમભાઈ બંગા ગ્રામ પંચાયત પાસે મેઘરજ
મો. ૯૪૨૮૨૩૯૭૪૭
૯૪૨૬૦૪૦૩૨૮
સમય : સવારે ૮થી સાંજે ૬

બીલીમોરા
મેમણ તારમોહંમદ અબુભાઈ મેમણ કોલોની દેસરા રોડ બીલીમોરા જિ.નવસારી
મો. ૯૭૧૨૮૩૭૮૬૦
સમય : સવારે ૮થી સાંજે ૬

ચેક/ડ્રાફ્ટ 'લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ'ના નામનો મોકલાવવો.

લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ
www.lokhitmovement.com

ગુજરાત ટુડે કમ્પાઉન્ડ 33/૧, શાહેઆલમ, અમદાવાદ ૩૮૦૦૨૮, ફોન : (૦૭૯) ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૮૮૨૫, ફેક્સ : (૦૭૯) ૨૫૩૫૮૦૬૦
www.gujarattoday.in E-mail : gujarattodayadmin@gmail.com

નોંધ : અત્યાર સુધી MBBS, એન્જિ.,ફાર્મસીસ્ટ વગેરે અભ્યાસ માટે કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ અપાઈ તે ટ્રસ્ટની વેબસાઈટ પર જોઈ શકોછો.

આપણે એવું વિચાર્યું હતું કે નફરત અને તિરસ્કાર આપણને તાકાત આપશે, પરંતુ...

માનવતાવાદી ફિલોસોફર કાર્લ કોપરના શબ્દોમાં કહીએ તો આપણે સહિષ્ણુતાના નામે અસહિષ્ણુને સહન નહીં કરવાના અધિકારનો દાવો કર્યો છે

(એજન્સી) તા.૧૦

ચૂંટણી પંચના સુપ્રીમ કોર્ટના વકીલ મોહિત રામે આ સપ્તાહે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે. તેમના રાજીનામા પત્રમાં એવું લખવામાં આવ્યું છે કે મારા મૂલ્યો ભારતના ચૂંટણી પંચની વર્તમાન કામગીરીને સુસંગત નથી એવું મને જણાવ્યું છે. હવે પ્રશ્ન એ છે કે ભારતના ચૂંટણી પંચના મૂલ્યો શું છે ? પ્રાથમિક રીતે જોઈએ તો ચૂંટણી પંચની બંધારણીય જવાબદારીઓ હોય છે. તેમાં કોઈ બાંધછોડ થઈ શકે નહીં.

વર્તમાન વિશ્વમાં ચૂંટણી પંચ રાજકીય માનસની મહત્વાકાંક્ષાને આગળ ધપાવવા માટે દેખીતી રીતે અસ્તિત્વ ધરાવતું હોય એવું લાગે છે. આથી એવી દલીલ થઈ શકે કે આપણા મૂલ્યો બેજવાબદારી હેઠળ દબાઈ ગયા છે. માત્ર ચૂંટણી પંચ જ એવી બંધારણીય સંસ્થા નથી કે જેની સામે વર્તમાન સમયમાં કામગીરી અંગે પ્રશ્નો ઊભા થયાં છે. લોકતંત્ર સ્વયં દબાણ હેઠળ છે. તેના મૂળ મૂલ્યો સામે સતત ખતરો છે.

ભારતની હાલની સ્થિતિને વર્ણવવા માટે અનિયંત્રિત અને નિષ્ફળ એવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ભારતીય આકાશ અત્યારે ચિત્તાની આગથી ઝળહળી રહ્યું છે. એ જ રીતે ભારતના રાષ્ટ્રીય પાટનગરનો સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પણ સંગીત અને પ્રકાશથી

ઝળહળી રહ્યો છે. તમે માત્ર તારણહારે આપેલા ખોટા વચનો અંગે રડી શકો છો. તારણહાર બીજાના દુ:ખ-દર્દ પર લોકપ્રિયતા માટે સવાર છે. માટે જ તો તમે તેમના વખાણ કર્યા હતા અને એટલા માટે જ ચૂંટણી પંચના વર્તમાન મૂલ્યો સામે પ્રશ્નો ઊભા થયા છે.

આપણી કરુણાંતિકા એ છે કે આપણા જે કંઇ પણ મૂલ્યો હોય તે તારણહાર અને તેમના માણસો અને તેમના મૂલ્યોની જાળમાં ફસાયાં છે. આપણે આગળ વધવાનો એક જ રસ્તો શીખવાનો છે પરંતુ આપણે કશું શીખ્યાં નથી, આપણે શીખવા પણ માગતાં ન હતાં અને આપણે નહીં શીખવાનું પસંદ કર્યું છે. આપણે એવું માનવા ઇચ્છતા હતા કે નફરત અને તિરસ્કાર તાકાત આપશે. આપણે અન્યના વિનાશમાં તાકાત અને સત્તા શોધીએ છીએ.

આપણી આજુબાજુ વિનાશક ઘોર નિરાશા છતાં જો આપણે નફરત અને અન્યોના દુ:ખ- દર્દ માટે મતદાન કરીએ તો આપણે શું શીખ્યાં ? આપણા ઉદ્ધારક કે તારણહાર આપણા કરતાં વધુ હોશિયાર હતાં. તેમણે સહિષ્ણુતાના વિચારને પોતાની સહિષ્ણુતામાં તરોડી મરોડીને રજૂ કરવા માટે ઉપયોગ કર્યો છે. આથી માનવતાવાદી ફિલોસોફર કાર્લ કોપરના શબ્દોમાં કહીએ તો આપણે સહિષ્ણુતાના નામે અસહિષ્ણુને સહન નહીં કરવાના અધિકારનો દાવો કર્યો છે. હજુ આ ખેલ પૂરો થયો નથી. આપણે આખરી ઉકેલ પર પહોચીએ તે પહેલા તેનો અંત લાવી શકીએ ખરા ?

બંગાળમાં પરાજય છતાં પૂર્વ ભારતમાં પોતાનું સામ્રાજ્ય વિસ્તારવાની ભાજપની હિલચાલ ચેતવણીની ઘંટડી સમાન છે

પ.બંગાળ, આસામ, કેરળ, તામિલનાડુ અને પુડુચેરીની વિધાનસભા ચૂંટણીના પરિણામોનું વિશ્લેષણ કરતાં લેખોનું તારણ

(એજન્સી) તા.૧૦

બંગાળમાં ભાજપનો પરાજય થવા છતાં ભાજપનું વિસ્તરણ ચેતવણીજનક છે. આ અંગે સ્ક્રોલ.ઈન ઈલેક્શન વોચમાં જુદા જુદા લેખકો અને પત્રકારો દ્વારા પ.બંગાળ, આસામ, કેરળ, તામિલનાડુ અને પુડુચેરીની વિધાનસભાઓની ચૂંટણીના પરિણામોનું વિશ્લેષણ કરતાં અનેક વાચવા યોગ્ય લેખ પ્રસિદ્ધ કરાયાં છે.

જેમ કે શોએબ દાનિયાલે પોતાના લેખમાં જણાવ્યું છે કે બંગાળમાં સાત કારણોસર મમતા બેનરજીને ભાજપને કચડી નાખવામાં સફળતા મળી હતી. ઈન્દ્રજીત રોયે ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીને આકાર આપનારા રાજકીય વિચારો અંગે પણ લેખ લખ્યો છે. ડઈઆ માટેની ટીમે આસામના પરિણામોનું પણ વિશ્લેષણ કર્યું હતું અને આ માટે અનેક ચાર્ટ રજૂ કરીને ચૂંટણીમાં કેટલી હદે ધ્રુવીકરણ થયું હતું અને મુસ્લિમોની ભૂમિકાની વાતો રજૂ કરાઈ છે.

રાહુલ વર્માએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કરિશ્મા પર વધુ પડતો આધાર રાખવાની ભાજપની રણનીતિની મર્યાદાઓ ઉઘાડી પાડી છે. ઐતિહાસિક રીતે ભાજપ કઈ રીતે અલગ તરી આવે છે અને અન્ય પક્ષોથી સ્વયંને કઈ રીતે અલગ પાડે છે તેના મૂળમાં બહુમતીવાદનો પ્રોજેક્ટ

રહેલો છે. પ.બંગાળમાં આ ટ્રેન્ડ ખાસ જોવા મળ્યો હતો જે ભાજપ માટે પણ ચેતવણીના ઘંટ સમાન છે.છેલ્લા સાત વર્ષમાં ભાજપનું વર્ચસ્વ હોવા છતાં રાજ્યની ચૂંટણીઓએ તેને કઈ રીતે પડકારી શકાય કે પરાસ્ત કરી શકાય તેના પર કેટલીક બ્લુ પ્રિન્ટ રજૂ કરી છે. આ અંગે પાંચ મોડલ જોવા મળ્યાં છે અને ૨૦૨૧માં પ.બંગાળે છઠ્ઠું મોડલ રજૂ કર્યું છે એવું આદિત્ય મેનને લખ્યું છે. સૌથી મહત્વનો ટ્રેન્ડ એ છે કે ચૂંટણીના વર્તમાન દૌરમાં ભાજપનું ક્રમશ: પૂર્વીય વિસ્તરણ સઘન બનતું જાય છે જે એક દાયકા પૂર્વે ઉત્તર, મધ્ય અને પ.બંગાળના પક્ષ તરીકે ઓળખાતો હતો. પરંતુ હવે ભાજપ પૂર્વમાં પગપેસારો કરીને પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા માગે છે.

વિશ્લેષકોના એક વર્ગે એવી પણ દલીલ કરી છે કે બંગાળમાં ટીએમસીનો શ્રેષ્ઠ દેખાવ અને ૪૮ ટકા વોટ્સ મળવાનું કારણ એ છે કે મુસ્લિમો ભાજપ સામે વધુ સગઠીત થયા છે. આ ચૂંટણીમાં મૂળભૂત રીતે કલ્યાણ અને વૈંગિક બાબતો પર આધારીત રાજકીય અપીલની તાકાત જોવા મળી છે જેના કારણે હિંદુ-મુસ્લિમ ધ્રુવીકરણ પ્રભાવિત થશે એવું નિલાંજન સીરકરે લખ્યું છે. તામિલનાડુમાં રોશન કિશોર અને અભિષેક ઝાએ લખ્યું છે કે એઆઇએડીએમકેની તરફેણમાં સત્તા તરફી પરિબળને કારણે આ પ્રકારના પરિણામો આવ્યાં છે.

આજે જ્યારે સમગ્ર વિશ્વ જોઈ રહ્યું છે ત્યારે ભારત ક્યાં સુધી મોતના સાચા આંકડા છૂપાવશે ?

કોરોનાથી થઈ રહેલા મોતના સાચા અને વાસ્તવિક આંકડા સરકાર રજૂ કરે તો કદાચ મહામારી રોકવામાં તે સહાયભૂત થઈ શકે છે ● કર્ણાટકે પણ જણાવ્યું છે કે તેની ૧૨૦૦ ટનની જરૂર સામે કેન્દ્ર તેને માત્ર ૯૬૨ ટન ઓક્સિજન આપે છે. કેન્દ્ર સરકાર એવો દાવો કરે છે કે ઓક્સિજનની તંગી નથી, વાસ્તવમાં આ વાત સત્યથી વેગળી છે

સમગ્ર દુનિયા આજે વિશ્વગુરૂને લઈને ચિંતિત છે કારણ કે કોરોના મહામારી સામે કામ લેવામાં આપણું ગેરવ્યવસ્થાપન આજે સમગ્ર દુનિયા સમક્ષ ઉઘાડું પડી ગયું છે. અમેરિકાના એક સ્વતંત્ર રીસર્ચ સેન્ટર ધી ઈન્સ્ટીટ્યૂટ ઓફ હેલ્થ મેટ્રીક્સ એન્ડ ઈવેલ્યુએશનનું કહેવું છે કે આગામી ચાર મહિનામાં એટલે કે સપ્ટે. સુધીમાં ભારતમાં વધુ ૧૦ લાખ લોકો કોરોનાના કારણે જીવ ગુમાવશે.

રિસર્ચ સેન્ટરે સરકારી આંકડાઓના આધારે આ અનુમાન કર્યું છે. જો કે ધમધમતા સ્મશાનો અને અખબારોમાં પ્રસિદ્ધ થતાં સમાચારોને જોતાં સરકારી આંકડાઓ પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે. હજું હમણા જ ૬, મેના રોજ ગુજરાતના એક અખબારે એવા સમાચાર પ્રસિદ્ધ કર્યા હતાં કે રાજ્યના સાત મોટા શહેરો-અમદાવાદ, સુરત, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગરમાં છેલ્લા એક મહિના દરમિયાન કોવિડ પ્રોટોકોલ મુજબ ૧૭૮૨૨ શબોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં હતાં જ્યારે સરકારી આંકડા અનુસાર રાજ્યમાં આ દરમિયાન ૧૭૪૫ના મૃત્યુ કોરોનાથી થયા છે, એટલે કે અસલી આંકડાની આ માત્ર ૧૦ ટકા જ સંખ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ૧૦ શહેરોમાં ગુજરાતની ૧/૩ કરતાં પણ ઓછી વસ્તી રહે છે. ગામડાઓમાં તો આવા ટેસ્ટ કરાવનાર અને સારવાર કરાવનાર લોકોની સંખ્યા ઘણી ઓછી છે. જો કે આ વાત માત્ર એકલા ગુજરાતની નથી. ૩, મેના રોજ અખબારોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારમાં એવું જણાવાયું હતું કે ભોપાલમાં સરકારી આંકડાઓ અનુસાર ૧૦૪ લોકોના મૃત્યુ થયાં હતાં જ્યારે સ્મશાનો દ્વારા પ્રાપ્ત થતી માહિતીમાં એવું જણાવાયું છે કે સ્મશાનમાં કુલ ૩૮૦૦ લોકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં હતાં અને તેમાંથી ૨૫૫૭ લોકોના મૃત્યુ કોરોનાથી થયાં હતાં.

આવા જ આંકડા હરિયાણા અને બેંગ્લુરુના છે કે જ્યાં સરકારના આ સ્મશાનના તેમજ કોવિડ પ્રોટોકોલ પ્રમાણે કરાયેલ અંતિમ સંસ્કારના આંકડા વચ્ચે મેળ ખાતો નથી. આથી તેની આપણે ઉપેક્ષા કરીએ તો પણ જે આંકડા સરકાર રજૂ કરી રહી છે તેનાથી બમણા કે ત્રણ ગણા માની શકાય. સરકારી આંકડામાં કોરોનાના મૃત્યુની સંખ્યા ભલે ૨.૩ લાખ હોય, વાસ્તવમાં આ સંખ્યા પથી ૭ લાખ વચ્ચે

છે જે વિશ્વમાં સૌથી વધુ છે. તેનાથી કોઇ આશ્ચર્ય થવું જોઇએ નહીં કારણ કે દેશભરમાં સળગી રહેલી ચિતાઓની હૃદયવિદારક તસવીરો આખી દુનિયા જોઇ રહી છે. આંકડાની હેરાફેરી માત્ર સરકારી સ્તરે જ થઇ રહી છે એવું નથી. એવું એટલા માટે થઇ રહ્યું છે કારણ કે મોટા ભાગના લોકોના મૃત્યુ ઘરે થયાં છે કેમ કે તેમને સમયસર મેડિકલ સુવિધા કે સારવાર મળી શકી નથી અથવા તો તેઓ સારવારનો ખર્ચ વહન કરી શકે તેમ ન હતાં અથવા તો તેમનું ટેસ્ટીંગ જ કરવામાં આવ્યું ન હતું. બીજી વાત એ છે કે કોઇનું પણ મૃત્યુ કઇ રીતે થયું તે સરકાર અને ડેથ સર્ટિફીકેટ બનાવનાર પર આધાર રાખે છે. કોઇ પણ એવી વ્યક્તિ કે જેનું મૃત્યુ થયું અને જો તેને કોઇ અન્ય બીમારી હતી તો તેના મૃત્યુ માટે અન્ય કોઇ પણ કારણ લખી શકાય છે. પરંતુ આંકડાને છૂપાવવા અથવા નહીં બતાવવા અથવા તો સ્થિતિ ગંભીર છે એવું નહીં બતાવવાથી આપણા તમામ માટે ખતરો વધી જાય છે. જો તમે લોકોનો રીકવરી રેટ સારો અને સુધારા પર છે એવા બકવાસ આંકડા આપતાં રહેશો તો લોકો વધુ લાપરવાહ અને બેપરવાહ બની જશે અને માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ જેવા નિયમોનું પાલન નહીં કરે પરંતુ જો તેમને એવું બતાવવામાં આવે કે અગાઉ કરતાં મૃત્યુ વધુ થઇ રહ્યાં છે અને સંક્રમણ વધુ થઇ રહ્યું છે તો લોકો ડરીને પણ કમસેકમ પોતાની સુરક્ષા અંગે વિચારશે. બીજું કારણ ઓક્સિજનનો અભાવ છે. દિલ્હી પછી હવે ગુજરાત અને કર્ણાટક જેવા ભાજપશાસિત રાજ્યો પણ કહે છે કે તેમને મોદી સરકાર જરુર પ્રમાણે ઓક્સિજન ઉપલબ્ધ કરાવતી નથી. ગુજરાતે જણાવ્યું છે કે તેને હાલ પ્રતિ દિન ૧૪૦૦ ટન ઓક્સિજનની જરુર છે અને ૧૫, મે સુધીમાં આ જરુર વધીને ૧૬૦૦ ટન પણ થઇ શકે છે.

પરંતુ તેને અત્યારે માત્ર ૭૯૯ ટન જ ઓક્સિજન મળે છે. કર્ણાટકે પણ જણાવ્યું છે કે તેની ૧૨૦૦ ટનની જરુર સામે કેન્દ્ર તેને માત્ર ૯૬૨ ટન ઓક્સિજન આપે છે. કેન્દ્ર સરકાર એવો દાવો કરે છે કે ઓક્સિજનની તંગી નથી, વાસ્તવમાં આ વાત સત્યથી વેગળી છે. આપણે આવું ન કરવું જોઇએ કારણ કે જૂઠું બોલીને અથવા સત્યથી મોં ફેરવી લઇને આપણે આપણા માટે જ મુશ્કેલી ઊભી કરી શકીએ છીએ. ત્રીજી વાત વિશ્વસનીયતાની છે. સમગ્ર દુનિયા ભારતના સરકારી આંકડાઓ પર એવું કહી રહી છે કે તેના પર વિશ્વાસ મૂકી શકાય તેમ નથી અને સમગ્ર દુનિયાને આના માટે દોષિત ગણી શકાય નહીં કારણ કે મીડિયા જે આધારે રિપોર્ટ કેર છે તે સત્ય છે. આમ પણ ભારતની છબીને સારું એવું નુકસાન થઇ ચૂક્યું છે.

હવે થશે શું કે કેટલાક વધુ દેશો પોતાને ત્યાં ભારતીયોના આગમન પર પ્રતિબંધ લગાવી દેશે. અગાઉ પણ કેટલાય દેશો આવું કરી ચૂક્યાં છે. જ્યારે આ લહેર અટકી જશે અને બીજી લહેર શરુ થશે તો દુનિયા સ્વયં આ આંકડા દેખાડશે અને તેનું વિશ્લેષણ કરીને કોઇને કોઇ નિષ્કર્ષ પર પહોંચશે તેનાથી ભારતીયોને બીજા દેશોમાં વર્ક વિઝા મેળવવામાં મુશ્કેલી પડશે. અલગ અલગ દેશમાં રહેતા પરિવારોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડશે. એટલા માટે જરુરી છે અને આપણા હિતમાં પણ છે કે આપણે સક્રિયતા સાથે મૃત્યુના સાચા આંકડા રજૂ કરીએ અને જો આવું કરવામાં આવશે તો કદાચ આ મહામારીને રોકવાની દિશામાં આ પ્રથમ પગલુ હશે. આમ જ્યારે આજે સમગ્ર વિશ્વ જોઇ રહ્યું છે ત્યારે ભારત ક્યાં સુધી મોતના સાચા આંકડા છૂપાવશે ?

- આકાર પટેલ

(સૌ. : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા.કોમ)

કેરળમાં ડાબેરીઓના વિજય પાછળ ભાજપની ગોપનીય ભૂમિકા

કોંગ્રેસમુક્ત ભારતનું સપનું સાકાર કરવા માટે ભાજપે કોઈ કસર બાકી રાખી નથી અને આ લક્ષ્યાંક સિદ્ધ કરવા ભાજપને કોઈપણ પક્ષ સાથે ગઠબંધન કે સિક્રેટ ડીલ કરવા માટે કોઈ ખચકાટ નથી

(એજન્સી) તા.૧૦

કોંગ્રેસને હરાવવા માટે કોઈ પણ કસર નહીં છોડનાર ભગવા પક્ષને આ હેતુ માટે કોઈની પણ જોડે ગઠબંધન કરવા સામે કોઈ છોછ કે ખચકાટ નથી. કાશ્મીરમાં મુફ્તી મોહંમદ સૈયદના વડપણ હેઠળના પક્ષ પીડીપી સાથે સંઘ પરિવારના નામચીન ગઠબંધનથી આ વાત સ્પષ્ટ થઈ હતી.

આ બાબતને જોતાં કેરળ વિધાનસભા ચૂંટણીમાં સીપીએમનો ઐતિહાસિક વિજય એ સંઘ પરિવારના બળો માટે મોટી ડીલ નથી. તાજેતરમાં જ્યાં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ તે પાંચ રાજ્યો પૈકી કેરળ એક માત્ર એવું રાજ્ય હતું કે જેમાં કોંગ્રેસ પક્ષનો મજબૂત સંગઠન આધાર હતો અને સત્તા પર આવવાની શક્યતા હતી. અગાઉ કેરળમાં વાઈનાડની બેઠક પરથી કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી ચૂંટાયાં હતાં અને તેથી મોદી-શાહની જોડીએ કેરળમાં કોંગ્રેસને પરાજિત કરવા બાયો ચડાવી હતી.આ માટે તેમની એક રણનીતિ શત્રુના શત્રુ સાથે હાથ મિલાવવાની હતી. સીપીએમએ સંઘ પરિવાર સાથે પ્રથમવાર હાથ મિલાવ્યાં હતાં એવું નથી. તેમનું જોડાણ ૧૯૭૭થી શરુ થયું હતું. પી વિજયન માટે પોતાની સરકાર ટકી રહે એ જરુરિયાત હતી કારણ કે તેઓ સોનાની દાણચોરી અને લવાલીન જેવા કેસોમાં સ્વયંને સુરક્ષિત કરવા માગતાં હતાં. આથી

ચૂંટણીના પરિણામોમાં સીપીએમ અને ભાજપ વચ્ચે ગુપ્ત પારસ્પારિક સમજૂતી પ્રદર્શિત થઈ હતી. સીપીએમ અને ભાજપ વચ્ચેની સમજૂતી ઘણા લાંબા સમય પહેલા શરુ થઈ હતી. આ ઉપરાંત મુખ્ય પ્રધાન પી વિજયને વડાપ્રધાન મોદીના વખાણ કરવાની એક પણ તક છોડી ન હતી. રસપ્રદ વાત એ છે કે કન્નૂર એરપોર્ટના સત્તાવાર ઉદ્ઘાટન પૂર્વે ગૃહ પ્રધાન અમિત શાહ માટે સરકારે લાલ જાજમ બિછાવી હતી.

ચૂંટણીના થોડા દિવસો પૂર્વે આરએસએસના વિચારક આર બાલાશંકરે પણ એવું જાહેર કર્યું હતું કે અનેક મતક્ષેત્રોમાં સીપીએમ અને ભાજપ વચ્ચે ગુપ્ત ડીલ થઈ હતી. મુખ્ય પ્રધાન પી વિજયન અને આધ્યાત્મિક માર્ગદર્શક શ્રી એમ વચ્ચે થયેલ ચર્ચાના સમાચારો અંગે પણ ખુલાસો માગવો જોઈએ. શ્રી એમને ૧૦ વર્ષ માટે તિરુવન્તમપુરમમાં ૪ એકર જમીન ભાડાપટ્ટે આપવાના એલડીએફ સરકારના નિર્ણયના પગલે ચૂંટણી પૂર્વે સીપીએમ અને આરએસએસ વચ્ચે સાંઠગાંઠ હોવાનો શક ઊભો થયો હતો.

દરમિયાન ચૂંટણી પહેલા મોદીના મૂડીવાદી મિત્ર ગૌતમ અદાણીએ કન્નુરમાં પી વિજયન સાથે રહસ્યમય બેઠક કરતાં આ ગુપ્ત ડીલ વચ્ચેની શંકા પાકી થઈ હતી. આ ડીલ પ્રમાણે ચૂંટણીના દિવસે અનેક મતક્ષેત્રોમાં ભાજપના કાર્યકરો મોટા પાયે નિષ્ક્રિય રહ્યાં હતાં અને તેથી કેરળમાં ડાબેરીઓનો વિજય સુનિશ્ચિત થયો હતો.

મોદી સરકારની તવાઈથી NGOની કામગીરી ખોરંભે : મહામારી રાહત કાર્યો પ્રભાવિત

૨૦૧૧ અને ૨૦૧૯ વચ્ચે ૨૦૭૬૫ NGOના FCRA રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા હતા. ૨૦૧૪થી ૧૬૭૪૬ NGOના (૮૧ ટકા) રજિસ્ટ્રેશન રદ કરાયા છે

(એજન્સી) તા.૧૦

ગ્રીનપીસ અને એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ જેવા એનજીઓ કે કેથલિક રીલીફ સોસાયટી અથવા કેરીટાસ જેવા એનજીઓને પણ નિયંત્રિત નિયમો, ઈન્સ્પેક્શન, બ્લેક લિસ્ટ અને ગ્રાન્ટ રિલીઝ કરવામાં વિલંબ જેવા અનેક અંકુશોનો સામનો કરવો પડ્યો છે અને તેના માઠા પરિણામો ભોગવવા પડ્યાં છે. ઘણા એનજીઓ સામે ફોજદારી કેસ પણ દાખલ કરવામાં આવ્યાં છે. કેટલાકની ઉપજાવી કાઢેલા આરોપસર ધરપકડ કરવામાં આવી હતી અને તેમની જંદગી નાશ પામી હતી.વિદેશથી આવતાં દાનની ચકાસણી કરવામાં આવે છે અને એનજીઓને વાસ્તવિક કામ કરવાના બદલે પેપર વર્ક પાછળ વધુ સમય ખર્ચવો પડે છે. સંશોધન અને ડેટા કલેક્શન પ્રભાવિત થયું છે. કેટલા એનજીઓ બંધ કરી દેવામાં આવ્યાં છે અને તેની સાથે કામ કરતાં કેટલા લોકોએ નોકરીઓ અને આજીવિકા ગુમાવી છે તેની કોઈને ખબર નથી. સામુદાયીક સેવાને

હંમેશા કેટલાક અણગમા અને શક સાથે જોવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થિતિ વધુ મુશ્કેલ બની ગઈ છે.

છૂટાછવાયા પુરાવા પરથી છેલ્લા સાત વર્ષમાં એવું બહાર આવ્યું છે કે આરએસએસ સાથે સંલગ્ન એનજીઓને સરકાર તરફથી વધુ સહયોગ મળે છે અને કોર્પોરેટ બોડીઝના સીએસઆર ફંડને તેમના તરફ ડાયવર્ટ કરવામાં આવે છે, પરંતુ પારદર્શિતા અને સ્વતંત્ર સોશિયલ ઓડિટના અભાવે આ સેક્ટરનું નાણાકીય ભંડોળ અને નાણાકીય સ્વાસ્થ્ય રહસ્યથી ઘેરાયેલ છે અને સરકારના આપખુદી નિર્ણય પર આધારીત છે. સ્વૈચ્છિક અને નોન-પ્રોફીટ વર્કર્સ દર્શાવે છે કે એનજીઓ સેક્ટરની કોર્પોરેટ સેક્ટર સાથે તુલના થઈ શકે નહીં. પરંતુ મોદી સરકારે આ પ્રકારની મેનેજમેન્ટ પ્રેક્ટીશ દ્વારા એનજીઓને તેમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે.

મોદી સરકાર દ્વારા આ પ્રકારે થતી કનડગતને કારણે એનજીઓની કામગીરી ખોરંભે પડી છે અને ખાસ કરીને મહામારીના રાહત કાર્યો પ્રભાવિત થયાં છે. ૨૦૧૧ અને ૨૦૧૯ વચ્ચે ૨૦૭૬૫ એનજીઓના એફસીઆરએ રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યાં હતાં. ૨૦૧૪થી ૧૬૭૪૬ એનજીઓના (૮૧ ટકા) રજીસ્ટ્રેશન રદ કરાયાં છે. ૨૦૧૫માં જ રીટર્ન અને અન્ય પેપર્સ સમયસર ફાઈલ નહીં કરવા બદલ અથવા એકાદ બે દસ્તાવેજો ખૂટતાં હોવાથી ૧૦૦૦૦ કરતાં વધુ એનજીઓએ તેમના એફસીઆરએ રજીસ્ટ્રેશન ગુમાવ્યાં છે. નવા નિયમોથી બાંધકામ, કાનૂની અને બંધારણીય સાક્ષરતા, સહભાગી સંશોધન અને ગ્રામીણ સશક્તિકરણ યોજનાઓ ખરાબ રીતે પ્રભાવિત થઈ છે.

સુરતમાં કોરોનાના નવા ૩૫૦ કેસો નોંધાયા નાનપુરામાં પુરૂષ અને ઉમરામાં મહિલાનું મોત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

સુરતમાં કોરોના કેસમાં હવે ઘટી રહ્યા છે અને તેની સામે સાજા થતા દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. જે પણ નવા ૩૫૦ કેસ નોંધાયા છે જેમાં સુરત શહેરમાં ૨૧૯ કેસની સામે ૩૧૫ દર્દીઓ સાજા થતા ડિસ્ચાર્જ થયા છે અને શહેરમાં રીકવરી રેટ વધીને ૮૮.૫૧ ટકા થયો છે. મનપાના આરોગ્ય વિભાગના સુત્રોએ આપેલી માહિતી મુજબ શહેરમાં નવા ૨૧૯ પોઝિટિવ કેસ નોંધ્યા છે. અને તેની સામે ૩૧૫ દર્દીઓ સાજા થતા ડિસ્ચાર્જ કરવામાંશ્ચ આવ્યા છે પરંતુ ઉમરાની ૬૫ વર્ષીય મહિલાનું સ્મીમેર હોસ્પિટલમાંશ્ચ અને નાનપુરાના ૫૭ વર્ષીય પુરુષનું મિશન હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. સુરત શહેરના અત્યાર સુધીની વાત કરવામાં આવે તો કુલ પોઝિટિવ કેસનીસંખ્યા ૧,૦૧,૩૧૪ ઉપર પહોંચી ગઈ છે અને મરણાંક ૧૫૦૩ થયો છે. જયારે ડિસ્ચાર્જ ૮૯,૮૦૦ અને રીકવરી રેટ ૮૮.૫૧ ટકા થયો છે. જયારે જિલ્લામાં બપોર સુધીમાં ૧૩૧ કેસ નોધાયા છે જે સાથે કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૭,૮૦૭ અને મરણાંક ૩૮૨ થયો છે જયારે ડિસ્ચાર્જ ૨૩૯૫૦ થયો છે. આમ શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૧,૨૯,૧૨૧ અને મરણાંક ૧૮૮૫ થયો છે.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે રેશ્મા પટેલના આમરણાંત ઉપવાસ શરૂ

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢની સિવિલ હોસ્પિટલ તેમજ જૂનાગઢ જિલ્લાની કોવિડ હોસ્પિટલોમાં દર્દી માટે સુવિધા વધારવામાં ન આવતા આજથી એનસીપી મહિલા પ્રદેશ પ્રમુખ જૂનાગઢની સિવિલ હોસ્પિટલ ખાતે આમરણાંત ઉપવાસ ઉપર ઊતરી ગયેલ છે. એનસીપી મહિલા પ્રદેશ પ્રમુખ રેશ્મા પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને પત્ર પાઠવી જૂનાગઢ શહેર, જિલ્લાની સિવિલ હોસ્પિટલ, પીએચસી, સીએચસી તેમજ કોવિડ કેર સેન્ટરમાં કોરોના દર્દી માટે યોગ્ય સારવાર સુવિધા ઊભી કરવા માંગ કરાઈ હતી. ૧૦ દિવસ પહેલા પત્ર લખી જાણ કરાઈ હતી અને જો ૧૦ દિવસમાં યોગ્ય સુવિધા ઊભી નહી થતાં આજથી આમરણાંત ઉપવાસ ચાલુ કરેલ છે. તેમજ જ્યાં સુધી માંગણીઓનો લેખિત સ્વીકાર ન થાય ત્યાં સુધી જૂનાગઢ સિવિલ હોસ્પિટલે છાવણી નાંખી આમરણાંત ઉપવાસ ચાલુ રાખવામાં આવશે.

સુરતના સિટીલાઈટમાં ગર્લફ્રેન્ડની મજાક કરનાર સિક્યુરિટી ગાર્ડને મિત્રએ જ પતાવી દીધો

ડિંડોલીમાં ધંધાની હરીફાઈમાં યુવક પર ચપ્પુથી હુમલો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

સિટીલાઈટ વિસ્તારમાં આવેલ મહારાજા આર્કેડના પાર્કિંગમાં મોડીરાત્રે બે વોચમન મિત્રો સાથે જમવા માટે બેઠા હતા. આ સમયે બંને વચ્ચે મજાક મસ્તીમાં ગર્લફ્રેન્ડની વાત નીકળી હતી. જેમાં બંને વચ્ચે બોલાચાલી થતા ઝઘડો થયો હતો. જેમાં એકે ઉશ્કેરાયને લોખંડનો સળીયો મિત્રને મારી દેતા સામે ઈજાગ્રસ્તે તેના મિત્રને પેટના ભાગે તથા હાથના ભાગે ઉપરાછાપરી ચપ્પુના ઘા ઝીકી દેતા બંને લોહીલુહાણ થઈ ઢળી પડયા હતા. બંને વચ્ચેની મારામારીમાં એક મિત્રને ગંભીર ઈજા થવાના કારણે તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવને પગલે ઉમરા પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે સિટીલાઈટ રોડ પર આવેલ નવમંગલ કોમ્પ્લેક્ષમાં રહેતો ૨૨ વર્ષીય અનિલ યાદવ મૂળ યુપીનો વતની છે. અને હાલમાં તે નવમંગલ કોમ્પ્લેક્ષમાં જ વોચમેન તરીકે ફરજ બજાવે છે. તેમની સાથે તેનો ૧૦ વર્ષ જૂનો મિત્ર બિરજુ ગુમાન ઠાકુર જે મૂળ એમપીનો વતની છે. તે મહારાજા આર્કેડના પાર્કિંગમાં વોચમેન તરીકે ફરજ બજાવે છે. અનિલ,બિરજુ અને ઉમેશ ત્રણેશ્ચય મિત્ર મહારાજા આર્કેડમાં બિરજુની ઓફિસમાં જમવા માટે બેઠા હતા. ત્યારે ત્રણેય મિત્રો મજાક મસ્તી કરતા હતા. જેમાં અનિલ યાદવે મજાક મસ્તીમાં બિરજુને તેની ગર્લફ્રેન્ડ વિશે પૂછ્યું હતું. જેથી બિરજુએ વાત પડતી મુકવા કહ્યું હતું. પરંતુ ત્યારબાદ પણ અનિલે બિરજુને તેની ગર્લફ્રેન્ડ વિશે મજાકમસ્તી કરતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. બોલાચાલી દરમિયાન બિરજુ એકદમ ઉશ્કેરાઈ અનિલે તેની પાસેનો લોખંડનો સળીયો બિરજુના માથામાં મારી દેતા તે લોહીલુહાણ થઈ ગયો હતો. જેથી આખરે બિરજુએ તેની પાસેનું ચપ્પુ કાઢી અનિલને પેટના ભાગે તથા હાથના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. જેથી તે પણ લોહીલુહાણ થઈ ઢળી પડ્યો હતો. બનાવની જાણ થતાં જ ઉમરા પોલીસ ઘટના સ્થળે આવી હતી. અનિલને ગંભીર ઈજા થવાના કારણે તેનું મોત નીપજ્યું હતું જયારે બિરજુને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલ તો પોલીસે આ કેસમાં બિરજુ સામે હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજો બનાવ બાપાસીતારામ ચોક મોહનદીપ સોસાયટીમાં રહેતા ઈસ્લામ ખલીલ રાઈન (૩.વ.૨૫) કેરીના ધંધા સાથે સંકળાયેલા છે. ઈસ્લામનો ભાણેજ હસીબ કતારગામ કાંસાનગર મગન વલ્લભની વાડી સામે જાહેર રોડ ઉપર કેરી વેચવા બેઠો હતો તે વખતે અમરોલી ખાતે રહેતો હકમા ઉર્ફે મનોજ ત્યાં આવી હસીબને કેરીના કેરેટ હટાવી લેવા કહેતા હસીબે તેને આજુબાજુ ઘણી જગ્યાઓ ખાલી છે બીજીબાજુ બેસીને ધંધો કર હોવાનુ કહેતા તે ઉશ્કેરાયો હતો અને કમરના ભાગમાંથી ચપ્પુ કાઢી હસીબને ગળાના ભાગે હુમલો કરી ઈજા પહોંચાડી નાસી ગયો હતો. હસીબ રાઈનને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે પોલીસે ઈસ્લામ રાઈનની ફરિયાદ લઈ હકમા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજસ્થાનમાં ૧૪ દિવસ લોકડાઉન ગુજરાતની તમામ સરહદ સીલ

RT-PCR ટેસ્ટ નેગેટીવ નહીં હોય તો ૧૪ દિવસ ક્વોરન્ટાઈન રહેવું પડશે

મોડાસા, તા.૧૦

રાજસ્થાનમાં સતત વધી રહેલા કોરોના સંક્રમણને લઈ રાજસ્થાન સરકારે સમગ્ર રાજયમાં ૧૪ દિવસના લોકડાઉનની જાહેરાત કરી છે. કોરોનાની બીજી લહેર ઘાતક પુરવાર થતા કોરોનાની ચેઈન તોડવા જરૂરી બનતા રાજસ્થાન સરકારે આવતીકાલ ૧૦ મેથી ૨૪ મે સુધી ૧૪ દિવસનું લોકડાઉનનો આદેશ કર્યો છે, જેના પગલે રાજયની સરહદો પણ સીલ કરી દેવામાં આવી છે તેમજ અતિ આવશ્યકતા વાળાઓને જરૂરી દસ્તાવેજો ચકાસીને જ રાજસ્થાનમાં પ્રવેશ અપાશે અને તેમાં પણ ખાનગી વાહનોમાં જતા મુસાફરોએ પોતાના કોરોનાના RT- PCR ટેસ્ટ નેગેટિવ બતાવા ફરજિયાત કરવામાં આવ્યા છે. રાજસ્થાનમાં પ્રવેશ મેળવનાર વ્યક્તીએ ૧૪ દિવસ ફરજિયાત હોમ ક્વોરન્ટાઈન રહેવું પડશે. હાલ તમામ સરહદો પર રાજસ્થાન પ્રશાસને ટીમો તૈનાત કરી રાજસ્થાનમાં પ્રવેશ કરતા વાહનચાલકોનું સઘન ચેકીંગ હાથ ધર્યું છે. જો કે વાહનોનો ટ્રાફિક પણ નહીવત જોવા મળ્યો હતો.

રાજસ્થાન રાજયને અડીને આવેલ તમામ આંતરરાજય સરહદો સીલ કરી દેવામાં આવી છે. એટલુ જ નહીં રાજસ્થાન રોડવેઝની એસ.ટી બસ તેમજ ગુજરાત એસ.ટી નિગમની બસોને પણ પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

શહેરા વાઘજીપુર ચોકડી નજીક જેસીબીની ટક્કરે પત્રકાર જીગ્નેશ શાહનું મોત

શહેરા, તા.૧૦

શહેરા વાઘજીપુર ચોકડી પાસે બાઈક લઈને પોતાના ઘરે ગોધરા તરફ જતા પત્રકારને રોંગસાઈડ આવતા JCB સાથે અકસ્માત થતા ઘટના સ્થળે મોત નીપજ્યુ હતું. જેસીબી ચાલક વાહન મૂકીને ઘટના સ્થળેથી ફરાર થઈ જતાં પોલીસે કાર્યવાહી હાથધરી હતી. જ્યારે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. પરિવારજનોના હૈયાફાટ રૂદનથી વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી. પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર શહેરામા પત્રકાર તરીકે ફરજ બજાવતા જીગ્નેશકુમાર શાહ પોતાની બાઈક પર ઘરે જતા હતા તે સમયે વાઘજીપુર ચોકડી પાસે રોંગસાઈડ અને ગફલતભરી રીતે ચલાવીને આવતા જેસીબી મશીનના ચાલકે જીગ્નેશકુમાર શાહની બાઈકને અકસ્માત કર્યો હતો. અકસ્માત થતા જીગ્નેશ શાહને શરીરના ભાગે નાની મોટી ઈજા થતા ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યુ હતું. ઘટના સ્થળે આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. અકસ્માત કરીને જેસીબી ચાલક સ્થળ પર જેસીબી મૂકીને ફરાર થઈ ગયો હતો. પરિવારજનોએ જેસીબી ચાલક સામે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જીગ્નેશ શાહના નિધનના કારણે પત્રકારઆલમમાં શોક વ્યાપી ગયો હતો. આ અકસ્માતમાં એક પરિવારના મોભી છીનવાઈ જતા શાહ પરિવારની આંખમાંથી આંસુ રોકાતા ન હતા.

(તસવીર : બસીર અન્સારી, શહેરા)

પાવીજેતપુરમાં આજથી વિનામૂલ્યે કોરોના રેપિડ ટેસ્ટિંગ કેમ્પનું આયોજન

પાવીજેતપુર, તા.૧૦

પાવીજેતપુર ગ્રામ પંચાયતના સરપંચ મોન્ટુ શાહના જણાવ્યા મુજબ દિવસે દિવસે કોરોના ની સ્થિતિ વધુ ભયંકર રૂપ ધારણ કરી રહી છે ત્યારે વધુ ને વધુ કોરોના ટેસ્ટિંગ થાય અને લોકો સજાગ બની કોરાના ને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુસર ૧૧મી મે થી ૧૩ મે સુધી ત્રિદિવસીય વિનામૂલ્યે કોરોના રેપિડ ટેસ્ટિંગ મેઘાકેમ્પનું આયોજન પાવીજેતપુર સબસેન્ટર બ્લોક હેલ્થ ઓફિસ, નવા બાગ પાસે કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા સુધી તાલુકાની જનતાનું વિનામૂલ્યે રેપિડ ટેસ્ટિંગ કરવામાં આવનાર છે.

તો જે લોકોને શરદી-ખાંસી-તાવ-શરીર દુખવું-ઝાડા થવા- જમવામાં ટેસ્ટ જવો-સુગંધ જવી જેવા લક્ષણો ધરાવતા તાલુકાના તમામ લોકો વેળાસર અચુક ટેસ્ટીંગ કરાવે તે ખૂબ જરૂરી થઈ જવા પામ્યું છે.

સાથે સાથે ટેસ્ટીંગ કીટોનું લોકભાગીદારી થકી આયોજન કરવામાં આવ્યું છે અને આરોગ્ય વિભાગ, પાવીજેતપુરની ટીમ દ્વારા ટેસ્ટીંગ કરવામાં આવનાર છે. જે મુજબ દાન-લોક ભાગીદારી વધુ મળશે તે મુજબ કેમ્પ લંબાવવામાં આવશે. જે કોઈને આત્માને આ કામમાં દાન આપી મદદ કરવી હોય તો ગ્રામ પંચાયતનો સંપર્ક કરે તેમ ગ્રામ પંચાયતના લાઉડ સ્પીકરથી સમગ્ર ગામમાં સુચના આપવામાં આવી હતી.

આમ, પાવીજેતપુર તાલુકાની જનતા માટે ગ્રામ પંચાયતે આરોગ્ય વિભાગ પાવીજેતપુર તેમજ લોકભાગીદારીની મદદથી ત્રિદિવસીય વિનામૂલ્યે કોરોના રેપિડ ટેસ્ટિંગ મેઘાકેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લા જેલમાં પાકા કામના વયોવૃદ્ધ કેદીનું કોરોનામાં મોત

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લા જેલ ખાતે ૭૦ વર્ષીય પાકા કામના કેદીનો કોરોના એ ભોગ લેતા સજામાંથી મુક્ત થયો હતો, નેગોશિયેબલ કેસમાં બાબરની કોર્ટે બે વર્ષની સજા ફટકારતા એક મહિના પહેલા જ અમરેલી જિલ્લા જેલમાં પાકા કામના કેદી તરીકે જેલમાં આવ્યો હતો, જયારે જેલનો એક અન્ય કેદી પણ હોસ્પિટલમાં સારવારમાં છે પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલી જિલ્લા જેલમાં ગઈકાલે એક ૭૦ વર્ષીય પાકા કામના કેદીનું કોરોનાના કારણે અમરેલી સિવિલ હોસ્પિટલમાં આઈસીયુ વિભાગમાં મોત નીપજ્યું હતું, બાબરાના સુકવાળા ગામનો રહેવાસી કેશવ કુકાભાઈ રાઠોડ (ઉ.વ-૭૦)ને ગત તા.૭/૪/૨૧ના રોજ બાબરા જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટે એ નેગોશિએબલ એક્ટના કેસમાં આરોપીને ૨ વર્ષની સજા ફટકારી હતી અને ગત તા.૭/૪/૨૧ના રોજ અમરેલી જિલ્લા જેલમાં પાકા કામના કેદી તરીકે આવેલ હતો. જેલમાં આવ્યાના એક મહિનામાં જ તા.૭/૫/૨૧ના રોજ બીમાર પડતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડેલ હતો જ્યાં આરટીપીસીઆર રિપોર્ટ કરતા પોઝિટિવ આવતા કોવિડ વોર્ડમાં રાખેલ અને વધુ તબિયત લથડતા આઈસીયુમાં વેન્ટિલેટર ઉપર રાખેલ હતા પરંતુ આ કેદીનું મોત થયું હતું. આ કેસની તપાસ કરતા સીટી પીઆઈ ચૌધરી એ જણાવ્યું હતું કે કેદીને શ્વાસની બીમારી હોઈ અને સાથે ન્યુમોનિયા થઈ જતા સારવાર કારગત નીવડેલ ન હતી, જેલ સુપ્રિટેન્ડેન્ટ ઝાલાને અન્ય કેદીઓને કોરોના છે કે નહીં તે બાબતે પુછતા તેઓએ જણાવ્યું હતું કે હાલમાં એક કેદી હોસ્પિટલમાં કોરોના સારવાર હેઠળ છે અને થોડા દિવસો પહેલા ૩૧ જેટલા કેદીને કોરોના થતા જેલની અન્ય બે બેરેકમાં આઈસોલેટ કરવામાં આવ્યા હતા અને આજે તેમના ફરીથી આરટીપીસીસાર કરવામાં આવેલ છે.

જૂનાગઢ સિવિલમાં ભીડ એકઠી થતાં સંક્રમણ રોકવા પોલીસની કાર્યવાહી

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ શહેરમાં કોરોના વાયરસના સંક્રમણ સામે પ્રજામાં જાગૃતિ આવે એ માટે તેમજ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ સાથે આવતા સગાઓ એકત્રિત થતા હોય, તેઓને કોરોના વાયર્સનું સંક્રમણ ના થાય એ માટે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજા, એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ આર.જી.ચૌધરી, પીએસઆઈ આર.બી.ચુડાસમા, વી.જે.ચાવડા, એસ.પી. આગ્રાવત, કે.જ્યએ.પટેલ, ૩૦ માણસો તેમજ સીવીલ હોપીટલના ચિરાગભાઈ પરમાર, સિક્યુરિટી ઈન્ચાર્જ ફિરોઝખાન પઠાણ, રિટાયર્ડ આર્મી જવાનો, સિક્યુરિટી ગાર્ડની જુદી જુદી ત્રણ ટીમ બનાવી, સિવિલ હોસ્પિટલના સ્ટાફને સાથે રાખી, ચેકીંગ હાથ ધરી, દર્દીઓ સાથે વધારાના સગા હોઈ, જરૂરિયાત ના હોય અને સગાઓ બિન જરૂરી આંટા મારતા હોય, તેવા લોકોને શોધી શોધીને બહાર કાઢવા તજવીજ હાથ ધરી, કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. એ ડિવિઝન પોલીસની જુદી જુદી પોલીસ ટીમો દ્વારા અલગ અલગ વોર્ડમાં તપાસ કરી, આવા દર્દીઓ સાથે આવતા સગા દ્વારા સિવિલ હોસ્પીટલમાં બિનજરૂરી આંટા ફેરા કરી, કોરોના વાયરસનું સંક્રમણ અટકે અને સિવિલ હોસ્પિટલમાં આવતા લોકો દ્વારા પણ માસ્ક પહેરવામાં આવે અને સોશિયલ ડિસ્ટન્સ જાળવે, એ માટે કાર્યવાહી કરવામાં આવેલ છે. હાલના સંજોગોમાં જ્યારે કોરોના વાયરસના કેસોમાં એકદમ ઉછાળો આવ્યો છે, ત્યારે કોરાના વાયરસના સંક્રમણ અટકાવવા જૂનાગઢ જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ પોલીસને સક્રિય કરી, લોકોના હિતમાં જૂનાગઢ શહેરમાં સિવિલ હોસ્પિટલ ખાતે સરકારશ્રીની ગાઈડ લાઈનનું પાલન થાય તે માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોઈ, જૂનાગઢ પોલીસ દ્વારા સકારાત્મક કાર્યવાહી દરરોજ અવાર નવાર કરવામાં આવશે, તેવું પણ પોલીસની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

સંક્રમણ ફેલાવાની દહેશત

નડિયાદમાં રસીકરણ કેન્દ્રો પર સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા

નડિયાદ, તા.૧૦

નડિયાદના વિવિધ વેક્સિન સેન્ટર પર સોશિયલ અંતરના ધજાગરાના દૃશ્યો જોવા મળે છે. વેક્સિનેશનના નામે ટોળે-ટોળાં એકઠાં થઈ રહ્યાં છે. વ્યવસ્થાના અભાવે ખુલ્લેઆમ સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતાં જોવા મળે છે.

નડિયાદ સહિત જિલ્લામાં વેક્સિન સેન્ટરમાં લોકોને સવારથી લાઈનોમાં ઊભા રાખવામાં આવે છે, ત્યારે માંડ રસી અપાય છે. એમાં પણ પૂરતો જ સ્ટોક હોય છે. પરંતુ લોકોને તેની જાણકારી આપવામાં આવતી નથી. જેના કારણે વેક્સિનેશનની સેન્ટરની બહાર લાંબી લાઈનો જોવા મળે છે. આ વાત ફક્ત એક સેન્ટરની નહીં, મોટાભાગના સેન્ટરોમાં આ જ સમસ્યા જોવા મળે છે. આ પરથી સ્પષ્ટ સાબિત થાય છે, તંત્રએ વેક્સિનેશનની બાબતમાં કોઈ ચોક્કસ વ્યવસ્થા ગોઠવી નથી. લોકોને યોગ્ય માહિતી અપાતી નથી. જેના કારણે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ખુલ્લેઆમ ભંગ થતાં જોવા મળે છે. જે ખરેખર ચિંતાનો વિષય બન્યો છે. એક તરફ કોરોના ગાઈડલાઈનનો ભંગ કરવા બદલ લોકો પાસેથી તોતિંગ દંડ વસૂલવામાં આવે છે. ત્યાં બીજી તરફ તંત્ર પોતાની અવ્યવસ્થાના કારણે લોકોના ટોળા એકઠાં કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, નડિયાદ શહેરમાં જિલ્લાના સૌથી વધુ કેસ નોંધાય છે. જેના પગલે વેક્સિનેશનની પ્રક્રિયા હાથ ધરાઈ છે. પરંતુ તંત્રમાં લાલિડાવાડી ચાલતી હોવાથી આ રસીકરણ જ લોકોમાં કોરોના ફેલાવવાનું કારણ બને તેવા દૃશ્યો સર્જાઈ રહ્યાં છે. એટલે તંત્ર વેક્સિનેશન માટે ચોક્કસ વ્યવસ્થા ગોઠવે. જેટલી રસી ઉપલબ્ધ હોય એટલા જ લોકોને ઊભા રાખે અને બાકીના લોકોને બાદમાં બોલાવવામાં આવે. ખાસ કરીને આ વેક્સિનેશનમાં કોઈ ઘૂસખોરી ન થાય તે માટે ચોક્કસ વ્યવસ્થા ગોઠવવામાં આવે અને વોર્ડ દીઠ લોકો માટે સુચારું વ્યવસ્થા સાથે વેક્સિનેશન કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

વસોના દંતાલી ગામે પંચાયતના બોરમાંથી પાણી ભરવા બાબતે દંગલ ચાર સામે ફરિયાદ

નડિયાદ, તા.૧૦

દંતાલીમાં પંચાયત બોરમાંથી પાણી ભરવા ગયેલા ઈસમ સાથે ઝઘડો કરી મારી ઈજા કરી હોવાની ચાર વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ વસો તાલુકાના દંતાલીમાં રહેતા તાલિબ મિયા મલેક પોતાના ઘર નજીક આવેલ ગામ પંચાયતના બોર પર પાણી ભરવા ગયા હતા તે વખતે ઈમરાન મિયા મલેક નળ સાથે પાઈપ ફીટ કરી મોટર વડે પાણી ખેંચી નવા બનતા મકાનમાં તેનો છંટકાવ કરતા હતા જેથી તાલિબ મલેકે જણાવ્યું હતું કે, મને પહેલાં પીવાનું પાણી ભરી લેવા દે પછી તું મકાનમાં પાણી છાંટ. પરંતુ ઈમરાને આ બાબતે ના માનતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી તે વખતે ઈમરાનનું ઉપરાલું લઈ મુસ્તાક નજીરભાઈ મલેક પીરસાબભાઈ મલેક અને રૂકસાનાબાનું મલેક તે આવી ગયા હતા અને તાલિબ મલેકને મારમારી ઈજા કરી ધમકી આપી હોવાની ફરિયાદ પોલીસમાં આશિયાનાએ આપી છે.

હિંમતનગર સિવિલના કોરોના વોરિયર્સોનું કરાયેલું સન્માન

હિંમતનગર, તા.૧૦

કોરોના મહામારીન વિકટ પરિસ્થિતિમાં જીએમઈઆરએસ હિંમતનગર સિવિલના મેડિકલ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફથી માંડીને સિક્યુરિટી સ્ટાફ છેલ્લા ૧૪ માસથી અવિરતપણે સમાજની સેવા કરી રહ્યો છે. આ કોરોના વોરિયર્સના ઉત્સાહ વધારવા માટે સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો. આશિષ કટારકરના માર્ગદર્શન હેઠળ ગોપાલસિંહજી દ્વારા કોરોના વોરિયર્સની ઈમ્યુનિટી વધારવા બે દિવસ કુલ દૂધનું વિતરણ કરાયું હતું. કોરોના વોરિયર્સના સ્વાસ્થ્ય અંગે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ સમયે નોડલ ઓફિસર ડોક્ટર વિપુલ જાની અને પીઆરઓ ધવલભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

માનવંતા શુભેચ્છકો તથા ગ્રાહકો અને તમામ મુસ્લિમ બિરાદરોને દિલી ઈદ મુબારક
મોઅઝઝમભાઈ ભરૂચા
રિલીફ મેડિકલ સ્ટોર્સ
ચૌટાબજાર, અંકલેશ્વર-૧

તમામ ગ્રાહકો તથા શુભેચ્છકો ને દીલી ઈદ મુબારક
SAMSUNG Unilever
Late Akbarali Lokhandwala
Mustafa Lokhandwala 9586495851
Burhanuddin Lokhandwala 7567228092
AZIZ AGENCY
Goyabazar, Ankleshwar - 1
E-mail:- aziz_agency@yahoo.co.in
9825173452

ઈદ મુબારક
તમામ મુસ્લિમ બિરાદરોને તથા માનવંતા ગ્રાહકો, શુભેચ્છકોને ઈદ મુબારક
ફખરી સ્ટોર્સ
સુથાર ફળિયું - અંકલેશ્વર-૧

આજના ઈદના પવિત્ર દિવસે તમામ દાઉદી સમાજના બિરાદરોને તથા ગ્રાહકો, શુભેચ્છકોને દિલી ઈદ મુબારક
M.K.Timbar
જીઆઈડીસી, અંકલેશ્વર-૨

ઈદ મુબારક
આજના ઈદના પવિત્ર દિવસે તમામ બિરાદરો તથા ગ્રાહકો અને શુભેચ્છકોને દિલી ઈદ મુબારક
બુરહાની હાર્ડવેર એન્ડ પ્લાયવુડ
પીરામણ નાકા, અંકલેશ્વર-૧

માનવંતા શુભેચ્છકો તથા ગ્રાહકો અને તમામ મુસ્લિમ બિરાદરોને દિલી
ઈદ મુબારક
ફખરૂદીન વખારવાલા
ઈરફાન મલેક
બુરહાની કોમ્પ્યુટર ટાઈપિંગ સેન્ટર
નવી મામલતદાર કચેરી સામે, જૂના ને.હા.નં.૮, અંકલેશ્વર-૨

કોવિડ ટાસ્ક ફોર્સના તબીબોએ કોરોનાને લઈ આપ્યું માર્ગદર્શન

ડાયાબિટીસ-કોરોના-સ્ટીરોઈડનું કોમ્બિનેશન મ્યુકર માઈકોસિસનું જોખમ વધારી દે છે

● કોરોનામાંથી રિકવર થયા પછી છાતીમાં દુ:ખાવો થાય કે કોઈ ફરિયાદ હોય તો તરત જ હૃદયનું નિદાન કરાવો, સમયસર સારવારથી કોમ્પ્લિકેશન્સ ટાળી શકાય છેઃ ડૉ.તેજસ પટેલ

● રેમડેસિવિર લાઈફ સેવિંગ ડ્રગ છે તેવું કોઈ જ સ્ટડીમાં પુરવાર થયું નથી : ડૉ.અતુલ પટેલ

(સવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં કોરોના સંક્રમણના બીજા તબક્કામા સંક્રમણનુ પ્રમાણ જે રીતે વધી રહ્યુ છે તેની સામે રોજ બરોજ મળતી કોર કમિટીની બેઠકમા લીધેલા મહત્વના નિર્ણયો અને એના અસરકારક અમલના પરિણામે સંક્રમણ ખાળવામા સફળતા મળી હોવાનું જણાવતા આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિએ ઉમેર્યુ કે, બીજા તબક્કામા ૨૯ એપ્રિલથી કેસોની માત્રામા ઉત્તરોત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે જે ખૂબ સારા સંકેત છે. લોકો પ્રાથમિક તબક્કે નિદાન કરાવી સારવાર લે તો ચોકકસ ક્રિટીકલ થતા બચી શકશે. નિષ્ણાતોના મતે દેશભરમા ત્રીજો વેવ આવવાની સંભાવનાઓ સેવાઇ રહી છે ત્યારે એના આગોતરા આયોજન માટે આજે કોવિડ ટાસ્ક ફોર્સના સભ્યો સાથે મુખ્યમંત્રીની ચર્ચા બાદ પૂરતી તૈયારીઓ કરવામા આવી હોવાનું તેમણે ઉમર્યુ હતું.

અમદાવાદના અગ્રણી કાર્ડિયોલોજિસ્ટ ડો.તેજસ પટેલે જણાવ્યું હતું કે, કોરોનાના બીજા વેવમાં દર્દીઓમાં કાર્ડિયોલોજીકલ ક્રાઈસિસ જોવા મળી છે. કોરોનામાંથી રિકવર થઈને આરામ કરતા કેટલાક દર્દીઓમાં ૧૫થી ૨૫ દિવસ પછી હૃદયની નળીઓમાં બ્લડ સર્ક્યુલેશનમાં ક્લૉટીંગ જોવા મળે છે. સમયસર દર્દીની સારવાર થાય તો દર્દીઓ સાજા થઈ જાય છે. કોરોનાની રિકવરી પછી કોઈ વ્યક્તિને છાતીમાં દુખાવો થાય કે બીજી કોઈ તકલીફ કે લક્ષણો દેખાય તો તરત જ હૃદયનું નિદાન કરાવી લેવું જોઈએ. દર્દીને સમયસર સારવાર મળી જાય તો કોમ્પ્લિકેશન્સ થતા નથી. કોરોનાની સારવાર દરમિયાન દર્દીનું d-dimer વધી જતું હોય છે, ત્યારે ડોક્ટર દર્દીને લોહી પાતળું કરવાની દવા આપતા જ હોય છે. દર્દીઓએ જરૂરિયાત પ્રમાણે એક કે બે મહિનાથી લઈને ત્રણ મહિના સુધી દવા લેવી જોઈએ, પરંતુ પોતાના ડોક્ટરની સલાહ પ્રમાણે.

કોરોનાનો ત્રીજો વૅવ કેવો હશે ? અને ક્યારે આવશે.? એ વિષે બોલતાં ડૉ. તેજસ પટેલે કહ્યું હતું કે, કેસો ઓછા થાય એટલે લોકોમાં કમ્ફર્ટલેવલ આવી જાય છે, પછી લોકો રિલેક્સ થઇ જાય છે, પરિણામે કોરોના ઉથલો મારે છે. એટલે જ સેકન્ડ વૅવમાં આપણને ઘણી તકલીફો પડી. સ્પેનિશ ફ્લૂની પેટર્ન પ્રમાણે જોઈએ તો કોરોનાના ત્રીજા વૅવની માનસિકતા રાખી શકાય પરંતુ કોરોના સામેની કાળજીનુ ચુસ્ત પાલન કરીશું તો આ સંભાવના અટકાવી શકીશું.

કોરોના પણ એક વાયરસ જ છે, એ ગમે ત્યારે તો ઢીલો પડશે જ. જે આવે છે તે જાય જ છે. પરંતુ આપણે ત્રીજા વૅવને બ્લન્ટ કરી નાખવો પડે. એ માટે વેક્સિનેશન એ સૌથી સારામાં સારો ઉપાય છે. આપણે સૌ નાની મોટી આડઅસરોની ચિંતા કર્યા વિના કોરોનાની વેક્સિન લેવી જ જોઇએ. કોરોનાના આ વૅવમાં જોવા મળ્યું છે કે, જેમણે વેક્સિનના બે ડોઝ લીધા છે તેવા લોકોને કોરોનાની ગંભીર અસરો થઇ નથી. રસી લીધી એટલે કોરોના નહીં થાય એવી ગૅરંટી નથી, પરંતુ બે ડોઝ લીધા પછી ચોક્કસ દિવસના અંતરે એન્ટીબોડી ડેવલપ થાય છે. આપણે વેક્સિન લઈશું તો હર્ડ ઈમ્યૂનિટી આવશે અને આપણે કોરોનાની ખરાબ અસરોમાંથી બચી શકીશું. ડૉ. અતુલ પટેલે જણાવ્યું કે, શરદી જેવા વાયરલ ઈન્ફેક્શનની જેમ કોરોનાનો પણ એક નેચરલ કોર્સ હોય છે, અમુક દિવસો સુધી તે શરીરમાં રહે છે. સ્ટીરોઈડ કોરોનાના નેચરલ કોર્સમાં બદલાવ લાવે છે અને વ્યક્તિની ઈમ્યૂન સિસ્ટમને સપ્રેસ કરે છે જેથી મ્યુકરમાઈકોસિસ શરીર પર હાવી થવાની સંભાવના વધી જાય છે.

કોરોના પહેલા મ્યુકરમાઈકોસિસ થવાનું મોટું કારણ ડાયાબિટીસ હતું. સ્ટીરોઈડ લેવાથી સ્વાદુપિંડ પર તે અસર કરે છે અને વ્યક્તિના શરીરમાં ડાયાબિટીસની અસર જન્માવે છે. આમ ડાયાબિટીસ, કોરોના અને સ્ટીરોઇડનું ડેડલી કોમ્બિનેશન મ્યુકરમાઈકોસિસને અનુકુળ માહોલ આપે છે.

તેમણે કહ્યું કે, મ્યુકરમાઈકોસિસની ફૂગ સડો પામતા શાકભાજી અને કચરામાં જોવા મળે છે સામાન્ય રીતે તે આપણી આસપાસના વાતાવરણમાં બધે જ વ્યાપ્ત છે. આપણે રોજ આ ફૂગના વિજાણુને શ્વાસમાં લઈએ છીએ પરંતુ પૂરતી રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા સામાન્ય માનવીને તેનાથી નુકસાન થતું નથી.

તેમણે ઉમેર્યું કે, કોરોના થયા બાદ વ્યક્તિને જો માથું, આંખ, ગળા, જડબા અને ગળામાં દુખાવો જેવા લક્ષણો જણાય તો તરત જ યોગ્ય તબીબી તપાસ કરાવવી જોઈએ. મ્યુકરમાઈકોસિસ લાંબી સારવાર માંગી લેતું હોય છે અને આ કિસ્સામાં મૃત્યુ દર અલગ-અલગ શહેરોમાં ૩૮ થી ૪૫ ટકા જોવા મળ્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, વ્યક્તિ શરદી, ખાંસી, કળતર તાવ જેવાં લક્ષણો બાદ ટેસ્ટ કરાવતા પોઝિટિવ આવે છે ત્યારે ઘણી દવાઓનો આગ્રહ રાખે છે તે યોગ્ય નથી. કોમોર્બિડ દર્દીઓને પણ અન્ય રોગ નિયંત્રિત સ્થિતિમાં હોય તો તેઓએ પણ ડરવું જોઈએ નહીં. કોવિડ-૧૯ના ૮૦ ટકા દર્દીઓ માત્ર હોમ આઇસોલેશનથી સાજા થઇ શકે છે. વ્યક્તિએ હાઈડ્રેશન- શરીરમાં પ્રવાહી જળવાય તેનું ધ્યાન રાખવું જોઈએ. ડો.અતુલે કહ્યું કે, કોવિડના ઘણા દર્દીઓ આઇ.સી.યુ. અને ઓક્સિજનની કે કોઇ અન્ય દવાઓની જરૂર પડશે તેવું વિચારી માનસિક તણાવમાં આવી જતા હોય છે પરંતુ એ યાદ રાખવું જોઈએ કે માત્ર ૨૦ ટકા દર્દીઓને જ સિમ્ટોમેટિક સપોર્ટિવ કેરની જરૂર છે.

રેમડેસિવિરનો ઉપયોગ પણ તબીબની સલાહ પ્રમાણે જ કરવો જોઈએ. રેમડેસિવિર લાઈફ સેવિંગ ડ્રગ છે તેવું કોઇ જ સ્ટડીમાં પુરવાર થયું નથી. રેમડેસિવિર માત્ર દર્દીનો હૉસ્પિટલ સ્ટે ઘટાડે છે. રેમડેસિવિરના ઉપયોગથી મૃત્યુદરમાં કોઇ જ ફેરફાર થયો નથી. આ ઉપરાંત કોરોના થતા જ દર્દીને રેમડેસિવિર ઈન્જેકશન આપવાથી પણ કોઈ ફાયદો થતો નથી.

શહેરના જાણીતા પલ્મોનલૉજીસ્ટ અને ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ એવા ટાસ્ક ફોર્સના સભ્ય ડૉ. તુષાર પટેલે પોસ્ટ કૉવિડ લંગ્સ ફાઈબ્રોસિસ વિશે વિસ્તૃત માહિતી આપતા કહ્યું કે, કોરોનામુક્ત થઈ ગયેલા દર્દીઓ પૈકી મોટાભાગના દર્દીઓને ફેફસામાં શિથિલતા આવી જવાને કારણે શ્વાસ લેવામાં થોડી તકલીફ પડવી કે ખૂબ થાક લાગવા જેવી તકલીફ થતી હોવાની સૌથી વધુ ફરિયાદ મળે છે. દોઢ વર્ષના કોરોના ટ્રીટમેન્ટ સંબંધિત અનુભવને આધારે એટલું ચોક્કસ કહી શકું છું કે, ફેફસાનું ડેમેજ લાંબો સમય રહેતું પણ નથી. કોરોનામુક્ત થયેલા દર્દીઓએ ફેફસાં મજબૂત કરવા વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. તેના માટે યોગ - પ્રાણાયામ તથા ફેફસાને મજબૂત કરવા માટેની કસરતો કરવી જ જોઈએ. ફેફસાને લાગતી ફિઝિયોથેરાપી ટ્રીટમેન્ટ પણ લઈ શકાય.

પોસ્ટ કૉવિડ લંગ્સ ફાઈબ્રોસિસથી ડરવાની જરૂર નથી પરંતુ તકેદારી રાખીને કોરોનામુક્ત દર્દીએ ફેફસાં મજબૂત કરવાની કસરત કરવી એટલી જ જરૂરી છે.

અમદાવાદના ક્રિટીકલ કેર સ્પેશ્યાલિસ્ટ કોરોનાના દર્દીઓની સારવારને લઇને અનેક ઊભી થઇ રહેલી ગેરસમજ અંગે વાત કરતા ડો.મહર્ષિ દેસાઈએ જણાવ્યું હતું કે, સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓએ શરૂઆતના ૫-૭ દિવસમાં કોઈ વધારાના રિપોર્ટ કે પછી સીટી સ્કેન કરવાની પણ જરૂર હોતી નથી. માત્ર ઘરે આઇસોલેટ થઈને પણ ઝડપથી રિક્વરી મેળવી શકે છે.

કોરોનાના સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓએ શરૂઆતના ૫-૭ દિવસ દરમ્યાન ખૂબ જ આરામ કરવો જોઇએ, ખુબ માત્રામાં પ્રવાહી લેવું જોઈએ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

સ્ટિરોઈડ દવાનો ઉપયોગ અંગે તેમણે વધુમાં જણાવ્યું કે, કોરોના પોઝિટિવ આવનારા દર્દીઓએ શરૂઆતના ૫-૭ દિવસ સુધી સ્ટિરોઈડ દવાનો ઉપયોગ ટાળવો જોઈએ. ૭ દિવસ બાદ ડોક્ટરની સલાહ મુજબ જ સ્ટિરોઈડનો ઉપયોગ કરવો જોઈએ.

આ સંદર્ભમાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શરૂઆતના સમયગાળામાં સ્ટિરોઈડનો ઉપયોગ કરવાથી તે આપણી ઈમ્યુનિટી સિસ્ટમ પર અસર કરે છે. એટલું જ નહીં શરૂઆતના સમયગાળામાં સ્ટિરોઈડનો ઉપયોગ કરવાથી વાયરસનું ઈન્ફેક્શન પણ વધી જાય છે. જેથી શરૂઆતના ૭ દિવસ સુધી સ્ટિરોઈડનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. ડોક્ટરની સલાહ મુજબ સ્ટિરોઈડનો ઉપયોગ કરવો જોઈએ. ડો.મહર્ષિ દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, દરેક દર્દીની મેડિકલ ટ્રીટમેન્ટ અલગ - અલગ હોય છે. એટલું જ નહિ દરેક દવા પ્રત્યેનું દરેક વ્યક્તિનું રિએક્શન અલગ હોય છે. જેથી દર્દીએ અન્ય દર્દીને જોઈને તેની ટ્રીટમેન્ટ ફોલો પણ ન કરવી જોઈએ.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થના ડાયરેકટર ડૉ.દિલીપ માવળંકરે જણાવ્યુ હતું કે, કોરોનાને નાથવા માટે આપણે ઘણા સમયયથી પ્રયાસો કર્યા છે જેને સફળતા મળી છે. આગામી સમયમા ત્રીજો વેવ આવવાની સંભાવના સેવાઈ રહી છે તે માટે આપણે સૌ એ તકેદારી સાથે સચેત રહેવાની જરૂર છે. તેમણે ઉમેર્યુ કે, બીજા તબક્કામા ગામડાઓમાં જે રીતે કેસો વધી રહ્યા છે તે માટે ગ્રામ્ય કક્ષાએ કોવિડ કેર સેન્ટર શરૂ કરી દેવાયા છે ત્યારે દર્દીઓ આઈસોલેશનમા રહે તો એના પરિવારને સક્રમણથી બચાવી શકશે આવા સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓ જો આઈસોલેશનમા રહીને સારવાર લે તો ગ્રામ્ય સ્તરે ચોકકસ સંક્રમણ અટકાવી શકીશું.

તેમણે ગામડાઓમા સંક્રમણ અટકે એ માટે ભીડ એકત્ર ન કરીએ અને યોગ્ય સોશયલ ડિસ્ટનસિંગનુ પાલન કરીને કોવિડના પ્રોટોકોલનુ પણ ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કર્યો હતો. ભીડમા જઈએ ત્યારે ડબલ માસ્ક રાખીએ, સોશ્યલ ડિસ્ટન્સ રાખીએ તેમજ સેનીટાઈઝેશન અને વેન્ટીલેટરની યોગ્ય વ્યવસ્થાઓ પોતાના ઘરમાં રાખવી જોઈએ. તેમજ બિમારી જણાય તો સત્વરે નિદાન કરાવીને તેની સારવાર ઝડપથી શરૂ કરવી જેના પરિણામે આપણે ક્રિટીકલ પરિસ્થિતિમાંથી ચોકકસ બચી શકીશું તેમણે કોરોનાથી બચવા માટે વેકિસન ઉપલબ્ધ છે તો સૌ નાગરિકો એ સહેજપણ ગભરાયા વગર વેકસિન લઈ લેવી જોઈએ તેમ તેમણે અનુરોધ કર્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૫૦૮ કેસના વધારા સાથે

રાજ્યમાં કોરોનાએ ફરી માથું ઊંચક્યું : વધુ ૧૧,૫૯૨ કેસ સામે રેકોર્ડબ્રેક ૧૪૯૩૧ ડિસ્ચાર્જ

વધુ ૧૧૭ દર્દીઓ કોરોના સામેનો જંગ હાર્યા : રિકવરી રેટ વધીને ૭૯.૧૧ ટકા થયો

અમદાવાદ,તા.૧૦

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસમાં કોરોનાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો હતો. પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં એકાએક ૫૦૮ કેસના વધારા સાથે ૧૧૫૯૨ કેસ નોંધાતા ફરી ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે જો કે રાહતની વાત એ છે કે એક જ દિવસમાં રેકોર્ડબ્રેક ૧૪,૯૩૧ દર્દીઓ સાજા થયા છે તો ૧૧૭ દર્દીઓને કોરોના ભરખી ગયો છે. તો રિકવરી રેટ વધીને ૭૯.૧૧ ટકા થઈ ગયો છે. છેલ્લા એક અઠવાડિયાથી કોરોનાના દૈનિક કેસને લઈ રાહતના સમાચાર આવી રહ્યા હતા. પરંતુ આજે એક જ દિવસમાં રાજ્યના દૈનિક કેસમાં ૫૦૮ કેસનો વધારો નોંધાયો છે. વીતેલા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોનાના નવા ૧૧૫૯૨ કેસ નોંધાયા છે. બીજી તરફ રાજ્યમાં કોરોનાના કારણે વધુ ૧૧૭ દર્દીના મોત નીપજ્યા છે. ત્યાં જ વિતેલા ૨૪ કલાકમાં ગુજરાતમાં રેકોર્ડ બ્રેક અત્યાર સુધીના સૌથી વધુ એક જ દિવસમાં ૧૪,૯૩૧ દર્દી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૮૫૧૧ નાગરિકોને કોરોના ભરખી ગયો છે. સંક્રમિત થયેલ કુલ દર્દીઓમાંથી ૫,૪૭,૯૩૫ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે. છેલ્લી સ્થિતિ પ્રમાણે રાજ્યમાં કુલ ૧૩૬૧૫૮ દર્દી સારવાર હેઠળ છે. નાજુક સ્થિતિના કારણે ૭૯૨ દર્દીને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા છે. અમદાવાદમાં નવા ૩૨૬૩ કેસ સાથે ૨૦ દર્દીના મોત, સુરતમાં ૧૦૯૨ કેસ, ૧૧ના મોત, વડોદરામાં ૧૨૩૦ કેસ ૧૨નાં મોત, રાજકોટમાં ૫૭૨ કેસ ૧૧નાં મોત, ભાવનગરમાં ૩૩૮ કેસ ૪નાં મોત, જામનગરમાં ૫૬૫ કેસ ૧૪નાં મોત, ગાંધીનગરમાં ૨૬૯ કેસ એક નું મોત, જૂનાગઢમાં ૫૧૪ કેસ સાથે ૮નાં મોત, મહેસાણામાં ૫૦૭, બનાસકાંઠામાં ૨૬૬, પંચમહાલમાં ૨૫૪ કેસ, દાહોદમાં ૨૪૬, કચ્છમાં ૨૪૪, ગીર સોમનાથમાં ૨૦૦ કેસ, અમરેલીમાં ૧૮૩, મહિસાગરમાં ૧૮૧, ખેડામાં ૧૬૪ કેસ, આણંદમાં ૧૫૭, સાબરકાંઠામાં ૧૫૬, પાટણમાં ૧૫૧ કેસ, અરવલ્લીમાં ૧૩૩, વલસાડમાં ૧૨૩, ભરૂચમાં ૧૧૫ કેસ, સુરેન્દ્રનગરમાં ૧૧૩, નવસારીમાં ૧૦૮, નર્મદામાં ૯૦ કેસ, દ્વારકામાં ૮૭, છોટાઉદેપુરમાં ૮૧, મોરબીમાં ૬૭ કેસ, બોટાદ-પોરબંદરમાં ૩૮-૩૮, તાપીમાં ૩૫, ડાંગમાં ૧૨ કેસ નોંધાયા છે. છેલ્લી સ્થિતિ મુજબ રાજયમાં કુલ ૭૯૨ દર્દીઓને હાલમાં વેન્ટીલેટર પર રાખવામાં આવેલા છે. જયારે ૧૩૫૩૬૬ દર્દીઓ સ્ટેબલ છે. ગુજરાતમાં રિકવરી રેટ હાલમાં ૭૯.૧૧ ટકાએ આવી ગયો છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં નોંધાયેલા કેસ

શહેર	કેસ		
અમદાવાદ કોર્પોરેશન	૩૧૯૪	આણંદ	૧૫૭
સુરત કોર્પોરેશન	૮૨૩	સાબરકાંઠા	૧૫૬
વડોદરા કોર્પોરેશન	૭૫૧	ગાંધીનગર	૧૫૨
મહેસાણા	૫૦૭	પાટણ	૧૫૧
વડોદરા	૪૭૯	અરવલ્લી	૧૩૩
જામનગર કોર્પોરેશન	૩૩૩	ભાવનગર	૧૨૪
રાજકોટ કોર્પોરેશન	૩૧૯	વલસાડ	૧૨૩
જુનાગઢ	૨૮૪	ગાંધીનગર કોર્પોરેશન	૧૧૭
સુરત	૨૬૯	ભરૂચ	૧૧૫
બનાસકાંઠા	૨૬૬	સુરેન્દ્રનગર	૧૧૩
પંચમહાલ	૨૫૪	નવસારી	૧૦૮
રાજકોટ	૨૫૩	નર્મદા	૯૦
દાહોદ	૨૪૬	દેવભૂમિ દ્વારકા	૮૭
કચ્છ	૨૪૪	છોટા ઉદેપુર	૮૧
જામનગર	૨૩૨	અમદાવાદ	૬૯
જુનાગઢ કોર્પોરેશન	૨૩૦	મોરબી	૬૭
ભાવનગર કોર્પોરેશન	૨૧૪	બોટાદ	૩૮
ગીર સોમનાથ	૨૦૦	પોરબંદર	૩૮
અમરેલી	૧૮૩	તાપી	૩૫
મહીસાગર	૧૮૧	ડાંગ	૧૨
ખેડા	૧૬૪	**કુલ**	**૧૧૫૯૨**

રાજ્યમાં તાપમાનમાં સામાન્ય વધઘટ વચ્ચે ગરમીનું જોર રહ્યું યથાવત્

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં હાલ કાળ-ઝાળ ગરમીનો કેર વર્તાઈ રહ્યો છે. મધ્યપ્રદેશમાં સર્જાયેલ સાઈક્લોનિક સરક્યુલેશનની અસરથી સૂકા ગરમ પવનોને કારણે રાજ્યમાં ગરમીના પ્રમાણમાં વધારો થયો છે. જો કે, ગત રોજની તુલનામાં આજે રાજ્યના મોટાભાગના સ્થળોએ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. અમદાવાદમાં સૌથી વધુ ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે ગઈકાલની તુલનામાં ૨ ડિગ્રી જેટલું ઓછું હતું. આમ તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો હતો. જો કે, ગરમીમાં કોઈ ખાસ રાહત મળી ન હતી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, હજુ આગામી અઠવાડિયા દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનું જોર યથાવત્ રહેવાની શક્યતા છે.હવામાન વિભાગની આગાહી અનુસાર વલસાડ, તાપી અને ડાંગ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારમાં માવઠું પડવાની વકી છે. મંગળવાર બાદ આકાશ સ્વચ્છ થઈ જશે. મધ્યપ્રદેશ અને અરબ સાગરમાં સર્જાયેલા સાઈક્લોનિક સર્ક્યુલેશનને પગલે વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. સતત તાપમાન વધવાના કારણે હિટ સ્ટ્રોકના કિસ્સા પણ વધ્યા હતા. હવામાન વિભાગે જણાવ્યું છે કે, હજુ આગામી દિવસમાં ગરમીનો પારો ઉંચો જશે. રાજ્યમાં કેટલીક જગ્યાએ ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચે તેવી પણ શક્યતા છે. ત્યારે કાળઝાળ ગરમીમાં વધુ પ્રમાણમાં પ્રવાહી પીવાની અને બપોરના સમયે કામ વગર બહાર ન નિકળવાની સલાહ તબીબો આપી રહ્યાં છે.

ક્યાં કેટલું તાપમાન

સ્થળ	મહત્તમ તાપમાન
અમદાવાદ	૪૧.૭
ગાંધીનગર	૪૧.૦
સુરેન્દ્રનગર	૪૧.૦
રાજકોટ	૪૦.૮
વડોદરા	૪૦.૬
અમરેલી	૪૦.૪
ડીસા	૪૦.૨
વલ્લભ વિદ્યાનગર	૩૯.૯
કંડલા એરપોર્ટ	૩૯.૬
ભૂજ	૩૮.૨

સરકારના 'મારૂં ગામ કોરોના મુક્ત ગામ' અભિયાન સામે પ્રશ્નાર્થ

સૌરાષ્ટ્રના ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ વધતાં સ્થિતિ ચિંતાજનક

ગ્રામ્ય વિસ્તારોમાં પોઝિટિવ કેસમાં ત્રણ ગણો વધારો જાગૃતિના અભાવે પણ સંક્રમણનો ફેલાવો વધ્યો

અમદાવાદ, તા૧૦

રાજ્યમાં કોરોના વાયરસનો હાહાકાર હવે થોડો ઓછો થયો છે તેવું સરકાર દ્વારા જાહેર થયેલા આંકડાઓ પરથી લાગી રહ્યું છે. ખાસ કરીને રાજ્યના મહાનગરો અને શહેરોમાં કોરોનાની જે ભયાનક સ્થિતિ હતી, તેમાં સુધાર થયો છે. હોસ્પિટલોમાં બેડ ઉપલબ્ધ થયા છે અને હોસ્પિટલોની આગળ એમ્બ્યુલન્સની લાઇનો પણ ઓછી થઈ છે. આ રાહતના સમાચાર ગણી શકાય પરંતુ બીજી તરફ રાજયના ગામડાઓમાં કોરોના સંક્રમણ બેકાબૂ બન્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના ગામડાઓએ ચિંતામાં વધારો કર્યો છે.

એક તરફ રાજયમાં કોરોના વાયરસના કેસમાં ઘટાડો ટ્રેન્ડ શરુ થયો છે, તો બીજી તરફ સૌરાષ્ટ્રના ગામડાઓમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં એક જ દિવસની અંદર ૨૯૦૦ નવા કોરોના કેસ નોંધાયા છે. સૌરાષ્ટ્રના ગામડાઓમાં કોરોના પોઝિટિવ કેસમાં ત્રણ ગણો વધારો થયો છે. રાજકોટ ગ્રામ્યમાં ૩૯૫ પોઝિટિવ કેસ નોંધાયા જયારે ઉપલેટામાં ૧૦૦ કેસ, ધોરાજીમાં ૭૦ કેસ તથા જેતપુરમાં ૯૫ પોઝિટિવ કેસ નોંધાયા છે.

ગામડાઓમાં કોરોનાના કારણે મૃત્યુદર પણ ઘણો વધારે છે. ખાસ કરીને તેનું કારણ છે કે ગામડાના લોકોને યોગ્ય સુવિધાઓ નથી મળી રહી. જેથી સારવાર મળે તે પહેલા જ લોકોના મોત થઇ રહ્યા છે. આ સિવાય ગામડાઓમાં ટેસ્ટિંગ અને ટ્રેસિંગનું નામ નથી. સરકારી દાવાઓ ગમે તેવા હોય પરંતુ હકીકત કંઈક અલગ છે. તો બીજી તરફ ગામડાના લોકોમાં જાગૃતિના અભાવના કારણે પણ કોરોનાનો ફેલાવો વધ્યો છે.

રાજ્યની સરકારી હોસ્પિટલોમાં

મ્યુકોર માઈકોસિસના દર્દીઓની યોગ્ય સારવાર ન થતી હોવાની હાઈકોર્ટમાં અરજી

અમદાવાદ, તા.૧૦

દેશભરમાં કોરોના વાયરસનું સંક્રમણ સતત વધી રહ્યું છે પરંતુ આ બધા વચ્ચે કોવિડ-૧૯ દર્દીઓ અને મહામારીથી સાજા થઈ ચૂકેલા લોકોમાં વધી રહેલા મ્યુકોરમાઈકોસિસ એટલે કે બ્લેક ફંગસના જોખમે ચિંતા વધારી દીધી છે. ત્યારે રાજ્યની સરકારી હોસ્પિટલોમાં મ્યુકોરમાઈકોસિસના દર્દીઓની સારવાર ન કરાતી હોવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં અરજદારે રજૂઆત કરી છે. જેમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકાર દ્વારા સંચાલિત હોસ્પિટલોમાં દર્દીઓની યોગ્ય સારવાર કરવામાં આવતી

દવાઓ અને નિષ્ણાંત તબીબોનો અભાવ

નથી તેમજ દવાઓ અને નિષ્ણાંત તબીબોનો અભાવ છે. મ્યુકોરમાઈકોસિસના દર્દીઓને સરકારી હોસ્પિટલો અધવચ્ચે ડિસ્ચાર્જ કરી દે છે. સરકારી હોસ્પિટલનું વલણ ગેરબંધારણીય છે. આ અંગે વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. રવિવારે સીએમના અધ્યક્ષસ્થાને રાજ્યમાં વધતા જતા મ્યુકોરમાઇકોસિસ રોગના નિયંત્રણ અને સારવાર માટેની બેઠક યોજાઈ હતી. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ મ્યુકોરમાઈકોસિસ એટલે કે બ્લેક ફંગસની ઓળખ તેના લક્ષણોથી થઈ શકે છે. જેમાં નાક બંધ થઈ જવું, નાક કે આંખની આજુબાજુ દુખાવો કે લાલ થઈ જવું, તાવ, માથાનો દુઃખાવો, ઉધરસ, શ્વાસ ચડવો, લોહીની ઉલટી, માનસિક રીતે અસ્વસ્થ થવું અને કન્ફ્યૂઝનની સ્થિતિ સામેલ છે.

બ્લેક ફંગસનો સૌથી વધુ ખતરો શુગરના દર્દીઓને રહેલો છે અને અનિયંત્રિત શુગરવાળા લોકોને થઈ શકે છે. આ ઉપરાંત સ્ટેરોઈડના ઉપયોગથી રોગ પ્રતિકારક શક્તિ ઓછી થવાથી, લાંબા સમય સુધી આઈસીયુમાં રહેવાથી, કોઈ ગંભીર બીમારીથી પીડિત હોવાથી અને વોરિકોનાઝોલ થેરેપીથી સંક્રમણ થઈ શકે છે.

આણંદના વેપારી સાથે મહિલાઓને ઝકાત અપાવવાના બહાને બે લાખના દાગીના તફડાવી ઠગ ફરાર

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૦

આણંદ શહેરના રહીમાનગર ભાગ-૨માં રહેતા અને નાની કરિયાણાની દુકાન ચલાવતા યુવાનને અમદાવાદની મહિલા ઝકાત આપવા તૈયાર છે. તેમ કહી તેમને વિશ્વાસમાં લઈ તમારા દાગીના જોશે તો ઝકાત નહીં આપે તેમ કહી તેમના રૂા.બે લાખના દાગીના પોતાની પાસે લઈ અજાણ્યો ઠગ પલાયન થઈ જતાં આ અંગે આજે શહેર પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ છે. આણંદ શહેરના રહીમાનગર ભાગ-૨માં રિયાઝભાઈ સલીમભાઈ વ્હોરા (ઉ.વ.૩૭) પોતાના પરિવાર સાથે રહે છે અને અનાજ કરિયાણાની દુકાન ચલાવે છે. ગત તા.૨૬ જાન્યુઆરીના રોજ બપોર ૧૨ વાગે તેમની દુકાને એક વ્યક્તિ વિમલ લેવા આવ્યો હતો. તેમનો ફોન ચાલુ હતો અને તેમાં કોઈ સાથે ઝકાતના પૈસા આપવાનું કેહતા હતા. એટલે રિયાઝભાઈએ કહ્યું હતું, મારા ધ્યાનમાં પણ ઝકાત લેવાવાળા માણસો છે. ત્યારે તેમણે કહ્યું હતું અમદાવાદના સાયરાબેન સૈયદ ઝકાત આપવાના છે. હું કાલે આવીશ તેમ તેણે તેનો મોબાઈલ નં.૭૬૦૦૭-૬૪૯૯૫ લખાવ્યો હતો અને બીજા દિવસે સાંજે ચાર વાગે તેઓ આવ્યા હતા. એટલે રિયાઝભાઈએ તેમને અનીષાબેન સુમૈયાબેન તથા આજરાબેન ઝકાત લેશે તેવું કહ્યું હતું. તા.૨૮ જાન્યુઆરીના રોજ સવારે સાત વાગે આ વ્યક્તિ રિયાઝભાઈના ઘરે બાઈક લઈને આવ્યો હતો. એટલે તેમણે યાસ્મીનબેન મહેબુબભાઈ વ્હોરા અને રૂબીનાબેન રિયાઝભાઈ વ્હોરા એમ. કુલ પાંચ નામ લખાવ્યા હતા. આ સમયે આ વ્યક્તિએ રિયાઝભાઈને એક થેલો ખોલીને બતાવ્યો હતો અને કહ્યું હતું. આ પાંચ મહિલાઓને રૂા.૨ લાખ આપવાના છે અને અમદાવાદથી સાયરાબેન સૈયદ આવશે એટલે આ પૈસા આપીશું. આ દરમ્યાન રિયાઝભાઈના પત્ની રેશમાબેન ત્યાં આવ્યા હતા. ત્યારે આ અજાણ્યા માણસે કહ્યું હતું તમારી પાસે જે સોનાના દાગીના હોય તે મને આપી દો. જો સાયરાબેન તમારી પાસે સોનુ જોશે તો આ પાંચ લેડીઝોને ઝકાત નહીં આપે આ દંપતીને વિશ્વાસ આવી જતાં તિજોરીમાં મૂકેલા સોનાના દાગીના જેમાં દોઢ તોલાની સોનાની ચેઈન, એક સોનાનું પેંડલ, સોનાની કાનની કડી અને બુટ્ટી તથા સોનાના ચાર વિંટી, સોનાની દોઢ તોલાની લકી મળી કુલ ૫ તોલાની સોનાની વસ્તુઓ જેની કિંમત રૂા.૨ લાખ થતી હતી, તે આ લોકોએ અજાણ્યા માણસને આપી હતી.

ત્યારબાદ અજાણ્યા માણસના બાઈક ઉપર રિયાઝભાઈ બેઠા હતા અને બંને જણા સાયરાબેનને લેવા સામરખા ચોકડી પ્લેઝન્ટ હોટલ પાસે પહોંચ્યા ત્યારે ત્યાં રિયાઝભાઈને ઉતારી બાઈકચાલકે કહ્યું હતું. તમે અહિયા ઊભા રહો હું ગામડી ગામમાંથી એક મોલસાર આવવાના છે તેમને લઈને આવું છું, આમ કહી તે બાઈક લઈને ગયા હતા અને ફરી પાછા ન આવ્યા હતા, આમ ઝકાતના નામે દંપતીના દાગીના તફડાવી જવાયા હોય ના છૂટકે તેમણે આજે શહેર પોલીસ મથકે બપોરે ફરિયાદ નોંધાવી હતી.

જિગ્નેશ મેવાણી દ્વારા દાનની અપીલ કરાયેલા ટ્રસ્ટનું બેંક ખાતું સ્થગિત, શો-કોઝ નોટિસ ફટકારાઈ

વડગામના ધારાસભ્યએ ઓક્સિજન પ્લાન્ટ અને કોન્સન્ટ્રેટર મશીન માટે રૂા.૫૦ લાખ ઉઘરાવવાની કરેલી જાહેરાત-ટ્રસ્ટ તરફથી અધિકૃત નહીં હોવાથી બેંક ખાતું સ્થિગત કરાયું

અમદાવદ, તા.૧૦

વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા એક ટ્રસ્ટના નામથી ઓક્સિજન પ્લાન્ટ અને ઓક્સિજન કોન્સટ્રેટર મશીનની ખરીદી માટે ફાળો ઉઘરાવવાની અપીલ કર્યા બાદ જે ટ્રસ્ટના નામે ફાળો ઉઘરાવાઇ રહ્યો હતો તેના બેંક એકાઉન્ટ સ્થગિત કરવાનો આદેશ ચેરિટી કમિશનર દ્વારા કરવામાં આવ્યો હતો આ ઉપરાંત આ ટ્રેસ્ટના હિસાબો તપાસવાનો આદેશ પણ ચેરિટી ઈન્સ્પેક્ટરને કરવામાં આવતા રાજકીય આલમમાં ચર્ચાનો વિષય બન્યો છે.

આ અંગે માહિતી આપતા ચેરિટી કમિશર વાય. એમ. શુક્લએ જણાવ્યું હતું કે, એક ટ્રેસ્ટ જેના ફાઉન્ડર ટ્રસ્ટીઓ સમાજના મોભાદાર વ્યક્તિઓએ બનાવ્યુ હતું અને ૨૦૦૩ની સાલમાં તેની નોંધણી થઇ હતી. 'વી ધ પીપલ ચેરીટેબલ સોસાયટી' ના નામે નોંધાયેલા આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ નહરહી ગણેશ માવલંકર, પ્રફુલ અનુભાઇ, ત્રંબકલાલ યુ મહેતા (નિવૃત્ત હાઈકોર્ટ જજ), કલ્યાણભાઇ ત્રિકમલાલ, અરવિંદ દેસાઇ, કિર્તી નટવરલાલ શાહ અને ગૌરાંગ નિશીકાંત દિવેટીયા હતા. આવા મહાનુભાવોએ સમાજ ઉપયોગી કામ માટે ટ્રેસ્ટની રચના કરી હતી અને તે ચાલે છે. જ્યારે જાન્યુઆરી, ૨૦૨૧ થી 'વી ધ પીપલ ચેરીટેબલ ટ્રસ્ટ'ના નામથી બીજુ એક ટ્રસ્ટ શ્રી કમલેશ દલાભાઇ કટારીયા તેના પ્રમુખ છે તેના નેજા હેઠળ ખોલવામાં આવ્યું છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, એમ્બલેમ્સ એન્ડ નેઇમ્સ (પ્રિવેન્શન ઓફ ઇમ્પ્રોપર યુઝ) એક્ટ, ૧૯૫૦ની જોગવાઇ મુજબ જો કોઇ એમ્બીગ્યુટી (ગેરસમજ) થવાના ચાન્સીસ હોય તો આવા ટ્રસ્ટોની નોંધણી ના થઇ શકે. ચેરિટી કમિશનરની કચેરીમાં એવી ફરિયાદ આવેલી છે કે, વી ધ પીપલ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા જાહેર અપીલ કરવામાં આવી હતી કે ટ્રસ્ટના નેજા હેઠળ ફંડ ફાળો કરીને અંદાજે પચાસ લાખ રૂપિયાનું ફંડ ઉભુ થયે ઓક્સિજન પ્લાન્ટ અને ઓક્સિજન કોન્સન્ટ્રેટર ફેસીલીટી માટે લોકફાળાની ઝુંબેશ કરવામાં આવી હતી. તેમાં ટ્રસ્ટના એકાઉન્ટનું નામ, નંબર વગેરે ડિટેઇલમાં દાનની રકમ જમા કરાવવાની અપીલ કરવામાં આવી હતી. આ જાતની પહેલ કરતા ચેરિટી કમિશનરની કચેરીમાં પૂછપરછ અને લેખિતમાં અરજી આવવાનું શરૂ થઇ હતી. તેના આધારે જાન્યુઆરી, ૨૦૨૧માં સ્થાપના થયેલી ટ્રસ્ટનું આખુ રેકોર્ડ મંગાવીને જોતા શ્રી જીગ્નેશ મેવાણી વડગામના ધારાસભ્ય તેના ટ્રસ્ટી હોય તેવું જણાતું નથી. ટ્રસ્ટને તાત્કાલિક સૂચના આપવામાં આવેલી કે આવો કોઇ ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા માટે કોઇ ઠરાવ કરેલ છે, કલેક્ટરની મંજૂરી લેવામાં આવી છે કે જીગ્નેશ મેવાણીને ફંડ ફાળો ઉઘરાવવા માટે ઠરાવ કરેલો છે કે કેમ તે બાબતનો ખુલાસો તા. ૩ મેના રોજ માગવામાં આવ્યો હતો. ટ્રસ્ટ તરફથી કોઇ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નહોતો. એટલું જ નહિ પબ્લિકમાંથી આ પ્રકારની અરજી આવતા આ બાબતને ગંભીર ગણીને ટ્રસ્ટનું બેંકનું ખાતુ હાલમાં સ્થગિત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેમજ ટ્રસ્ટનું તમામ સાહિત્ય, ઠરાવ બુકો, રીસિપ્ટ બુકો વગેરે રજૂ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. તેની તલસ્પર્શી તપાસ કરીને રીપોર્ટ રજૂ કરવા માટે ચેરિટી ઓફિસના ઈન્સ્પેક્ટરને આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત એક જ નામ ધરાવતું ટ્રસ્ટની સામે કાયદાની જોગવાઇ મુજબ કાર્યવાહી કેમ ના કરવી તે બાબતે કારણ દર્શક નોટીસ આપવામાં આવી છે.

ફાળો ઉઘરાવનારા વિરૂદ્ધ પરિપત્ર

ચેરિટી કમિશનર વાય. એમ. શુક્લ દ્વારા એવો પરિપત્ર પણ તમામ કચેરીઓને કરવામાં આવેલ છે કે આવી મહામારીનો લાભ લઇને ટ્રસ્ટના ઓઠા હેઠળ અમુક તત્વો સમાજ સાથે અને સમાજની લાગણી સાથે કોઇ ચેડા ના કરે તે અન્વયે ગુજરાતની તમામ કચેરી અને લોકો છેતરાઇ ના જાય તેની ખાસ તકેદારી રાખવી. કચેરી તરીફથી વધુમાં જણાવવામા આવ્યું હતું કે, રેમડેસિવિર ઈન્જેક્શન, ઓક્સિજન બોટલો વગેરે સમાજની લાગણી સાથે ગંભીર ચેડા થયેલા છે. આ કરીતના ફંડ ફાળો ભેગા કરીને લોકો સાથે ચેડાં ના થાય અને કોઇને એવી બાતમી મળે તરત જ પોલીસને જાણ કરવી તેવી અપીલ જાહેર જનતાને કરવામાં આવેલ છે.

ભાજપના પરાજય અંગે પોસ્ટ કરી તો ફેસબુકે કવિનું એકાઉન્ટ બ્લોક કરી દીધું : કવિએ કહ્યું આ તો અત્યાચાર છે

(એજન્સી) તા.૧૦

કેરળના એક કવિએ આરોપ લગાવ્યો છે કે વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની હાર અંગે વીડિયો પોસ્ટ કરવા માટે તેમને ફેસબુક દ્વારા ૨૪ કલાક માટે બ્લોક કરી દેવામાં આવ્યા હતા. કવિ સચ્ચિદાનંદને કહ્યું કે તેમને એક "વ્યંગ વીડિયો" વોટ્સએપ ફોરવર્ડ તરીકે મોકલવામાં આવ્યો હતો.

કેરળના એક કવિએ આરોપ લગાવ્યો છે કે વિધાનસભાની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની હાર પર વીડિયો પોસ્ટ કરવા માટે તેમના એકાઉન્ટને ફેસબુક દ્વારા ૨૪ કલાક સુધી બંધ કરી દેવામાં આવ્યો હતો. કવિ સચ્ચિદાનંદને કહ્યું કે તેમને એક "વ્યંગ વીડિયો" વોટ્સએપ ફોરવર્ડ તરીકે મોકલવામાં આવ્યો હતો. તેમણે આ વીડિયોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કર્યો છે. આ સમગ્ર મામલામાં ભાજપે કોઈપણ પ્રકારની ભૂમિકા નકારી કાઢી છે. કવિ સચ્ચિદાનંદને એનડીટીવીને જણાવ્યું હતું કે, "મને ફેસબુક પર પોસ્ટ અથવા ટિપ્પણી કરતા રોકવામાં આવ્યું કારણ કે મેં મારા વૉલ પર એક વ્યંગ્ય વીડિયો પોસ્ટ કર્યો છે જે કેરળમાં ભાજપના પરાજય અંગે વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં એક ફિલ્મની એક ક્લિપ છે. જેમાં હાર પછી હિટલર તેના સૈનિકોને સંબોધન કરી રહ્યા છે. તેને એડિટ કરીને અમિત શાહ પર મલયાલીમાં ફિલ્માંકન કરાયું છે. તેમાં અમિત શાહ ચૂંટણી હાર્યા બાદ કેરળમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો સાથે વાત કરી રહ્યા છે. કવિએ કહ્યું કે આ પદ વ્યંગ્ય છે, પરંતુ અપમાનજનક નથી. કવિએ દાવો કર્યો હતો કે તેમને પહેલા ફેસબુક તરફથી ચેતવણી મળી હતી, જ્યારે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ એક પોસ્ટ મુકી હતી.

સુપ્રીમ કોર્ટ વિધાનસભાની ચૂંટણી, કુંભમેળા દરમ્યાન કોવિડ-૧૯ પ્રોટોકોલના ભંગ વિરૂદ્ધ કાર્યવાહી કરવા માંગણી કરતી અરજીની સુનાવણી કરશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમ કોર્ટ આજે નોઇડા આધારિત વકીલ સંજયકુમાર પાઠક દ્વારા દાખલ થયેલ જાહેર હિત અરજીની સુનાવણી કરશે. એમણે માંગણી કરી છે કે વિધાનસભાની ચૂંટણીઓ અને કુંભ મેળા દરમિયાન કોવિદ-૧૯ની ગાઈડલાઈન્સનો સખ્તાઈથી અમલ કરવા માટે અને જેઓએ ભંગ કરેલ છે એમની સામે પગલાં લેવા નિર્દેશો આપવા માંગણી કરી છે .

સુપ્રીમ કોર્ટ સમક્ષ આ અરજી ૧૬મી એપ્રિલે દાખલ કરવામાં આવી હતી જેની સુનાવણી ડી.વાય. ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચ કરશે.

અરજદારે કેન્દ્ર સરકાર અને ઉત્તરાખંડ સરકારને તાત્કાલિક નિર્દેશો આપવા માંગણી કરી છે કે તેઓએ હાલમાં કોવિદ-૧૯ની ગંભીરતાને ધ્યાનમાં રાખી કુંભમેળામાં આવતા લોકોને અટકાવવા જોઈએ.એ સાથે અરજદારે કેન્દ્ર સરકાર, ઉત્તરાખંડ સરકાર અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટને તાત્કલિક નિર્દેશો આપી જણાવવું જોઈએ કે હરિદ્વારમાં મેળાના સ્થળને ખાલી કરાવે અને મેળામાંથી પાછા ફરી રહેલ લોકો માટે ગાઈડલાઈન્સનું સખ્તાઈથી અમલ કરાવે.

અરજદારે બીજી માંગણી કરી છે કે ચૂંટણી પંચ રાજ્યોના સંબંધિત સત્તાવાળાઓને નિર્દેશો આપે કે તેઓ ચૂંટણી દરમિયાન કોવિડ ગાઈડલાઈન્સનું પાલન કરાવે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારો, મતદારો, પ્રચારકો અને લોકો જો ગાઈડલાઈન્સનો ભંગ કરે તો એમની સામે કડક પગલાં લે. આ અરજી ૧૬મી એપ્રિલે દાખલ કરાઈ હતી ત્યારે દેશમાં કોવિડના દૈનિક કેસો બે લાખથી વધુ હતા પણ હાલમાં તો ૪ લાખથી પણ વધુ છે. હોસ્પિટલો, સ્મશાનગૃહોમાં લાંબી લાઈનો લાગી છે ઓક્સીજન અને દવાઓની તીવ્ર અછત છે જેના લીધે લોકો મરી રહ્યા છે.

કેન્દ્ર સરકારના મંત્રીઓ અને રાજ્ય સરકારોના મંત્રીઓએ ચૂંટણીમાં ભારે ભીડ ભેગી કરી છે જે મીડિયા દ્વારા લેવાયેલ તસવીરોમાં દેખાય છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય નાગરિકો ઉપર દોષ મૂકી કહે છે કે લોકોની બેદરકારીના લીધે બીજી લહેર ફેલાઈ છે. પણ સરકારના મંત્રીઓ પોતે ભીડ ભેગી કરે છે. બીજી બાજુ સ્થાનિક વહીવટ ગરીબ ફેરિયાઓ અને સામાન્ય લોકોને માસ્ક નહિ પહેરવા બદલ, સોશિયલ ડિસ્ટન્સ નહિ જાળવવા બદલ ભારે દંડ વસુલે છે. પણ મેળામાં અને રેલીઓમાં લોકો કોઈ પણ નિયમોનું પાલન નથી કરતા પણ સરકાર એમની સામે કોઈ પગલા લેતી નથી. સરકારના આવા બેવડા ધોરણો સામે અરજદારે પ્રશ્ન કર્યો છે.

કોરોનાગ્રસ્તોના દૈવી ઉપચાર માટે ગુજરાતમાં ગૌશાળા કોવિડ કેર સેન્ટર ઊભું કરાયું

ગાયનું દૂધ, ઘી ,ગૌમૂત્ર અને ગોબરની ઔષધિથી કોરોના દર્દીનો ઈલાજ કરવામાં આવે છે

(એજન્સી) તા.૧૦

જ્યારે ગુજરાતમાં હોસ્પિટલ બેડ, ઓક્સિજન અને એન્ટીબાયોટિક ઈન્જેક્શનના અભાવે દરરોજ મોટા પાયે કોરોના સંક્રમિતોના મોત થઈ રહ્યાં છે ત્યારે રાજ્યમાં એક ગૌશાળામાં ૪૦ બેડની કોવિડ હોસ્પિટલનું સંચાલન કરવામાં આવી રહ્યું છે જ્યાં ૫૦૦૦ જેટલી ગાયો અમર્યાદ જથ્થામાં ગૌમૂત્ર અને ગોબર પૂરું પાડે છે કે જેનાથી મંત્રોચ્ચાર વચ્ચે કોવિડ-૧૯ના દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.એલોપેથીક હોસ્પિટલમાં કોવિડ-૧૯ના દર્દીઓને તબીબી સારવાર પૂરી પાડવા માટે આઇસીયુ, ઓક્સિજન અને વેન્ટિલેટર જેવી હાઇટેક સુવિધાઓની જરુર રહે છે, જ્યારે પાકિસ્તાનની સરહદે ઉત્તર ગુજરાતના ડીસા તાલુકાના ટેટોડા ગામે ગૌશાળામાં કોરોના સંક્રમિતોની સારવાર માટે માત્ર ગૌમૂત્ર અને ગોબરની જ જરુર રહે છે કે જેનો ત્યાં વિનામૂલ્યે અમર્યાદ સપ્લાય ઉપલબ્ધ છે. ખર્ચાળ એલોપેથીક

દવાઓના બદલે ગૌશાળા કોવિડ હોસ્પિટલ ગાયોના દૂધમાંથી બનાવેલ ઘી, ગૌમૂત્ર અને ગોબરનો ઉપયોગ કરીને આયુર્વેદિક ઉપચાર તૈયાર કરે છે અને તેના દ્વારા કોરોના સંક્રમિતોની સારવાર કરવામાં આવે છે. વેદલક્ષણા પંચગવ્ય આયુર્વેદ કોવિડ આઇસોલેશન સેન્ટર તરીકે ઓળખાતી આ ગૌશાળામાં એક હોલમાં ૪૦ બેડ છે કે જેની આસપાસ ઘાસ ઉગાડવામાં આવ્યું છે જેના કારણે બેવડો હેતુ સિદ્ધ થાય છે. એટલે કે ગાયોને ઘાસચારો મળી રહે છે અને સ્થળ શીતળ રહે છે.આ હોલમાં પંખા અને એરકુલર પણ લગાવવામાં આવ્યાં છે. કોવિડ-૧૯ના દર્દીઓ માટે ગાય દ્વારા ઉત્પાદિત સામગ્રીમાંથી ખાસ પંચગવ્ય કીટ તૈયાર કરવામાં આવી છે. જો કે ગૌશાળામાં ઇમર્જન્સીમાં જરુર ઊભી થાય તે માટે ઓક્સિજન સિલીન્ડર્સનો પણ સ્ટોક રાખવામાં આવ્યો છે. પંચગવ્ય આયુર્વેદિક સારવારનું મહત્વનુ તત્વ એ છે કે દર્દીઓને ગૌમૂત્ર, ગોબર અને ઘીના મિશ્રણમાંથી નાસ લેવડાવવામાં આવે છે. દર્દીઓના શરીરે સારવારના ભાગરુપે ગોબરનું આવરણ પણ લગાવવામાં આવે છે. દર્દીઓને ઓર્ગેનિક ફાર્મિંગ દ્વારા ઉગાડવામાં આવતા અનાજ, શાકભાજી અને ફળો આપવામાં આવે છે કે જેમાં કોઈ પણ જાતના રાસાયણિક ખાતર કે જંતુનાશકનો ઉપયોગ કરવામાં આવતો નથી. ખાતર તરીકે માત્ર ગૌમૂત્ર અને ગોબરનો જ ઉપયોગ કરવામાં આવે છે. આ ગૌશાળામાં વધુ ૬૦ પથારી ઉમેરવાની પણ યોજના છે.

માસ્ક સાથે બે ગજનું અંતર જાળવીએ આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

રાજ્યના ૭૧.૫૪ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૭ કરોડ જનસંખ્યાને મે મહિનામાં રાહતદરના નિયમિત વિતરણ ઉપરાંત

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

હેઠળ વધારાના અનાજનું આજથી વિનામૂલ્યે વિતરણ

- **અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા.૧૧ મે થી ૨૦ મે-૨૦૨૧ દરમ્યાન (રેશનકાર્ડ બુકલેટ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) નીચે મુજબ રાહતદરનું નિયમિત વિતરણ અને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ના વિનામૂલ્યે વિતરણના દિવસો નિર્ધારીત રહેશે.**

રેશનકાર્ડ બુકલેટ નંબર : XXXXX XXXX1

NFSA રેશનકાર્ડ બુકલેટ નંબરમાં

છેલ્લા આંકડાનો નંબર ૧ હોય તેમને તા. ૧૧ મે	છેલ્લા આંકડાનો નંબર ૬ હોય તેમને તા. ૧૬ મે
છેલ્લા આંકડાનો નંબર ૨ હોય તેમને તા. ૧૨ મે	છેલ્લા આંકડાનો નંબર ૭ હોય તેમને તા. ૧૭ મે
છેલ્લા આંકડાનો નંબર ૩ હોય તેમને તા. ૧૩ મે	છેલ્લા આંકડાનો નંબર ૮ હોય તેમને તા. ૧૮ મે
છેલ્લા આંકડાનો નંબર ૪ હોય તેમને તા. ૧૪ મે	છેલ્લા આંકડાનો નંબર ૯ હોય તેમને તા. ૧૯ મે
છેલ્લા આંકડાનો નંબર ૫ હોય તેમને તા. ૧૫ મે	છેલ્લા આંકડાનો નંબર ૦ હોય તેમને તા. ૨૦ મે

અનિવાર્ય સંજોગોમાં જો કોઈ લાભાર્થી નિયત કરેલ દિવસે વાજબી ભાવની દુકાનેથી તેઓને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો મેળવી ન શકે તો તેઓ તા.૨૧ મે થી ૩૧ મે ૨૦૨૧ સુધીમાં વાજબી ભાવની દુકાન ખાતેથી મેળવી શકશે. કોઈપણ લાભાર્થી અન્ન વિતરણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

"રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળના NFSA (AAY+PHH) રેશનકાર્ડ ધારકને મે-૨૦૨૧માં રાહતદરનાં નિયમિત જથ્થા ઉપરાંત "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY) હેઠળ વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજ વિનામૂલ્યે મળશે

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ અને મીઠા ના મે મહિનાના નિયમિત વિતરણની આજ રોજ તા.૧૧ મે થી નીચે મુજબ રાહતદરથી શરૂઆત

ક્રમ	કેટેગરી	વસ્તુ	મળવાપાત્ર જથ્થો	ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા
૧	અંત્યોદય કુટુંબો	ઘઉં	કાર્ડ દીઠ ૨૫ કિ.ગ્રા.	૨.૦૦
		ચોખા	કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા.	૩.૦૦
		તુવેરદાળ	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા	૬૧.૦૦
૨	અગ્રતા ધરાવતા કુટુંબો	ઘઉં	વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા	૨.૦૦
		ચોખા	વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા	૩.૦૦
		તુવેરદાળ	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા	૬૧.૦૦

ક્રમ	કેટેગરી	વસ્તુ	મળવાપાત્ર જથ્થો	ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા
૩	બીપીએલ	ખાંડ નિયમિત	વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા	૨૨.૦૦
૪	અંત્યોદય	ખાંડ નિયમિત	૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા	૧૫.૦૦
૫	અંત્યોદય અને બીપીએલ	આયોડાઈઝ્ડ મીઠું	૬ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૬ થી વધુ વ્યક્તિ માટે કાર્ડદીઠ ૨ કિ.ગ્રા	૧.૦૦
૬	કેરોસીન પાત્રતા ધરાવતા બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકો	કેરોસીન	વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર	સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર)

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

દેશના અન્ય રાજ્યોના N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અન્ન પુરવઠો મેળવી શકશે

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે

લાભાર્થી પોતાના બન્ને હાથના અંગૂઠા કે આંગળી પૈકી કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અનાજ મેળવી શકશે

કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે માસ્ક જરૂર પહેરીએ, ખોટી ભીડ ન કરીએ અને સોશિયલ ડિસ્ટન્સિંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

બિલ અને મેલિન્ડા ગેટ્સના સંતાનોને વારસામાં અબજો ડોલરની સંપત્તિ કેમ નહીં મળે ?

અહેવાલો અનુસાર બિલ અને મેલિન્ડા ગેટ્સ તેમની અબજો ડોલરની સંપત્તિ તેમના ચેરિટી ઓર્ગેનાઇઝેશન બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને ફાળવશે. બાળકોને પારિવારિક સંપત્તિમાંથી માત્ર ૧૦ મિલિયન અમેરિકન ડોલર મળશે

(એજન્સી) તા.૧૦

અબજોપતિ યુગલ બિલ ગેટ્સ અને મેલિન્ડા ગેટ્સે ૩, મેના રોજ પોતાના ૨૭ વર્ષના લગ્નજીવન બાદ છૂટાછેડાની જાહેરાત કરીને દરેકને સ્તબ્ધ કરી દીધાં હતાં. બિલ ગેટ્સ અને મેલિન્ડાએ પોતાના છૂટાછેડાની જાહેરાત કરવા માટે પોત પોતાના ટ્વીટર હેન્ડલ્સનો ઉપયોગ કર્યો હતો. આ દંપતી હવે પોતાની ૧૪૫ અબજ અમેરિકન ડોલરની સંપત્તિની વહેંચણી કઈ રીતે કરશે તેની વિગતો હવે ધીમે ધીમે જાહેર થવા લાગી છે પરંતુ આ દંપતીએ એક વાત સ્પષ્ટ કરી છે કે તેમનો ચેરિટી પ્રોજેક્ટ બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન યથાવત રહેશે.

વિશ્વભરના લાખો લોકોને હવે એ જાણવાની તાલાવેલી છે કે બિલ અને મેલિન્ડાની છૂટાછેડાની ફોર્માલિટી સંપન્ન થયા બાદ તેમના ત્રણ બાળકોને કેટલી સંપત્તિ કે નાણા વારસામાં મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે બિલ અને મેલિન્ડાને ત્રણ સંતાનો છે-૨૫ વર્ષની જેનિફર કેથરીન ગેટ્સ, ૨૧ વર્ષનો પુત્ર રોરી જહોન ગેટ્સ અને ૧૯ વર્ષની પુત્રી ફોબે એડેલે ગેટ્સ. જેનિફર સોશિયલ મીડિયા પર સક્રિય છે અને તેણે ઇન્સ્ટાગ્રામ પર પોતાના માતા-પિતાના છૂટાછેડાની પોસ્ટ મૂકી હતી. જેનીફર ડોક્ટર થનાર છે અને તેણે મેડિકલ સ્કૂલમાં પ્રથમ વર્ષનો અભ્યાસ પણ પૂરો કર્યો છે. પુત્ર રોરી અન્ડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થી છે અને ફોબે નૃત્યાંગના બનવા માગે છે કે જેણે ન્યૂયોર્ક સિટીમાં અભ્યાસ કર્યો છે. હવે પ્રશ્ન એ છે કે શું બાળકોને બિલ અને મેલિન્ડા ગેટ્સની અબજો ડોલરની સંપત્તિ વારસામાં મળશે ?

બિલ ગેટ્સે જો કે વારંવાર એવું જણાવ્યું છે કે તેઓ તેમની સંપત્તિનો મોટાભાગનો હિસ્સો ચેરિટી ઓર્ગેનાઇઝેશન બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનમાં ફાળવશે. એવું જાણવા મળ્યું છે કે બાળકોને પોતાના માતા પિતા તરફથી માત્ર ૧૦ મિલિયન અમેરિકન ડોલર મળશે. ૨૦૧૭માં બિલ ગેટ્સે જાહેરાત કરી હતી કે તેઓ પોતાના બાળકોને પોતાની સંપત્તિનો જંગી હિસ્સો વારસામાં આપશે નહીં. બાળકોને જંગી સંપત્તિ વારસામાં આપવી યોગ્ય નથી. તેમણે પોતાનો માર્ગ જાતે જ ઊભો કરવો જોઇએ.

સ્વ-ચિકિત્સાથી ફાયદા કરતાં નુકસાન વધુ થાય છે : છાતીના રોગના નિષ્ણાંતો

બધા કોવિડ કેસો માટે રેમડેસિવિર યોગ્ય નથી; જમ્મુ સરકારી મેડિકલ કોલેજના અધ્યાપક પ્રોફેસર ડૉ. રાહુલ ગુપ્તા

(એજન્સી) તા.૧૦

જમ્મુની સરકારી મેડિકલ કોલેજ (જીએમસી-જમ્મુ) ખાતે પ્રોફેસર અને વિભાગના વડા ડૉ. રાહુલ ગુપ્તાએ શનિવારે યોગ્ય નિદાન વગર રેમડેસિવિરનો ઉપયોગ કરવા સામે ચેતવણી આપી હતી અને ઉમેર્યું હતું કે જે દર્દીઓ ઓક્સિજન સપોર્ટ પર ન હોય અથવા તેમના ઘરોમાં વ્યવસ્થા કરવામાં આવેલી હોય. તેઓએ રેમડેસિવિરનો ઉપયોગ ન કરવો જોઈએ. તેમણે કહ્યું હતું કે આ દવાનો ઉપયોગ પ્રથમ વખત ઈબોલાની સારવામાં કરવામાં આવ્યો હતો. અને કોવિડ-૧૯ દર્દીના

હોસ્પિટલમાં રોકાવાના સમયગાળાને ઘટાડવામાં પણ તે મદદ કરી શકે છે. તેમણે ચેતવણી આપી હતી કે આ એન્ટિવાયરલ દવાની પોતાની આડઅસરો હોય છે અને તેને સ્વ-નિદાન દ્વારા અને હળવા વર્ગના કોરોના દર્દીઓને ક્યારેય ન આપવી જોઈએ. ડૉક્ટરની સલાહ અને નિરીક્ષણ હેઠળ જ આનો ઉપયોગ થવો જોઈએ. સ્વ-દવાઓના જોખમોનું વિસ્તૃત વર્ણન કરતા ડૉ. ગુપ્તાએ જણાવ્યું હતું કે આડેધડ દવાઓ લેવાના બદલે શરીરના તાપમાન અને ઓક્સિજન સંતૃપ્તિનું સ્તર ૯૪થી ૯૦ વચ્ચે જોવા મળતા હોય અને ૯૦ની નીચે હોય તો એ ખતરાની ઘંટી છે અને તાત્કાલિક ડૉક્ટર પાસે જવું જોઈએ. તેમણે ખાતરી આપી હતી કે કોવિડના તમામ પ્રકારના કેસોને સંભાળવા માટે સરકારી હોસ્પિટલો ખૂબ જ સારી રીતે સજ્જ હોય છે.

તામિલનાડુના મંત્રીમંડળમાં બે મુસ્લિમ ધારાસભ્યોનો સમાવેશ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

તામિલનાડુના મુખ્યમંત્રી ડીએમકેના પ્રમુખ એમ.કે.સ્ટાલિને ૩૩ મંત્રીઓના નામની જાહેરાત કરી હતી. જેમાં બે મુસ્લિમો અને મહિલાઓને સામેલ કરાયા હતા. આવડી મતવિસ્તારના પ્રતિનિધિ એસ.એમ. નાસરે દૂધ અને ડેરી વિકાસ માટેના મંત્રી તરીકે પસંદ કરીને મંત્રીમંડળમાં જગ્યા આપવામાં આવી છે અને ગિન્ગી મત વિસ્તારના ધારાસભ્ય કે.એસ.મસ્તાનને લઘુમતી કલ્યાણ, શરણાર્થી અને વિસ્થાપિતો અને વોક

બોર્ડના મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અહેવાલ અનુસાર, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લિગ (આઈવીએમએલ)ના રાષ્ટ્રીય પ્રમુખ કે.એમ. કાદર મોહિદીને સ્ટાલિનના નવા મંત્રીમંડળમાં બે મુસ્લિમોને સામેલ કરવા બદલ સીએમની પ્રશંસા કરી હતી. કાદર મોહિદીને આગળ કહ્યું હતું કે, પૂર્વ મુખ્યમંત્રી એમ.કરૂણાનિધિએ તેમના મંત્રીમંડળમાં મુસ્લિમોને સામેલ કરીને ઈતિહાસ બનાવ્યો હતો. મોહિદીને આઝમ કહ્યુ હતુ કે તેમના પિતાના પગલે ચાલીને, મુખ્યમંત્રી સ્ટાલિને મંત્રીમંડળમાં બે મુસ્લિમોને સામેલ કરીને સમગ્ર મુસ્લિમ વસ્તીનું ભવ્ય સ્વાગત અને આવકાર મેળવ્યો છે.

જીગ્નેશ મેવાણી દ્વારા દાનની અપીલ કરાયેલા ટ્રસ્ટનું બેંક ખાતું સ્થગિત, શો કોઝ નોટિસ ફટકારાઇ

વડગામના ધારાસભ્યએ ઓક્સિજન પ્લાન્ટ અને કોન્સન્ટ્રેટર મશીન માટે રૂ. ૫૦ લાખ ઉઘરાવવાની કરેલી જાહેરાત-ટ્રસ્ટ તરફથી અધિકૃત નહીં હોવાથી બેંક ખાતું સ્થિગત કરાયું

અમદાવદ, તા.૧૦

વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા એક ટ્રસ્ટના નામથી ઓક્સિજન પ્લાન્ટ અને ઓક્સિજન કોન્સટ્રેટર મશીનની ખરીદી માટે ફાળો ઉઘરાવવાની અપીલ કર્યા બાદ જે ટ્રસ્ટના નામે ફાળો ઉઘરાવાઇ રહ્યો હતો તેના બેંક એકાઉન્ટ સ્થગિત કરવાનો આદેશ ચેરિટી કમિશનર દ્વારા કરવામાં આવ્યો હતો આ ઉપરાંત આ ટ્રેસ્ટના હિસાબો તપાસવાનો આદેશ પણ ચેરિટી ઈન્સ્પેક્ટરને કરવામાં આવતા રાજકીય આલમમાં ચર્ચાનો વિષય બન્યો છે.

આ અંગે માહિતી આપતા ચેરિટી કમિશર વાય. એમ. શુક્લએ જણાવ્યું હતું કે, એક ટ્રેસ્ટ જેના ફાઉન્ડર ટ્રસ્ટીઓ સમાજના મોભાદાર વ્યક્તિઓએ બનાવ્યુ હતું અને ૨૦૦૩ની સાલમાં તેની નોંધણી થઇ હતી. 'વી ધ પીપલ ચેરીટેબલ સોસાયટી' ના નામે નોંધાયેલા આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ નહરહી ગણેશ માવલંકર, પ્રફુલ અનુભાઇ, ત્રંબકલાલ યુ મહેતા (નિવૃત્ત હાઇકોર્ટ જજ), કલ્યાણભાઇ ત્રિકમલાલ, અરવિંદ દેસાઇ, કિર્તી નટવરલાલ શાહ અને ગૌરાંગ નિશીકાંત દિવેટીયા હતા. આવા મહાનુભાવોએ સમાજ ઉપયોગી કામ માટે ટ્રેસ્ટની રચના કરી હતી અને તે ચાલે છે. જ્યારે જાન્યુઆરી, ૨૦૨૧ થી 'વી ધ પીપલ ચેરીટેબલ ટ્રસ્ટ'ના નામથી બીજુ એક ટ્રસ્ટ શ્રી કમલેશ દલાભાઇ કટારીયા તેના પ્રમુખ છે તેના નેજા હેઠળ ખોલવામાં આવ્યું છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, એમ્બલેમ્સ એન્ડ નેઇમ્સ (પ્રિવેન્શન ઓફ ઇમ્પ્રોપર યુઝ) એક્ટ, ૧૯૫૦ની જોગવાઇ મુજબ જો કોઇ એમ્બીગ્યુટી (ગેરસમજ) થવાના ચાન્સીસ હોય તો આવા ટ્રસ્ટોની નોંધણી ના થઇ શકે. ચેરિટી કમિશનરની કચેરીમાં એવી ફરિયાદ આવેલી છે કે, વી ધ પીપલ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા જાહેર અપીલ કરવામાં આવી હતી કે ટ્રસ્ટના નેજા હેઠળ ફંડ ફાળો કરીને અંદાજે પચાસ લાખ રૂપિયાનું ફંડ ઉભુ થયે ઓક્સિજન પ્લાન્ટ અને ઓક્સિજન કોન્સન્ટ્રેટર ફેસીલીટી માટે લોકફાળાની ઝુંબેશ કરવામાં આવી હતી. તેમાં ટ્રસ્ટના એકાઉન્ટનું નામ, નંબર વગેરે ડિટેઇલમાં દાનની રકમ જમા કરાવવાની અપીલ કરવામાં આવી હતી.

આ જાતની પહેલ કરતા ચેરિટી કમિશનરની કચેરીમાં પૂછપરછ અને લેખિતમાં અરજી આવવાનું શરૂ થઇ હતી. તેના આધારે જાન્યુઆરી, ૨૦૨૧માં સ્થાપના થયેલી ટ્રસ્ટનું આખુ રેકોર્ડ મંગાવીને જોતા શ્રી જીગ્નેશ મેવાણી વડગામના ધારાસભ્ય તેના ટ્રસ્ટી હોય તેવું જણાતું નથી. ટ્રસ્ટને તાત્કાલિક સૂચના આપવામાં આવેલી કે આવો કોઇ ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા માટે કોઇ ઠરાવ કરેલ છે, કલેક્ટરની મંજૂરી લેવામાં આવી છે કે જીગ્નેશ મેવાણીને ફંડ ફાળો ઉઘરાવવા માટે ઠરાવ કરેલો છે કે કેમ તે બાબતનો ખુલાસો તા. ૩ મેના રોજ માગવામાં આવ્યો હતો. ટ્રસ્ટ તરફથી કોઇ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નહોતો. એટલું જ નહિ પબ્લિકમાંથી આ પ્રકારની અરજી આવતા આ બાબતને ગંભીર ગણીને ટ્રસ્ટનું બેંકનું ખાતુ હાલમાં સ્થગિત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેમજ ટ્રસ્ટનું તમામ સાહિત્ય, ઠરાવ બુકો, રીસિપ્ટ બુકો વગેરે રજૂ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. તેની તલસ્પર્શી તપાસ કરીને રીપોર્ટ રજૂ કરવા માટે ચેરિટી ઓફિસના ઈન્સ્પેક્ટરને આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત એક જ નામ ધરાવતું ટ્રસ્ટની સામે કાયદાની જોગવાઇ મુજબ કાર્યવાહી કેમ ના કરવી તે બાબતે કારણ દર્શક નોટીસ આપવામાં આવી છે.

ફાળો ઉઘરાવનારો વિરૂધ્ધ પરિપત્ર

ચેરિટી કમિશનર વાય. એમ. શુક્લ દ્વારા એવો પરિપત્ર પણ તમામ કચેરીઓને કરવામાં આવેલ છે કે આવી મહામારીનો લાભ લઈને ટ્રસ્ટના ઓઠા હેઠળ અમુક તત્વો સમાજ સાથે અને સમાજની લાગણી સાથે કોઇ ચેડા ના કરે તે અન્વયે ગુજરાતની તમામ કચેરી અને લોકો છેતરાઇ ના જાય તેની ખાસ તકેદારી રાખવી. કચેરી તરીફથી વધુમાં જણાવવામા આવ્યું હતું કે, રેમડેસિવિર ઈન્જેક્શન, ઓક્સિજન બોટલો વગેરે સમાજની લાગણી સાથે ગંભીર ચેડા થયેલા છે. આ કરીતના ફંડ ફાળો ભેગા કરીને લોકો સાથે ચેડાં ના થાય અને કોઇને એવી બાતમી મળે તરત જ પોલીસને જાણ કરવી તેવી અપીલ જાહેર જનતાને કરવામાં આવેલ છે.

કોરોનાની બીજી લહેર ખતમ થવા આવી હોવાની ડો. તેજસ પટેલના નામની ખોટી પોસ્ટ વાઈરલ

વ્હોટ્સએપ ગ્રૂપમાં પોતાના નામ અને ફોટો સાથે પોસ્ટ વાઈરલ થતા ડો. તેજસ પટેલે કર્યું ખંડન, કોઈએ મજાક કરવા માટે આવી પોસ્ટ મૂકી, આ પોસ્ટ તદ્દન ખોટી

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં કોરોનાની બીજી લહેર ટુંક સમયમાં પૂરી થશે અને ત્રીજી લહેર આવશે નહી તે મતલબની ગેરમાર્ગે દોરનારી સોશિયલ મિડીયા પોસ્ટ પોતાના નામે વાઇરલ થતા રાજ્યની કોવીડ ટોસ્ક ફોર્સના સભ્ય અને હાર્ટ સર્જન ડો. તેજસ પટેલે આ પોસ્ટ તથ્યહિન હોવાનું જણાવ્યું હતું.

પદ્મ શ્રી ડો. તેજસ પટેલ રાજ્યની કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય છે અને તેઓ કોવીડની મહામારીને લઇને રચવામાં આવેલી તબીબોની ટોસ્ક ફોર્સના સભ્યો છે. તેઓ કોરોનાના મામલે સરકારને સલાહ સૂચન આપતા હોય છે અને તાજેતરમાં તેઓએ રેમડીસીવીર ઈન્જેક્શનના મામલે નિવેદન જારી કરીને તે કોરોનાની સારવાર માટે અક્સીર નહી પરંતુ માત્ર હોસ્પિટલાઇઝેશનના દિવસો ઘટાડે છે તેવું નિવદેન આપ્યું હતું.

દરમિયાન સોમવારે ડો. તેજસ પટેલે પોતાની ફેસબૂક એકાઉન્ટ ઉપર એક પોસ્ટ મૂકીને જનતાને નિવેદન કર્યુ હતું કે "છેલ્લા થોડા દિવસથી મારા નામે એક

પોસ્ટ બહુ જ વાઇરલ થઇ છે કે કોરોનાની બીજી લહેર તરત પતી જવાની છે અને ત્રીજી લહેર આવવાની નથી. આ તદ્દન ખોટી પોસ્ટ છે અને મેં કોઇ આવું નિવેદન કર્યુ નથી. કોઇએ મજાક કરી હોય એવું લાગે છે. આ પોસ્ટને હું સદંતર રદીયો આપું છું અને ખાસ એવી વિનંતી કરું છું કે આ પ્રકારની કોઇપણ પોસ્ટ આવી રીતે પ્રજાજનોની મઝાક થાય તે ફોર્મમાં મુકવી નહી."

જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યના વરિષ્ઠ હૃદય રોગ નિષ્ણાતના નામે આવી પોસ્ટ કરવા બદલ પોલીસ પણ હરકતમાં આવી શકે છે અને ડો. પટેલ આ બાબતે પોલીસ ફરિયાદ પણ નોંધાવી શકે છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાની બીજી લહેર શરૂ થઇ ત્યારથી રેમડીસીવીર ઈન્જેક્શન, હોસ્પિટલોમાં બેડની સંખ્યા, ઓક્સીજનના સપ્લાયરો, દવાનો સપ્લાયરો અને ફુડ પેકેટ્સની પ્રાપ્તિ અંગે અનેક પોસ્ટ સોશિયલ મિડીયામા જોવા મળે છે અને તેમાંથી મોટાભાગની ફેક હોવાથી જરૂરિયાતમંદ લોકો હેરાન પહેશાન થઇ જાય છે. ડો. તેજસ પટેલના નામ અને ફોટો સાથેની આ પોસ્ટ અનેક વોટ્સએપ ગ્રુપ્સમાં ફરતી થઇ જતા પ્રજાજનો ખોટી રીતે નિશ્ચીંત થઇ જાય અને કોરોનીના મહામારીની સામે રાજ્ય સરકારની લડાઇમાં મોટો ધક્કો પહોંચે તેવી હરકતો કોઇ ટીખળખોર વ્યક્તિ દ્વારા કરવામાં આવતા સરકારે પણ આ પોસ્ટને ગંભીરતાથી લીધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

રાજસ્થાનથી ગુજરાત તથા અન્ય પ્રદેશોમાંની અવરજવર સંપૂર્ણ બંધ કરી દેવામાં આવી છે જ્યાં રતનપુર બોર્ડર ઉપર દરેક ગાડીનું ચેકિંગ કરવામાં આવે છે અને આર.ટી.પીસી.આર રિપોર્ટની ચકાસણી કરવામાં આવે છે. રિપોર્ટ ના હોય તેવા વાહનોને પ્રવેશ આપવા આવતો નથી તથા મેડિકલ ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. રાજસ્થાનના બોર્ડર પછીના માર્ગો ઉપર પોલીસ દ્વારા બેરેકો મુકૂ અવરોધ ઉભો કરવામાં આવેલ છે. **(તસવીર : રફીક મનસુરી, ઈડર)**

ભરૂચ જિલ્લા આરોગ્ય અધિકારી વિપક્ષના સવાલોથી ધૂંઆપૂંવા સવાલનો જવાબ ન આપતા ચેમ્બરમાંથી બહાર નીકળી ગયા

જિલ્લામાં ફાળવેલ ૧૦ કેન્દ્રોમાંથી એક પણ કેન્દ્ર પશ્ચિમ વિસ્તારમાં ન હોઈ વિસ્તારના લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે

ભરૂચ, તા.૧૦

ભરૂચ નગરપાલિકાના વિપક્ષના નેતા સમશાદ અલી સૈયદ સહીત પશ્ચિમ વિસ્તારના આગેવાનોએ જિલ્લા આરોગ્ય અધિકારી સાથે મુલાકાત કરી હતી. પશ્ચિમ વિસ્તારમાં રસીકરણ કેન્દ્ર ફાળવવામાં આવે તે આ મુલાકાતનો ઉદ્દેશ હતો. મુલાકાત દરમિયાન વિપક્ષના નેતાએ જિલ્લા આરોગ્ય અધિકારીને સવાલો પુછતાં તેઓ આપો ખોઈ બેસ્યા હતાં. જિલ્લા આરોગ્ય અધિકારી રીતસરના પોતાની ચેમ્બરમાંથી ઉઠીને બહાર નીકળી ગયા હતાં. જિલ્લા આરોગ્ય અધિકારીના આ વલણ સામે લોકોમાં આક્રોશ જોવા મળ્યો છે.

શહેરમાં જિલ્લા આરોગ્ય કચેરી દ્વારા હાથ ધરાયેલી રસીકરણની કામગીરી અસરકારક નથી. માઈક્રો મેનેજમેન્ટ અને સુચારુ આયોજનના અભાવે લોકોને કલાકો સુધી લાઈનમાં ઉભુ રહેવું પડે છે. રસીની સતત અછત રહે છે. જિલ્લામાં ૭ લાખથી વધુ યુવાનો રસી મુકાવવા માટે અપેક્ષીત છે. તેની સામે ૧૦ વેક્સિનેશન સેન્ટર ઉભા કરાયા છે. છેલ્લા ૧૦ દિવસમાં ૧% યુવાનો જ રસી મુકાવી શક્યા છે. આ જ રીતે મંદગતીએ કામ ચાલશે તો સંઘ ક્યારે રસીકરણ કાર્ય પુરૂ થશે ?

આજરોજ નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા સમશાદ અલી સૈયદ અને પશ્ચિમ વિસ્તારના નગરસેવકો હેમેન્દ્ર કોઠીવાલા, સલીમ અમદાવાદી, ઈબ્રાહીમ કલકલનાઓ પહેલા ચીફ ઓફીસરને મળી રજૂઆત કરી હતી કે, જિલ્લામાં ફળવાયેલા ૧૦ કેન્દ્રમાંથી એક પણ કેન્દ્ર પશ્ચિમ વિસ્તારમાં નથી. જેના કારણે આ વિસ્તારના લોકોને હાલાકી ભોગવવી પડે છે. ઓછા કેન્દ્ર હોવાના કારણે રસી મુકાવવા માટે લોકોની ભીડ ભેગી થાય છે જેનાથી અવ્યવસ્થા સર્જાવાની સાથે સંક્રમણ ફેલાવાનું પણ જોખમ વધે છે.

ભરૂચ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી અને કોંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે ઉગ્ર બોલાચાલી

આજરોજ ભરૂચ કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારો કોરોના વેક્સિનેશનને લઈને ઘણા એવા પ્રશ્નોનો ઉકેલ મેળવવા જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીને મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન કોંગ્રેસી આગેવાનો દ્વારા જિલ્લા આરોગ્ય અધિકારીને કોવિડ-૧૯ વેક્સિનેશન હેઠળ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન સરકારના જ બનાવેલ આરોગ્ય અધિકારી જેઓ લોકોને જાગૃત કરવા ફરજીયાત માસ્ક પહેરવા માટે આપીલ કરતા હોઈ છે તેમણે જ માસ્ક પહેરયું ન હતું જેને પગલે કોંગ્રેસ અધિકારીઓ આક્રોશમાં આવ્યા હતા, આરોગ્ય અધિકારીને રજુઆત કરતાં તે દરમિયાન તેમને વેક્સિન સેન્ટર વિશે પૂછતાં તેમને અમુક જગ્યા ખબર ન હોવાને કારણે બંને પક્ષ વચ્ચે બોલાચાલીનો માહોલ સર્જાયો હતો ! જેથી ભરૂચ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીએ વેક્સિનેશન સેન્ટરોની મુલાકાત ન લીધી હોય તેવું સપષ્ટપણે દેખાય રહ્યું છે. અન્ય પ્રશ્ન કે પશ્ચિમ વિસ્તારોમાં કોરોના રસીકરણ સેન્ટરો ન હોવાથી કોંગ્રેસી આગેવાનોએ સેન્ટરો વધારવા અપીલ કરતા તેમને સ્પષ્ટ પણે ના પડી દેતા ઉગ્ર બોલાચાલી થઈ હતી અને અંતે આરોગ્ય અધિકારી રજુઆત દરમિયાન ઉઠી ને જતા રહેતા કોંગી આગેવાનો લાલઘુમ થયા હતા.

આ બધી બાબતોને ધ્યાનમાં રાખી અને પશ્ચિમ વિસ્તારના લોકોને એમના જ વિસ્તારમાં રસી મળી જાય તે માટે મદીના હોટલ પાસે આવેલી છીપવાડ પ્રાથમિક શાળા તેમજ બાયપાસ પાસે ડેન્ટલ કોલેજમાં વેક્સિનેશન કેન્દ્ર ફાળવવામાં આવે ચીફ ઓફિસરે તેમની રજૂઆત સરકાર સુધી પહોંચાડવાની બાંહેધરી આપી હતી.

આ જ રજૂઆત કરવા તેઓ જિલ્લા આરોગ્ય અધિકારી પાસે પહોંચ્યા હતાં. શહેરમાં જે ચાર કેન્દ્ર ફાળવવામાં આવ્યા છે એ ક્યાં આવ્યા છે તેવો સવાલ વિપક્ષ નેતા દ્વારા પુછાતા તેનો જવાબ આરોગ્ય અધિકારી આપી શક્યા ન હતાં. જેથી વિપક્ષના નેતાએ તેમની કામગીરી સામે સવાલ ઉઠાવતા આરોગ્ય અધિકારી ઉકળી ઉઠ્યા હતાં. તેઓ તેમની ખૂરશીને છોડી ચેમ્બરની બહાર નીકળી ગયા હતાં. વિપક્ષના સભ્યોએ તેમને બહાર સવાલો પુછતાં તેમણે ભાગવાનો વારો આવ્યો હતો.

વિપક્ષના નેતા સમશાદ અલી સૈયદે આ સમગ્ર ઘટના અંગે તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતું કે, આવા અધિકારીઓ જેમને રસીકરણ કેન્દ્ર ક્યાં આવ્યુ એટલી પણ નથી ખબર એમને જિલ્લાના આરોગ્યની જવાબદારી કઈ રીતે આપી શકાય. તેઓ પોતાના પદની પણ ગરીમા જાળવી શકતા નથી તો લોકોને કઈ રીતે સેવા આપી શકશે. આ મહામારીમાં આવું વલણ માનવીય નથી. જિલ્લા કલેક્ટરે આ બાબતે યોગ્ય પગલા લેવા જોઈએ અને પશ્ચિમ વિસ્તારને જલ્દી રસીકરણ કેન્દ્ર મળે તે દિશામાં નિર્ણય કરવો જોઈએ.

ક્રેડિટ ખાટવાની લ્હાયમાં લાખો ટેક્સટાઈલ ટ્રેડર્સ સાથે ખેલ

સુરત કલેક્ટરે બે દિવસ માટે ટેક્સટાઈલ માર્કેટ ચાલુ રાખવાની પરવાનગી રદ કરી

સુરત, તા.૧૦

ટેક્ષટાઈલના જ વિવિધ સંગઠનોની માંગણીને આધારે ચેમ્બર દ્વારા કરાયેલી રજૂઆતને પગલે જિલ્લા કલેક્ટરે તા. ૧૦અને ૧૧ મેના રોજ સવારે ૧૦થી બપોરે ૨ કલાક સુધી ટેક્સટાઇલ માર્કેટ શરૂ રાખવા પરવાનગી આપી હતી, પરંતુ બાદમાં રદ કરીને ચેમ્બરની ઝાટકણી કાઢી હતી. કલેક્ટર, પાલિકા અને પોલીસ તંત્ર વચ્ચે સંકલનનો ભારે અભાવ જોવા મળ્યો હતો જેને કારણે લાખો ટ્રેડરમાં દિવસભર ઊચાટ રહ્યાં બાદ મોડી સાંજે પરવાનગી રદ કરી દેવામાં આવતા ટ્રેડરોની આશા પર પાણી ફરી વળ્યું છે. ચેમ્બરની ક્રેડિટ ખાટવાની લ્હાયમાં ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા લાખો કામદારોને હજુ બેરોજગારીની માર સહન કરવી પડશે. ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ દિનેશ નાવડિયાએ ટેક્સટાઈલ માર્કેટ ચાલુ કરવાની પરવાનગી બાબતોનો લેટર ફરતો મુક્યો એટલે વેપારીઓમાં ઉચાટ સાથે દુકાન ખોલવા તત્પર બન્યા હતા પરંતુ ટેક્સાઈલ માર્કેટના એક વેપારી રાહુલના બે કર્મચારીઓ પગાર લેવા માર્કેટ પહોંચ્યા તો પોલીસે બંનેની અટકાયત કરી લીધી હતી અને તેમને છોડાવવા માટે વેપારીને બે હજારનો ચૂનો પણ લાગ્યો હતો.

ક્રેડિટ મેળવવાની લ્હાયમાં સુરતના લાખો વેપારીઓ સાથે આ પ્રકારની રમત રમનાર ચેમ્બરના અધ્યક્ષ દિનેશ નાવડિયા સામે ચોમેરથી રોષ ફુટી નિકળ્યો છે. ભાજપની ભગીની સંસ્થા સાથે વર્ષોથી જોડાયેલા દિનેશ નાવડિયા તાજેતરમાં ચેમ્બરના અધ્યક્ષ બન્યા છે.

મંજુરી સંદર્ભે ચેમ્બર દ્વારા લેટર વાયરલ કરી દીધા બાદ બે કલાકને અંતે ખુલાસો કર્યો હતો કે, કલેક્ટર દ્વારા પરવાનગી તો આપવામાં આવી છે પરંતુ સવારે ૧૦થી બપોરે ૨ વાગ્યા સુધીની મંજુરી સંદર્ભનો મેલ કલેક્ટર કચેરી દ્વારા ૧૨.૩૦ વાગ્યે મોકલવામાં આવ્યો હતો જેને કારણે અંધાધુધી અને ભારે અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો.

જૂનાગઢ મસ્જિદે રઝાથી નૂરી કનેકશનના માધ્યમથી હઝરત સૈયદના અલીશૈરે ખુદાની યાદમાં જલસો યોજાયો

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા દર વર્ષે મૌલાએ કાએનાત સૈયદના સરકાર અલી શૈરે ખુદા મુશ્કીલ કુશા રદીઅલ્લાહોત્આલા અન્હોની યાદમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવતું હતું પરંતુ આ વર્ષે સરકાર તરફથી લોકડાઉન તથા રાત્રી કરફ્યુ અમલમાં હોવાથી આ વર્ષે મસ્જિદે રઝામાં આ પ્રોગ્રામ મૌકૂફ રાખવામાં આવેલ પરંતુ તા.૩-૫-૨૦૨૧, સોમવારે બાદ નમાઝે તરાવીહ રાત્રે ૯-૪૫ વાગ્યાથી નૂરી કનેકશન (કેબલ)ના માધ્યમથી મસ્જિદ રઝાથી લાઈવ ટેલિકાસ્ટ દ્વારા મૌલાએ કાએનાત સૈયદના સરકાર અલી શૈરે ખુદા મુશ્કીલ કુશા રદીઅલ્લાહોત્આલા અન્હોની યાદમાં ખીરાજે અકીદત પેશ કરવામાં આવેલ જેમાં પીરે તરીકત, ગુલઝારે મિલ્લત, હઝરત અલ્લામાં ગુલઝાર અહમદસાહબ નૂરી (સજ્જાદાહ નશીન ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ જૂનાગઢ) પોતાના અનોખા અંદાજમાં હઝરત સૈયદના અલી શૈરે ખુદાના જીવનચરિત્ર પર ઈસ્લાહી બયાન ફરમાવ્યું હતું.

હઝરત ગુલઝાર બાપુએ તેમના બયાનમાં જણાવેલ કે, હઝરતે અલી (ક.વ.) એકવાર જંગે સીફ ફૈનથી ફરી રહ્યા હતા અને રસ્તામાં તેમના અનુયાયીઓને ખૂબ જ પાણીની તરસ લાગી આપના અનુયાયીઓએ હઝરતને અરજ કરી કે પાણીની ખૂબ જ તરસ લાગી છે આપે જણાવેલ કે સામે એક ગીરજા દેખાય છે. ત્યાં જઈને તપાસ કરવી જોઈએ કે પાણી કયાં મળશે. ગીરજામાં એક (રાહીબે) રહેતા હતા તેમણે જણાવેલ કે અહીંથી (૬) કિલોમીટર જતા ત્યાં આપને પાણી મળી જશે પરંતુ બેહદ ગરમી અને (૬) કિલોમીટર રસ્તો પાર કરવો ઘણો જ મુશ્કેલ હતો. આપના અનુયાયીઓએ કહ્યું કે હઝરત પાણી નહીં મળે તો કેટલાઓની જાન મૌતને ઘાટ ઉતરી જશે. આપે તરત જ આંખો બંધ કરી અને ત્યાર બાદ ઈશારો કરેલ આ જગ્યાએ એક પથ્થરની ચટ્ટાન છે. તેને હટાવો ત્યાંથી પાણી નીકળી આવશે. આપના તમામ અનુયાયીઓએ તાકાત લગાવેલ પરંતુ પથ્થરની ચટ્ટાન ઊચકી શકેલ નહીં તરત જ આપ ઘોડા ઉપરથી ઉતરીને ફકત એક જ આંગળી વડે ચટ્ટાનને ઉંચકી આપી કે તરત જ પાણીના ચશ્મા ફુટી નીકળ્યા. આપના સાથીઓએ તરસ બુઝાવી આગળ જવા રવાના થયા કે આ સર્વે હકીકત ગીરજાઘરનો પાદરી જોઈ રહ્યો હતો. તરત જ ગીરજાઘરમાંથી આવી હઝરત અલીના ચરણોમાં તેણે માથુ ઝુકાવી આપેલ અને અદબ સાથે અર્જ કરી જનાબ આપ પયગમ્બર છો ? આપે જવાબ આપેલ નહીં. આપ ફરિશ્તા છો ? આપે જવાબ આપેલ નહીં. તો આપ કોણ છો ? આપે જવાબ આપો હું હઝરત પયગમ્બરે ઈસ્લામનો સહાબી તથા તેમનો વસી અને જમાઈ છું. આટલું સાંભળતા જ રાહીબે હાથ લંબાવીને કહ્યું હઝરત મને આપના અનુયાયીઓમાં સામેલ કરી લો હઝરત અલીએ કલમો પઢાવ્યો અને તેમના સાથીઓમાં સામેલ થયો, આપે પૂછેલ કે અત્યાર સુધી તમોએ કલમો કેમ પઢયા ન હતા તેમના જવાબમાં રાહીબે જણાવેલ કે, અમારી કિતાબોમાં લખેલ હતું કે અમારા ગીરજાઘરની આસપાસ એક પાણીનો ચશ્મા છૂપેલ છે તે ચશ્માને યા તો (નબી) હઝરત પયગમ્બરે ઈસ્લામ ઝાહીર કરશે અથવા તો તેમના વસી એટલે કે હઝરત અલી જાહીર કરશે. મારી તમન્ના હતી અને હું દુઆ કરતો હતો કે આ બંનેમાંથી જે પણ આ ચશ્મો જાહીર કરશે તેના હાથ પર હું કલમા પઢીશ. આજે આપે આ ચશ્માને જારી કરી આપેલ અમારી કિતાબોમાં જે લખેલ હતું તે સાચુ થયું એટલે આપના હાથ પર કલમો પઢવાનો મને નસીબ થયેલ. ત્યાર બાદ તે રાહીબ હઝરત અલીની સાથે મુલ્કે શામ ગયેલ ત્યાં આપ એક જંગમાં શહીદ થયા અને હઝરત અલીએ તેમની નમાઝે જનાઝા અદા કરાવી સુપુર્દે ખાક કરેલ તે મકામ છે. હઝરત ગુલઝાર બાપુએ તમામ લોકો માટે અને ખાસ કરીને કોરોના વાયરસ પૂરી દુનિયામાંથી નેસ્તનાબૂદ અને ખાસ કરીને આપણા ભારતમાંથી નાશ થાય તેવી રિક્કત અંગેજ દુઆ કરી હતી.

બીજા દિવસે હઝરત ગુલઝાર બાપુની અથાગ મહેનતથી આપના અનુયાયી (મુરીદો)એ તુર્કથી આવેલ હઝરત મૌલાઅલી તથા હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામે હુસેનના બાલ મુબારક અર્પણ કરેલ તે બાલ મુબારકની ઝિયારતનો આમ જનતા માટે કાર્યક્રમ તા.૪-૫-૨૦૨૧ મંગળવારે સવારે ૧૦થી ૧ વાગ્યા સુધી મર્કઝે એહલે સુન્નત મસ્જિદે રઝામાં રાખવામાં આવેલ જેમાં ફજરની નમાઝ બાદ હઝરત ગુલઝાર બાપુના મુબારક હાથે તે બાલ મુબારકને ગુસ્લ આપવામાં આવેલ અને ત્યાર બાદ લોકોએ તેમના દીદાર તથા ગુસ્લના પાણીનો લાભ લીધેલ હતો.

ડીસાવાસીઓને કુદરતના ભરોસે છોડી દેવાયા : અર્જુન મોઢવાડિયા

ઓક્સિજન-ઈન્જેક્શન અને દવાની અછત વચ્ચે વેન્ટિલેટર અને બાયપેપ પણ નથી

ડીસા, તા.૧૦

કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ સોમવારે ડીસા સિવિલની મુલાકાત લીધી હતી અને કોરોના વોર્ડ સહિત અન્ય વોર્ડની પણ મુલાકાત લઈ દર્દીઓને મળતી સારવારની જાણકારી મેળવી હતી જેમાં સિવિલમાં દાખલ કોરોનાના દર્દીઓને પૂરતો ઓક્સિજન કે ઈન્જેક્શન પણ પણ ન મળતા હોવા બાબતે વર્તમાન સરકારની આકરી ટીકા કરી હતી.

તેમની આ મુલાકાત દરમિયાન તેમની સાથે વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોમ, થરાદ ધારાસભ્ય ગુલાબસિહ રાજપૂત, પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, સેવાદળના પ્રકાશભાઈ ભરતીયા, શહેર કોંગ્રેસ પ્રમુખ શૈલેષ વ્યાસ સહિત કોંગ્રેસના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા સિવિલની મુલાકાત દરમિયાન ઓક્સિજન-ઈન્જેક્શન અને દવાની અછત બાબતે દર્દીઓના પરિવારની રઝળપાટ બાબતે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી ડીસાવાસીઓને ભગવાન ભરોસે છોડી દેવાયા હોવાનું જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું હતું કે સિવિલમાં દર્દીઓને પૂરતો ઓક્સિજન, રેમડેસીવીર ઈન્જેક્શન અને દવાઓ પૂરતી ન મળવાના કારણે અનેક દર્દીઓ મોતને ભેટ્યા છે અહીં સિવિલમાં હાલ વેન્ટિલેટર અને બાયપેપની પણ સુવિધા નથી આટલું મોટું સેન્ટર હોવા છતાં અહીં સિવિલનો સ્ટાફ પણ પૂરતો નથી તેમજ એકપણ ક્રિટિકલ બેડની સુવિધા નથી દર્દીઓના પરિવારને ઓક્સિજન માટે દાતાઓ ગોતવા પડે કે રિફીલિંગ માટે લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડે તે મોટી કરૂણતા કહી શકાય તેમ ઉમેર્યું હતું.

ધારપુર હોસ્પિટલની મુલાકાત વેળા પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મોઢવાડિયાનો આક્ષેપ

રાજ્ય સરકારના આગોતરા આયોજનના અભાવે આજે પ્રજા મોતના મુખમાં ધકેલાઈ રહી છે

પાટણ, તા.૧૦

પાટણ શહેર સહિત જિલ્લામાં વધી રહેલા કોરોના સંક્રમણને લઈ આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ ધારપુર હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને દર્દીઓને મળી તેઓને અપાતી સારવાર અંગેની માહિતી મેળવી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. કોરોનાની બીજી લહેર ઘાતક બની છે જેને કારણે તમામ હોસ્પિટલો દર્દીઓથી ભરાઈ ગઈ છે. ત્યારે આવી પરિસ્થિતિમાં રાજકીય પાર્ટીના આગેવાનો દ્વારા વિવિધ હોસ્પિટલોની મુલાકાત લેવામાં આવી રહી છે. ત્યારે મેડિકલ ક્ષેત્રનું હબ ગણાતા પાટણમાં પણ કોરોના ઘાતક બન્યો છે. ધારપુરની



હોસ્પિટલમાં દર્દીઓ માટે પથારીઓ પણ ખોટી છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયા સહિતના પાટણ અને સિદ્ધપુરના ધારાસભ્યએ ધારપુર સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લીધી હતી અને કોવિડ વોર્ડમાં દાખલ દર્દીઓને મળી તેઓને આપવામાં આવતી સારવારની માહિતી મેળવી હતી. ત્યાર બાદ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ સાથે પણ ચર્ચાઓ કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ પત્રકારોને જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આગોતરા આયોજનના અભાવે આજે પ્રજા મોતના મુખમાં ધકેલાઈ રહી છે. હોસ્પિટલમાં બાયપેપ અને વેન્ટિલેટરની પૂરતી સુવિધાઓ નથી તેમજ ડૉક્ટરો અને પેરામેડિકલ સ્ટાફને પૂરતો પગાર પણ આપવામાં આવતો ન હોવાનો આક્ષેપ કર્યો હતો. સાથે જ હોસ્પિટલમાં પૂરતા પ્રમાણમાં દવાનો જથ્થો ન હોવાનું પણ પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું હતું.

RTIમાં થયો ખુલાસો, હવે માત્ર ૧૨ સરકારી બેંક : ૨૧૧૮ શાખાઓ અસ્તિત્વમાં નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભારતીય રિઝર્વ બેંકે માહિતીના અધિકાર હેઠળ જણાવ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની ૧૦ સરકારી બેંકોની કુલ ૨૧૧૮ બેંકિંગ શાખાઓ કાયમ માટે બંધ કરવામાં આવી છે અથવા તેમને બીજી બેંક શાખાઓમાં મર્જ કરી દેવામાં આવી છે. RTIના કાર્યકર ચંદ્રશેખર ગૌરે રવિવારે કહ્યું હતું કે, રિઝર્વ બેંકે તેમને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ આ માહિતી આપી છે. મળતી માહિતી મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં શાખા બંધ અથવા મર્જરની પ્રક્રિયાને કારણે બેંક ઓફ બરોડાની મહત્તમ ૧૨૮૩ શાખાઓ સમાપ્ત થઈ. આ પ્રક્રિયા સાથે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ૩૩૨, પંજાબ નેશનલ બેંકના ૧૬૯, યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ૧૨૪, કેનેરા બેંકના ૧૦૭, ઈન્ડિયન ઓવરસીઝ બેંકના ૫૩, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના, ૪૩, ભારતીય બેંકના પાંચ અને મહારાષ્ટ્ર અને પંજાબ અને સિંધ બેંકની પ્રત્યેક એક-એક શાખા બંધ હતી.

રિપોર્ટિંગ સમયગાળા દરમિયાન આ બેંકોની કેટલી શાખાઓ કાયમ માટે બંધ રહી હતી અને કેટલી શાખાઓ અન્ય શાખાઓ સાથે મર્જ થઈ હતી તે વિગતોમાં સ્પષ્ટ નથી. રિઝર્વ બેંકે RTI હેઠળ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં બેંક ઓફ ઈન્ડિયા અને યુકો બેંકની કોઈ પણ શાખા બંધ કરવામાં આવી ન હતી, જે ૩૧ માર્ચે સમાપ્ત થઈ હતી. RTI હેઠળ આપેલા જવાબમાં, જાહેર ક્ષેત્રની ૧૦ બેંકોની શાખાઓ બંધ કરવા અથવા અન્ય શાખાઓમાં મર્જ કરવાનું કોઈ કારણ આપવામાં આવ્યું નથી. પરંતુ ૧ એપ્રિલ, ૨૦૨૦થી જાહેર ક્ષેત્રની બેંકોની મહાવિલય યોજના લાગુ થયા પછી શાખાઓની સંખ્યાના તર્કસંગતકરણને સૌથી મોટું કારણ માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, ગયા નાણાકીય વર્ષમાં સરકારે ૧૦ સરકારી બેંકોને જોડીને તેમને ચાર મોટી બેંકોમાં પરિવર્તિત કરી હતી. આ પછી સરકારી ક્ષેત્રની બેંકોની સંખ્યા ઘટીને ૧૨ થઈ ગઈ છે. ૧ એપ્રિલ ૨૦૨૦થી ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ (OBC) અને યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા હેઠળ પંજાબ નેશનલ બેંક (PNB), સિન્ડિકેટ બેંકને કેનરા બેંક, આંધ્ર બેંક અને કોર્પોરેશન બેંકને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને અલ્હાબાદ બેંક ૧ એપ્રિલ, ૨૦૨૦ સુધી ઈન્ડિયન બેંકમાં મર્જ કરવામાં આવી હતી. દરમિયાન, ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ યુનિયનના (AIBEA) જનરલ સેક્રેટરી સી.એચ. વેંકટચલમે જણાવ્યું હતું કે, સરકારી ક્ષેત્રની બેંક શાખાઓની ઘટના ભારતના બેંકિંગ ઉદ્યોગ તેમજ સ્થાનિક અર્થતંત્રના હિતમાં નથી અને મોટી વસ્તીને ધ્યાનમાં રાખીને દેશમાં બેંક શાખાઓનું વિસ્તરણ જરૂરી છે. વેંકટચલમે કહ્યું કે, 'સરકારી ક્ષેત્રની બેંકોની શાખાઓ ઘટવા સાથે, બેંકિંગ ઉદ્યોગમાં નવી નોકરીઓમાં સતત ઘટાડો થયો છે, જેના કારણે ઘણા યુવાનો હતાશ છે. છેલ્લા ત્રણ વર્ષોમાં સરકારી ક્ષેત્રની બેંકોમાં નવી ભરતીમાં મોટો ઘટાડો થયો છે.

આસામમાં ૧૦ દિવસમાં ચોથી વખત અનુભવાયા ભૂકંપના આંચકા, ૩.૦ની તીવ્રતા

(એજન્સી) ગુવાહાટી, તા.૧૦

છેલ્લા ૧૦ દિવસમાં ચોથી વખત આસામમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ વખતે નગાંવ ખાતે ધરતીમાં કંપન થયું હતું અને રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૦ મેગ્નિટ્યુડ નોંધાઈ હતી. ભૂકંપની જાણ થતાં જ લોકોમાં ભય વ્યાપી ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.

આસામમાં છેલ્લા એક સપ્તાહથી સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. થોડા દિવસ પહેલાં તો માત્ર ૨૪ કલાકમાં જ ધરતી ૧૦થી વધારે વખત ધ્રુજી હતી. નગાંવ ખાતે અનુભવાયેલા ભૂકંપની તીવ્રતા વધારે ન હોવાથી જાનમાલનું કોઈ ખાસ નુકસાન નથી નોંધાયું.

અગાઉ ૭ મેના રોજ આસામમાં ૨.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, તેના પહેલાં ૩ અને ૫ મેના રોજ પણ આસામમાં ભૂકંપ આવ્યો હતો.

હિમંતા બિસ્વા સર્માએ આસામના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા પછી કહ્યું : તેમની સરકાર NRC યાદીની પુનઃ ચકાસણી કરશે

આસામમાં બીજી વખત સત્તામાં આવેલી ભાજપે પોતાના મુખ્યમંત્રી બદલ્યા, સોનોવાલને બદલે હિમંતા સર્માને તક

નવી દિલ્હી, તા.૧૦

હિમંત બિસ્વા શર્માએ સોમવારે આસામના નવા મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. આસામમાં સતત બીજી વખત સત્તામાં આવેલી ભારતીય જનતા પાર્ટીએ પોતાના મુખ્યમંત્રી બદલ્યા છે અને સર્વાનંદ સોનોવાલને બદલે હિમંત બિસ્વા શર્માને તક આપી છે. મંગળવારે નવી સરકારની પહેલી કેબિનેટ બેઠક યોજાવાની છે. જો કે, હિમંત બિસ્વા શર્માએ સોમવારે જ શપથ ગ્રહણ બાદ એક મોટી જાહેરાત કરી હતી. હિમંત શર્માએ કહ્યું હતું કે, તેમની સરકાર ચૂંટણીમાં આપવામાં આવેલા તમામ વચનો પૂરા કરશે જેમાં લવ જિહાદ-લેન્ડ જિહાદ વિરૂદ્ધ કાયદો લાવવાની વાત પણ સામેલ છે. શપથ ગ્રહણ બાદ હિમંત બિસ્વાએ એનઆરસી મુદ્દે પણ મહત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે, તેમની સરકાર બોર્ડર સાથે જોડાયેલા જિલ્લાઓમાં ૨૦ ટકા અને અન્ય જિલ્લાઓમાં ૧૦ ટકા રી-વેરિફિકેશનની પક્ષધર છે અને તેની માંગણી કરશે.

આસામમાં કોરોના સંકટ મામલે તેમણે કહ્યું કે, સ્થિતિ ખૂબ જ બગડી રહી છે અને દૈનિક નવા કેસનો આંકડો ૫,૦૦૦ સુધી પહોંચી ગયો છે. પહેલી કેબિનેટમાં કોવિડ સંકટ મુદ્દે ચર્ચા થશે. આસામની ચૂંટણીમાં સીએએ, એનઆરસી મોટો મુદ્દો બન્યો હતો, એક તરફ ભાજપે ઘૂસણખોરોને બહાર કાઢવાની વાત કરી હતી તો કોંગ્રેસે તેમની સરકાર બનશે તો સીએએ લાગુ નહીં કરવામાં આવે તેવી જાહેરાત કરી હતી. જો કે, ફરી એક વખત આસામમાં ભાજપની સરકાર જ બની છે. આસામમાં ચૂંટણીના પરિણામો જાહેર થયા ત્યાર બાદ એક સપ્તાહ સુધી ભાજપમાં મુખ્યમંત્રી પદને લઈને મંથન ચાલ્યુ હતું. પરંતુ રવિવારે હિમંત બિસ્વા શર્માના નામ પર મંજૂરીની મહોર મારવામાં આવી હતી. સોમવારે તેમણે પોતાના મંત્રીમંડળ સાથે શપથ પણ ગ્રહણ કરી લીધા હતા. શપથ ગ્રહણ સમારંભમાં સહભાગી બનવા માટે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડા પોતે ઉપસ્થિત રહ્યા હતા.

જનતા કરફ્યુ : ગ્રામીણોએ મુલાકાતે આવેલા મંત્રી-કલેક્ટરને ગામમાં પ્રવેશ ન આપ્યો

(એજન્સી) ઈન્દોર, તા.૧૦

મધ્ય પ્રદેશના ઈંદોરના ઢાબલી ગામે એક રીતે નવી મિસાલ કાયમ કરી છે. સાંવેર તાલુકામાં સ્થિત આ ગામના લોકોએ કોરોનાથી બચવા માટે જનતા કર્ફ્યૂ લાગૂ કર્યું છે. ગામના લોકો દ્વારા આ કોરોના પ્રોટોકોલનું ગંભીરતાથી પાલન કરવામાં આવી રહ્યું છે. આ વાતનો અંદાજો એના પરથી લગાવી શકાય જયારે ગામની મુલાકાતે આવેલા મંત્રી અને કલેક્ટરને ગ્રામીણોએ પ્રવેશ આપ્યો નહીં. તેમને બહાર જ રોકી દેવામાં આવ્યા.

દેશના ઘણાં ભાગોમાંથી કોરોના સંકટ કાળમાં લોકો દ્વારા બેદરકારીના કિસ્સાઓ સામે આવતા રહે છે. પણ ઢાબલી ગામના લોકો જરા નોખા છે. તેઓ નિયમની સાથે આ મહામારી સામે લડી રહ્યા છે. રવિવારે ગ્રામીણોએ મંત્રી તુલસી સિલાવટ અને કલેક્ટર મનીષ સિંહને ગામમાં પ્રવેશ આપ્યો નહીં. મંત્રી અને કલેક્ટર ગામની મુલાકાતે ત્યાં પહોંચ્યા તો આશ્ચર્યમાં પડી ગયા. તેમને ગામમાં પ્રવેશ આપતા રોકીને લોકોએ બેરિકેડ્સની બીજી તરફ ઊભા રહીને તેમની સાથે વાત કરી. લોકોએ મંત્રીને જણાવ્યું કે ગામમાં કોરોના કર્ફ્યૂનું પાલન કરવામાં આવી રહ્યું છે. ગામના લોકો દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાને જોઇ મંત્રી અને કલેક્ટર પણ ખુશ થઇ ગયા હતા. તેમણે અન્ય ગામના લોકોને પણ આ પ્રકારના નિયમ લાગૂ કરવાનો આગ્રહ કર્યો છે. તુલસી સિલાવટે ટ્વીટ કરી લખ્યું કે, સાંવેરની જનતાના અનુશાસનને મારી સલામ.

જણાવી દઈએ કે, ઈંદોર મધ્ય પ્રદેશમાં સૌથી વધુ પ્રભાવિત શહેરોમાંથી એક છે. કોરોનાની પહેલી લહેરમાં ઈંદોરના ઘણાં લોકોએ જીવ ગુમાવ્યા હતા. બીજી લહેર દરમિયાન પણ સતત કેસો સામે આવી રહ્યા છે. એવામાં લોકોનું આવું અનુશાસન આ મહામારી સામે લડવામાં તેમને મદદ કરી શકે છે.

મધ્ય પ્રદેશ સરકાર દ્વારા રાજ્યમાં ૧૫ મે સુધી જનતા કર્ફ્યૂ લાગૂ કરવામાં આવ્યું છે. આ દરમિયાન માત્ર જરૂરી સેવાઓને જ છૂટ આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં રોજ ૪ લાખથી વધારે નવા કોરોના કેસો સામે આવી રહ્યા છે.

કોરોના સાથે લડવાના નામ પર મેડિકલના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ સાથે મજાક

યોગીના યુપીમાં કોરોના ભરતી : MBBSના વિદ્યાર્થીને ૩૦૦ અને સફાઈ કર્મચારીને ૩૫૯

(એજન્સી) લખનૌ, તા.૧૦

કોરોના સામે લડવાના નામ પર મેડિકલ અભ્યાસક્રમના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ યુપી સરકાર મજાક કરી રહી છે. સરકારની જાહેરાત જણાવે છે કે, વિદ્યાર્થીઓને તેમના જીવ જોખમમાં નાખીને કામ કરવું પડશે અને તેના માટે ફકત ૩૦૦ રૂપિયા. એટલે કે મહિનાના ફકત નવ હજાર રૂપિયા સરકારનું આ પગલું હાસ્યાપદ છે. મહત્ત્વની વાત એ છે કે, એમબીબીએસના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે જે મહેનતાણું નક્કી કરવામાં આવ્યું છે. જે વોર્ડ બોયને મળતા પગારથી પણ ઓછું છે. યુપીમાં વોર્ડ બોયને મહેનતાના તરીકે ૩૫૯ રોજના ચૂકવણી કરવામાં આવે છે. એટલે કે જે વિદ્યાર્થી તેમના જીવને જોખમમાં નાખીને કોરોના દર્દીને સ્વસ્થ કરશે. સરકાર તેના માટે કોઈ સારૂં એવું પેકેજ સુધી નક્કી કરી શકી નહીં. સોશિયલ મીડિયા પર તેને સરકારની લાલફીતાશાહી ગણાવામાં આવી રહી છે. યુપી સરકારની આ જાહેરાત ૮ મે ૨૦૨૧ના રોજ કરવામાં આવી હતી. તેને કાર્યાલય મહાનિરીક્ષક ચિકિત્સા શિક્ષણ તેમજ તાલીમ, યુપી દ્વારા કરવામાં આવી છે, તેમાં કોરોના મહામારીના સંઘર્ષમાં સ્વાસ્થ્ય કર્મીઓના સેવા અવસર કહેવામાં આવ્યો છે. જાહેરાત પર નજર કરવામાં આવે તો ૧ નંબર પર ફિઝિશિયન, ચેસ્ટ ફિઝિશિયનનો ઉલ્લેખ છે. તેના માટે ૫ હજાર રૂપિયા દરરોજના નક્કી કરવામાં આવી છે. ચિકિત્સક માટે ૨ હજાર રૂપિયા રોજના આપવાની વાત કરવામાં આવી છે. ચોથા નંબર પર એમબીબીએસ અંતિમ વર્ષના છાત્રોનો ઉલ્લેખ છે, તેના માટે મહેનતાણું ૩૦૦ રૂપિયા રાખવામાં આવ્યું છે. વિજ્ઞાપનમાં સ્ટાફ નર્સને રોજના ૭૫૦ રૂપિયા, એચએસી નર્સિંગ વિદ્યાર્થીઓ માટે ૪૦૦ રૂપિયા રોજનું મહેનતાણું નક્કી કરવામાં આવ્યું છે. ૯ નંબર પર વોર્ડ બોય અને સફાઈ કર્મચારીઓ ઉલ્લેખ છે, તેના માટે મહેનતાણું ૩૫૯ રૂપિયા રોજનું નક્કી કરવામાં આવ્યું છે.

મોદી વિરૂદ્ધ રાષ્ટ્રીય ગઠબંધન અંગે ટૂંક સમયમાં વાટાઘાટો શરૂ થશે : શિવસેના

(એજન્સી) મુંબઈ, તા.૧૦

રાષ્ટ્રીય ગઠબંધન અંગે થોડા દિવસોમાં ચર્ચા-વિચારણા કરવામાં આવશે અને તેના અંગે એનસીપીના વડા શરદ પવાર સાથે મંત્રણા પણ કરવામાં આવી છે, એમ શિવસેનાના નેતા સંજય રાઉતે રવિવારે જણાવ્યું હતું. આ રાષ્ટ્રીય ગઠબંધનમાં કોંગ્રેસ પણ મુખ્ય પક્ષ રહેશે, એમ તેમણે જણાવ્યું હતું. 'દેશમાં મજબૂત વિરોધપક્ષની જરૂરિયાત છે, પરંતુ કોંગ્રેસ પક્ષ સાથે ગઠબંધન કરી શકાય નહીં. હકીકતમાં કોંગ્રેસ પક્ષ ગઠબંધનનો આત્મા છે. જો કે, વાટાઘાટ કરવામાં આવ્યા પછી નેતૃત્વનો નિર્ણય લેવામાં આવશે, એમ પત્રકારોને તેમણે જણાવ્યું હતું.' મહારાષ્ટ્રમાં રાજ્યમાં ત્રણ અલગ-અલગ વિચારધારાવાળા પક્ષ (કોંગ્રેસ, એનસીપી અને શિવસેના)ની આગેવાની હેઠળ મહાવિકાસ આઘાડી (એમવીએ)ની સરકારનું નેતૃત્વ ઉદ્ધવ ઠાકરેને આપવામાં આવ્યું હતું. વાસ્તવમાં આ આદર્શ ગઠબંધન છે, જે સારી રીતે કામકાજ કરે છે, એમ તેમણે જણાવ્યું હતું. તાજેતરમાં આસામ, કેરળ અને તમિલનાડુની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે સારૂં પ્રદર્શન કર્યું છે, પરંતુ પશ્ચિમ બંગાળમાં એક પણ બેઠક મળી નથી એ સારી બાબત નથી. કોંગ્રેસ પક્ષે વધુ મજબૂત બનવાનું જરૂરી છે, એમ તેમણે જણાવ્યું હતું.

હવે ગામડાઓને પણ ઈશ્વરની દયા પર છોડી દેવામાં આવ્યા : રાહુલ ગાંધી

પહેલાં રાહુલ ગાંધીએ કોરોના સંક્રમિત દર્દીઓને જરૂરી માત્રામાં ઓક્સિજન આપવા માટેની અપીલ કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી કોરોનાના સંકટને લઈને સતત મોદી સરકાર પર હુમલા કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ સરકાર પર કટાક્ષ કરતા ટ્વિટ કર્યું, 'શહેરો બાદ હવે ગામડા પણ પરમાત્મા નિર્ભર.'

આ પહેલાં આજે રાહુલ ગાંધીએ ટ્વિટર પર બે તસવીરો શેર કરી હતી. પ્રથમ તસવીરમાં કેટલાક લોકો ઓક્સિજન સિલિન્ડર લેવા માટે લાઈનમાં ઊભા જોવા મળી રહ્યા છે, તો બીજી તસવીર દિલ્હીના ઈન્ડિયા ગેટ પાસેની છે, જ્યાં ખોદકામ ચાલી રહ્યું છે. રાહુલ ગાંધીએ ટ્વિટર પર તસવીરે શેર કરતા લખ્યું, દેશને પીએમ આવાસ નહીં, શ્વાસ જોઈએ. તમને જણાવી દઈએ કે, આ પહેલાં રાહુલ ગાંધીએ કોરોના સંક્રમિત દર્દીઓને જરૂરી માત્રામાં ઓક્સિજન આપવાની અપીલ કરી હતી. તેમણે કોરોના દર્દીઓને બચાવવા માટે સૂચનો પણ કર્યા હતા. તેમણે એક ટ્વિટ દ્વારા કહ્યું, દેશવાસીઓને બચાવવા માટે જરૂરી છે કે, મોટા પાયા પર લોકોને વેક્સિન આપવી. સાચા આંકડા અને નવા કોરોના સ્ટ્રેનનું વિશ્લેષણ. આ સાથે નબળા વર્ગને આર્થિક સહાય કરવી. તેમણે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું, દુર્ભાગ્યથી કેન્દ્ર સરકાર સાબિત કરી રહી છે કે, તેનાથી આ થઈ શકશે નહીં. કોંગ્રેસે કોરોના મહામારીની બીજી લહેરને ધ્યાનમાં રાખી શનિવારે કહ્યું કે, કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સ્તર પર સંપૂર્ણ લોકડાઉન લગાવવું જોઈએ અને સાથે ગરીબોને છ હજાર રૂપિયાની આર્થિક મદદ કરવી જોઈએ. પાર્ટીએ તે આરોપ પણ લગાવ્યો કે, કેન્દ્ર સરકાર રસી પર જીએસટી લગાવી લૂંટી રહી છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વિટ કર્યું, રસી માટે બજેટનો પૂરો ઉપયોગ કરવામાં આવ્યો નથી. વ્યક્તિના જીવની કિંમત નથી. એવું એટલા માટે કે પ્રધાનમંત્રીનો અહંકાર વધુ છે.

જો સરકારે પોતાનું કામ કર્યું હોત તો વિદેશી સહાય ના માંગવી પડત : કોંગ્રેસ નેતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભારત હાલમાં કોરોના વાયરસની બીજી લહેરથી પસાર થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, ઘણા દેશો ભારતની મદદ માટે આગળ આવ્યા છે અને ભારતને ઈમરજન્સી મેડિકલ સપ્લાય મોકલી રહ્યા છે. બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સે મે મહિનાની શરૂઆતમાં વેન્ટિલેટર, દવાઓ અને ઓક્સિજન ભારતમાં પહોંચાડ્યા હતા. રવિવાર સુધીમાં, ૩૦૦ ટન રાહત પુરવઠો ૨૫ વિમાન દ્વારા દિલ્હી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર પહોંચ્યો હતો. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વિદેશથી ભારતને મળેલી મદદને લઈને સરકાર પર એકવાર ફરી કટાક્ષ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે ટ્વિટ કર્યું હતું કે, 'વિદેશી સહાય મેળવ્યા પર ભારત સરકાર દ્વારા વારંવાર છાતી ઠોકવી દુઃખદ છે. જો ભારત સરકારે તેનું કામ કર્યું હોત, તો આ થયું જ ન હોત.' કોંગ્રેસે ગયા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી કરી હતી કે, વિવિધ દેશોમાંથી ભારતને મળેલી રાહત સામગ્રીથી સંબંધિત માહિતી જાહેર કરવામાં આવે.

ભારતે ૧૩૫૦ ઓક્સિજન સિલિન્ડર શિપિંગ માટે કતર એરવેઝનો આભાર વ્યક્ત કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભારતે સોમવારે કતર એરવેઝને બ્રિટિશ ઓક્સિજન કંપનીના ૧૩૫૦ ઓક્સિજન સિલિન્ડરોના શિપમેન્ટની સુવિધા માટે આભાર વ્યક્ત કર્યો, જે વધતા કોરોના વાયરસની વિરૂદ્ધ ભારતની લડાઈ માટે કોરોના સહાયના ભાગ સ્વરૂપ છે. વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા અરિંદમ બાગચીએ ટ્વિટ કર્યું કે, યુકેથી આ શિપમેન્ટની સુવિધા માટે કતર એરવેઝનો આભાર. એક અન્ય ૧૩૫૦ ઓક્સિજન સિલિન્ડરની ભેટ માટે બ્રિટિશ ઓક્સિજન કંપનીના આભારી બ્રિટનથી આવ્યા. આ ૫૦૦૦ ઓક્સિજન સિલિન્ડરના તેમના ઉદાર યોગદાનનો ભાગ છે. આ પહેલાં રવિવારે યુનાઈટેડ કિંગડમથી કુલ ત્રણ ઓક્સિજન જનરેટર અને ૧૦૦૦ વેન્ટિલેટર પહોંચ્યા. બ્રિટિશ હાઈકોર્ટે જણાવ્યું કે, ઈન્ડિયન રેડ ક્રોસ હોસ્પિટલોને યુકે સહાયતા હસ્તાંતરિત કરવામાં મદદ કરશે. આ પહેલાં જાહેર ૨૦૦ વેન્ટિલેટર અને ૪૯૫ ઓક્સિજન કન્સન્ટ્રેટર્સ ઉપરાંત છે. જેને બ્રિટને એપ્રિલના અંતમાં ભારત મોકલ્યા હતા. ઉચ્ચ પંચે જણાવ્યું કે, નવીનતમ સહાયતા પેકેજને આરોગ્ય અને સામૂહિક સારસંભાળ વિભાગ દ્વારા આપવામાં આવ્યું છે અને આ સંપૂર્ણપણે વિદેશી, રાષ્ટ્રમંડળ અને વિકાસ કાર્યાલય દ્વારા નાણાં પોષિત છે. યુકેના વિદેશ સચિવ ડૉમિનિક રેબે જણાવ્યું હતું કે, બ્રિટન ઉત્તરી આયરલેન્ડથી બાકીના ઓક્સિજન-જનરેટર ભારતમાં મોકલી રહ્યા છે. આ જીવનરક્ષક ઉપકરણ દેશની હોસ્પિટલોનું સમર્થન કરશે. કારણ કે, તે નબળા કોરોના દર્દીઓની સારસંભાળ કરે છે. ભારત હાલમાં એક બીજી કોરોના લહેર સાથે કામ કરી રહ્યા છે. જે દેશના આરોગ્ય માળખાને પ્રભાવિત કરી રહી છે અને સીમાવર્તી આરોગ્ય કર્મચારીઓને પીડિત કરી રહ્યા છે.

કોવિડ પોઝિટિવ આવ્યાના થોડા કલાકોમાં જ દિલ્હીના ૨૬ વર્ષીય ડૉ.મુજાહિદનું નિધન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

શનિવારે સાંજે દિલ્હીની ગુરૂતેગ બહાદૂર હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ આવ્યાના થોડા કલાકોમાં જ એક ૨૬ વર્ષીય ડૉક્ટરનું મૃત્યુ થયું હતું. ડૉ.અનસ મુજાહિદ એમબીબીએસની ઈન્ટર્નશિપ પૂરી કર્યા પછી જાન્યુઆરીમાં ગુરૂતેગ બહાદૂર હોસ્પિટલમાં જોડાયા હતા. ઉત્તર-પૂર્વ દિલ્હીના ભગીરથવિહારમાં રહેતા ડૉ.મુજાહિદ શનિવાર બપોર સુધી હોસ્પિટલમાં કામ કરી રહ્યા હતા. આ દરમ્યાન અચાનક જ તેમની તબિયત બગડી હતી. રાત્રે આઠ વાગ્યે તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને રવિવારે રાત્રે લગભગ ૩ વાગ્યે તેમનું મૃત્યુ થયું હતું. એક અહેવાલ મુજબ તેમને અન્ય કોઈ બીમારી ન હતી. ડૉ.મુજાહિદના સહકર્મી આમિર સુહૈલે એક સમાચારપત્રને જણાવ્યું હતું કે, અમે ઈફતાર માટે હોટલમાં જઈ રહ્યા હતા. ત્યારે તેમણે તાવની ફરિયાદ કરી હતી. આથી તેમણે હોટલ પર જતાં પહેલાં રેપિડ એન્ટિજન ટેસ્ટ કરાવવાનો આગ્રહ રાખ્યો હતો. તેમનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. સુહૈલે આગળ જણાવ્યું હતું કે, જીટીબી હોસ્પિટલના ક્લિનિકમાં બેઠા-બેઠા ડૉ.મુજાહિદ અચાનક ઢળી પડ્યા હતા. અમે તરત જ તેમને કેઝ્યુઆલિટી વોર્ડમાં લઈને દોડ્યા હતા. ડૉક્ટરોએ તેમનું સીટી-સ્કેન કરાવ્યું હતું. રિપોર્ટમાં ખુલાસો થયો કે, તેમના મગજમાં આંતરિક રક્તસ્ત્રાવ થઈ રહ્યો છે. તેમને તાત્કાલિક ન્યુરોલોજી ડિપાર્ટમેન્ટમાં ખસેડવામાં આવ્યા જ્યાં તેમનું મૃત્યુ થયું હતું.

તેલંગાણામાં કિંગ કોટી હોસ્પિટલમાં ઓક્સિજનની અછત સર્જાતા ૭ કોવિડ દર્દીઓ મૃત્યુ પામ્યા

(એજન્સી) તા.૧૦

હૈદરાબાદની સરકારી હોસ્પિટલમાં મેડિકલ ઓક્સિજનનો નવો કન્સાઈનમેન્ટ લાવવા નીકળેલો ડ્રાઈવર રસ્તો ભૂલી ગયો હતો. આવી સ્થિતિમાં ઓક્સિજન સમયસર પહોંચ્યું ન હતું, જેના કારણે સાત દર્દીઓનાં મોત નીપજ્યા છે.

ખરેખર, આ ઘટના હૈદરાબાદની સરકારી હોસ્પિટલ કિંગ કોટીની છે, જ્યાં ૯ મેના રોજ મેડિકલ ઓક્સિજનની અછત સર્જાઈ હતી. આવી સ્થિતિમાં, ટેન્કર મેડિકલ ઓક્સિજનનો નવો કન્સાઈનમેન્ટ લઈને નીકળ્યો હતો પરંતુ તેનો ડ્રાઈવર રસ્તો ભૂલી જતા ટેન્કર મોડો પડ્યો હતો.

ડ્રાઈવર યોગ્ય સમયે ઓક્સિજન લઈને હોસ્પિટલમાં પહોંચી શક્યો નહીં અને સાત દર્દીઓ તેની રાહ જોતા-જોતા મરી ગયા. અત્યાર સુધીની પ્રાપ્ત માહિતી અનુસાર, બપોર પછીથી ટાંકીમાં ઓક્સિજનનું દબાણ ઓછું દેખાઈ રહ્યું હતું, ત્યારબાદ હોસ્પિટલના અધિકારીઓએ તાત્કાલિક ટેન્ક ભરવાની સૂચના આપી હતી, પરંતુ ઓક્સિજન ટેન્કર લઈ જતા ડ્રાઈવરને તે રીતે ખબર ન હતી.

નયનરગુડા પોલીસે ઘણા પ્રયત્નો બાદ ટેન્કર શોધી કાઢ્યું હતું, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ડ્રાઈવર ૧૨ કલાક મોડું ઓક્સિજન ટેન્કર લઈને હોસ્પિટલ પહોંચ્યો હતો. આ ઘટના અંગે હોસ્પિટલ વહીવટી તંત્ર મૌન બેઠું છે.

'કો-વેક્સિન એક દિવસ પૂરતી છે, કોવિશીલ્ડ ફક્ત ચાર દિવસ ચાલશે' : દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રીએ રસીની ઉપલબ્ધતા અંગે માહિતી આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દિલ્હીના સ્વાસ્થ્યમંત્રી સત્યેન્દ્ર જૈને પત્રકારોને જણાવ્યું હતું કે અમારી પાસે કોવેક્સીન ફક્ત આજ પૂરતી ચાલે એટલી જ છે અને કોવિશીલ્ડ ફક્ત ત્રણ ચાર દિવસ સુધી ચાલશે. અમને તાત્કાલિક ધોરણે રસીના ડોઝની જરૂર છે.

એમનું નિવેદન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવેદન પછી આવ્યું હતું. કેજરીવાલે કહ્યું હતું કે, જો અમને કોવિડ રસીના ૮૫ લાખ ડોઝ પ્રતિ મહિને આપવામાં આવે તો અમે સમગ્ર દિલ્હીવાસીઓને ત્રણ મહિનામાં રસી આપી શકીએ છીએ.

એમણે કહ્યું કે, અમે હાલમાં પ્રતિ દિવસે ૧ લાખ રસી લોકોને આપીએ છીએ. પણ અમારો લક્ષ્ય ૩ લાખ લોકોને પ્રતિ દિવસ રસી આપવાનો છે. અમે રસીકરણના કેન્દ્રો પણ હાલમાં જે છે એનાથી ત્રણ ગણા કરવા જઈ રહ્યા છીએ પણ એના માટે કેન્દ્ર સરકાર અમને ૨.૬ કરોડ રસીના ડોઝ આપે. હાલમાં દિલ્હીમાં ૧૦૦ કેન્દ્રો કાર્યરત છે અને અમે ૨૫૦થી ૩૦૦ કેન્દ્રો કરવા ઈચ્છીએ છીએ.

બધા દિલ્હીવાસીઓને રસી આપવા માટે ત્રણ કરોડ રસીના ડોઝની જરૂર છે જેમાંથી કેન્દ્ર સરકારે અમને ૪૦ લાખ ડોઝ આપ્યા છે. એમણે કહ્યું કે, દિલ્હીમાં રસીકરણ માટે સારી વ્યવસ્થા હોવાના લીધે એનસીઆર જેમ કે, નોઇડા, ગાઝિયાબાદમાંથી પણ લોકો રસી મુકાવવા આવી રહ્યા છે.

કેજરીવાલે કોવિડની ત્રીજી લહેર બાબત કહ્યું કે આ લહેરનો સામનો કરવા માટે ફક્ત ઝડપી રસીકરણ જ વિકલ્પ છે.

વર્તમાન ઝડપને ધ્યાનમાં રાખીએ તો સંપૂર્ણ વસ્તીનું કોરોના વેક્સિનેશન ૩ વર્ષમાં પૂરૂં થશે

(એજન્સી) તા.૧૦

કોવિડ-૧૯ વેક્સિન લેવા માટે રજિસ્ટ્રેશન કરનારાઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. જ્યારે રસી અપાય છે તેવા લોકોની સંખ્યા ખૂબ ઓછી છે. આવી સ્થિતિમાં, આ બે આંકડા વચ્ચેનો તફાવત ઝડપથી વધી રહ્યો છે. ૧ મેથી ૭ મેની વચ્ચે, કો-વિન પર ૨.૪૨ કરોડ લોકોએ નોંધણી કરાવી. આના પર અત્યાર સુધીમાં ૧૯ કરોડથી વધુ રજિસ્ટ્રેશન થઈ ચૂક્યા છે.

૧થી ૭ મે દરમિયાન દરરોજ સરેરાશ ૧૬.૬ લાખ ડોઝ આપવામાં આવતા હતા, જ્યારે એપ્રિલની શરૂઆતમાં આ આંકડો ૪૦ લાખથી વધુ હતો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત થયેલા સમાચાર મુજબ, જો રસીકરણની આ જ ગતિ યથાવત્ રહેશે, તો જે લોકોએ અત્યાર સુધી નોંધણી કરાવી છે તેમનું રસીકરણ કરવામાં ૩ વર્ષનો સમય લાગશે.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધન દ્વારા કરેલા ટ્વિટ મુજબ, રાજ્યો પાસે ૭૨ લાખ ડોઝ છે અને આગામી ૩ દિવસોમાં ૪૨ લાખ ડોઝ મોકલવાની તૈયારીમાં છે. એટલે કે, આ સંખ્યા કુલ ૧.૧૪ કરોડ છે, જે ગયા અઠવાડિયે નોંધણી કરાવનારા ૫૦% લોકોને આવરી લે તેટલી પણ નથી.

અગાઉ, જ્યારે ફક્ત ફ્રન્ટ લાઈન કામદારો અને ૪૫ વર્ષથી વધુ વયના વૃદ્ધ લોકોને રસી આપવામાં આવી હતી, ત્યારે આવા પાત્ર લોકોની સંખ્યા લગભગ ૩૪ કરોડ હતી. આ પછી, જ્યારે કેન્દ્ર સરકારે ૧૮ વર્ષથી વધુ વયના તમામ લોકોને રસી આપવાની જાહેરાત કરી હતી, ત્યારે ૩૪ કરોડમાંથી માંડ ત્રીજા ભાગનાને રસી આપવામાં આવી હતી. હવે ૧૮-૪૪ વર્ષની વય જૂથના ૬૦ કરોડ લોકો પણ રસીકરણ માટે લાયક એવા લોકોમાં જોડાયા છે.

જ્યારે વર્તમાન સમયમાં દરરોજ લગભગ ૧૭ લાખ ડોઝ આપવામાં આવી રહ્યા છે. જો આ ગતિએ રસીકરણ કરવામાં આવે તો દેશની આખી વસ્તીને રસી આપવામાં લગભગ ૧૦૦૦ દિવસ અથવા ૩ વર્ષનો સમય લાગશે.

આ તફાવતને ઘટાડવા માટે, રસી ઉત્પાદન કરવાની ક્ષમતા વધારવાની તૈયારી કરી લેવાઈ છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ અને ભારત બાયોટેકની વર્તમાન ઉત્પાદન ક્ષમતા દર મહિને અનુક્રમે ૬ કરોડ અને ૨ કરોડ ડોઝ છે. બંને કંપનીઓ ક્ષમતામાં વધારો કરી રહી છે, પરંતુ તેમાં પણ જુલાઈ સુધી રાહ જોવી પડી શકે છે. આવી સ્થિતિમાં, રસીની આયાત આ વિશાળ અંતરને દૂર કરવામાં મદદ કરશે, પરંતુ હજી સુધી તે સ્પષ્ટ નથી થયું કે કેટલા સમયમાં રસી આયાત કરવામાં આવશે.

શું ધારાસભ્ય ઈમરાન હુસૈને ઓક્સિજન દિલ્હીમાંથી રીફિલર્સ પાસેથી મેળવ્યું હતું ? : હાઈકોર્ટે 'આપ' સરકારને પ્રશ્ન કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી હાઈકોર્ટે દિલ્હી સરકારને પ્રશ્ન કર્યો હતું કે, શું 'આપ'ના ધારાસભ્ય ઈમરાન હુસૈનને દિલ્હીમાં ઓક્સિજન દિલ્હીના રીફિલર્સ દ્વારા આપવામાં આવી હતી. જેમણે આ ઓક્સિજન ઘરે સારવાર લઇ રહેલ વ્યક્તિઓ, હોસ્પિટલો અને એમ્બ્યુલન્સોને આપી હતી.

દિલ્હી હાઈકોર્ટના જજોએ ધારાસભ્યને પણ પ્રશ્ન કર્યો હતો કે, જે રીતે તમે દાવો કરો છો એના માટે તમે દસ્તાવેજો રજૂ કરો જેનાથી પૂરવાર થાય કે, તમે ઓક્સિજન ફરીદાબાદ, હરિયાણામાંથી મેળવી હતી નહીં કે, દિલ્હીને અપાતા ઓક્સિજનના પુરવઠામાંથી મેળવી હતી.

હુસૈન તરફે વકીલે રજૂઆત કરી હતી કે, હુસૈને ઓક્સિજન દિલ્હી બહારથી મેળવી હતી. પણ એમણે સિલિન્ડરો દિલ્હીમાંથી ભાડે લીધા હતા અને આ હકીકત પૂરવાર કરવા એમની પાસે દસ્તાવેજો પણ છે. વકીલની આ રજૂઆત પછી હાઈકોર્ટે પ્રશ્ન કર્યો હતો.

હાઈકોર્ટે કહ્યું કે, જે રીતે તમે દાવો કરો છો. એ મુજબ રેકર્ડ ઉપર કોઈ પણ રસીદો મૂકવામાં આવી નથી. એ સાથે કોર્ટે અગામી સુનાવણી ૧૩મી મે એ રાખી હતી.

ઓક્સિજન લઈ જતાં વાહન ચાલક રસ્તો ભૂલ્યો, ૭નાં મોત

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૦

હૈદરાબાદની સરકારી હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે કોરોનાનાં સાત દર્દીઓનાં મોત નીપજ્યાં. આ ઘટના સરકારી હોસ્પિટલ કિંગ કોટીની છે.

આ હોસ્પિટલમાં ઓક્સિજનની અછત હતી. એક ટેન્કર ઓક્સિજનની નવી કન્સાઇનમેન્ટ લઈને હોસ્પિટલમાં આવી રહ્યો હતો, પરંતુ ટેન્કરનો ચાલક રસ્તો ગુમાવી ગયો. તે યોગ્ય સમયે ઓક્સિજન લઈને હોસ્પિટલમાં પહોંચી શક્યો નહીં.

હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે હોબાળો મચ્યો હતો. લોકો ડ્રાઈવરની રાહ જોતા હતા. ધીરે ધીરે, આઈસીયુમાં ઓક્સિજન સપ્લાયનું દબાણ ઓછું થવા લાગ્યું. દર્દીઓએ શ્વાસ લેવાનું શરૂ કર્યું. ટૂંકા સમયમાં, ઓક્સિજનનો પુરવઠો સ્તર જોખમ સાથે નીચે ગયો. આ જોઈને રવિવારે આ હોસ્પિટલમાં ૭ દર્દીઓનાં મોત નીપજ્યાં.

રિપોર્ટ અનુસાર, હોસ્પિટલની ઓક્સિજન ટાંકીમાં ઓક્સિજન પ્રેશર બપોર કરતા ઓછું દેખાઈ રહ્યું હતું. હોસ્પિટલના અધિકારીઓએ તાત્કાલિક ટાંકી ભરવાની સૂચના આપી હતી. પરંતુ ઓક્સિજન લઇ જતા ટેન્કર ચાલક માર્ગ ગુમાવી ગયો હતો.

હૈદરાબાદની નયનરગુડા પોલીસે ખૂબ જહેમત બાદ ટેક્કર શોધી કાઢ્યું હતું પરંતુ ત્યાં સુધીમાં ટેન્કર ઓક્સિજન લઇને હોસ્પિટલ પહોંચ્યો હતો, મોડુ થઈ ગયું હતું અને ૭ દર્દીઓનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટના અંગે હોસ્પિટલ વહીવટીતંત્ર મૌન છે. એવા પ્રશ્નો પણ ઉભા થઈ રહ્યા છે કે ઓક્સિજન વહન કરતા ટેન્કરને કેમ ગ્રીન કોરિડોર આપવામાં આવ્યો ન હતી.

દિલ્હીમાં કોરોના બેકાબૂ, ગુરૂદ્વારામાં શરૂ કરાયું ૩૦૦ બેડ સાથેનું કોવિડ સેન્ટર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ગુરૂ તેગ બહાદુર કોવિડ કેર સેન્ટર ૩૦૦ પથારીવાળા સોમવારે બપોરથી મધ્ય દિલ્હીના ગુરુદ્વાર રકાબગંજ સાહિબ ખાતે ખોલવામાં આવ્યું છે. દિલ્હી શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ મંજિંદરસિંહ સિરસાએ જણાવ્યું હતું કે, મંગળવારે વધુ ૧૦૦ પથારી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, કોવિડ કેર સેન્ટરનું સંચાલન દિલ્હી સરકારની લોક નાયક જય પ્રકાશ નારાયણ હોસ્પિટલના ૫૦ ડોકટરો કરી રહ્યા છે. તેમના સહકાર માટે ૧૫૦ નર્સો અને વોર્ડ બોયઝની ટીમ પણ તૈનાત કરાઈ છે.

સિરસાએ જણાવ્યું હતું કે તમામ પથારીમાં ઓક્સિજન સુવિધા છે. આને ૧૫૦ ડી-પ્રકારનાં સિલિન્ડરથી જોડવામાં આવ્યા છે. કોવિડ -૧૯ દર્દીઓની સારવાર માટે, રેમડેસવીર અને ફેબિફ્લુ જેવી જરૂરી દવાઓ પણ ગોઠવવામાં આવી છે.

તેમણે કહ્યું, "જે દર્દીઓને પ્રતિ મિનિટ ૨૦ લિટર ઓક્સિજનની જરૂર હોય છે, તેઓની અહીં સારવાર કરી શકાય છે." સારવાર, એમ્બ્યુલન્સ સેવા અને ભોજન માટેની વ્યવસ્થા સંપૂર્ણપણે મફત રહેશે. સિરસાએ કહ્યું કે અભિનેતા અમિતાભ બચ્ચને કોવિડ સેન્ટર માટે બે કરોડ રૂપિયા દાનમાં આપ્યા છે.

એલર્ટ ! વેક્સિન રજિસ્ટરના નામે મેસેજ આવે તો ભૂલથી પણ ક્લિક ન કરતાં

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

દેશમાં કોરોનાની બીજી લહેર વચ્ચે ૧ મેથી રસીકરણના ત્રીજા તબક્કાની શરૂઆત થઈ છે. આ દરમિયાન કેટલાક ફેક મેસેજ પણ લોકોને મળી રહ્યાં છે, જે તમારા સ્માર્ટફોનને નુકસાન પહોંચાડી શકે છે. જે ભારતમાં એન્ડ્રોઇડ યુઝર્સને ફ્રી વેક્સીન રજિસ્ટ્રેશન એપના નામથી મેસેજ મળી રહ્યો છે. આ નવો માલવેર યૂઝર્સને અનધિકૃત લિંક પર ટેપ કરવા અને વેક્સીનેશન રજિસ્ટ્રેશન એપ ડાઉનલોડ કરવા કહે છે. આ એપનું નામ જીસ્જી ઉંદ્વિ છે. આ નવો માલવેર છે જે ટેક્સ્ટ મેસેજ દ્વારા યૂઝર્સના ડિવાઈસમાં ફેલાય છે અને તેમની કોન્ટેક્ટ ડિટેલ ચોરી કરે છે. પહેલાં આ એપ્લિકેશનનું નામ ઉંદ્વિ-૧૯ હતું પરંતુ હવે તેનું નામ બદલીને વેક્સિન રજીસ્ટર કરવામાં આવ્યું છે. સંશોધનકર્તાના કહેવા પ્રમાણે તે તમારા ફોનના બંને સીમને ટાર્ગેટ કરે છે. તેથી સાવચેત રહેવાની જરૂર છે. માલવેરને ટાળવાનો શ્રેષ્ઠ અને સૌથી સહેલો રસ્તો એ છે કે કોઈ પણ અનધિકૃત સોર્સ અથવા વેબસાઈટ પરથી એપ્લિકેશનને ડાઉનલોડ ન કરવી. તેમજ જો તમને એસએમએસ દ્વારા કોઈ લિંક પ્રાપ્ત થઈ છે જયાંથી તમે એપ્લિકેશન ડાઉનલોડ કરી શકો છો, તો તેને અવગણવું જોઈએ. એન્ડ્રોઇડ યુઝર્સે ફક્ત ગૂગલ પ્લે સ્ટોર પરથી જ એપ ડાઉનલોડ કરવી જોઈએ.

માહે રમઝાન : ૨૮

ખત્મે સહરી
સવારના : ૪:૨૯

વક્તે ઇફ્તાર
સાંજના : ૭:૧૪

પૂરા પરિવાર માટે રેડીમેઇડ તથા કાપડની વિશાળ રેન્જ
સાકરવાલા
ડ્રેસ મટીરીયલ
દરિયાપુર, અમદાવાદ
મો. : ૭૬૦૦૦ ૭૪૪૯૭

સદકએ ફિત્ર

સદકએ ફિત્ર એ રમઝાન શરીફની અગત્યની ઈબાદત છે. ગરીબો મોહતાજોને રોઝદાર આ સદકો દ્વારા પોતાના મોહતાજ ભાઈ-બહેનોને મદદ કરે છે.

રોઝા દરમ્યાન રોઝદારથી અનેક બેહુદા અને નિરર્થક વાતો થઈ જતી હોય છે, આથી તેના કારણે રોઝામાં એક પ્રકારની ખામી ઓછપ આવી જતી હોય છે. સદકએ ફિત્ર એ કમીને દૂર કરે છે. અપશબ્દો બોલાઈ જવાથી જે ગુનાઓ થઈ જાય છે. તે સદકએ ફિત્ર આપવાથી દૂર થઈ જાય છે. આ ઉપરાંત ગરીબો-જરૂરતમંદોને મદદ મળે છે.

(મિશકાત શરીફ)

ગરીબો અને મોહતાજો પણ ઈદની ખુશીમાં સામેલ થઈ શકે એ સદકએ ફિત્ર આપવાનો મહત્ત્વનો હેતુ-ઉદ્દેશ્ય છે, કોઈ પણ માણસ આ દિવસે ભૂખ્યો ન રહે કે તેને હાથ લંબાવવો ન પડે.

(દારકુત્ની)

હઝરત ઉમર (રદિ.)થી રિવાયત છે કે, અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ

(અનુસંધાન બીજા પાને)

સરકાર આંકડા છુપાવે છે; સરકારી ચોપડે માત્ર ૮૨૦૦ મોત દર્શાવાયા

કોંગ્રેસનો ગંભીર આક્ષેપ : રાજ્યમાં અત્યાર સુધી કોરોના બે લાખથી વધુ લોકોને ભરખી ગયો

● છેલ્લા ૧૩ માસમાં મોતને ભેટેલા તમામ મૃતકોના પરિવારજનોને રૂા.૪ લાખની સહાય ચૂકવવા કોંગ્રેસની માંગ ● માત્ર સુરેન્દ્રનગર જિલ્લામાં જ ૬૫ દિવસમાં ૩૫૭૭ મોત થયા હોય તો આખા રાજ્યમાં ૧૩ મહિનામાં કેટલા મોત થયા હશે ? : ધારાસભ્ય નૌશાદ સોલંકી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

સમગ્ર ગુજરાતમાં આજે ભય, અંધાધૂંધી અને અરાજકતાનો માહોલ છે. રાજ્ય સરકારના અણઘડ વહીવટ અને સંકલનના અભાવને લીધે કોરોના બેકાબુ બની ગયો છે લોકો સારવાર માટે દર દર ભટકી રહ્યા છે. સરકારી આંકડા મુજબ રાજ્યમાં ૮૨૦૦ કરતા વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. પરંતુ આખા રાજ્યમાં સ્મશાન અને કબ્રસ્તાનોમાં જે રીતે અંતિમક્રિયા થઈ રહી છે તે મુજબ જોઈએ તો કોરોના અત્યાર સુધી બે લાખથી વધુ લોકોને ભરખી ગયો હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે. કોંગ્રેસે સરકારની કામગીરી પર સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે સરકાર કોરોનાથી થયેલા મોતના આંકડાઓ છુપાવી રહી છે. રાજ્યના મોતના આંકડા જોઈએ તો બે લાખથી વધુ લોકો મોતને ભેટી ચુક્યા છે. આથી કોંગ્રેસ મૃત્યુના સાચા આંકડાઓ બહાર લાવવા કોર્ટમાં જશે. આ સાથે કોંગ્રેસે સરકાર સમક્ષ છેલ્લા ૧૩ મહિના દરમ્યાન મોતને ભેટેલા લોકોના નામ અને તેના કારણ સાથે શ્વેતપત્ર જાહેર કરે તેવી માંગ કરી છે. સાથે સાથે આ ૧૩ મહિના દરમ્યાન જેટલા પણ લોકોનાં મોત નીપજયા છે. તે તમામ મૃતકોના પરિવારજનોને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ મુજબ સરકાર રૂપિયા ચાર લાખની સહાય જાહેર કરે તેવી માંગ કરી છે. કોંગ્રેસ ભવન ખાતે યોજેલી પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે રાજયના દરેક જિલ્લા તાલુકા કે ગામમાં મૃત્યુ થયા હોય તેઓના નામ અને કોમોર્બિડીટીથી થયા છે કે કોરોનાથી તે અંગેની વિગતો સરકારે શ્વેતપત્ર જાહેર કરી પબ્લિક ડોમેઈનમાં મુકવા જોઈએ. વધુમાં જણાવવાનું કે રાજયના કોઈપણ જિલ્લામાં પુરતી વ્યવસ્થા નથી. હોલમાં ગાદલા મુકી ફોટાઓ પડાવી ખોટી જાહેરાતો કરવામાં આવે છે. પરંતુ ગામડાઓમાં પરિસ્થિતિ ખુબ જ ગંભીર છે. ટેસ્ટીંગ થતા નથી જિલ્લા હોસ્પિટલોમાં સુવિધાઓ નથી ગામડામાં કોરોના ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યો છે અને હજી ફેલાશે તેવા સંજોગોમાં ગામડામાં કોરોના અટકાવવા માસ ટેસ્ટીંગ અને વેકસીનેશન કરવામાં આવે તેવી અમારી માંગ છે. અમિત ચાવડાએ સરકાર પર આક્ષેપ કરતા વધુમાં કહ્યું હતું કે ગુજરાતમાં કોરોનાની ગંભીર પરિસ્થિતિ છે. ભય અંધાધૂંધી છે બેડ, ઓકસીજન, વેન્ટીલેટર ખુટી પડયા છે. આ માટે સરકારનો અણઘડ વહીવટ અને સંકલન જવાબદાર છે. દરેક ડીઝાસ્ટર એકટના બે પાસા હોય છે. જેમાં શિક્ષાત્મક પાસું અને કલ્યાણ પાસું. સરકારે શિક્ષાત્મક પાસાનો ઉપયોગ કરી લોકોને દંડ મિકલસ સીલ સહિતની કાર્યવાહી કરી, પરંતુ કલ્યાણલક્ષી પાસાની અનદેખી કરવામાં આવી રહી છે. નેશનલ ડિઝાસ્ટર એકટ મુજબ કુદરતી આપદા હોય અને લોકોના મૃત્યુ થાય તો સહાય કરવામાં આવે છે. કોરોના મહામારીમાં ૧૩ મહિનામાં જેટલા લોકોના મૃત્યુ થયા છે તે તમામના પરિવારને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ મુજબ સરકાર ૪ લાખની સહાય જાહેર કરે તેવી માંગ છે સાચી હકીકત કઈ અલગ છે સરકાર નિષ્ઠુર બની મોતના આંકડા છુપાવી રહી છે. લોકોનાં મોત સામે સરકાર રમત રમી રહી છે. ગુજરાત કોંગ્રેસ કોરોનાથી મોત થયેલા પરિવારની માહિતી મેળવશે. ગુગલ ફોર્મમાં માહિતી ભરી આપશે તેના આધારે કોંગ્રેસ સરકારમાં રજૂઆત કરશે. જયારે દસાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકીએ કહ્યું કે સુરેન્દ્રનગર જિલ્લામાં જ્યારથી કોરોના ફેલાયો છે. ત્યારથી ૧૨૨ જેટલા મોત સરકારના આંકડા બતાવે છે. ૨૦૨૦માં મોત અને ૨૦૨૧નાં મોતના આંકડા અંગે તપાસ કરતા બિહામણા સામે આવ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લા કુલ ૧૦૦૦૦થી વધુ લોકોના મૃત્યુ થયા છે. દર મહિને તાલુકાઓમાં સરેરાશ ૨૦૦ લોકોનાં મૃત્યુ થયા છે. કોરોનામાં જયાં સામાન્ય ગણાતા જિલ્લામાં ૩૫૭૭ લોકો ૬૫ દિવસમાં મૃત્યુ પામ્યા હોય તો આખા રાજ્યમાં કેટલો મોટો આંક હશે ? તેઓ આગળ કહે છે. અમદાવાદ, રાજકોટ જેવા મોટા શહેરો જયાં વધુ કોરોના ફેલાયો હોય ત્યાં કેટલાક મોત થયા હોય? દસાડામાં ડેન્ટીસ્ટ પર આરોગ્ય કેન્દ્ર ચાલે છે. ૮૦૦૦થી વધુના જ મોત થયા છે જે આંકડા સરકાર છુપાવે છે. આખા રાજ્યમાં ૨ લાખ જેટલા લોકોનાં મોત થયા હોવાનો કોંગ્રેસનો આક્ષેપ છે.

શ્રેય હોસ્પિટલના સત્તાધીશો એકના એક મુદ્દે અરજીઓ કરે છે, સીલ ના ખોલાય : અ.મ્યુ.કો.નો જવાબ

હાઈકોર્ટમાં જવાબ રજૂ કરીને અ.મ્યુ.કો. તરફથી રજૂઆત કરાઈ હતી કે, શ્રેય હોસ્પિટલનું ફાયર સેફટીનું લાઈસન્સ એપ્રિલ, ૨૦૨૦માં પૂરૂં થઈ ગયેલું, તેના વગર આઈસીયુમાં ઓક્સિજનનો પ્રવાહ સતત ચાલુ હતો, ઘટના વખતે લાઈસન્સ નહોતું

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અ.મ્યુ.કો.) દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવેલા એક જવાબમાં શ્રેય હોસ્પિટલને ફરી વખત શરૂ કરવાની માગણીનો વિરોધ કરવામાં આવ્યો હતો અને સ્પષ્ટ કર્યું હતું કે, તા.૨૬ ફેબ્રુઆરીએ ગુજરાત હાઈકોર્ટે તમામ પક્ષકારોને સાંભળીને તેના સીલ ખોલવાનો ઈનકાર કર્યો હતો.

શ્રેય હોસ્પિટલ ખાતે ગત વર્ષ તા.૬ ઓગસ્ટના રોજ બનેલી આગની ઘટનામાં આઠ કમનસીબ લોકોના મરણ બાદ હોસ્પિટલને સીલ કરી દેવામાં આવી છે અને તે પુનઃ શરૂ કરવા માટે તેના સત્તાધીશો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. તેની પ્રાથમિક સુનાવણી બાદ હાઈકોર્ટે અ.મ્યુ.કો.ને પોતાનો જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો હતો.

શ્રેય હોસ્પિટલના વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, હાલમાં કોરોનાની ખરાબ સ્થિતિના કારણે તેઓ પોતાની હોસ્પિટલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક ફરી શરૂ કરવા માંગે છે. વકીલ તરફથી કહેવામાં આવ્યું હતું કે, જો કોરોનાના સમયમાં હાલમાં લોકોને બેડ મળી રહ્યા નથી અને લોકો વલખાં મારી રહ્યા છે, ત્યારે તેમની હોસ્પિટલમાં બેડ અને સાધનો સાથે તૈયાર છે. અ.મ્યુ.કો. હસ્તક અને તેની દેખરેખ હેઠળ સંચાલન કરવામાં આવે તો તેઓ તેમની હોસ્પિટલ સોંપવા તૈયાર છે.

આ બાબતે આવતીકાલ તા.૧૧ મેના રોજ સુઓમોટો અરજીની સુનાવણી પહેલાં અ.મ્યુ.કો. દ્વારા જવાબ રજૂ કરવામાં આવ્યો હતો અને જણાવવામાં આવ્યું હતું કે, આની પહેલાં પણ હોસ્પિટલ દ્વારા એક અરજી કરીને હોસ્પિટલના સીલ ખોલીને તેને શરૂ કરવા માગણી કરી હતી. તેની વિગતસરની સુનાવણી થઈ હતી અને તા.૨૬ ફેબ્રુઆરીના રોજ આપેલા આદેશમાં હાઈકોર્ટની મંજૂરી વગર સીલ ખોલી શકાય નહીં તેવો આદેશ આપવામાં આવ્યો હતો. હાલની અરજીમાં ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે. આથી અરજી ટકવાને પાત્ર નથી.

શ્રેય હોસ્પિટલ પાસે અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની સેવાઓ દ્વારા આપવામાં આવતું લાઈસન્સ હતું નહીં. તેમ છતાં કોવિડના દર્દીઓની સારવાર કરવામાં આવી હતી. તા.૨૦ એપ્રિલના રોજ તેનું ફાયર સેફટીના લાઈસન્સની મર્યાદા પૂર્ણ થઈ ગઈ હતી અને તેમ છતાં પણ આઈસીયુ યુનિટ ચાલુ રાખવામાં આવ્યું હતું. ફાયર સેફટી નહીં હોવા છતાં ઓક્સિજનની લાઈનમાંથી સતત ઓક્સિજનનો પ્રવાહ ચાલી રહ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ ઘટનામાં મરણ પામનાર બે મૃતકોના સંબંધી સુહેલ તિરમીઝી અને હાર્દિક ભાવસાર દ્વારા શ્રેય હોસ્પિટલના સીલ ખોલવાની અરજી વિરૂદ્ધ વાંધા અરજી કરવામાં આવી છે અને હોસ્પિટલનું સીલ ખોલવાનો સખત વિરોધ કરેલો છે. રાજ્ય સરકાર દ્વારા નિમવામાં આવેલા ડી.એમ. મહેતા તપાસ પંચ દ્વારા તપાસ પૂરી કરીને રિપોર્ટ સરકારને રજૂ કરાયો છે, પરંતુ તે આજદીન સુધી જાહેર કરવામાં આવ્યો નથી.

(ઝિયારત-બેસણું)

સખેદ જણાવવાનું કે અમારા પિતાશ્રી
ઝાકીરઅહમદ એ. સાચા (રિ. ડેપ્યુટી કમિશનર)
તા.૦૯/૫/૨૦૨૧ ના રોજ જન્નતનશીલ થયેલ છે.
અલ્લાહપાક એમની રૂહને શાંતિ બક્ષે એજ દુઆ.
વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમા રાખી ઝિયારત/બેસણું રાખેલ નથી.
મુકીત ઝેડ. સાચા (પુત્ર) મો. ૯૯૭૪૦૫૬૯૬૩
ડૉ. મુહૈમીના ઝેડ. સાચા (પુત્રી) મો. ૮૪૫૨૯૧૦૫૮૮

અચાનક બેંચ બદલાઈ જતાં અનેક પ્રશ્નો

હોસ્પિટલોની સામે જે ફંદો ખેંચેલ તેમાં હળવાશ મૂકાશે ?!

અચાનક બેંચ બદલાઈ જતા પક્ષકારોને નવાઈ થઈ છે. ઉલ્લેખનીય છે કે, શ્રેય હોસ્પિટલનું સીલ હાઈકોર્ટની પરવાનગી વગર નહીં ખોલવાનો હુકમ કરેલ તેમજ જે બે જજો હતા, તે જસ્ટિસ જે.બી. પારડીવાલા અને એલેશ વોરાની બેંચે પોતાના હુકમ કરેલ કે, આ શ્રેય અરજી પોતાની બેંચ પાસે જ રાખવી, પરંતુ આજે હોસ્પિટલની આગવાળી તમામ મેટર જસ્ટિસ બેલા ત્રિવેદી અને ભાર્ગવ ડી. કારિયાની બેંચમાં મુકાતા વકીલો તેમજ પીડિત પક્ષકારો નવાઈ પામી ગયા હતા.

- **શું હોસ્પિટલોની સામે જે ફંદો ખેંચેલ તેમાં હવે હળવાશ મુકાશે ?**
- **શું હોસ્પિટલો પાસે યોગ્ય પરવાનગી નહીં હોય તોય તેમને વપરાશ માટે પરવાનગી અપાશે ?**
- **શું શ્રેય હોસ્પિટલ કે, જેનું બિલ્ડીંગ પ્લાન રહેઠાણ માટેનું છે અને ઈમ્પેક્ટ ફી ભરી ચાલુ કરાવેલ અને કુલ ૮ દર્દીઓ આગમાં હોમાયા તે હોસ્પિટલમા ફરી અન્ય દર્દીઓનાં જોખમે ખોલાશે ?**

આવા અનેક પ્રશ્નો લોકોમાં તેમજ વકીલ આલમમાં ચર્ચાઈ રહ્યા છે.

આખા મહિનાના રોઝા રાખી અલ્લાહની બંદગી કરી કોરોના સમગ્ર ભારતમાંથી નાબુદ થાય તેવી દુઆ ગુજારી હતી.

રહેમતજહાં
ફરીદભાઈ ખત્રી (ઉ.વ.૮)
ડાવર ફેમિલી, બરોડા
તેમજ સમગ્ર પરિવાર તરફથી મુબારકબાદ

તું જીન્દા હૈ વલ્લાહ.... તું જીન્દા હૈ વલ્લાહ... તું જીન્દા હૈ વલ્લાહ...

મુફ્તી એ આઝમ કચ્છ
સૈયદ અહેમદશા બાવા

કાઝીએ ઈસ્લામ, ફકીહ અહલે સુન્નત, દાનીશ્વરે કોમો મીલત, નમુન એ અસ્લાફ મરકજે રૂસ્દો હિદાયત, માહતાબે વિલાયત આફતાબે તરીકત કમરે કાદરીયત વાકીફે અસરારે મારેફત, જામેઉલ ઈલ્મે વલ ઈરફાન, ફરોગે અમનો આફીયત, વારીસે ઉલુમે હનીફીયત, જામેઉલ ફ્યુઝાતો વલ બરકાત પીરે તરીકત રહેબરે રાહે શરીઅતે અબકરી શખ્શીયત પીર
સૈયદ અહમદશા અલ બુખારી અલ કાદરી (અલ વિઝાનવી)
(મુફ્તી એ આઝમે કચ્છ) કુદ્દદેસ સર્રોહુલ અજીજ કો અલ્લાહ સે દુઆ હૈ કે અપને હબીબ એ પાક કે સદકે જન્નત ઉલ ફિરદૌશ મેં
ઉનકે દરજ્જાત કો બુલંદ કરે. આમીન.....

એ બાગબાન તુને
ગુલશને કચ્છ સે દો ફૂલ
ઐસે ચૂને કે સારા
ગુલશન વિરાન
હો ગયા.

શોકાતુર
દુઆગીર
★ હાજી જુમા હાજી ઈબ્રાહીમ રાયમા
★ સબીર હાજી જુમા રાયમા
★ નઝીર હાજી જુમા રાયમા
★ મહમદ સાહિદ હાજી જુમા રાયમા
★ મહમદઅલી સબીર રાયમા
★ સાહિલ સલીમ રાયમા

ફરઝંદે મુફ્તી એ કચ્છ
ફખ્રે અહેલે સુન્નત
સૈયદ અનવરશા બાવા

વાદા થા વક્ફ કા અપને બાવા
સે ઉમ્રભર સાથ નિભાઉંગા....
જન્નત મેં ભી આપકે ઈસ્તકબાલ કે
લીયે સબસે પહેલે આઉંગા અલ્લાહ
સે દુઆ હૈ અપને હબીબ એ પાક
કે સદકે જન્નત ઉલ ફિરદૌશ મે ઉનકે
દરજ્જાત કો બુલંદ કરે. આમીન.....

તથા સમસ્ત રાયમા પરિવાર